ભગવાન શંકરાચાર્ય વિરચિત

# સર્વવેદાંત-સિદ્ધાંત-સારસંગ્રહ



ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

'સસ્તું સાહિત્ય' એટલે સસ્તામાં ઊંચું સાહિત્ય

ભગવાન શંકરાચાર્ય વિરચિત

# સર્વવેદાંત-સિદ્ધાંત-સારસંગ્રહ

## ગુજરાતી સરલ અર્થ સહિત

★

અનુવાદક :

સ્વ૦ શાસ્ત્રી ગિરજાશંકર મયાશંકર

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

પચીસ રૂપિયા

સંવત ૨૦૫૫ : આવૃત્તિ ૩જી : ઈ. સ. ૧૯૯૯

| આવૃત્તિ | સને |
|---|---|
| ૧ લી | ૧૯૪૬ |
| ૨ જી | ૧૯૭૮ |
| ૩ જી | ૧૯૯૯ |

© સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ

૧૫૦૦-૧-'૯૯

પ્રકાશક : આનંદભાઈ ન. અમીન

મુદ્રક : જિતેન્દ્ર ઠા. દેસાઈ

નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

# નિવેદન

પૂરાં એકવીસ વરસ પછી આ ગ્રંથની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં સસ્તું સાહિત્ય આનંદ અનુભવે છે.

અહીં શ્રીમદ્ શંકરાચાર્યે ગુરુ તથા શિષ્યના સંવાદથી વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ, દમ, તિતિક્ષા, ઉપરતિ તથા આત્મા-અનાત્મા ઈત્યાદિ અનેક વિષયો ૧૦૦૬ શ્લોકોમાં સમજાવ્યા છે. સજ્જનોના હૃદયની અજ્ઞાનરૂપ ગ્રંથિઓના છેદન માટે આ ગ્રંથની રચના થઈ છે એવું એમણે પોતે જ અહીં કહ્યું પણ છે.

આદ્ય શંકરાચાર્ય એક યુગપુરુષ, ધર્મશાસક અને કર્મયોગી હતા. બત્રીસ જ વરસની ટૂંકી જિંદગીમાં સમગ્ર ભારતમાં સનાતન વૈદિક ધર્મની પુનઃપ્રતિષ્ઠાનું એમનું ભગીરથ કાર્ય લક્ષમાં લેતાં એમને ભગવાનની વિભૂતિ લેખે કે અંશાવતારરૂપે જોવાનું વલણ સમજી શકાય છે.

શ્રીમદ્ શંકરાચાર્યે વેદવ્યાસનાં બ્રહ્મસૂત્રો ઉપર, ઉપનિષદો ઉપર અને ભગવદ્ગીતા ઉપર અદ્વૈત સિદ્ધાન્તનું પ્રતિપાદન કરનારાં ભાષ્યો કર્યાં છે, જે પ્રસ્થાનત્રયી કહેવાય છે. તેમનાં આ ભાષ્યો જગતના તત્ત્વચિંતકોમાં આજે પણ એમને એક અપ્રતિમ પ્રતિભારૂપે ઊપસાવી આવતો વિશ્વવારસો બની રહ્યાં છે. પ્રસ્તુત ગ્રંથ તેમની આ નિરૂપણાને પદ્યાત્મક શ્લોકોમાં સરળ ને સુંદર રીતે મૂકી આપે છે.

પ્રસ્થાનત્રયીનાં ભાષ્યો ઉપરાંત શ્રીમદ્ શંકરાચાર્યે આત્મવિદ્યાના પ્રમાણભૂત એવા અનેક ગ્રંથો રચ્યા છે. તે પૈકી 'વિવેકચૂડામણિ', 'મણિરત્નમાળા', 'શત શ્લોકી', 'ઉપદેશસાહસ્રી', 'સ્તોત્રસંગ્રહ' તથા તેમનાં ભાષ્ય સાથેનાં ઈશ, કેન, કઠ, પ્રશ્ન વગેરે પ્રમુખ અગિયાર ઉપનિષદો મૂળ સાથે આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલા છે.

પ્રસ્તુત પુસ્તક તેમ જ 'આત્મા-અનાત્માવિવેક' માટે ગંગાસ્વરૂપ ભાનુમતીબહેન મનસુખલાલ દવે (ભાવનગર) તરફથી મળેલ રૂપિયા પંદર હજારની વિકાસ-સહાય બદલ સંસ્થા કૃતજ્ઞ છે.

મકરસંક્રાન્તિ ૨૦૫૫ — **આનંદ ન. અમીન**

(તા. ૧૪-૧-૧૯૯૯) — પ્રમુખ, સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ

# ગ્રંથનો મુખ્ય વિષયક્રમ


| વિષય | શ્લોકાંક |
|---|---|
| મંગલાચરણ ... ... ... ... ... | ૧–૩ |
| ગ્રંથપ્રતિજ્ઞા ... ... ... ... ... | ૪ |
| ચાર અનુબંધો—અધિકારી ઇત્યાદિ ... ... | ૫–૧૨ |
| ચાર સાધનો—વિવેક, વૈરાગ્ય ઇત્યાદિ ... ... | ૧૩–૯૩ |
| શમાદિ ષટ્—સંપત્તિ ... ... ... ... | ૯૪–૨૫૦ |
| ગુરુનું શરણ, લક્ષણ ઇત્યાદિ ... ... ... | ૨૫૧–૨૯૮ |
| અજ્ઞાન ... ... ... ... ... | ૨૯૯–૩૦૭ |
| સમષ્ટિ અજ્ઞાન : માયા... ... ... ... | ૩૦૮,૩૦૯ |
| માયાયુક્ત ઈશ્વર ... ... ... ... | ૩૧૦–૩૧૨ |
| કારણ શરીર... ... ... ... ... | ૩૧૩–૩૧૫ |
| વ્યષ્ટિ અજ્ઞાન એ જ અવિદ્યા ઇ૦ ... ... | ૩૧૬–૩૨૨ |
| ઈશ્વર અને પ્રાજ્ઞ એક જ ... ... ... | ૩૨૩–૩૨૭ |
| ચોથું શુદ્ધ ચૈતન્ય ... ... ... ... | ૩૨૮–૩૩૦ |
| ઈશ્વર જ સૃષ્ટિનું કારણ અને તેમની સૃષ્ટિ ઇત્યાદિ ... | ૩૩૧–૩૩૮ |
| લિંગ શરીર ... ... ... ... | ૩૩૯–૩૪૯ |
| વિજ્ઞાનમય કોશ ... ... ... ... | ૩૫૦–૩૫૪ |
| મનોમય કોશ ... ... ... ... | ૩૫૫–૩૭૪ |
| પાંચ કર્મેંદ્રિયો તથા પાંચ વાયુ અને તેની ઉત્પત્તિ ... | ૩૭૫–૩૮૦ |
| પ્રાણમય કોશ ... ... ... ... | ૩૮૧–૩૮૪ |
| સમષ્ટિ લિંગ શરીર, હિરણ્યગર્ભ, સૂત્રાત્મા અથવા પ્રાણ | ૩૮૫–૩૮૯ |
| વ્યષ્ટિ લિંગ શરીર અને તૈજસ .. ... ... | ૩૯૦–૩૯૫ |
| સ્થૂલ પ્રપંચ... ... ... ... ... | ૩૯૬,૩૯૭ |
| પંચીકરણ અને સ્થૂલ ભૂતો ... ... ... | ૩૯૮–૪૧૦ |
| જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયોનું કામ અને તેઓના દેવો... | ૪૧૧–૪૨૧ |
| આત્માનું સ્વરૂપ ... ... ... ... | ૪૨૨–૪૨૯ |
| જગતની ઉત્પત્તિનો પ્રકાર ... ... ... | ૪૩૦,૪૩૧ |
| ચાર પ્રકારનાં પ્રાણીઓ અને તેઓનું અન્ન... ... | ૪૩૨–૪૪૨ |
| સ્થૂલ શરીર એ જ અન્નમય કોશ ... ... | ૪૪૩–૪૫૧ |

| | |
|---|---|
| વિશ્વ અને વૈશ્વાનર એક જ છે ... ... ... | ૪૫૧-૪૫૫ |
| આત્મા ને અનાત્માનો વિવેક ... ... ... | ૪૫૬-૪૬૨ |
| અધ્યાસ પ્રકરણ ... ... ... ... | ૪૬૩-૪૮૬ |
| અધ્યાસનું કારણ—અવિદ્યાની બે શક્તિ ... ... | ૪૮૭-૫૦૧ |
| જીવની પેઠે પરમાત્માને બંધન કેમ નથી ? ઇત્યાદિ ... | ૫૦૨-૫૦૯ |
| જ્ઞાનથી જ અજ્ઞાન દૂર થાય છે ... ... ... | ૫૧૦-૫૧૯ |
| આત્મા ને અનાત્મા સંબંધે વિવાદ ... ... | ૫૨૦-૬૨૨ |
| આત્માનું લક્ષણ તથા આત્મા સર્વ કરતાં વધારે પ્રિય ઇ૦ | ૬૨૩-૬૪૮ |
| નિત્યાનંદ માટે વિષય—સુખ ઇચ્છવું ન જોઈએ ... | ૬૪૯-૬૫૪ |
| બિંબરૂપ આનંદ એ જ આત્મા ... ... ... | ૬૫૫-૬૭૨ |
| સત્, ચિત્ત ને આનંદ પરમાત્માનું સ્વરૂપ જ છે ... | ૬૭૩-૬૭૮ |
| વિવર્ત અને અપવાદ ... ... ... ... | ૬૭૯-૬૯૯ |
| 'तत् त्वम्' પદાર્થ શું ? વગેરે ... ... ... | ૭૦૦-૭૬૧ |
| ઉપાધિ દૂર થતાં ઉપાધિનો વિરોધ છે જ નહિ ... | ૭૬૨-૭૬૭ |
| બ્રહ્મમાં ત્રણે કાળે ભેદ નથી ... ... ... | ૭૬૮,૭૬૯ |
| એક જ અદ્વિતીય બ્રહ્મ ઇત્યાદિ ... ... ... | ૭૭૦-૭૯૪ |
| મુખ્ય ને ગૌણ—બે અધિકારી ... ... ... | ૭૯૫-૮૦૬ |
| વસ્તુના જ્ઞાન માટે શ્રવણાદિની જરૂર ... ... | ૮૦૭-૮૧૦ |
| શ્રવણ—મનન—ધ્યાનનું સ્વરૂપ ઇત્યાદિ ... ... | ૮૧૧-૮૧૮ |
| સમાધિના બે પ્રકાર—તેનું સ્વરૂપ ઇત્યાદિ ... ... | ૮૧૯-૮૩૪ |
| આત્મામાં દૃશ્યનો લય કરવાની રીત ... ... | ૮૩૫-૮૪૩ |
| મુક્તિ શું અને ક્યારે ? .. ... ... ... | ૮૪૪-૮૪૮ |
| ક્લેશો કયા ?... ... ... ... ... | ૮૪૯,૮૫૦ |
| જ્ઞાનનિષ્ઠાની જરૂર ઇત્યાદિ ... ... ... | ૮૫૧-૮૭૨ |
| નિર્વિકલ્પ સમાધિ ક્યારે થાય ઇત્યાદિ ... ... | ૮૭૩-૯૨૫ |
| શિષ્યનો સ્વાનુભવ ઇત્યાદિ ... ... ... | ૯૨૬-૯૩૭ |
| જ્ઞાનની સાત ભૂમિકાઓ ઇત્યાદિ ... ... | ૯૩૮-૯૬૪ |
| જીવન્મુક્ત કોણ ? ... ... ... ... | ૯૬૫-૯૭૮ |
| વિદેહમુક્તિ ક્યારે ? ઇત્યાદિ ... ... ... | ૯૭૯-૧૦૦૬ |

ભગવાન શંકરાચાર્ય વિરચિત

# સર્વવેદાંત-સિદ્ધાંત-સારસંગ્રહ

# સર્વવેદાંત-સિદ્ધાંત-સારસંગ્રહ

## મંગલાચરણ

अखंडानंदसंबोधो वंदनाद्यस्य जायते ।
गोविंदं तमहं वंदे चिदानंदतनुं गुरुम् ॥ १ ॥

જેમને વંદન કરવાથી અખંડ આનંદનું ઉત્તમ જ્ઞાન થાય છે, તે સચ્ચિદાનંદરૂપ શરીરવાળા શ્રીગોવિંદ ગુરુને હું વંદન કરું છું. ૧

अखंडं सच्चिदानंदमवाङ्मनसगोचरम् ।
आत्मानमखिलाधारमाश्रयेऽभीष्टसिद्धये ॥ २ ॥

અખંડ, સત્-ચિત્-આનંદમય, વાણી અને મનના અવિષય અને સર્વના આધાર આત્મસ્વરૂપનું ઇષ્ટસિદ્ધિ માટે હું શરણ લઉં છું. ૨

यदालंबो दरं हन्ति सतां प्रत्यूहसंभवम् ।
तदालंबे दयालंबं लंबोदरपदांबुजम् ॥ ३ ॥

જેમનું શરણ સજ્જનોને વિઘ્નોથી થનાર ભયનો નાશ કરે છે, તે દયાના આધાર શ્રી ગણપતિના ચરણકમળનું હું શરણ લઉં છું. ૩

## ગ્રંથપ્રતિજ્ઞા

वेदान्तशास्त्रसिद्धान्तसारसंग्रह उच्यते ।
प्रेक्षावतां मुमुक्षूणां सुखबोधोपपत्तये ॥ ४ ॥

વિચારશીલ મુમુક્ષુઓને અનાયાસે જ્ઞાનસિદ્ધિ થાય, તે માટે વેદાંતશાસ્ત્રના સિદ્ધાંતનો સારરૂપ સંગ્રહ હું કહું છું. ૪

### ચાર અનુબંધો

अस्य शास्त्रानुसारित्वादनुबंधचतुष्टयम् ।
यदेव मूलं शास्त्रस्य निर्दिष्टं तदिहोच्यते ॥ ५ ॥

આ સારસંગ્રહ વેદાંતશાસ્ત્રને અનુસરે છે, તેથી વેદાંતશાસ્ત્રના મૂળરૂપ ચાર અનુબંધો જે બતાવ્યા છે, તે જ અહીં (પ્રથમ) કહેવાય છે. ૫

अधिकारी च विषयः संबंधश्च प्रयोजनम् ।
शास्त्रारंभफलं प्राहुरनुबंधचतुष्टयम् ॥ ६ ॥

વિદ્વાનો કહે છે, કે અધિકારી, વિષય, સંબંધ અને પ્રયોજન–આ ચાર અનુબંધો (હરકોઈ) શાસ્ત્રના આરંભનું ફળ છે. ૬

### અધિકારી

चतुर्भिः साधनैः सम्यक्संपन्नो युक्तिदक्षिणः ।
मेधावी पुरुषो विद्वानधिकार्यत्र संमतः ॥ ७ ॥

જે પુરુષ (નીચે દર્શાવેલાં) ચાર સાધનોથી સારી રીતે યુક્ત હોય, યુક્તિઓ કરવા સમર્થ, બુદ્ધિશાળી અને વિદ્વાન હોય, તેને આ વેદાંતશાસ્ત્રમાં અધિકારી માન્યો છે. ૭

### વિષય

विषयः शुद्धचैतन्यं जीवब्रह्मैक्यलक्षणम् ।
यत्रैव दृश्यते सर्ववेदान्तानां समन्वयः ॥ ८ ॥

જીવ અને બ્રહ્મની એકતા જેને લીધે જણાય છે, તે શુદ્ધ ચૈતન્ય વેદાંતશાસ્ત્રનો વિષય છે; અને એમાં જ સર્વ વેદાંતોનો સમન્વય જોવામાં આવે છે. ૮

### સંબંધ

एतदैक्यप्रमेयस्य प्रमाणस्यापि च श्रुतेः ।
संबंधः कथ्यते सद्भिर्बोध्यबोधकलक्षणः ॥ ९ ॥

જીવ-બ્રહ્મની એકતા એ (અનુભવજ્ઞાનથી જાણવા યોગ્ય)

પ્રમેય છે અને શ્રુતિ (ઉપનિષદો)પ્રમાણ છે (એ એકતાને જણાવનાર છે) એ બન્નેના સંબંધને સત્પુરુષો બોધ્ય-બોધક (સંબંધ) કહે છે. ૯

પ્રયોજન

ब्रह्मात्मैकत्वविज्ञानं सन्तः प्राहुः प्रयोजनम् ।
येन निःशेषसंसारबंधात्सद्यः प्रमुच्यते ॥ १० ॥

બ્રહ્મ અને જીવાત્માની એકતાના અનુભવ-જ્ઞાનને સજ્જનો (વેદાંતશાસ્ત્રનું) પ્રયોજન કહે છે, જેના વડે સંસારનાં સમગ્ર બંધનથી તરત જ છૂટી જવાય છે. ૧૦

प्रयोजनं संप्रवृत्तेः कारणं फललक्षणम् ।
प्रयोजनमनुद्दिश्य न मंदोऽपि प्रवर्तते ॥ ११ ॥

આ પ્રયોજન જ હરકોઈ ઉત્તમ પ્રવૃત્તિનું કારણ છે અને તેને જ ફળ કહે છે: પ્રયોજન વિના મૂર્ખ માણસ પણ કોઈ કાર્ય કરવા તૈયાર થતો નથી. ૧૧

साधनचतुष्टयसंपत्तिर्यस्यास्ति धीमतः पुंसः ।
तस्यैवैतत्फलसिद्धिर्नान्यस्य किंचिदूनस्य ॥ १२ ॥

જે મનુષ્ય બુદ્ધિમાન હોય અને જેનામાં ચાર સાધનોરૂપી સંપત્તિ હોય તેને જ આ વેદાંતશાસ્ત્રના જ્ઞાનરૂપ ફળની સિદ્ધિ થાય છે, પરંતુ બીજા એ સાધનસંપત્તિની લેશ પણ ન્યૂનતાવાળાને એ ફળસિદ્ધિ થતી નથી. ૧૨

ચાર સાધનો

चत्वारि साधनान्यत्र वदन्ति परमर्षयः ।
मुक्तिर्येषां नु सद्भावे नाभावे सिध्यति ध्रुवम् ॥ १३ ॥

આ વેદાંતના જ્ઞાનમાં મહર્ષિઓ ચાર સાધનો કહે છે; એ સાધનો હોય તો જ મુક્તિ થાય છે, નહિ તો ચોક્કસ મુક્તિ થતી નથી. ૧૩

आद्यं नित्यानित्यवस्तुविवेकः साधनं मतम् ।
इहामुत्रार्थफलभोगविरागो द्वितीयकम् ॥ १४ ॥
शमादिषट्कसंपत्तिस्तृतीयं साधनं मतम् ।
तुरीयं तु मुमुक्षुत्वं साधनं शास्त्रसंमतम् ॥ १५ ॥

નિત્ય તથા અનિત્ય વસ્તુનો વિવેક એ પહેલું સાધન છે; આ લોક તથા પરલોકના વિષયભોગ ઉપર વૈરાગ્ય એ બીજું સાધન છે; શમ આદિ છની સંપત્તિ એ ત્રીજું સાધન છે અને મુમુક્ષુતા એ ચોથું સાધન છે. આ સાધનોને વેદાંતશાસ્ત્રમાં અતિશય માન્ય ગણ્યાં છે. ૧૪,૧૫

વિવેક

ब्रह्मैव नित्यमन्यत्तु ह्यनित्यमिति वेदनम् ।
सोऽयं नित्यानित्यवस्तुविवेक इति कथ्यते ॥ १६ ॥

તેમાં 'બ્રહ્મ જ નિત્ય છે, બીજું અનિત્ય છે' એમ સમજવું એ નિત્ય-અનિત્ય વસ્તુનો 'વિવેક' કહેવાય છે. ૧૬

मृदादिकारणं नित्यं त्रिषु कालेषु दर्शनात् ।
घटाद्यनित्यं तत्कार्यं यतस्तन्नाश ईक्ष्यते ॥ १७ ॥
तथैवैतज्जगत्सर्वमनित्यं ब्रह्मकार्यतः ।
तत्कारणं परं ब्रह्म भवेन्नित्यं मृदादिवत् ॥ १८ ॥

માટી વગેરે કારણ ત્રણે કાળમાં દેખાય છે, તેથી નિત્ય છે; અને એ માટીનાં કાર્ય—ઘડા વગેરે અનિત્ય છે, કારણ કે તેનો નાશ જોવામાં આવે છે. તે જ પ્રમાણે આ સર્વ જગત અનિત્ય છે, કારણ કે તે બ્રહ્મનું કાર્ય છે; પરંતુ બ્રહ્મ જગતનું કારણ છે, તેથી માટી વગેરેની પેઠે નિત્ય છે. ૧૭,૧૮

सर्गं वक्त्यस्य तस्माद्वा एतस्मादित्यपि श्रुतिः ।
सकाशाद्ब्रह्मणस्तस्मादनित्यत्वे न संशयः ॥ १९ ॥

શ્રુતિ પણ 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'—'તે

આ આત્માથી 'આકાશ ઉત્પન્ન થયું' ઇત્યાદિ વાક્યો વડે બ્રહ્મથી જગતની ઉત્પત્તિ કહે છે; (એ ઉપરથી જગત બ્રહ્મનું કાર્ય ઠરે છે અને) તેથી તેના અનિત્યપણામાં સંશય નથી. ૧૯

सर्वस्यानित्यत्वे सावयवत्वेन सर्वतःसिद्धे ।
वैकुंठादिषु नित्यत्वमतिर्भ्रम एव मूढबुद्धीनाम् ॥ २० ॥

'જે વસ્તુ અવયવવાળી હોય, તે અનિત્ય હોય' એમ સર્વ પ્રકારે સર્વ કાર્ય અનિત્ય ઠરે છે; છતાં વૈકુંઠ આદિ લોકને નિત્ય માનવા, એ મૂઢ બુદ્ધિવાળાઓનો ભ્રમ જ છે. ૨૦

अनित्यत्वं च नित्यत्वमेवं यच्छ्रुतियुक्तिभिः ।
विवेचनं नित्यानित्यविवेक इति कथ्यते ॥ २१ ॥

એ રીતે શ્રુતિઓ તથા યુક્તિઓના આધારે અનિત્યપણું તથા નિત્યપણું બરાબર અલગ અલગ સમજવું, તેને 'નિત્યાનિત્ય-વિવેક' કહે છે. ૨૧

વૈરાગ્ય

ऐहिकामुष्मिकार्थेषु ह्यनित्यत्वेन निश्चयात् ।
नैःस्पृह्यं तुच्छबुद्ध्या यत्तद्वैराग्यमितीर्यते ॥ २२ ॥

આ લોકના તથા પરલોકના વિષયો અનિત્ય છે એવો નિશ્ચય થવાથી તેના પર તુચ્છ બુદ્ધિ થાય અને તેથી તેમના ઉપરની સ્પૃહા નીકળી જાય, તેને 'વૈરાગ્ય' કહે છે. ૨૨

नित्यानित्यपदार्थविवेकात्पुरुषस्य जायते सद्यः ।
स्रक्चंदनवनितादौ सर्वत्रानित्यवस्तुनि विरक्तिः ॥ २३ ॥

નિત્ય તથા અનિત્ય પદાર્થના વિવેકથી પુરુષને તરત જ પુષ્પમાળા, ચંદન, સ્ત્રી આદિ બધી અનિત્ય વસ્તુ ઉપર વૈરાગ્ય થાય છે. ૨૩

काकस्य विष्ठावदसह्यबुद्धिर्भोग्येषु सा तीव्रविरक्तिरिष्यते ।
प्रदृश्यते वस्तुनि यत्र दोषो न तत्र पुंसोऽस्ति पुनः प्रवृत्तिः ॥ २४ ॥

ભોગવવાના સર્વ પદાર્થો કાગડાની વિષ્ઠા જેવા અસહ્ય છે એમ સમજાય, એ 'તીવ્ર વૈરાગ્ય' કહેવાય છે; અને જ્યાં વસ્તુમાં સારી રીતે દોષ દેખાય, ત્યાં તે માટે પુરુષની ફરી પ્રવૃત્તિ હોતી નથી.

**विरक्तितीव्रत्वनिदानमाहुर्भोग्येषु दोषेक्षणमेव सन्तः ।**
**अन्तर्महारोगवतीं विजानन्को नाम वेश्यामपि रूपिणीं व्रजेत् ॥ २५ ॥**

સજ્જનો કહે છે, કે ભોગ્ય પદાર્થોમાં દોષો જોવા એ જ તીવ્ર વૈરાગ્યનું પ્રથમ કારણ છે. વેશ્યા રૂપાળી હોય પણ (તેને) અંદરના ભાગમાં મોટા રોગવાળી હોવાનું જાણનાર કયો પુરુષ તેની પાસે જશે? ૨૫

**अत्रापि चान्यत्र च विद्यमानपदार्थसंमर्शनमेव कार्यम् ।**
**यथाप्रकारार्थगुणाभिमर्शनं संदर्शयत्येव तदीयदोषम् ॥ २६ ॥**

આ લોકમાં અને પરલોકમાં જે જે પદાર્થો છે, તેમનો વિચાર કરવો જ જોઈએ. પદાર્થોના ગુણોનો વિચાર જે પ્રકારે તેમના ગુણોને સારી રીતે દર્શાવે છે, તે જ પ્રમાણે તેમના દોષોનો વિચાર દોષોને બતાવે છે. ૨૬

**कुक्षौ स्वमातुर्मलमूत्रमध्ये स्थितिं तदा विट्क्रिमिदंशनं च ।**
**तदीयकौक्षेयकवह्निदाहं विचार्य को वा विरतिं न याति ॥ २७ ॥**

(ગર્ભવાસમાં) પોતાની માતાના પેટમાં મળ-મૂત્રની વચ્ચે રહેવું પડે તે વખતે વિષ્ઠાના કીડા કરડે તેમ જ ત્યાંના જઠરાગ્નિથી દાહ થાય છે; તેનો વિચાર કર્યા પછી કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે?

**स्वकीयविण्मूत्रविसर्जनं तच्चोत्तानगत्या शयनं तदा यत् ।**
**बालग्रहाद्याहतिभाक्च शैशवं विचार्य को वा विरतिं न याति ॥ २८ ॥**

(જન્મ્યા પછી બાળપણમાં) પોતાનાં વિષ્ઠા-મૂત્રમાં પડી રહેવાનું હોય, ચત્તા સૂઈ રહેવું પડે તેમજ બાળગ્રહો વગેરેની પીડા ભોગવવી પડે છે; આવા બાળપણનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે? ૨૮

स्वीयैः परैस्ताडनमज्ञभावमत्यंतचापल्यमसत्क्रियां च ।
कुमारभावे प्रतिषिद्धवृत्तिं विचार्य को वा विरतिं न याति ॥ २९ ॥

પછી કુમારાવસ્થામાં પોતાનાં ને પારકાં લોકો માર મારે, અજ્ઞાનીપણું હોય, અત્યંત ચપળતા હોય તેમ જ અનાદર તથા અપમાનનો અનુભવ થાય છે; આવાં અનિષ્ટ વર્તનનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે ? ૨૯

मदोद्धतिं मान्यतिरस्कृतिं च कामातुरत्वं समयातिलंघनम् ।
तां तां युवत्योदितदुष्टचेष्टां विचार्य को वा विरतिं न याति ॥ ३० ॥

પછી યુવાવસ્થામાં મદને લીધે ઉદ્ધતાઈ, માન્ય પુરુષોનાં તિરસ્કાર, કામાતુરપણું વગેરે સ્થિતિમાં ઘણો સમય વિતાવવો પડે અને તે દરમિયાન જુવાન સ્ત્રીઓએ જણાવેલી દુષ્ટ ચેષ્ટાઓ સહન કરવી પડે; એનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે ? ૩૦

विरूपतां सर्वजनादवज्ञां सर्वत्र दैन्यं निजबुद्धिहैन्यम् ।
वृद्धत्वसंभावितदुर्दशां तां विचार्य को वा विरतिं न याति ॥ ३१ ॥

(ઘડપણમાં) બેડોળ દેખાવ, સર્વ લોકનાં અપમાન, બધે દીનતા અને પોતાની બુદ્ધિમાં ઊણપ વગેરે વૃદ્ધ અવસ્થાની દુર્દશા વિચારીને કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે ? ૩૧

पित्तज्वरार्शःक्षयगुल्मशूलश्लेष्मादिरोगोदिततीव्रदुःखम् ।
दुर्गंधमस्वास्थ्यमनूनचिंतां विचार्य को वा विरतिं न याति ॥ ३२ ॥

(ઉપરાંત) પિત્તના તાવ, હરસ, ક્ષય, ગોળો, શૂળ, સળેખમ વગેરે રોગોથી થયેલાં તીવ્ર દુઃખોનો, દુર્ગંધનો, અસ્વસ્થ સ્થિતિનો તથા ઘણી જાતની ચિંતાઓનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે ? ૩૨

यमावलोकोदितभीतिकंपमर्मव्यथोच्छ्वासगतीश्च वेदनाम् ।
प्राणप्रयाणे परिदृश्यमानां विचार्य को वा विरतिं न याति ॥ ३३ ॥

પછી પ્રાણ જતી વેળા યમરાજનાં દર્શન, તેથી ઉત્પન્ન થતાં

ભય, કંપારી, મર્મસ્થાનોમાં પીડા અને શ્વાસ થઈ જવો વગેરે દેખાતી ચોતરફ વેદનાનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે ?

अंगारनद्यां तपने च कुंभीपाकेऽपि वीच्यामसिपत्रकानने ।
दूतैर्यमस्य क्रियमाणबाधां विचार्य को वा विरतिं न याति ॥ ३४ ॥

(મર્યા પછી નરકમાં) અંગારા જેવી (વૈતરણી) નદીમાં, અગ્નિમાં, કોઠીઓમાં રંધાતી વેળા, વીચિ નામના નરકમાં અને તરવાર જેવાં પાંદડાંવાળાં—અસિપત્ર વનમાં યમરાજના દૂતો દુઃખ દે છે, તેનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે ? ૩૪

पुण्यक्षये पुण्यकृतो नभःस्थैर्निपात्यमानाञ्छिथिलीकृतांगान् ।
नक्षत्ररूपेण दिवश्च्युतांस्तान्विचार्य को वा विरतिं न याति ॥ ३५ ॥

(મર્યા પછી સ્વર્ગમાં જાય તો પણ) પુણ્ય કરનારનાં પુણ્ય ખૂટી જાય ત્યારે સ્વર્ગના દેવો નીચે ધકેલી મૂકે છે, અંગોને ઢીલાં કરી નાખે છે તેમ જ તે વેળા નક્ષત્રરૂપે સ્વર્ગમાંથી તેઓ ખરી પડે છે; તેનો વિચાર કરીને કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે ? ૩૫

वाय्वर्कवह्नींद्रमुखान्सुरेंद्रानीशोग्रभीत्या ग्रथितांतरंगान् ।
विपक्षलोकैः परिदूयमानान्विचार्य को वा विरतिं न याति ॥ ३६ ॥

વાયુ, સૂર્ય, અગ્નિ કે ઈંદ્ર વગેરે દેવોના રાજાઓ છે, તેઓનાં હૃદય પણ ઈશ્વરના ઉગ્ર ભયથી ગૂંથાયેલાં જ રહે છે અને તેઓ પણ શત્રુપક્ષથી દુઃખને પામ્યા જ કરે છે, તેનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે ? ૩૬

श्रुत्या निरुक्तं सुखतारतम्यं ब्रह्मांतमारभ्य महीमहेशम् ।
औपाधिकं तत्तु न वास्तवं चेदालोच्य को वा विरतिं न याति ॥ ३७ ॥

બ્રહ્માથી માંડી પૃથ્વીના રાજા સુધીનાં સુખો ઓછાં–વધતાં કેવળ ઉપાધિયુક્ત જ છે અને તે પણ વાસ્તવિક નથી; આમ વેદ કહે છે; તો તેનો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે ? ૩૭

सालोक्यसामीप्यसरूपतादिभेदस्तु सत्कर्मविशेषसिद्धः।
न कर्मसिद्धस्य तु नित्यतेति विचार्य को वा विरतिं न याति ॥ ३८ ॥

સાલોકય, સામીપ્ય અને સારૂપ્ય આદિને મુક્તિના ભેદો કહેવામાં આવે છે, પણ તે બધા અમુક અમુક સત્કર્મોથી સિદ્ધ થાય છે; અને જે વસ્તુ કોઈ કર્મથી સિદ્ધ થઈ હોય તે નિત્ય હોતી જ નથી એવો વિચાર કરી કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે? ૩૮

यत्रास्ति लोके गतितारतम्यं उच्चावचत्वान्वितमत्र तत्कृतम्।
यथेह तद्वत्खलु दुःखमस्तीत्यालोच्य को वा विरतिं न याति ॥ ३९ ॥

લોકમાં જ્યાં ઉત્તમ-અધમ ગતિ છે; ત્યાં તેને લીધે જેમ ઊંચ-નીચપણું હોય છે, તેમ જ દુઃખ પણ હોય જ છે; આવો વિચાર કરીને કયો મનુષ્ય વૈરાગ્ય ન પામે? ૩૯

को नाम लोके पुरुषो विवेकी विनश्वरे तुच्छसुखे गृहादौ।
कुर्याद्रतिं नित्यमवेक्षमाणो वृथैव मोहान्म्रियमाणजंतून् ॥ ४० ॥

ઘર વગેરેનાં તુચ્છ સુખ અવશ્ય નાશવંત છે, એમ સમજનારો કયો વિવેકી પુરુષ તેના પર પ્રેમ કરે? વળી વ્યર્થ મોહથી મરણ પામતાં પ્રાણીઓને પોતે નિત્ય જોઈ રહ્યો છે તેથી તેને તેના પર પ્રેમ થાય જ કેમ? ૪૦

सुखं किमस्त्यत्र विचार्यमाणे गृहेऽपि वा योषिति वा पदार्थे।
मायातमोऽन्धीकृतचक्षुषो ये त एव मुह्यन्ति विवेकशून्याः ॥ ४१ ॥

જો વિચારવામાં આવે તો ઘરમાં, સ્ત્રીમાં કે બીજા કોઈ પદાર્થમાં શું સુખ છે? જેઓની દૃષ્ટિ માયારૂપ અંધકારથી અંધ બની હોય અને જેઓ વિવેકશૂન્ય હોય, તેઓ જ મોહ પામે છે. ૪૧

अविचारितरमणीयं सर्वमुदुंबरफलोपमं भोग्यम्।
अज्ञानामुपभोग्यं न तु तज्ज्ञानां योषिति वा पदार्थे ॥ ४२ ॥

સર્વ ભોગ્ય પદાર્થો ઉંબરાના ફળ જેવા છે; તે સંબંધી

વિચાર કર્યો ન હોય ત્યાંસુધી જ રમણીય લાગે છે; જે મનુષ્યો સ્ત્રી કે બીજા પદાર્થ વિષે સાચું સ્વરૂપ સમજતા નથી, તેમને જ તે પદાર્થો ભોગવવા લાયક લાગે છે; પરંતુ તેમના સ્વરૂપને સમજનારાઓને તો તે તે પદાર્થો ભોગવવા જેવા જણાતા જ નથી. ૪૨

गतेऽपि तोये सुषिरं कुलीरो हातुं ह्यशक्तो म्रियते विमोहात्।
यथा तथा गेहसुखानुषक्तो विनाशमायाति नरो भ्रमेण ॥४३॥

કોઈ પાણી ભરેલું પોલાણ હોય તેમાંથી પાણી સુકાઈ ગયું હોય છતાં તેના ઉપરના અતિશય મોહને લીધે કરચલો (નામે જળજીવ) તેને છોડી દેવા અશક્ત બની (છેવટે) જેમ મરણ પામે છે, તેમ ભ્રમને લીધે ઘરના સુખમાં વળગી રહેલો મનુષ્ય છેવટે નાશ પામે છે. ૪૩

कोशक्रिमिस्तंतुभिरात्मदेहमावेष्ट्य चावेष्ट्य च गुप्तिमिच्छन्।
स्वयं विनिर्गन्तुमशक्त एव संस्ततस्तदंते म्रियते च लग्नः॥४४॥
यथा तथा पुत्रकलत्रमित्रस्नेहानुबंधैर्ग्रथितो गृहस्थः॥
कदापि वा तान्परिमुच्य गेहाद्गन्तुं न शक्तो म्रियते मुधैव॥४५॥

જેમ રેશમનો કીડો પોતાની લાળના તાંતણાથી પોતાને વીંટી વીંટીને પોતાનું રક્ષણ ઇચ્છે છે; પરંતુ છેવટે પોતે એ તાંતણાઓમાંથી બહાર નીકળી શકતો જ નથી અને તેમાં વળગી રહી મરણ પામે છે; તેમ પુત્ર, સ્ત્રી, મિત્ર વગેરેના સ્નેહપાશથી બંધાયેલો ગૃહસ્થ કોઈ કાળે તેમાંથી છૂટી શકતો નથી અને છેવટે ઘરમાંથી નીકળી જવા અશક્ત બની વ્યર્થ તેમાં જ મરણ પામે છે ૪૪,૪૫

कारागृहस्यास्य च का विशेषः प्रदृश्यते साधु विचार्यमाणे।
मुक्तेः प्रतीपत्वमिहापि पुंसः कांतासुखाभ्युत्थितमोहपाशैः॥४६॥
गृहस्पृहा पादनिबद्धशृंखला कांतासुताशा पटुकंठपाशः।
शीर्षे पतद्भूर्ध्यशनिर्हि साक्षात्प्राणान्तहेतुः प्रबला धनाशा॥४७॥
आशापाशशतेन पाशितपदो नोत्थातुमेव क्षमः
कामक्रोधमदादिभिः प्रतिभटैः संरक्ष्यमाणोऽनिशम्।

**संमोहावरणेन गोपनवतः संसारकारागृहा**
**न्निर्गन्तुं त्रिविधेषणापरवशः कः शक्नुयाद्रागिषु ॥ ४८ ॥**

જો સારી પેઠે વિચારવામાં આવે, તો કેદખાના અને સંસાર વચ્ચે કયો ફેરફાર દેખાય છે? (કોઈ પણ નહિ.) જેમ કેદખાનામાંથી છૂટવા માટે વિરોધી વસ્તુઓ હયાત હોય છે, તેમ આ સંસારમાંથી છૂટવા માટે પણ સ્ત્રી–સુખમાંથી જન્મેલા મોહપાશો વિરોધી વસ્તુઓ રૂપે હાજર જ હોય છે. જેમ કેદખાનાના કેદીના પગે બેડીઓ હોય છે, તેમ સંસારીને પણ ઘર ઉપરની ઝંખના પગે બાંધેલી બેડીઓ જ છે; કેદીના ગળામાં જેમ ફાંસો હોય છે, તેમ સંસારીને પણ પુત્ર, સ્ત્રી આદિની આશા ગળે બંધાયેલો મજબૂત ફાંસો છે અને ધન વિષેની પ્રબળ આશા માથા ઉપર તૂટી પડતી સાક્ષાત્ વીજળી જેવી પ્રાણના નાશનું કારણ છે. વળી, સંસારી મનુષ્ય ( કેદીની પેઠે ) સેંકડો આશાઓરૂપી પાશોથી પગે બંધાયેલો જ હોય છે તેથી ઊભો થવા અશક્ત છે. જેમ કેદખાનાની ચારે બાજુ સિપાઈઓ ચોકી કરતા હોય છે, તેમ આ સંસારમાં પણ કામ, ક્રોધ, મદ વગેરે ચોકિયાતો નિરંતર ચોકી કર્યા જ કરે છે; વળી જેમ કેદખાનાની ચારે બાજુ મજબૂત દીવાલ વીંટાઈને રક્ષણ કરે છે, તેમ સંસારની ચારે બાજુ મોટા મોહરૂપી દીવાલનું રક્ષણ રહેલું જ છે; એટલે તેના ઉપર રાગવાળા મનુષ્યોમાં ત્રણ જાતની એષણા( ઇચ્છા )ઓને પરવશ થયેલો કયો મનુષ્ય આ સંસારરૂપ કેદખાનામાંથી બહાર નીકળવા સમર્થ થાય? ૪૬–૪૮

**कामांधकारेण निरुद्धदृष्टिर्मुह्यत्यसत्यप्यबलास्वरूपे ।**
**न ह्यंधदृष्टेरसतः सतो वा सुखत्वदुःखत्वविचारणास्ति ॥ ४९ ॥**

કામરૂપી અંધકારથી ઘેરાયેલી દૃષ્ટિવાળો મનુષ્ય સ્ત્રીના જૂઠા સ્વરૂપમાં મોહ પામે છે; અને તેથી આંધળી દૃષ્ટિવાળા તે દુર્જનને કે સજ્જનને સુખ અથવા દુઃખનો વિચાર જ હોતો નથી. ૪૯

श्लेष्मोद्गारि मुखं स्रवन्मलवती नासाश्रुमल्लोचनं
स्वेदस्रावि मलाभिपूर्णमभितो दुर्गंधदुष्टं वपुः।
अन्यद्वक्तुमशक्यमेव मनसा मन्तुं कचिन्नार्हति
स्त्रीरूपं कथमीदृशं सुमनसां पात्रीभवेन्नेत्रयोः ॥ ५० ॥

જેનું મોઢું કફને કાઢ્યા કરે છે, નાકમાંથી લીંટ વહ્યા કરે છે, આંખમાંથી આંસુ ઝર્યા કરે છે અને દુર્ગંધથી ગંધાતું શરીર પરસેવાથી વ્યાપ્ત હોઈ ચારે બાજુ મેલથી ભરપૂર હોય છે; વળી બીજું તો કહેવાને પણ અશક્ય છે—મનથી વિચારવાને પણ કદી યોગ્ય નથી એવું સ્ત્રીનું રૂપ ઉત્તમ મનવાળા પુરુષોનાં નેત્રોનું વિષય કેમ થાય ? અર્થાત્ સત્પુરુષોએ સ્ત્રીના એ રૂપને આંખથી જોવું પણ ઠીક નથી. ૫૦

दूरादवेक्ष्याग्निशिखां पतंगो रम्यत्वबुद्ध्या विनिपत्य नश्यति।
यथा तथा नष्टदृगेष सूक्ष्मं कथं निरीक्षेत विमुक्तिमार्गम् ॥ ५१ ॥

જેમ પતંગિયું અગ્નિની જ્વાળાને દૂરથી જોઈ સુંદરતાની બુદ્ધિથી તેમાં પડીને નાશ પામે છે, તેમ સ્ત્રીના રૂપને જોઈને નાશ પામેલી દૃષ્ટિવાળો પુરુષ પણ નાશ જ પામે છે એટલે સૂક્ષ્મ મોક્ષમાર્ગને કેવી રીતે જોઈ શકે ? ૫૧

कामेन कान्तां परिगृह्य तद्वज्जनोऽप्ययं नश्यति नष्टदृष्टिः।
मांसास्थिमज्जामलमूत्रपात्रं स्त्रियं स्वयं रम्यतयैव पश्यति ॥ ५२ ॥

કામને લીધે સ્ત્રીનો સ્વીકાર કરીને પુરુષ પતંગિયાની પેઠે જ આંધળો થઈ નાશ નામે છે; કારણ કે માંસ, હાડકાં, ચરબી, વિષ્ઠા અને મૂત્રથી ભરેલી સ્ત્રીને પોતાની મેળે જ એ સુંદર સ્વરૂપે જુએ છે ! ૫૨

काम एव यमः साक्षात्कान्ता वैतरणी नदी।
विवेकिनां मुमुक्षूणां निलयस्तु यमालयः ॥ ५३ ॥

વિવેકી મુમુક્ષુઓ માટે કામ એ જ સાક્ષાત્ યમરાજ છે,

આ વૈતરણી નદી છે અને ઘર યમરાજને રહેવાનું જ સ્થાન છે. ૫૩

यमालये वापि गृहेऽपि नो नृणां तापत्रयक्लेशनिवृत्तिरस्ति।
किंचित्समालोक्य तु तद्विरामं सुखात्मना पश्यति मूढलोकः॥५४॥

યમને ઘેર અથવા મનુષ્યોને ઘેર ત્રણે તાપો અને ક્લેશો કદી અટકતા જ નથી; તેમાં કોઈ કાળે કંઈક અંશે વિરામ જોઈ મૂઢ લોક તેને સુખરૂપે માની બેસે છે. ૫૪

यमस्य कामस्य च तारतम्यं विचार्यमाणे महदस्ति लोके।
हितं करोत्यस्य यमोऽप्रियः सन्कामस्त्वनर्थं कुरुते प्रियः सन्॥५५॥

જો વિચારવામાં આવે તો યમરાજ અને કામદેવમાં મોટું અંતર છે. યમરાજ તો અપ્રિય થઈને પણ મનુષ્યનું હિત જ કરે છે, પરંતુ કામદેવ તો પ્રિય થઈને ઊલટો અનર્થ કરે છે. ૫૫

यमोऽसतामेव करोत्यनर्थं सतां तु सौख्यं कुरुते हितः सन्।
कामः सतामेव गतिं निरुन्धन्करोत्यनर्थं ह्यसतां नु का कथा॥५६॥

યમરાજ દુર્જનોને જ અનર્થ કરે છે, સજ્જનોને તો હિતકારી થઈ સુખ જ કરે છે; પણ કામદેવ તો સજ્જનોની જ સદ્ગતિને અટકાવી દઈ અનર્થ કરે છે, તો દુર્જનોની તો વાત જ શી? (અર્થાત્ દુષ્ટોને તો તે અતિશય અનર્થકારી થાય છે.) ૫૬

विश्वस्य वृद्धिं स्वयमेव कांक्षन्प्रवर्तकं कामिजनं ससर्ज।
तेनैव लोकः परिमुह्यमानः प्रवर्धते चन्द्रमसेव चाब्धिः॥५७॥

કામદેવે પોતે જ જગતની વૃદ્ધિ ઇચ્છીને પ્રવૃત્તિપરાયણ કામી લોકોને સરજ્યા છે; કારણ કે જેમ ચંદ્રથી સમુદ્ર વધે છે, તેમ એ કામદેવને લીધે જ અત્યંત મોહ પામીને લોક વધે છે. ૫૭

कामो नाम महाजगद्भ्रमयिता स्थित्वांतरंगे स्वयं
स्त्रीपुंसावितरेतरांगकगुणैर्हासैश्च भावैः स्फुटम्।
अन्योन्यं परिमोह्य नैजतमसा प्रेमानुबंधेन तौ
बद्ध्वा भ्रामयति प्रपंचरचनां संवर्धयन्ब्रह्महा॥५८॥

ખરેખર! કામદેવ મોટો બ્રહ્મહત્યારો છે. એ પોતે જ પ્રાણીમાત્રના અંતઃકરણમાં રહી જગતને ભમાવે છે. એકબીજાના શરીરના ગુણો, હાસ્ય તથા ભાવોથી પરસ્પર અત્યંત મોહ પમાડી સ્ત્રીને તથા પુરુષને પોતાના અજ્ઞાનરૂપ પ્રેમપાશથી ખુલ્લી રીતે એ બાંધે છે અને પછી ભમાવે છે. આ રીતે પ્રપંચની રચનાને તે સારી રીતે વધારી રહ્યો છે. ૫૮

अतोऽन्तरंगस्थितकामवेगाद्भोग्ये प्रवृत्तिः स्वत एव सिद्धा।
सर्वस्य जंतोर्ध्रुवमन्यथा चेदबोधितार्थेषु कथं प्रवृत्तिः॥५९॥

અંતઃકરણમાં રહેલા આ કામદેવના વેગથી જ ખરેખર સર્વ પ્રાણીને ભોગ્ય પદાર્થોમાં પોતાની મેળે જ પ્રવૃત્તિ સિદ્ધ થાય છે, જો એમ ન હોય, તો અજાણ્યા વિષયોમાં એમ ને એમ પ્રવૃત્તિ થાય જ કેમ? ૫૯

तेनैव सर्वजंतूनां कामना बलवत्तरा।
जीर्यत्यपि च देहेऽस्मिन्कामना नैव जीर्यते॥६०॥

એ કામદેવને લીધે જ સર્વ પ્રાણીઓને અતિશય બળવાન કામના રહ્યા કરે છે; અને શરીર ઘરડું થાય છે તોપણ કામના ઘરડી થતી નથી! ૬૦

अवेक्ष्य विषये दोषं बुद्धियुक्तो विचक्षणः।
कामपाशेन यो मुक्तः स मुक्तेः पथि गोचरः॥६१॥

જે પુરુષ બુદ્ધિમાન અને ચતુર હોય, તે જ વિષયભોગમાં દોષ જોઈને કામપાશથી છૂટે છે અને મોક્ષમાર્ગે જઈ શકે છે.૬૧

कामस्य विजयोपायं सूक्ष्मं वक्ष्याम्यहं सताम्।
संकल्पस्य परित्याग उपायः सुलभो मतः॥६२॥

કામદેવને જીતવાનો સૂક્ષ્મ ઉપાય સજ્જનોને હું બતાવું છું. (તે સાંભળો:) ચારે બાજુથી સંકલ્પોનો ત્યાગ કરવો, એ જ કામદેવને જીતવાનો સહેલો ઉપાય માન્યો છે. ૬૨

श्रुते दृष्टेऽपि वा भोग्ये यस्मिन्कस्मिंश्च वस्तुनि ।
समीचीनत्वधीत्यागात्कामो नोदेति कर्हिचित् ॥ ६३ ॥

સાંભળેલા કે જોયેલા હરકોઈ ભોગ્ય પદાર્થમાં 'આ પદાર્થ સારો છે' એવી બુદ્ધિ ત્યજી દેવાથી કામદેવ કદી ઉદય જ પામતો નથી. ૬૩

कामस्य बीजं संकल्पः संकल्पादेव जायते ।
बीजे नष्टेऽकुर इव तस्मिन्नष्टे विनश्यति ॥ ६४ ॥

કામનું બીજ સંકલ્પ છે; સંકલ્પથી જ કામ જન્મે છે. બી નાશ પામ્યું હોય તો જેમ અંકુરો ઊગતા નથી, તેમ સંકલ્પો નાશ પામતાં કામ પણ નાશ પામે છે. ૬૪

न कोऽपि सम्यक्त्वधिया विनैव भोग्यं नरः कामयितुं समर्थः ।
यतस्ततः कामजयेच्छुरेतां सम्यक्त्वबुद्धिं विषये निहन्यात् ॥ ६५ ॥

'આ પદાર્થ સારો છે' એવી બુદ્ધિ થયા વિના કોઈ પણ મનુષ્ય ભોગવવાના પદાર્થની કામના કરવાને સમર્થ થતો નથી; માટે કામને જીતવા ઇચ્છનારે હરકોઈ વિષય ઉપરની 'આ વિષય સારો છે' એ બુદ્ધિનો જ નાશ કરવો. ૬૫

भोग्ये नरः कामजयेच्छुरेतां सुखत्वबुद्धिं विषये निहन्यात् ।
यावत्सुखत्वभ्रमधीः पदार्थे तावन्न जेतुं प्रभवेद्धि कामम् ॥ ६६ ॥

વળી કામને જીતવા ઇચ્છનારે હરકોઈ વિષયમાં સુખ-બુદ્ધિનો પણ નાશ કરવો; કારણ કે જ્યાંસુધી પદાર્થ ઉપર સુખના ભ્રમવાળી બુદ્ધિ હોય છે, ત્યાંસુધી કામને જીતવા સમર્થ થવાતું જ નથી. ૬૬

संकल्पानुदये हेतुर्यथा भूतार्थदर्शनम् ।
अनर्थचिंतनं चाभ्यां नावकाशोऽस्य विद्यते ॥ ६७ ॥

'જે પદાર્થ જેવા રૂપમાં હોય, તેને તેવા જ રૂપે જોવો' અને 'તે પદાર્થથી અનર્થનો વિચાર કરવો' આ બે વસ્તુ

સંકલ્પ નહિ થવા દેવામાં કારણ છે; અને આ બેથી જ કામને અવકાશ રહેતો નથી. ૬૭

**रत्ने यदि शिलाबुद्धिर्जायते वा भयं ततः।**
**समीचीनत्वधीर्नैति नोपादेयत्वधीरपि ॥ ६८ ॥**

રત્ન ઉપર જો પથ્થરની બુદ્ધિ થાય અને તેનાથી જ ભય થાય છે એમ જો સમજાઈ જાય તો 'આ રત્ન સારું છે' એવી બુદ્ધિ અને તેને ગ્રહણ કરવાની બુદ્ધિ કદી થાય જ નહિ. ૬૮

**यथार्थदर्शनं वस्तुन्यनर्थस्यापि चिंतनम्।**
**संकल्पस्यापि कामस्य तद्वधोपाय इष्यते ॥ ६९ ॥**

દરેક વસ્તુમાં તેના ખરા સ્વરૂપને જોવું અને તેથી થતા અનર્થનો વિચાર કરવો, એ જ સંકલ્પનો તથા કામનો નાશ કરવાનો ઉપાય છે. ૬૯

**धनं भयनिबंधनं सततदुःखसंवर्धनं।**
**प्रचंडतरकर्दनं स्फुटितबंधुसंवर्धनम्।**
**विशिष्टगुणबाधनं कृपणधीसमाराधनं।**
**न मुक्तिगतिसाधनं भवति नापि हृच्छोधनम् । ७० ॥**

એ જ પ્રમાણે ધન ભયનું કારણ છે, નિરંતર દુઃખને વધારનારું છે, મહાપ્રચંડ વિનાશને કરનાર છે, ફૂટેલાં કુટુંબીઓને વધારનાર છે, ઉત્તમ ગુણોને અટકાવનાર છે અને કૃપણ બુદ્ધિને સારી રીતે ઉપજાવનારું છે; માટે તે મોક્ષ મેળવવાનું સાધન નથી અને હૃદયને શુદ્ધ કરનાર પણ નથી. ૭૦

**राज्ञो भयं चोरभयं प्रमादाद्भयं तथा ज्ञातिभयं च वस्तुतः।**
**धनं भयग्रस्तमनर्थमूलं यतः सतां नैव सुखाय कल्पते ॥ ७१ ॥**

(ધનવાનને) રાજાથી ભય, ચોરથી ભય, ગફલતથી ભય અને સગાંસંબંધીઓથી પણ ભય રહે છે. આમ ખરું જોતાં ધન કેવળ ભયથી જ ઘેરાયેલું હોઈ અનર્થોનું મૂળ છે અને તેથી જ સજ્જનોને સુખ આપવા સમર્થ નથી. ૭૧

अर्जने रक्षणे दाने व्यये वापि च वस्तुतः ।
दुःखमेव सदा नृणां न धनं सुखसाधनम् ॥ ७२ ॥

ધન કમાવામાં, સાચવવામાં, આપવામાં અને ખર્ચવામાં દુઃખ જ થાય છે; એટલે ખરી રીતે ધન એ દુઃખ જ છે-સુખનું સાધન છે જ નહિ. ૭૨

सतामपि पदार्थस्य लाभाल्लोभः प्रवर्धते ।
विवेको लुप्यते लोभात्तस्मिँल्लुप्ते विनश्यति ॥ ७३ ॥

સજ્જનોને પણ કોઈ પદાર્થનો લાભ થવાથી લોભ વધે છે, લોભ વધવાથી વિવેક ( કર્તવ્ય-અકર્તવ્યનું જ્ઞાન ) નાશ પામે છે અને તે નાશ પામતાં મનુષ્ય પોતે જ નાશ પામે છે. ૭૩

दहत्यलामे निःस्वत्वं लाभे लोभो दहत्यमुम् ।
तस्मात्संतापकं वित्तं कस्य सौख्यं प्रयच्छति ॥ ७४ ॥

ધન મળે નહિ તો મનુષ્યને નિર્ધનતા બાળે છે; અને મળે તો લોભ બાળે છે. માટે ધન સંતાપ ઉપજાવનારું જ છે; તે કોને સુખ આપે છે ? ( કોઈને નહિ. ) ૭૪

भोगेन मत्तता जंतोर्दानेन पुनरुद्भवः ।
वृथैवोभयथा वित्तं नास्त्येव गतिरन्यथा ॥ ७५ ॥

ધન ભોગવવાથી મનુષ્ય મદોન્મત્ત બને છે અને દાન કરવાથી ફરી સંસારમાં (સારા કુળમાં પણ ) જન્મ લેવો પડે છે; એમ દાન અથવા ભોગ-બન્ને પ્રકારે ધન નકામું જ છે અને બીજી કોઈ તો ગતિ જ નથી. ૭૫

धनेन मदवृद्धिः स्यान्मदेन स्मृतिनाशनम् ।
स्मृतिनाशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ ७६ ॥

ધનથી અભિમાન વધે, અભિમાન વધવાથી ( 'હું કોણ છું ? અને શા માટે જન્મ્યો છું ?' એનું ) સ્મરણ નાશ પામે; તેનો નાશ થતાં બુદ્ધિ નાશ પામે; અને બુદ્ધિનો નાશ થવાથી મનુષ્ય

પોતે જ નાશ પામે છે. (સંસારના માર્ગે જ ઘસડાઈ જાય છે.)

सुखयति धनमेवेत्यंतराशापिशाच्या ।
दृढतरमुपगूढो मूढलोको जडात्मा ।
निवसति तदुपान्ते संततं प्रेक्षमाणो ।
व्रजति तदपि पश्चात्प्राणमेतस्य हृत्वा ॥ ७७ ॥

જડ સ્વભાવના મૂઢ લોકોને 'ધન જ સુખ આપે છે' એવી અંતરની આશારૂપી ડાકણ મજબૂત રીતે વળગી પડી છે; તેથી તેવા લોકો નિરંતર ધનને જ જોતા તેની પાસે જ રહે છે; પરંતુ પાછળથી એ ધન પણ તેના પ્રાણ હરી લઈને જતું રહે છે. ૭૭

संपन्नोऽधवदेव किंचिदपरं नो वीक्षते चक्षुषा ।
सद्भिर्वर्जितमार्ग एव चरति प्रोत्सारितो बालिशैः ।
तस्मिन्नेव मुहुः स्खलन्प्रतिपदं गत्वान्धकूपे पत-
त्यस्यांधत्वनिवर्तकौषधमिदं दारिद्र्यमेवांजनम् ॥ ७८ ॥

ધનવાન માણસ આંધળા જેવો છે–આંખથી બીજું કંઈ દેખતો જ નથી. સજજનો તો એના માર્ગને જ ત્યજી દે છે, પણ મૂર્ખાઓ તેને દોરનારા હોય છે; તેથી એ માર્ગે તે જાય છે, પગલે પગલે વારંવાર તેમાં ઠોકરો ખાય છે અને છેવટે આંધળા કૂવામાં (નરકમાં) જઈ પડે છે. આવા ધનવાન માણસનો અંધાપો દૂર કરનાર એક દારિદ્ર એ જ ઔષધરૂપ અંજન છે. (માટે એનો જ એણે ઉપયોગ કરવો.)

लोभः क्रोधश्च दंभश्च मदो मत्सर एव च ।
वर्धते वित्तसंप्राप्त्या कथं तच्चित्तशोधनम् ॥ ७९ ॥

ધન આવવાથી લોભ, ક્રોધ, દંભ, ગર્વ અને અદેખાઈ જ વધે છે; તો પછી તે ચિત્તને શુદ્ધ કેવી રીતે કરે ? ७९

अलाभाद्द्विगुणं दुःखं वित्तस्य व्ययसंभवे ।
ततोऽपि त्रिगुणं दुःखं दुर्व्यये विदुषामपि ॥ ८० ॥

ધન મળે નહિ તો તેથી બે ગણું દુઃખ થાય છે—(મળ્યું હોય તો) તેનો ખર્ચ થતાં તેથી ત્રણ ગણું દુઃખ થાય છે અને ખોટી રીતે ખર્ચાય તો વિદ્વાનોને પણ ઘણું જ દુઃખ થાય છે. ૮૦

**नित्याहितेन वित्तेन भयचिंतानपायिना ।**
**चित्तस्वास्थ्यं कुतो जंतोर्गृहस्थेनाहिना यथा ॥८१॥**

સાપ ઘરમાં રહેતો હોય તો માણસના ચિત્તને જેમ શાંતિ રહેતી નથી, તેમ ધન ઘરમાં રાખી મૂકયું હોય અને ખર્ચાતું ન હોય છતાં ભય અને ચિંતા રહ્યા જ કરે છે; એટલે ધનને લીધે મનુષ્યના ચિત્તને શાંતિ કયાંથી હોય? ૮૧

**कांतारे विजने वने जनपदे सेतौ निरीतौ च वा ।**
**चोरैर्वापि तथेतरैर्नरवरैर्युक्तो वियुक्तोऽपि वा ॥**
**निःस्वः स्वस्थतया सुखेन वसति ह्याद्रीयमाणो जनैः ।**
**क्लिश्नात्येव धनी सदाकुलमतिर्भीतश्च पुत्रादपि ॥ ८२ ॥**

નિર્ધન મનુષ્ય જંગલમાં, વેરાનમાં, વનમાં, દેશમાં, ઉપદ્રવોવાળા સ્થળમાં કે-ઉપદ્રવરહિત સ્થાનમાં, ચોરો સાથે, શાહુકારો સાથે, રાજાઓ સાથે કે એકલો હોય તોપણ સ્વસ્થ અને સુખપૂર્વક રહી શકે છે. પરંતુ ધનવાન માણસ લોકોથી આદર પામતો હોય તોપણ સદા દુઃખી જ રહે છે; તેની બુદ્ધિ વ્યાકુળ રહે છે અને પુત્રથી પણ તે ભયભીત રહે છે. ૮૨

**तस्मादनर्थस्य निदानमर्थः पुमर्थसिद्धिर्न भवत्यनेन ।**
**ततो वनान्ते निवसन्ति सन्तः संन्यस्य सर्वं प्रतिकूलमर्थम् ॥**

માટે અનર્થનું મૂળ કારણ ધન છે અને તેનાથી કોઈ પુરુષાર્થની સિદ્ધિ થતી નથી; તેથી જ સત્પુરુષો એ પ્રતિકૂળ ધનનો સંપૂર્ણ ત્યાગ કરીને વનમાં (નિરાંતે) રહે છે. ૮૩

**श्रद्धाभक्तिमतीं सतीं गुणवतीं पुत्राञ्छ्रुतान्संमता-**
**नक्षय्यं वसुधानुभोगविभवैः श्रीसुंदरं मंदिरम् ।**

सर्वं नश्वरमित्यवेत्य कवयः श्रुत्युक्तिभिर्युक्तिभिः
संन्यस्यन्त्यपरे तु तत्सुखमिति भ्राम्यन्ति दुःखार्णवे ॥ ८४ ॥

શ્રદ્ધા, ભક્તિ અને ગુણોવાળી સતી સ્ત્રી, પ્રખ્યાત અને માન્ય પુત્રો તેમ જ પૃથ્વીના અખૂટ ભોગ-વૈભવોથી શોભાયમાન સુંદર ઘર–એ બધું નાશવંત છે, એમ વેદોક્ત યુક્તિઓથી જાણીને વિદ્વાનો એ બધાંનો ત્યાગ કરી સંન્યાસ લે છે; પણ બીજા–અજ્ઞાનીઓ 'આ બધું સુખ છે' એમ માની દુઃખના સમુદ્રમાં ભમ્યા કરે છે. ૮૪

सुखमिति मलराशौ ये रमन्तेऽत्र गेहे
क्रिमय इव कलत्रक्षेत्रपुत्रानुपंक्त्या ।
सुरपद इव तेषां नैव मोक्षप्रसंग-
स्त्वपि तु निरयगर्भावासदुःखप्रवाहः ॥ ८५ ॥

'આ ઘરમાં સુખ છે,' એમ માની સ્ત્રી, ખેતરો અને પુત્રોના સમુદાય સાથે જેઓ કીડાની પેઠે મેલાના એ ઢગલામાં રમે છે, તેમને દેવોના સ્થાન(સ્વર્ગ)ની મોક્ષનો પ્રસંગ જ મળતો નથી; પરંતુ નરક અને ગર્ભવાસની પેઠે દુઃખોનો પ્રવાહ જ પ્રાપ્ત થાય છે. ૮૫

येषामाशा निराशा स्याद्दारापत्यधनादिषु ।
तेषां सिध्यति नान्येषां मोक्षाशाभिमुखी गतिः ॥ ८६ ॥

જેમની સ્ત્રી, સંતાન, ધન વગેરેની આશા નિરાશારૂપ બની જાય છે, તેમને જ મોક્ષની આશા તરફ જવાનું સિદ્ધ થાય છે, બીજાઓને નહિ. ૮૬

सत्कर्मक्षयपाप्मनां श्रुतिमतां सिद्धात्मतां धीमतां
नित्यानित्यपदार्थशोधनमिदं युक्त्या मुहुः कुर्वताम् ।
तस्मादुत्थमहाविरक्त्यसिमतां मोक्षैककांक्षावतां
धन्यानां सुलभं स्त्रियादिविषयेष्वाशालताच्छेदनम् ॥ ८७ ॥

જેઓ શાસ્ત્રોના અભ્યાસ કરતા હોય, જેમનાં પાપ સત્કર્મોથી નાશ પામ્યાં હોય, જેમનો આત્મા સિદ્ધ થયો હોય, જેઓ બુદ્ધિમાન હોય અને યુક્તિથી નિત્ય-અનિત્ય પદાર્થની શોધ વારંવાર કર્યા કરતા હોય, તેમને જ તે દ્વારા ઉત્પન્ન થયેલ વૈરાગ્યરૂપી તલવાર પ્રાપ્ત થાય છે; અને પછી મોક્ષની આકાંક્ષા-વાળા એ ધન્ય પુરુષો સ્ત્રી આદિ વિષયો સંબંધી આશારૂપ વેલડીને સહેલાઈથી કાપી નાખે છે. ૮૭

**संसारमृत्योर्बलिनः प्रवेष्टुं द्वाराणि तु त्रीणि महान्ति लोके।**
**कान्ता च जिह्वा कनकं च तानि रुणद्धि यस्तस्य भयं न मृत्योः ॥**

સંસાર એ બળવાન મૃત્યુ છે; તેને આ લોકમાં પ્રવેશ કરવાના-સ્ત્રી, જીભ અને સોનું-એ ત્રણ મોટા દરવાજા છે. આ ત્રણ ઉપર જે કાબૂ મેળવે છે, તેને મૃત્યુનો ભય રહેતો નથી. ૮૮

**मुक्तिश्रीनगरस्य दुर्जयतरं द्वारं यदस्यादिमं**
**तस्य द्वे अररे धनं च युवती ताभ्यां पिनद्धं दृढम्।**
**कामाख्यार्गलदारुणा बलवता द्वारं तदेतत्त्रयं**
**धीरो यस्तु भिनत्ति सोऽर्हति सुखं भोक्तुं विमुक्तिश्रियः ॥८९॥**

મુક્તિરૂપી શોભાયમાન નગરનો જે પ્રથમ દરવાજો છે, તેને જીતવો ઘણો જ મુશ્કેલી છે; કારણ કે ધન અને સ્ત્રી-એ બે તેનાં કમાડ હોઈ એના વડે એ મજબૂત રીતે બંધ કરેલો છે; અને તેમાં કામદેવ નામનો મજબૂત ને ભયંકર આગળિયો પણ છે. જે ધીર પુરુષ એ ત્રણેને તોડે છે, તે જ એ દરવાજાને ખુલ્લો કરી શકે છે અને મોક્ષરૂપી લક્ષ્મીનું સુખ ભોગવવા લાયક બને છે.

**आरूढस्य विवेकाश्वं तीव्रवैराग्यखड्गिनः।**
**तितिक्षावर्मयुक्तस्य प्रतियोगी न दृश्यते ॥ ९० ॥**

જે પુરુષ વિવેકરૂપી ઘોડા પર સવાર થયો હોય જેણે તીવ્ર વૈરાગ્યરૂપી તલવાર લીધી હોય અને ક્ષમારૂપી બખતર પહેર્યું

હોય, તેની સામે યુદ્ધમાં ઊતરનાર કોઈ દેખાતો જ નથી. ૯૦

**विवेकजां तीव्रविरक्तिमेव, मुक्तेर्निदानं निगदन्ति सन्तः।**
**तस्माद्विवेकी विरतिं मुमुक्षुः संपादयेत्तां प्रथमं प्रयत्नात् ॥९१॥**

સત્પુરુષો કહે છે, કે વિવેકથી થનાર તીવ્ર વૈરાગ્ય જ મોક્ષનું પ્રથમ કારણ છે; માટે મુમુક્ષુએ વિવેકી બની કાળજીથી પ્રથમ વૈરાગ્ય મેળવવો. ૯૧

**पुमानजातनिर्वेदो देहबंधं जिहासितुम्।**
**न हि शक्नोति निर्वेदो बंधभेदो महानसौ ॥ ९२ ॥**

જેને વૈરાગ્ય ન થયો હોય, તે દેહરૂપ બંધનને તોડવા સમર્થ થતો નથી; કારણ કે એ વૈરાગ્ય જ બંધનને તોડવાનું મોટું સાધન છે. ૯૨

**वैराग्यरहिता एव यमालय इवालये।**
**क्लिश्नन्ति त्रिविधैस्तापैर्मोहिता अपि पंडिताः ॥ ९३ ॥**

ભલે પંડિતો હોય, પણ જો વૈરાગ્યથી રહિત હોય તો યમરાજના ઘર જેવા ઘરની અંદર મોહિત થાય છે અને ત્રણે પ્રકારના તાપથી પિડાય છે. ૯૩

શમાદિ ષટ્-સંપત્તિ

**शमो दमस्तितिक्षोपरतिः श्रद्धा ततः परम्।**
**समाधानमिति प्रोक्तं षडेवैते क्षमादयः ॥ ९४ ॥**

શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન—આ છ શમાદિ ષટ્સંપત્તિ કહેવાય છે. ૯૪

**एकवृत्त्यैव मनसः स्वलक्ष्ये नियतस्थितिः।**
**शम इत्युच्यते सद्भिः शमलक्षणवेदिभिः ॥ ९५ ॥**

જેમાં મન, એકધારી વૃત્તિથી પોતાના લક્ષમાં નિયમિત સ્થિતિ કરે, તેને શમનું લક્ષણ જાણનારા સજ્જનો 'શમ' કહે છે.

उत्तमो मध्यमश्चैव जघन्य इति च त्रिधा ।
निरूपितो विपश्चिद्भिः तत्तल्लक्षणवेदिभिः ॥ ९६ ॥

એ શમ ઉત્તમ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારનો છે, એમ તેનું લક્ષણ જાણનારા વિદ્વાનો કહે છે. ૯૬

स्वविकारं परित्यज्य वस्तुमात्रतया स्थितिः ।
मनसः सोत्तमा शांतिर्ब्रह्मनिर्वाणलक्षणा ॥ ९७ ॥

તેમાં પોતાના વિકારો ત્યજીને મન, માત્ર (આત્મારૂપ) વસ્તુસ્વરૂપે જ સ્થિતિ કરે, એ મનની ઉત્તમ શાંતિ છે; અને તેને જ 'બ્રહ્મનિર્વાણ' કહે છે. ૯૭

प्रत्यक्प्रत्ययसंतानप्रवाहकरणं धियः ।
यदेषा मध्यमा शान्तिः शुद्धसत्त्वैकलक्षणा ॥ ९८ ॥

બુદ્ધિ, કેવળ આત્માના અનુભવની પરંપરાના પ્રવાહ કરે, એ મધ્યમ શાંતિ છે; અને તેને જ 'શુદ્ધ સત્ત્વ' કહે છે. ૯૮

विषयव्यापृतिं त्यक्त्वा श्रवणैकमनःस्थितिः ।
मनसश्चेतरा शान्तिर्मिश्रसत्त्वैकलक्षणा ॥ ९९ ॥

વિષયોના વ્યાપાર ત્યજી દઈને મન કેવળ (વેદાંતનું) શ્રવણ કરવામાં જ સ્થિર થાય, એ મનની જઘન્ય શાંતિ છે; અને તેને 'મિશ્રસત્ત્વ' કહે છે. ૯૯

प्राच्योदीच्यांगसद्भावे शमः सिध्यति नान्यथा ।
तीव्रा विरक्तिः प्राच्यांगमुदीच्यांगं दमादयः ॥ १०० ॥

પૂર્વનાં તથા ઉત્તરનાં અંગો હોય, તો જ આ 'શમ' સિદ્ધ થાય છે, બીજી રીતે સિદ્ધ થતો નથી, તેમાં તીવ્ર વૈરાગ્ય એ પૂર્વનું અંગ છે અને દમ વગેરે ઉત્તરનાં અંગો છે. ૧૦૦

कामः क्रोधश्च लोभश्च मदो मोहश्च मत्सरः ।
न जिताः षडिमे येन तस्य शान्तिर्न सिध्यति ॥ १०१ ॥

કામ, ક્રોધ, લોભ, મદ, મોહ અને મત્સર—આ છને જેણે

જીત્યાં નથી, તેને શાંતિ સિદ્ધ થતી નથી. ૧૦૧

शब्दादिविषयेभ्यो यो विषवन्न निवर्तते।
तीव्रमोक्षेच्छया भिक्षोस्तस्य शान्तिर्न सिध्यति॥ १०२॥

મોક્ષની તીવ ઇચ્છા કરીને જે સંન્યાસી શબ્દાદિ વિષયોને ઝેર જેવા માની તેનાથી અટકતો નથી, તેને શાંતિ સિદ્ધ થતી નથી.

येन नाराधितो देवो यस्य नो गुर्वनुग्रहः।
न वश्यं हृदयं यस्य तस्य शान्तिर्न सिध्यति॥ १०३॥

જેણે દેવ(પરમાત્મા)ને આરાધ્યા નથી, જેના પર ગુરુની કૃપા નથી અને જેનું હૃદય વશ નથી, તેને શાંતિ સિદ્ધ થતી નથી. ૧૦૩

मनः प्रसादसिद्ध्यर्थं साधनं श्रूयतां बुधैः।
मनःप्रसादो यत्सत्त्वे यदभावे न सिध्यति॥ १०४॥

જે સાધનથી મન નિર્મળ થાય છે, એવું સાધન હે સમજુ મનુષ્યો! સાંભળો. તે સાધન હોય તો મન નિર્મળ થાય છે અને ન હોય તો નિર્મળ થતું નથી. ૧૦૪

ब्रह्मचर्यमहिंसा च दया भूतेष्ववक्रता।
विषयेष्वतिवैतृष्ण्यं शौचं दंभविवर्जनम्॥ १०५॥
सत्यं निर्ममता स्थैर्यमभिमानविसर्जनम्।
ईश्वरध्यानपरता ब्रह्मविद्भिः सहस्थितिः॥ १०६॥
ज्ञानशास्त्रैकपरता समता सुखदुःखयोः।
मानानासक्तिरेकांतशीलता च मुमुक्षुता॥ १०७॥
यस्यैतद्विद्यते सर्वं तस्य चित्तं प्रसीदति।
न त्वेतद्धर्मशून्यस्य प्रकारांतरकोटिभिः॥ १०८॥

બ્રહ્મચર્ય, અહિંસા, પ્રાણીઓ પર દયા, સરળતા, વિષયોમાં અતિશય તૃષ્ણારહિતપણું, બહારની ને અંદરની શુદ્ધિ, દંભનો ત્યાગ, સત્ય, મમતારહિતપણું, સ્થિરતા, અભિમાનનો ત્યાગ,

ઈશ્વરના ધ્યાનમાં તત્પરતા, બ્રહ્મજ્ઞાનીઓ સાથે સહવાસ, જ્ઞાન ભરેલાં શાસ્ત્રોમાં પરાયણતા, સુખ–દુઃખમાં સમાનતા, માન ઉપર અનાસક્તિ, એકાંતે રહેવાનો સ્વભાવ અને મોક્ષની ઇચ્છા–એ જેનામાં હોય તેનું ચિત્ત નિર્મળ થાય છે; પણ આ ધર્મોથી જે રહિત હોય તેનું મન બીજા કરોડો પ્રકારોથી નિર્મળ થતું નથી. ૧૦૫–૧૦૮

**स्मरणं दर्शनं स्त्रीणां गुणकर्मानुकीर्तनम् ।**
**समीचीनत्वधीस्तासु प्रीतिः संभाषणं मिथः ॥ १०९ ॥**
**सहवासश्च संसर्गोऽष्टधा मैथुनं विदुः ।**
**एतद्विलक्षणं ब्रह्मचर्यं चित्तप्रसादकम् ॥ ११० ॥**

સ્ત્રીઓનું સ્મરણ, દર્શન, તેઓના ગુણો તથા કર્મોનું વર્ણન, તેઓના વિષેની સારાપણાની બુદ્ધિ, તેઓ ઉપર પ્રીત, એકાંતમાં વાતચીત, તેઓનો સહવાસ અને સંબંધ–આ આઠ પ્રકારનું મૈથુન છે; તેનો ત્યાગ એ 'બ્રહ્મચર્ય' છે અને ચિત્તની શુદ્ધિનું તે સાધન છે. ૧૦૯,૧૧૦

**अहिंसा वाङ्मनःकायैः प्राणिमात्राप्रपीडनम् ।**
**स्वात्मवत्सर्वभूतेषु कायेन मनसा गिरा ॥ १११ ॥**

વાણી, મન અને શરીરથી કોઈપણ પ્રાણીને પીડા ન ઉપજાવવી અને મન વચન, કાયાથી સર્વ પ્રાણીઓ પર પોતાના જેવી જ બુદ્ધિ કરવી તે 'અહિંસા' છે. ૧૧૧

**अनुकंपा दया सैव प्रोक्ता वेदान्तवेदिभिः ।**
**करणत्रितयेष्वेकरूपतावक्रता मता ॥ ११२ ॥**

સર્વ પ્રાણીઓ પર અનુકંપા ( કોઈને દુઃખી જોઈ હૃદય કંપી જાય ) એ જ દયા છે, એમ વેદાંત જાણનારા કહે છે; અને મન, વચન, કાયા–એ ત્રણેમાં કુટિલતા ન હોવી તેને 'સરળતા' કહી છે. ૧૧૨

ब्रह्मादिस्थावरान्तेषु वैराग्यं विषयेष्वनु ।
यथैव काकविष्ठायां वैराग्यं तद्धि निर्मलम् ॥ ११३ ॥

જેમ કાગડાની વિષ્ઠા તરફ (માણસને) અણગમો હોય છે, તે જ પ્રમાણે બ્રહ્માથી માંડી સ્થાવરો સુધીના વિષયો તરફ અણગમો થવો, એ જ નિર્મળ વૈરાગ્ય (અતિશય તૃષ્ણારહિતપણું) છે. ૧૧૩

बाह्यमाभ्यंतरं चेति द्विविधं शौचमुच्यते ।
मृज्जलाभ्यां कृतं शौचं बाह्यं शारीरकं स्मृतम् ॥ ११४ ॥
अज्ञानदूरीकरणं मानसं शौचमांतरम् ।
अंतःशौचे स्थिते सम्यग्बाह्यं नावश्यकं नृणाम् ॥ ११५ ॥

શૌચ બે પ્રકારનું કહેવાય છે–બહારનું ને અંદરનું. તેમાં માટી અને જળથી ઉપરની શુદ્ધિ કરવી તે બહારનું 'શારીરિક શૌચ' કહેવાય છે, અને અજ્ઞાન દૂર કરવું તે અંદરનું 'માનસ-શૌચ' છે. આ અંદરનું શૌચ જો બરાબર હોય, તો મનુષ્યોને બહારના શૌચની જરૂર નથી. ૧૧૪,૧૧૫

ध्यानपूजादिकं लोके द्रष्ट्र्यैव करोति यः ।
पारमार्थिकधीहीनः स दंभाचार उच्यते ॥ ११६ ॥
पुंसस्तथानाचरणमदंभित्वं विदुर्बुधाः
यत्स्वेन दृष्टं सम्यक्च श्रुतं तस्यैव भाषणम् ॥ ११७ ॥
सत्यमित्युच्यते ब्रह्म सत्यमित्यभिभाषणम् ।
देहादिषु स्वकीयत्वदृढबुद्धिविसर्जनम् ॥ ११८ ॥
निर्ममत्वं स्मृतं येन कैवल्यं लभते बुधः ।
गुरुवेदान्तवचनैर्निश्चितार्थे दृढस्थितिः ॥ ११९ ॥
तदेकवृत्त्या तत्स्थैर्यं नैश्चल्यं न तु वर्ष्मणः ।
विद्यैश्वर्यतपोरूपकुलवर्णाश्रमादिभिः ॥ १२० ॥
संजाताहंकृतित्यागस्त्वभिमानविसर्जनम् ।
त्रिभिश्च करणैः सम्यग्धित्वा वैषयिकीं क्रियाम् ॥ १२१ ॥

स्वात्मैकचिंतनं यत्तदीश्वरध्यानमीरितम् ।
छायेव सर्वदा वासो ब्रह्मविद्भिः सहस्थितिः ॥ १२२ ॥

લોકો દેખતા હોય ત્યારે ધ્યાન–પૂજા વગેરે કરે પણ ખરી રીતે તે કરવાની બુદ્ધિ હોય જ નહિ, તે 'દંભાચાર' કહેવાય છે. આવો દંભાચાર ન કરવો તેને વિદ્વાનો દંભરહિતપણું કહે છે; તેમ જ પોતે જેવું જોયું હોય કે સાંભળ્યું હોય, તે જ બરાબર કહેવું તેને જ સત્ય કહે છે. 'બ્રહ્મ સત્ય છે' એમ કહેવું તે 'સત્ય' છે. દેહ આદિ ઉપર 'આ મારું પોતાનું છે' એવી જે દૃઢબુદ્ધિ હોય તેનો ત્યાગ કરવો, તેને 'નિર્મમતા' (મમતારહિતપણું) કહે છે; આથી સમજુ માણસ મોક્ષને પામે છે. ગુરુ અને વેદાંતનાં વચનાથી જે અર્થનો નિશ્ચય થયો હોય, તેને એકધારી વૃત્તિથી મજબૂત રીતે વળગી રહેવું, તે 'સ્થિરતા' કહેવાય છે; પણ શરીરને સ્થિર કરવું, તે સ્થિરતા નથી. વિદ્યા, ઐશ્વર્ય, તપ, રૂપ, કુળ, વર્ણ તથા આશ્રમ વગેરેથી ઉત્પન્ન થયેલા અહંકારનો ત્યાગ કરવો, તે જ અભિમાનનો ત્યાગ છે; તેમ જ મન, વચન અને કાયાથી વિષયોની ક્રિયાનો સારી પેઠે ત્યાગ કરી કેવળ પોતાના આત્માનું જ ચિંતન કરવું, તેને 'ઈશ્વર-ધ્યાન' કહે છે; અને દેહની છાયાની પેઠે સદા બ્રહ્મજ્ઞાનીઓની સાથે રહેવું તેને બ્રહ્મજ્ઞાનીઓ સાથેનો સહવાસ કહે છે. ૧૧૯–૧૨૨

यद्युक्त ज्ञानशास्त्रे श्रवणादिकर्मसु यः ।
निरतः कर्मधीहीनः ज्ञाननिष्ठः स एव हि ॥ १२३ ॥

જ્ઞાનથી ભરેલાં શાસ્ત્રોમાં જે જે શ્રવણાદિ કહ્યાં છે તેમાં જ આસક્ત રહે, અને કર્મો કરવાની બુદ્ધિનો ત્યાગ કરે, એ જ 'જ્ઞાનનિષ્ઠ' છે. (અર્થાત્ જ્ઞાનયુક્ત શાસ્ત્રોમાં પરાયણ છે.) ૧૨૩

सत्कांताज्वरादीनां प्राप्तकाले सुखादिभिः ।
विकारहीनतैव स्यात्सुखदुःखसमानता ॥ १२४ ॥

ધન, સ્ત્રી, તાવ (શારીરિક પીડા) વગેરે જે જે વખતે આવે, તે તે વેળા સુખ-દુઃખ થવાથી વિકાર ન થાય-એનો અર્થ જ સુખદુઃખમાં 'સમાનતા' એવો થાય છે. ૧૨૪

श्रेष्ठं पूज्यं विदित्वा मां मानयन्तु जना भुवि।
इत्यासक्त्या विहीनत्वं मानानासक्तिरुच्यते ॥ १२५ ॥

'મને શ્રેષ્ઠ અને પૂજ્ય ગણી લોકો પૃથ્વી પર માન આપે' એવી આસક્તિનો ત્યાગ તે માન વિષેની અનાસક્તિ કહેવાય છે. ૧૨૫

सच्चिन्तनस्य संबाधो विघ्नोऽयं निर्जने ततः।
स्थेयमित्येक एवास्ति चेत्सैवैकान्तशीलता ॥ १२६ ॥

સત્ વસ્તુ-પરમાત્માના ચિંતનમાં હરકત થાય, માટે નિર્જન પ્રદેશમાં પોતે એકલા રહેવું, તે જ 'એકાંતે રહેવાનો સ્વભાવ' છે.

संसारबंधनिर्मुक्तिः कदा झटिति मे भवेत्।
इति या सुदृढा बुद्धिरीरिता सा मुमुक्षुता ॥ १२७ ॥

'સંસારરૂપ બંધનમાંથી મારો ઝટ છુટકારો ક્યારે થાય?' આવી અતિ દૃઢબુદ્ધિ કરવી, તે 'મુમુક્ષુતા' (મોક્ષની ઇચ્છા) કહેવાય છે. ૧૨૭

દમ

ब्रह्मचर्यादिभिर्धर्मैर्बुद्धेर्दोषनिवृत्तये।
दण्डनं दम इत्याहुर्दमशब्दार्थकोविदाः ॥ १२८ ॥
तत्तद्वृत्तिनिरोधेन बाह्येन्द्रियविनिग्रहः।
योगिनो दम इत्याहुर्मनसः शांतिसाधनम् ॥ १२९ ॥

ઉપર જણાવેલા બ્રહ્મચર્ય આદિ ધર્મો દ્વારા બુદ્ધિના દોષ દૂર કરવા માટે જે દંડ લેવો (શિક્ષા સહન કરવી), તેને 'દમ' શબ્દનો અર્થ જાણનારા 'દમ' કહે છે. ૧૨૮

તે તે વૃત્તિઓને રોકીને બહારની ઇંદ્રિયોને વશ કરવી, તેને યોગીઓ 'દમ' કહે છે. આ પણ મનની શાંતિનું સાધન છે. ૧૨૯

इन्द्रियेष्विन्द्रियार्थेषु प्रवृत्तेषु यद्दच्छया ।
अनुधावति तान्येव मनोवायुमिवानलः ॥ १३० ॥
इन्द्रियेषु निरुद्धेषु त्यक्त्वा वेगं मनः स्वयम् ।
सत्त्वभावमुपादत्ते प्रसादस्तेन जायते ।
प्रसन्ने सति चित्तेऽस्य, मुक्तिः सिध्यति नान्यथा ॥ १३१ ॥

જ્યારે ઇંદ્રિયો પોતાના વિષયો તરફ વળે, ત્યારે મન (પણ) વાયુ પાછળ અગ્નિની પેઠે સ્વેચ્છાએ તેની પાછળ જ દોડી જાય છે; માટે જો ઇંદ્રિયોને રોકી હોય, તો મન પોતાની મેળે જ વેગ ત્યજીને સત્ત્વગુણના સ્વભાવને પામે છે અને તેથી નિર્મળ બને છે: એ રીતે મન નિર્મળ થાય છે, ત્યારે જ આ જીવાત્માની મુક્તિ થાય છે, બીજા કોઈ પ્રકારે થતી નથી. ૧૩૦,૧૩૧

मनःप्रसादस्य निदानमेव निरोधनं यत्सकलेन्द्रियाणाम् ।
बाह्येन्द्रिये साधु निरुध्यमाने बाह्यार्थभोगो मनसो वियुज्यते ॥१३२॥

બધી ઇંદ્રિયોને વશ કરવી, એ જ મનની શુદ્ધિનું પ્રથમ કારણ છે; કારણ કે જ્યારે બહારની ઇંદ્રિયોને સારી પેઠે વશ કરવામાં આવે છે, ત્યારે બહારના વિષયોનો ઉપભોગ (આપોઆપ જ) મનથી છૂટો પડી જાય છે. ૧૩૨

तेन स्वदौष्ट्यं परिमुच्य चित्तं शनैः शनैः शान्तिमुपाददाति ।
चित्तस्य बाह्यार्थविमोक्षमेव मोक्षं विदुर्मोक्षणलक्षणज्ञाः ॥ १३३ ॥

અને તેથી ચિત્ત, પોતાની દુષ્ટતા છોડી દઈને ધીમે ધીમે શાંતિને સ્વીકારે છે, (આ જ અભિપ્રાયથી) મોક્ષનું લક્ષણ જાણનારાઓ કહે છે, કે ચિત્તને બહારના વિષયોથી છૂટું પાડવું એ જ મોક્ષ છે. ૧૩૩

दमं विना साधु मनःप्रसादहेतुं न विद्मः सुकरं मुमुक्षोः ।
दमेन चित्तं निजदोषजातं विसृज्य शान्तिं समुपैति शीघ्रम् ॥१३४॥

ઉત્તમ પ્રકારના દમ વિના મુમુક્ષુના મનની શુદ્ધિ માટેનું

સહેલું સાધન અમારા જાણવામાં નથી; કારણ કે દમથી ચિત્ત પોતાના સર્વ દોષોને છોડી દઈ જલદી શાંતિ પામે છે. ૧૩૪

**प्राणायामाद्भवति मनसो निश्चलत्वं प्रसादो**
**यस्याप्यस्य प्रतिनियतदिग्देशकालाद्यवेक्ष्य ।**
**सम्यग्दृष्ट्या क्वचिदपि तया नो दमो हन्यते तत्**
**कुर्याद्धीमान्दममनलसश्चित्तशान्त्यै प्रयत्नात् ॥१३५॥**

પ્રાણાયામથી પણ જેના મનની સ્થિરતા અને શુદ્ધિ થતી હોય તેણે પણ નિયમપૂર્વક દિશા, દેશ અને કાળ વગેરે તરફ ચોક્કસ દૃષ્ટિ રાખી જ હોય છે; કારણ કે એવી ઉત્તમ દૃષ્ટિથી કોઈ કાળે દમનો નાશ થતો નથી. માટે બુદ્ધિમાન મનુષ્યે આળસુ નહિ બની ચિત્તની શાંતિ માટે કાળજીથી (બહારની ઇંદ્રિયોને વશ કરવારૂપ) દમ કરવો જોઈએ. ૧૩૫

**सर्वेन्द्रियाणां गतिनिग्रहेण भोग्येषु दोषाद्यवमर्शनेन ।**
**ईशप्रसादाच्च गुरोः प्रसादाच्छान्तिं समायात्यचिरेण चित्तम् ॥**

ભોગ્યપદાર્થો વિષેના દોષ વગેરેનો વિચાર કરીને સર્વ ઇંદ્રિયોની ગતિને રોકવાથી થોડા જ સમયમાં ઈશ્વર અને ગુરુની કૃપાથી ચિત્ત શાંતિને પામે છે. ૧૩૬

### તિતિક્ષા

**आध्यात्मिकादि यद्दुःखं प्राप्तं प्रारब्धवेगतः ।**
**अचिन्तया तत्सहनं तितिक्षेति निगद्यते ॥१३७॥**

પ્રારબ્ધના વેગથી આધ્યાત્મિક આદિ જે દુઃખ પ્રાપ્ત થયું હોય, તેનો વિચાર કર્યા વિના તેને સહન કરવું, તેને 'તિતિક્ષા' કહે છે. ૧૩૭

**रक्षा तितिक्षासदृशी मुमुक्षोर्न विद्यतेऽसौ पविना न भिद्यते ।**
**यामेव धीराः कवचीव विघ्नान्सर्वांस्तृणीकृत्य जयन्ति मायाम् ॥१३८**

તિતિક્ષા જેવું મુમુક્ષુનું કોઈ રક્ષણ નથી; કારણ કે એ

વજ્રથી પણ તૂટતી નથી. જેમ બખતરધારી પુરુષ સર્વ પ્રહારોને રોકી શકે છે, તેમ આ તિતિક્ષાનો આશ્રય કરીને જ ધીર પુરુષો માયાને તણખલાં જેવી ગણી જીતી શકે છે. ૧૩૮

क्षमावतामेव हि योगसिद्धिः स्वाराज्यलक्ष्मीसुखभोगसिद्धिः ।
क्षमाविहीना निपतन्ति विघ्नैर्वातैर्हताः पर्णचया इव द्रुमात् ॥१३९॥

તિતિક્ષાવાળાઓને જ યોગસિદ્ધિ અથવા ચક્રવર્તીની રાજ્યલક્ષ્મીનાં સુખભોગની સિદ્ધિ પ્રાપ્ત થાય છે; પરંતુ તિતિક્ષા વિનાના પુરુષો જેમ પાંદડાં વાયુ સાથે અથડાઈને ઝાડ ઉપરથી ખરી પડે છે તેમ વિઘ્નોને લીધે પડે છે (યોગભ્રષ્ટ થાય છે). ૧૩૯

तितिक्षया तपो दानं यज्ञस्तीर्थं व्रतं श्रुतम् ।
भूतिः स्वर्गोऽपवर्गश्च प्राप्यते तत्तदर्थिभिः ॥ १४० ॥

તપ, દાન, યજ્ઞ, તીર્થ, વ્રત, શાસ્ત્ર, ઐશ્વર્ય, સ્વર્ગ અને મોક્ષ વગેરે જે જે ઇચ્છતા હોય, તે તે તિતિક્ષાથી મેળવાય છે.

ब्रह्मचर्यमहिंसा च साधूनामप्यगर्हणम् ।
पराक्षेपादिसहनं तितिक्षोरेव सिध्यति ॥ १४१ ॥

બ્રહ્મચર્ય, અહિંસા, સજ્જનોની અનિંદા અને બીજાઓના તિરસ્કાર વગેરે સહન કરવા—એ બધું તિતિક્ષાવાળો જ કરી શકે છે.

साधनेष्वपि सर्वेषु तितिक्षोत्तमसाधनम् ।
यत्र विघ्नाः पलायन्ते दैविका अपि भौतिकाः ॥ १४२ ॥

સર્વ સાધનોમાં પણ તિતિક્ષા ઉત્તમ સાધન છે; જેમાં દેવો તરફનાં કે બીજાં પ્રાણીઓ તરફનાં વિઘ્નો નાસી જાય છે. ૧૪૨

तितिक्षोरेव विघ्नेभ्यस्त्वनिवर्तितचेतसः ।
सिध्यन्ति सिद्धयः सर्वा अणिमाद्याः समृद्धयः ॥ १४३ ॥

તિતિક્ષાવાળાનું જ ચિત્ત વિઘ્નોથી ડગી જતું નથી અને તેને જ અણિમા આદિ ઐશ્વર્યો અને (બીજી) સિદ્ધિઓ સિદ્ધ થાય છે. ૧૪૩

तस्मान्मुमुक्षोरधिका तितिक्षा संपादनीयेप्सितकार्यसिद्धयै ।
तीव्रा मुमुक्षा च महत्युपेक्षा चोभे तितिक्षासहकारि कारणम् ॥१४४

માટે મોક્ષની ઇચ્છાવાળાએ ઇચ્છિત કાર્યની સિદ્ધિ માટે તિતિક્ષા અધિક મેળવવી; અને મોક્ષની તીવ્ર ઇચ્છા તેમ જ વિષયો તરફની મોટી ઉપેક્ષા ( બેદરકારી )–આ બંને સાથે રહી તિતિક્ષાનાં કારણ બને છે ( એ પણ ધ્યાનમાં રાખવું ). ૧૪૪

तत्तत्कालसमागतामयततेः शान्त्यै प्रवृत्तो यदि
स्यात्तत्तत्परिहारकौषधरतस्तच्चिन्तने तत्परः ।
तद्भिक्षुः श्रवणादिधर्मरहितो भूत्वा मृतश्चेत्ततः
किं सिद्धं फलमाप्नुयादुभयथा भ्रष्टो भवेत्स्वार्थतः ॥१४५॥

જેમ કોઈ કાળે ઉપરાઉપરી રોગો આવી પડતાં તેની શાંતિ માટે જો લાગ્યો રહે, તો જ તે તે રોગોને દૂર કરનારાં ઔષધો સેવવામાં તત્પર બને અને તેની શાંતિના જ વિચારો કર્યા કરે; તેમ સંન્યાસી તિતિક્ષામાં તત્પર હોય પરંતુ શ્રવણાદિ ધર્મોથી રહિત હોય અને એ જ સ્થિતિમાં જો મરણ પામે, તો તેને કયું ફળ સિદ્ધ થાય છે ? ( કોઈ પણ નહિ. ) એ તો બંને પ્રકારના સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે. ૧૪૫

योगमभ्यस्यतो भिक्षोर्योगाच्चलितचेतसः ।
प्राप्य पुण्यकृताँल्लोकानित्यादि प्राह केशवः ॥ १४६ ॥

'સંન્યાસી યોગનો અભ્યાસ કરતો હોય તે સમય દરમિયાન જો યોગથી ચલિત (ભ્રષ્ટ) ચિત્તવાળો થાય, તો પુણ્ય કરનારાઓના લોકને પામી પાછો પવિત્ર શ્રીમંતોને ઘેર જન્મે છે' એમ શ્રીકૃષ્ણ ભગવાન ગીતાજીમાં કહે છે. ૧૪૬

न तु कृत्वैव संन्यासं तूष्णीमेव मृतस्य हि ।
पुण्यलोकगतिं ब्रूते भगवान्न्यासमात्रतः ॥ १४७ ॥
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ।
इत्यनुष्ठेयसंत्यागात्सिद्ध्यभावमुवाच च ॥ १४८ ॥

એ ઉપરથી ભગવાન કૃષ્ણ, 'કેવળ સંન્યાસ લઈને ચુપચાપ મરણ પામેલાને માત્ર સંન્યાસથી જ પુણ્યલોકની ગતિ પ્રાપ્ત થાય છે' એમ કહેતા નથી; પરંતુ કેવળ સંન્યાસથી સિદ્ધિ મળતી જ નથી' એમ કહે છે; અને જણાવે છે, કે સંન્યાસીનાં કર્તવ્ય શ્રવણાદિનો ત્યાગ કરવાથી સિદ્ધિ થતી જ નથી. ૧૪૭,૧૪૮

तस्मात्तितिक्षया सोढ्वा तत्तदुःखमुपागतम् ।
कुर्याच्छक्त्यनुरूपेण श्रवणादि शनैः शनैः ॥ १४९ ॥

માટે આવેલાં તે તે દુઃખો તિતિક્ષાથી સહન કરીને પણ શક્તિ અનુસાર ધીમે ધીમે શ્રવણાદિ અવશ્ય કરવાં જ જોઈએ.

प्रयोजनं तितिक्षायाः साधितायाः प्रयत्नतः ।
प्राप्तदुःखासहिष्णुत्वे न किञ्चिदपि दृश्यते ॥ १५० ॥

કાળજીથી સિદ્ધ કરેલી તિતિક્ષાનું પ્રયોજન, આવેલાં દુઃખો-સહન કરવા સિવાય બીજું કંઈ દેખાતું જ નથી, (એટલે તિતિક્ષાની સાથે શ્રવણાદિ પણ હોવાં જ જોઈએ.) ૧૫૦

ઉપરતિ

साधनत्वेन दृष्टानां सर्वेषामपि कर्मणाम् ।
विधिना यः परित्यागः स संन्यासः सतां मतः ॥ १५१ ॥
उपरमयति कर्माणीत्युपरतिशब्देन कथ्यते न्यासः ।
न्यासेन हि सर्वेषां श्रुत्या प्रोक्तो विकर्मणां त्यागः ॥ १५२ ॥

સાધનરૂપે દેખાતાં સર્વ (નિત્ય-નૈમિત્તિકાદિ) કર્મોનો વિધિપૂર્વક સંપૂર્ણ ત્યાગ કરવો, તેને સજ્જનોએ સંન્યાસ માન્યો છે; આ સંન્યાસ જ 'कर्माणि उपरमयति इति उपरतिः ।' કર્મોને બંધ કરાવે છે, માટે 'ઉપરતિ' કહેવાય છે. વેદ પણ કહે છે, કે 'સર્વ વિરુદ્ધ કર્મોનો ત્યાગ તે જ સંન્યાસ છે.' ૧૫૧,૧૫૨

कर्मणा साध्यमानस्यानित्यत्वं श्रूयते यतः ।
कर्मणानेन किं नित्यफलेप्सोः परमार्थिनः ॥ १५३ ॥

વેદમાં કહેવાય છે, કે કર્મથી સિદ્ધ થતા સર્વ પદાર્થ

અનિત્ય છે; તો નિત્ય ફળને ઇચ્છતા અને પરમાર્થ સાથે જ સંબંધવાળા પુરુષને એવાં કર્મની શી જરૂર છે? ૧૫૩

उत्पाद्यमाप्यं संस्कार्यं विकार्यं परिगण्यते।
चतुर्विधं कर्मसाध्यं फलं नान्यदितः परम् ॥ १५४ ॥

ઉત્પાદ્ય,[1] આપ્ય,[2] સંસ્કાર્ય[3] અને વિકાર્ય[4]-એમ ચાર પ્રકારનાં કર્મ વડે સિદ્ધ થતાં ફળ ગણાય છે; તે સિવાય બીજું કોઈ કર્મનું ફળ છે જ નહિ. ૧૫૪

नैतदन्यतरं ब्रह्म कदा॰ भवितुमर्हति।
स्वतःसिद्धं सर्वदाप्तं शुद्धं निर्मलमक्रियम् ॥ १५५ ॥

બ્રહ્મ તો સ્વતઃસિદ્ધ, સર્વકાળે પ્રાપ્ત થયેલ, શુદ્ધ, નિર્મળ અને નિષ્ક્રિય છે; તેથી ઉપર દર્શાવેલાં ચાર કર્મફળ માંહેના એકે રૂપ હોવા તે યોગ્ય નથી. ૧૫૫

न चास्य कश्चिज्जनितेत्यागमेन निषिध्यते।
कारणं ब्रह्म तत्तस्माद्ब्रह्म नोत्पाद्यमिष्यते ॥ १५६ ॥

'न चास्य कश्चिज्जनिता'-આ બ્રહ્મને ઉત્પન્ન કરનાર કોઈ નથી, એમ વેદ ના પાડે છે તેથી બ્રહ્મ સર્વનું કારણ ઠરે છે; માટે ઉપર દર્શાવેલા 'ઉત્પાદ્ય' કર્મફળરૂપ એ નથી. ૧૫૬

आप्त्राप्ययोस्तु भेदश्चेदाप्त्रा चाप्यमवाप्यते।
आप्तृस्वरूपमेवैतद्ब्रह्म नाप्यं कदाचन ॥ १५७ ॥

મેળવનાર અને મેળવવા યોગ્ય-એવો ભેદ હોય તો જ મેળવનારો મેળવવા યોગ્ય વસ્તુને મેળવે છે; પણ બ્રહ્મ તો મેળવનાર સ્વરૂપ જ છે, તેથી એ મેળવવા યોગ્ય-આપ્ય ફળરૂપે કદી હોઈ શકે નહિ. ૧૫૭

---

૧ ઉત્પન્ન થનાર-ઉત્પત્તિને યોગ્ય-તે ઉત્પાદ્યફળ
૨ પ્રાપ્ત થનાર-પામવા યોગ્ય-મેળવવા લાયક-આપ્યફળ
૩ સંસ્કાર પામનાર-સંસ્કારને યોગ્ય-સંસ્કાર્યફળ
૪ વિકાર પામનાર-વિકારને યોગ્ય-તે વિકાર્યફળ

मलिनस्यैव संस्कारो दर्पणादेरिहेष्यते ।
व्योमवन्नित्यशुद्धस्य ब्रह्मणो नैव संस्क्रिया ॥ १५८ ॥
केन दुष्टेन युज्येत वस्तु निर्मलमक्रियम् ।
यद्योगादागतं दोषं संस्कारो विनिवर्तयेत् ॥ १५९ ॥
निर्गुणस्य गुणाधानमपि नैवोपपद्यते ।
केवलो निर्गुणश्चेति नैर्गुण्यं श्रूयते यतः ॥ १६० ॥

દર્પણ વગેરે મેલી વસ્તુ હોય તેનો જ સંસ્કાર (સફાઈ વગેરે) કરવો પડે છે; પરંતુ બ્રહ્મ તો આકાશની પેઠે નિત્ય શુદ્ધ જ છે, તેથી તેનો સંસ્કાર હોય જ નહિ. જે વસ્તુ નિર્મળ અને નિષ્ક્રિય છે, તે કઈ દુષ્ટ વસ્તુ સાથે સંબંધ પામે, કે જેના સંબંધથી પ્રાપ્ત થયેલા દોષને સંસ્કાર દૂર કરે? (દુષ્ટ વસ્તુના સંબંધથી લાગેલા દોષ દૂર કરવા માટે જ સંસ્કારની જરૂર રહે છે; બ્રહ્મને તો કોઈ વસ્તુનો સંબંધ જ નથી, તેથી તેને વળી સંસ્કાર કેવો?) વળી જે વસ્તુ નિર્ગુણ છે, તેમાં ગુણોનું સ્થાપન પણ ઘટતું નથી; કારણ કે શ્રુતિ કહે છે, કે 'केवलो निर्गुणश्च-પરમાત્મા એક જ અને નિર્ગુણ છે' એમ બ્રહ્મને નિર્ગુણ કહેલ છે. (આ કારણથી બ્રહ્મ સંસ્કાર્ય કર્મફળરૂપ હોઈ શકે નહિ.) ૧૫૮-૧૬૦

सावयवस्य क्षीरादेर्वस्तुनः परिणामिनः ।
येन केन विकारित्वं स्यान्नो निष्कर्मवस्तुनः ॥ १६१ ॥
निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरंजनम् ।
इत्येव वस्तुनस्तत्त्वं श्रुतियुक्तिव्यवस्थितम् ॥ १६२ ॥

તેમ જ દૂધ વગેરે જે વસ્તુ અવયવોવાળી અને પરિણામ ધર્મવાળી છે, તે જ બીજી કોઈ વસ્તુથી વિકાર પામનારી થઈ શકે; પણ બ્રહ્મ તો નિષ્કર્મ વસ્તુ-ક્રિયાશૂન્ય છે, તેથી તેનામાં વિકારીપણું હોઈ શકે નહિ. વેદ પણ કહે છે-'निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरंजनम्-બ્રહ્મ અવયવો રહિત, ક્રિયાશૂન્ય, શાંત,

નિર્દોષ અને નિર્લેપ છે.' (તેથી એ વિકાર્ય કર્મફળરૂપ પણ ન જ હોય.) આ રીતે બ્રહ્મરૂપ વસ્તુનું યથાર્થ સ્વરૂપ શ્રુતિ અને યુક્તિથી ચોક્કસ થયેલું છે. ૧૬૧,૧૬૨

तस्मान्न कर्मसाध्यत्वं ब्रह्मणोऽस्ति कुतश्चन ।
कर्मसाध्यं त्वनित्यं हि ब्रह्म नित्यं सनातनम् ॥ १६३ ॥

માટે બ્રહ્મ કોઈ પણ રીતે કર્મસાધ્ય(ફળ)રૂપ નથી; વળી જે કર્મસાધ્ય હોય, તે તો અનિત્ય હોય છે, અને બ્રહ્મ તો નિત્ય અને સનાતન છે. ૧૬૩

देहादिः क्षीयते लोको यथैवं कर्मणा चितः ।
तथैवामुष्मिको लोको संचितः पुण्यकर्मणा ॥ १६४ ॥
कृतकत्वमनित्यत्वे हेतुर्जागर्ति सर्वदा ।
तस्मादनित्ये स्वर्गादौ पंडितः को नु मुह्यति ॥ १६५ ॥

વળી કર્મથી મેળવેલો આ દેહાદિ લોક જેમ નાશ પામે છે, તેમ પુણ્યકર્મથી મેળવેલા સ્વર્ગાદિ પરલોક પણ નાશ જ પામે છે, વળી અનિત્યપણામાં સર્વકાળે કૃત્રિમતા કારણરૂપ હોય છે; તેથી સ્વર્ગાદિ અનિત્ય કર્મફળમાં કયો બુદ્ધિમાન પુરુષ મોહ પામે? ૧૬૪,૧૬૫

जगद्धेतोस्तु नित्यत्वं सर्वेषामपि संमतम् ।
जगद्धेतुत्वमस्यैव वावदीति श्रुतिर्मुहुः ॥ १६६ ॥

જગતનું કારણ (બ્રહ્મ) તો નિત્ય છે, એમ સર્વ મતવાદીઓએ માન્યું છે; અને જગતનું કારણ કેવળ બ્રહ્મ જ છે, એમ વારંવાર શ્રુતિ કહે છે. ૧૬૬

ऐतदात्म्यमिदं सर्वं तत्सत्यमिति च श्रुतिः ।
अस्यैव नित्यतां ब्रूते जगद्धेतोः सतः स्फुटम् ॥ १६७ ॥

'ऐतदात्म्यम् इदं सर्वम्–આ સર્વ જગત બ્રહ્મરૂપ છે.' 'तत् सत्यम्–એ બ્રહ્મ સત્ય છે'–એમ શ્રુતિ બ્રહ્મને જ નિત્ય, જગતનું કારણ અને સત્ય સ્પષ્ટ કહે છે. ૧૬૭

न कर्मणा न प्रजया धनेनेति स्वयं श्रुतिः।
कर्मणो मोक्षहेतुत्वं साक्षादेव निषेधति ॥ १६८ ॥

વળી 'न कर्मणा न प्रजया धनेन—કર્મથી, પ્રજાથી કે ધનથી મોક્ષ મળતો નથી' એમ વેદ પોતે કર્મને મોક્ષના કારણ તરીકે સાફ ના પાડે છે. ૧૬૮

प्रत्यग्ब्रह्मविचारपूर्वमुभयोरेकत्वबोधाद्विना
कैवल्यं पुरुषस्य सिध्यति परब्रह्मात्मतालक्षणम्।
न स्नानैरपि कीर्तनैरपि जपैर्नो कृच्छ्रचांद्रायणै-
र्नो वाप्यध्वरयज्ञदाननिगमैर्नो मंत्रतंत्रैरपि ॥ १६९ ॥

જીવ અને બ્રહ્મના વિચારપૂર્વક એ બન્નેની એકતાનું જ્ઞાન થયા વિના પુરુષનો મોક્ષ થતો જ નથી; કેમ કે મોક્ષનું લક્ષણ જ એ છે, કે કેવળ પરબ્રહ્મ સ્વરૂપ જ આત્મા છે, એમ સમજવું. આવો મોક્ષ સ્નાન, કીર્તન, જપ, કૃચ્છ્ર—ચાંદ્રાયણ આદિ વ્રતો, વાવ-કૂવા બંધાવવા, યજ્ઞ-યાગ કરવા, દાન દેવાં, શાસ્ત્રો ભણવાં કે મંત્રતંત્ર સાધવા વગેરેથી કદી પણ થતો નથી. ૧૬૯

ज्ञानादेव तु कैवल्यमिति श्रुत्या निगद्यते।
ज्ञानस्य मुक्तिहेतुत्वमन्यस्यावृत्तिपूर्वकम् ॥ १७० ॥

વેદ પણ 'ज्ञानादेव तु कैवल्यम्—જ્ઞાનથી જ મોક્ષ થાય છે' એમ જ્ઞાનને જ મુક્તિનું કારણ કહે છે; અને તે સિવાયનાં બીજાં સાધનોની ના પાડે છે. ૧૭૦

विवेकिनो विरक्तस्य ब्रह्मनित्यत्ववेदिनः।
तद्भावेच्छोरनित्यार्थे तत्सामग्र्ये कुतोऽरतिः ॥ १७१ ॥

બ્રહ્મને નિત્ય જાણનારો વિવેકી, વૈરાગ્યવાન અને બ્રહ્મભાવને જ જે ઇચ્છતો હોય તેવો પુરુષ, (સ્વર્ગાદિ) અનિત્ય પદાર્થમાં અને તેની સામગ્રીઓમાં કેમ આનંદ પામે? (ન જ પામે.) ૧૭૧

तस्मादनित्ये स्वर्गादौ साधनत्वेन नोदितम्।
नित्यं नैमित्तिकं चापि सर्वं कर्म ससाधनम् ॥ १७२ ॥

मुमुक्षुणा परित्याज्यं ब्रह्मभावमभीप्सुना ।
मुमुक्षोरपि कर्मास्तु श्रवणं चापि साधनम् ॥ १७३ ॥
हस्तवद्द्वयमेतस्य स्वकार्यं साधयिष्यति ।
यथा विजृंभते दीपो ऋजूकरणकर्मणा ॥ १७४ ॥
तथा श्रवणजो बोधः पुंसो विहितकर्मणा ।
अतः सापेक्षितं ज्ञानमथवापि समुच्चयम् ॥ १७५ ॥
मोक्षस्य साधनमिति वदन्ति ब्रह्मवादिनः ।
मुमुक्षोर्युज्यते त्यागः कथं विहितकर्मणः ॥ १७६ ॥
इति शंका न कर्तव्या मूढवत्पण्डितोत्तमैः ।
कर्मणः फलमन्यत्तु श्रवणस्य फलं पृथक् ॥ १७७ ॥
वैलक्षण्यं च सामग्र्योश्चोभयत्राधिकारिणोः ।
कामी कर्मण्यधिकृतो निष्कामी श्रवणे मतः ॥ १७८ ॥

માટે મોક્ષ અને બ્રહ્મભાવને ઇચ્છતા પુરુષે સ્વર્ગાદિ અનિત્ય પદાર્થોનાં સાધનરૂપે કહેલાં નિત્ય-નૈમિત્તિક આદિ સર્વ કર્મોનો તેઓનાં સાધન સાથે ત્યાગ જ કરવો. માત્ર શ્રવણરૂપ કર્મ અને તેનું સાધન મુમુક્ષુને ઉપયોગી છે, માટે તે ભલે રહે; કારણ કે બે હાથની પેઠે તે મુમુક્ષુને પોતાનું કાર્ય સિદ્ધ કરી આપશે. જેમ દીવો (તેને) સીધો કરવારૂપ કર્મથી વધારે પ્રકાશે છે. તેમ શ્રવણથી ઉત્પન્ન થતું પુરુષનું જ્ઞાન, (શ્રવણરૂપ) વેદોક્ત કર્મથી વધારે પ્રકાશે છે. આ કારણથી જ બ્રહ્મવાદીઓ કહે છે, કે જ્ઞાન એ સાપેક્ષિત છે; (એટલે શ્રવણાદિ કર્મોની જરૂર રાખે જ છે;) અથવા જ્ઞાન અને શ્રવણાદિ કર્મ—એ બન્નેનો સમુચ્ચય (સાથે હોવું) મોક્ષનું સાધન છે. અહીં ઉત્તમ પંડિતોએ મૂઢ લોકોની પેઠે આવી શંકા ન કરવી, કે વેદોક્ત નિત્ય-નૈમિત્તિકાદિ કર્મોનો મુમુક્ષુએ ત્યાગ કરવો કેમ ઘટે ? (આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે, કે) નિત્ય-નૈમિત્તિકાદિ કર્મોનું ફળ જુદું છે અને શ્રવણનું ફળ જુદું છે. એ બન્નેની સામગ્રી જુદી છે અને અધિ-

કારી પણ જુદા છે. કામનાવાળો પુરુષ-નિત્ય નૈમિત્તિકાદિ કર્મોનો અધિકારી છે અને નિષ્કામ પુરુષ શ્રવણાદિનો અધિકારી છે. ૧૭૨–૧૭૮

अर्थी समर्थ इत्यादि लक्षणं कर्मिणो मतम् ।
परीक्ष्य लोकानित्यादि लक्षणं मोक्षकाङ्क्षिणः ॥ १७९ ॥

'अर्थी समर्थः—નિત્ય-નૈમિત્તિકાદિ કામ્ય કર્મોનો અધિકારી, તે તે કર્મોની ઇચ્છાવાળો અને સમર્થ હોવો જોઈએ' એમ વેદમાં સકામ કર્મનિષ્ઠનું લક્ષણ કહ્યું છે; અને 'परीक्ष्य लोकान्—લોકોની પરીક્ષા કરીને શ્રવણાદિ કરનારો' એમ મોક્ષને ઇચ્છનાર નિષ્કામનું લક્ષણ કહ્યું છે. ૧૭૯

मोक्षाधिकारी संन्यासी गृहस्थः किल कर्मणि ।
कर्मणः साधनं भार्यास्रुक्स्रुवादिपरिग्रहः ॥ १८० ॥
नैवान्यसाधनापेक्षा शुश्रूषोस्तु गुरुं विना ।
उपर्युपर्यहंकारो वर्धते कर्मणा भृशम् ॥ १८१ ॥
अहंकारस्य विच्छित्तिः श्रवणेन प्रतिक्षणम् ।
प्रवर्तकं कर्मशास्त्रं ज्ञानशास्त्रं निवर्तकम् ॥ १८२ ॥

વળી મોક્ષનો અધિકારી સંન્યાસી છે અને કર્મનો અધિકારી ગૃહસ્થ જ છે; તેમ જ કર્મનું સાધન સ્ત્રી, સ્રુવો, સ્રુચ્ વગેરે જરૂરી છે; પરંતુ શ્રવણ કરવા ઇચ્છતા મુમુક્ષુને તો ગુરુ વિના બીજા કોઈ સાધનની જરૂર નથી; કર્મથી તો અહંકાર ઉપરાઉપરી ઘણો જ વધ્યે જાય છે અને શ્રવણથી તો પ્રતિક્ષણ અહંકારનો નાશ થતો જાય છે; કર્મ દર્શાવનારું શાસ્ત્ર પ્રવૃત્તિ માર્ગે લઈ જાય છે અને જ્ઞાનશાસ્ત્ર તો નિવૃત્તિમાર્ગે દોરે છે. ૧૮૦–૧૮૨

इत्यादिवैपरीत्यं तत्साधने चाधिकारिणोः ।
द्वयोः परस्परापेक्षा विद्यते न कदाचन ॥ १८३ ॥
सामग्र्योश्चोभयोस्तद्वदुभयत्राधिकारिणोः ।
ऊर्ध्वं नयति विज्ञानमधः प्रापयति क्रिया ॥ १८४ ॥

कथमन्योन्यसापेक्षा कथं वापि समुच्चयः।
यथाग्नेस्तृणकूटस्य तेजसस्तिमिरस्य च ॥१८५॥
सहयोगो न घटते तथैव ज्ञानकर्मणोः।
किमुपकुर्याज्ज्ञानस्य कर्म स्वप्रतियोगिनः ॥
यस्य संनिधिमात्रेण स्वयं न स्फूर्तिमृच्छति ॥१८६॥

કર્મનાં સાધનોમાં તથા જ્ઞાનનાં સાધનોમાં તેમ જ કર્મના અધિકારીમાં તથા જ્ઞાનના અધિકારીમાં વિપરીતતા રહેલી છે; અને એ બન્નેની સામગ્રીને તથા અધિકારીઓને કોઈ કાળે એકબીજાની જરૂર પડતી નથી; વળી ઉત્તમ પ્રકારનું જ્ઞાન સર્વોત્કૃષ્ટ બ્રહ્મને પમાડે છે અને કર્મ એનાથી નીચેની ગતિઓમાં લઈ જાય છે; તેથી એ બન્નેને એકબીજાની જરૂર કેવી રીતે હોય? અથવા જેમ અગ્નિ અને ઘાસની ગંજી સાથે રહી શકે નહિ અને તેજ તથા અંધકારનો સહયોગ કદી હોય જ નહિ, તેમ જ્ઞાન અને કર્મનો પણ સહયોગ અથવા એકઠા રહેવું કદી હોય જ નહિ. કર્મ જ્ઞાનનું વિરોધી છે, તેથી એ કર્મ, જ્ઞાનનો ઉપકાર શું કરે? (ન જ કરે,) જે કર્મના માત્ર સમીપપણાથી પણ પોતે જ્ઞાન વિકાસ પામતું નથી. ૧૮૩-૧૮૬

कोटीन्धनाद्रिज्वलितोऽपि वह्निरर्कस्य नार्हत्युपकर्तुमीषत्।
यथा तथा कर्मसहस्रकोटिर्ज्ञानस्य किं नु स्वयमेव लीयते ॥१८७॥

કરોડો લાકડાના મોટા ઢગલાથી અગ્નિ સળગાવ્યો હોય, તોપણ એ સૂર્યનો ઉપકાર કરવા લગારે યોગ્ય નથી; તે જ પ્રમાણે હજારો કે કરોડો પ્રકારનું કર્મ, જ્ઞાનનો ઉપકાર કરવા લગાર પણ યોગ્ય નથી; ઊલટું જ્ઞાનની આગળ કર્મ પોતે જ નાશ પામે છે. ૧૮૭

एककर्त्राश्रयौ हस्तौ कर्मण्यधिकृतावुभौ।
सहयोगस्तयोर्युक्तो न तथा ज्ञानकर्मणोः ॥१८८॥

બે હાથ એક જ કર્તાના આશ્રયવાળા છે, છતાં જેમ જુદાં

જુદાં કર્મના અધિકારી છે, તે જ પ્રમાણે જ્ઞાન અને કર્મનો સહયોગ કદી યોગ્ય નથી. ૧૮૮

**कर्त्रा कर्तुमकर्तुं वाप्यन्यथा कर्म शक्यते।**
**न तथा वस्तुनो ज्ञानं कर्तृतंत्रं कदाचन ॥ १८९ ॥**

કર્મને તો તેનો કરનારો કરવાને, નહિ કરવાને કે વિપરીત કરવાને સમર્થ છે; પરંતુ એ પ્રમાણે કોઈ વસ્તુનું જ્ઞાન કર્તાને અધીન કદી હોતું નથી. (અર્થાત્ કર્મ કર્તાને અધીન છે, ત્યારે જ્ઞાન કર્તાને અધીન નથી.) ૧૮૯

**यथा वस्तु तथा ज्ञानं प्रमाणेन विजायते।**
**नापेक्षते च यत्किंचित्कर्म वा युक्तिकौशलम् ॥ १९० ॥**

જે વસ્તુ જેવા સ્વરૂપમાં છે તેવા સ્વરૂપમાં તેનું જ્ઞાન (વેદરૂપ) પ્રમાણ દ્વારા થઈ શકે છે; એટલે જ્ઞાનને કોઈ કર્મની કે યુક્તિની કુશળતાની લેશમાત્ર જરૂર નથી. ૧૯૦

**ज्ञानस्य वस्तुतंत्रत्वे संशयाद्युदयः कथम्।**
**अतो न वास्तवं ज्ञानमिति नो शंक्यतां बुधैः ॥ १९१ ॥**
**प्रमाणासौष्ठवकृतं संशयादि न वास्तवम्।**
**श्रुतिप्रमाणसुष्ठुत्वे ज्ञानं भवति वास्तवम् ॥ १९२ ॥**

'જ્ઞાન જો વસ્તુને જ અધીન હોય, તો (એ વસ્તુના સંબંધમાં જ્ઞાન કરનાર કર્તાને) સંશય વગેરે કેમ થાય છે? માટે જ્ઞાન વસ્તુને અધીન નથી. (પણ કર્મની પેઠે કર્તાને જ અધીન છે.)' આવી શંકા વિદ્વાનોએ ન કરવી. કારણ કે પ્રમાણની ઉત્તમતા ન હોય તો જ તેને લીધે સંશય વગેરે થાય છે; એટલે સંશય વગેરેને તથા વસ્તુને કંઈ સંબંધ જ નથી. વેદરૂપી ઉત્તમ પ્રમાણ જો હયાત છે, તો વસ્તુનું જ્ઞાન થાય જ છે. (માટે જ્ઞાન વસ્તુને અધીન છે, કર્તાને અધીન નથી.) ૧૯૧, ૧૯૨

**वस्तु तावत्परं ब्रह्म नित्यं सत्यं ध्रुवं विभु।**
**श्रुतिप्रमाणे तज्ज्ञानं स्यादेव निरपेक्षकम् ॥ १९३ ॥**

વસ્તુ પણ (બીજી કોઈ સમજવાની નથી, પરંતુ) નિત્ય, સત્ય, અવિકારી, અવિનાશી અને વ્યાપક પરબ્રહ્મ જ સમજવી; અને વેદરૂપ પ્રમાણ હયાત જ છે, તેથી કોઈની પણ જરૂર વિના તેનું જ્ઞાન થઈ શકે છે. ૧૯૩

रूपज्ञानं यथा सम्यग्दृष्टौ सत्यां भवेत्तथा ।
श्रुतिप्रमाणे सत्येव ज्ञानं भवति वास्तवम् ॥ १९४ ॥

જેમ આંખ સારી હોય તો જ રૂપનું જ્ઞાન થઈ શકે છે, તેમ વેદરૂપ (ઉત્તમ) પ્રમાણ હોય તો જ (બ્રહ્મરૂપ) વસ્તુનું જ્ઞાન થઈ શકે છે. ૧૯૪

न कर्म यत्किंचिदपेक्षते हि रूपोपलब्धौ पुरुषस्य चक्षुः ।
ज्ञानं तथैव श्रवणादिजन्यं वस्तुप्रकाशे निरपेक्षमेव ॥१९५॥

જેમ મનુષ્યની આંખને રૂપ જાણવામાં (ખાસ કોઈ કર્મ કે ક્રિયાની જરૂર રહેતી નથી, તેમ શ્રવણાદિથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને બ્રહ્મરૂપ વસ્તુના પ્રકાશમાં કોઈ પણ કર્મની જરૂર છે જ નહિ.

कर्तृतंत्रं भवेत्कर्म कर्मतंत्रं शुभाशुभम् ।
प्रमाणतंत्रं विज्ञानं मायातंत्रमिदं जगत् ॥ १९६ ॥

કર્મ કર્તાને અધીન છે, શુભ-અશુભ ફળ કર્મને અધીન છે, ઉત્તમ અનુભવજ્ઞાન (વેદરૂપ) પ્રમાણને અધીન છે અને આ જગત માયાને અધીન છે. ૧૯૬

विद्यां चाविद्यां चेति सहोक्तिरियमुपकृता सद्भिः ।
सत्कर्मोपासनयोर्न त्वात्मज्ञानकर्मणोः क्वापि ॥ १९७ ॥

'विद्यां चाविद्यां च' (એ ઈશોપનિષદના આધારે) સત્-પુરુષો વિદ્યા તથા અવિદ્યાને એકીસાથે ઉપાસવાનું કહી પરસ્પર ઉપકારક અથવા સહાયક જણાવે છે; પરંતુ ત્યાં 'અવિદ્યા' શબ્દથી સત્કર્મ અને 'વિદ્યા' શબ્દથી ઉપાસના સમજવાની છે; પણ 'વિદ્યા' એટલે આત્મજ્ઞાન અને 'અવિદ્યા' એટલે કર્મ એમ

સમજી આત્મજ્ઞાન તથા કર્મને પરસ્પર ઉપકારક અથવા સહાયક કદી માનવાનાં નથી. ૧૯૭

नित्यानित्यपदार्थबोधरहितो यश्चोभयत्र स्रगा-
द्यर्थानामनुभूतिलग्नहृदयो निर्विण्णबुद्धिर्जनः ।
तस्यैवास्य जडस्य कर्म विहितं श्रुत्या विरज्याभितो
मोक्षेच्छोर्न विधीयते तु परमानंदार्थिनो धीमतः ॥ १९८ ॥

જે મનુષ્યની બુદ્ધિ આત્મજ્ઞાનથી કંટાળી હોય, જેને નિત્ય કે, અનિત્ય પદાર્થનું જ્ઞાન ન હોય અને આ લોક તથા પરલોક બંનેના પુષ્પમાળા આદિ ભોગ્ય પદાર્થોનો અનુભવ કરવા જેનું હૃદય લાગ્યું રહેતું હોય, તેવા જડ( અજ્ઞાની. )ને માટે જ વેદે (યજ્ઞયાગાદિ અને નિત્યનમિત્તિકાદિ ) કર્મો કરવાની આજ્ઞા કરેલી છે; પરંતુ જે પુરુષ ચારે બાજુથી વૈરાગ્ય પામી કેવળ મોક્ષને જ ઇચ્છતો હોય અને પરમાનંદનો જ અર્થી હોય, તેવા બુદ્ધિમાન પુરુષ માટે વેદે કર્મો કરવાની આજ્ઞા કરી નથી. ૧૯૮

मोक्षेच्छया यदहरेव विरज्यतेऽसौ
न्यासस्तदैव विहितो विदुषो मुमुक्षोः ॥
श्रुत्या तयैव परया च ततः सुधीभिः
प्रामाणिकोऽयमिति चेतसि निश्चितव्यः ॥ १९९ ॥

વિદ્વાન મુમુક્ષુ, મોક્ષની ઇચ્છાથી જે દિવસે વૈરાગ્ય પામે, તે જ દિવસે તેણે સંન્યાસ લઈ લેવો, એમ વેદ આજ્ઞા કરે છે; અને એ જ÷ ઉત્તમ વેદવચનના આધારે મહાબુદ્ધિમાન પુરુષોએ આ સંન્યાસને જ પ્રામાણિક તરીકે મનમાં ચોક્કસ માનવો.

स्वापरोक्षस्य वेदादेः साधनत्वं निषेधति ।
नाहं वेदैर्न तपसेत्यादिना भगवानपि ॥ २००

÷ 'यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्–જે દિવ[સે વૈરાગ્ય પામે તે જ]
દિવસે સંન્યાસ લે' આ વેદવાકય ઉપર અહીં

ભગવાન શ્રીકૃષ્ણ પણ (ભગવદ્ગીતામાં) 'नाहं वेदैर्न तपसा —હું વેદો કે તપ વગેરેથી પ્રાપ્ત થતો નથી' એમ કહીને આત્માના અપરોક્ષ અનુભવમાં વેદ આદિને સાધન તરીકે ગણવાની ના પાડે છે. (અર્થાત્ આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરવાને જ્ઞાન જ સાધન છે, વેદોક્ત કર્મ વગેરે સાધન નથી.) ૨૦૦

प्रवृत्तिश्च निवृत्तिश्च द्वे एते श्रुतिगोचरे ।
प्रवृत्त्या बध्यते जंतुर्निवृत्त्या तु विमुच्यते ॥ २०१ ॥

વેદમાં બે માર્ગ છે: (૧) પ્રવૃત્તિ અને (૨) નિવૃત્તિ. તેમાં પ્રવૃત્તિથી મનુષ્ય બંધાય છે અને નિવૃત્તિથી મુક્તિ પામે છે. ૨૦૧

यत्र स्वबंधोऽभिमतो मूढस्यापि क्वचित्ततः ।
निवृत्तिः कर्मसंन्यासः कर्तव्यो मोक्षकाङ्क्षिभिः ॥ २०२ ॥

મૂઢ હોય તેને પણ પોતે કયાંય બંધાય, એ ગમતું નથી; માટે મોક્ષની ઇચ્છા રાખનારે કર્મનો ત્યાગ કરવારૂપ નિવૃત્તિ જ સ્વીકારવી જોઈએ. ૨૦૨

न ज्ञानकर्मणोर्यस्मात्सहयोगस्तु युज्यते ।
तस्मात्त्याज्यं प्रयत्नेन कर्म ज्ञानेच्छुना ध्रुवम् ॥ २०३ ॥

જ્ઞાન અને કર્મનો સહયોગ ઘટતો જ નથી, માટે જ્ઞાનની ઇચ્છા રાખનારે પ્રયત્નપૂર્વક કર્મનો અવશ્ય ત્યાગ કરવો. ૨૦૩

इष्टसाधनताबुद्धया गृहीतस्यापि वस्तुनः ।
विज्ञाय फल्गुतां पश्चात्कः पुनस्तत्प्रतीक्षते ॥ २०४ ॥

કોઈ વસ્તુને પોતાનું ઇચ્છિત સાધવા સાધન તરીકે સ્વીકારી પરંતુ પાછળથી એ વસ્તુ સાર વિનાની જણાય, તો એની ...ા કરે ? (એટલે જ્ઞાન માટે કર્મ ઉપયોગી નથી, એમ ...ડવું જોઈએ.) ૨૦૪

...ं ह्युपरमणं पूर्वदृष्टवृत्तिभ्यः ।
...ेति च वृत्त्या द्विरूपतां धत्ते ॥ २०५ ॥

'ઉપરતિ' શબ્દનો અર્થ આ છે, કે પૂર્વે અનુભવેલી વિષયાકાર વૃત્તિઓથી અટકવું-પાછા ફરવું. આ અર્થ એ વૃત્તિને લીધે જ મુખ્ય અને ગૌણ-એવા બે પ્રકારનો છે. ૨૦૫

**वृत्तेर्दृश्यपरित्यागो मुख्यार्थ इति कथ्यते ।**
**गौणार्थः कर्मसंन्यासः श्रुतेरंगतया मतः ॥२०६॥**

માનસિક વૃત્તિ દશ્ય પદાર્થોનો ત્યાગ કરી દે, એ 'ઉપરતિ'નો મુખ્ય અર્થ છે; અને કર્મોનો ત્યાગ કરી દે, તે ગૌણ અર્થ છે. આ કર્મત્યાગમાં શ્રવણને તેના અંગ તરીકે માન્યું છે. (અર્થાત્ બધાં કર્મો ત્યજવા લાયક છે; પરંતુ શ્રવણરૂપ કર્મ કદી તજવા યોગ્ય નથી. ૨૦૬

**पुंसः प्रधानसिद्ध्यर्थमंगस्याश्रयणं ध्रुवम् ।**
**कर्तव्यमंगहीनं चेत्प्रधानं नैव सिध्यति ॥२०७॥**

હરકોઈ પુરુષે, મુખ્ય વસ્તુ સિદ્ધ કરવા માટે તેના અંગનો આશ્રય તો કરવો જ જોઈએ; અંગ વિના મુખ્ય સાધ્ય સિદ્ધ થતું જ નથી. ૨૦૭

**संन्यसेत्सुविरक्तः सन्निधामुत्रार्थतः सुखात् ।**
**अविरक्तस्य संन्यासो निष्फलोऽयाज्ययागवत् ॥२०८॥**

સારી રીતે વૈરાગ્ય પામેલા પુરુષે, આ લોક ને પરલોકના વિષયોનું સુખ ત્યજી દેવું. (આનું નામ જ સાચો સંન્યાસ છે.) પરંતુ જેને વૈરાગ્ય થયો ન હોય અને(ઉપલક) સંન્યાસ લીધો હોય તો તે (કેવળ) નિષ્ફળ છે-જેમ યજ્ઞના અનધિકારી પાસે યજ્ઞ કરાવ્યો હોય તો તે નિષ્ફળ જ છે. ૨૦૮

**संन्यस्य तु यतिः कुर्यान्न पूर्वविषयस्मृतिम् ।**
**तां तां तत्स्मरणे तस्य जुगुप्सा जायते यतः ॥२०९॥**

સંન્યાસ લીધા પછી સંન્યાસીએ પૂર્વના તે તે (અનુભવેલ) વિષયોનું સ્મરણ (પણ) કરવું ન જોઈએ; કેમ કે એનું જો સ્મરણ

કરે, તો (સંન્યાસથી ભ્રષ્ટ થાય છે અને લોકોમાં) તેની પણ નિંદા થાય છે. ૨૦૯

શ્રદ્ધા

गुरुवेदान्तवाक्येषु बुद्धिर्या निश्चयात्मिका।
सत्यमित्येव सा श्रद्धा निदानं मुक्तिसिद्धये ॥२१०॥

ગુરુ અને વેદાંતનાં વાક્યો ઉપર 'આ સત્ય જ છે' આવી નિશ્ચયવાળી બુદ્ધિ, એ શ્રદ્ધા કહેવાય છે. આ શ્રદ્ધા મુક્તિની સિદ્ધિમાં પ્રથમ કારણ છે. ૨૧૦

श्रद्धावतामेव सतां पुमर्थः समीरितः सिध्यति नेतरेषाम्।
उक्तं सुसूक्ष्मं परमार्थतत्त्वं श्रद्धत्स्व सोम्येति च वक्ति वेदः ॥२११॥

શ્રદ્ધાવાળા સત્પુરુષોનો જ હરકોઈ પુરુષાર્થ સિદ્ધ થાય છે, એમ કહેવાય છે; બીજા(શ્રદ્ધા રહિત)નો કોઈ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. આ અભિપ્રાયથી વેદ પણ કહે છે, કે 'હે સૌમ્ય! તને ઉપદેશેલા અતિ સૂક્ષ્મ પરમાર્થતત્ત્વ ઉપર તું શ્રદ્ધા રાખ.' ૨૧૧

श्रद्धाविहीनस्य तु न प्रवृत्तिः प्रवृत्तिशून्यस्य न साध्यसिद्धिः।
अश्रद्धयैवाभिहताश्च सर्वे मज्जन्ति संसारमहासमुद्रे ॥२१२॥

શ્રદ્ધા વિનાનો માણસ પ્રવૃત્તિ કરતો નથી અને પ્રવૃત્તિ નહિ કરનારનાં કોઈ સાધ્યની સિદ્ધિ થતી નથી; અશ્રદ્ધાને લીધે જ બધા નાશ પામે છે અને સંસારરૂપ મોટા સમુદ્રમાં ડૂબે છે. ૨૧૨

देवे च वेदे च गुरौ च मंत्रे तीर्थे महात्मन्यपि भेषजे च।
श्रद्धा भवत्यस्य यथा यथान्तस्तथा तथा सिद्धिरुदेति पुंसाम् ॥२१३॥

દેવ, વેદ, ગુરુ, મંત્ર, તીર્થ, કોઈ મહાત્મા અને દવા ઉપર મનમાં જેવી જેની શ્રદ્ધા હોય છે, તે પ્રમાણે જ મનુષ્યોને ફળ-સિદ્ધિ પ્રકટે છે. (અર્થાત્ જેવી શ્રદ્ધા તેવો જ લાભ.) ૨૧૩

अस्तीत्येवोपलब्धव्यं वस्तुसद्भावनिश्चयात्।
सद्भावनिश्चयस्तत्र श्रद्धया शास्त्रसिद्धया ॥२१४॥

(પરમાત્મારૂપ) વસ્તુ છે જ, આવો સદ્ભાવયુક્ત નિશ્ચય જો હોય છે, તો જ એ વસ્તુ મળી શકે છે; અને શાસ્ત્રો દ્વારા સિદ્ધ થયેલી શ્રદ્ધાને લીધે જ એવો સદ્ભાવયુક્ત નિશ્ચય થાય છે. ૨૧૪

तस्माच्छ्रद्धा सुसंपाद्या गुरुवेदान्तवाक्ययोः ।
मुमुक्षोः श्रद्दधानस्य फलं सिध्यति नान्यथा ॥ २१५ ॥

માટે ગુરુ અને વેદાંતનાં વાક્ય ઉપર સારી રીતે શ્રદ્ધા મેળવવી જોઈએ; કેમ કે મુમુક્ષુ જો શ્રદ્ધાળુ હોય છે, તો જ ફળ સિદ્ધ થાય છે; નહિ તો ફળ સિદ્ધ થતું નથી. ૨૧૫

यथार्थवादिता पुंसां श्रद्धाजननकारणम् ।
वेदस्येश्वरवाक्यत्वाद्यथार्थत्वे न संशयः ॥ २१६ ॥

જેવું હોય તેવું સત્ય બોલવું, એ મનુષ્યોને શ્રદ્ધા થવામાં કારણ બને છે. વેદ ઈશ્વરનાં વચન છે, તેથી એ સત્ય હોય એમાં સંશય નથી. ૨૧૬

मुक्तस्येश्वररूपत्वाद्गुरोर्वागपि तादृशी ।
तस्मात्तद्वाक्ययोः श्रद्धा सतां सिध्यति धीमताम् ॥ २१७ ॥

મુક્ત પુરુષ ઈશ્વરસ્વરૂપ છે, તેથી એવા ગુરુની વાણી પણ એવી જ સત્ય હોય છે; આથી બુદ્ધિમાન સજ્જનોને વેદ અને ગુરુનાં વચન ઉપર શ્રદ્ધા થાય છે. ૨૧૭

### સમાધાન

श्रुत्युक्तार्थावगाहाय विदुषा ज्ञेयवस्तुनि ।
चित्तस्य सम्यगाधानं समाधानमितीर्यते ॥ २१८ ॥

વેદમાં કહેલા અર્થને જાણવા માટે વિદ્વાન પુરુષ જ્ઞેય વસ્તુમાં ચિત્ત સારી પેઠે સ્થાપે, એ 'સમાધાન' કહેવાય છે. ૨૧૮

चित्तस्य साध्यैकपरत्वमेव पुमर्थसिद्धेर्नियमेन कारणम् ।
नैवान्यथा सिध्यति साध्यमीषन्मनःप्रमादे विफलः प्रयत्नः ॥ २१९ ॥

ચિત્ત કેવળ સાધ્યમાં જ તત્પર બને, એ જ હરકોઈ પુરુષાર્થ

સિદ્ધ થવામાં ચોક્કસ કારણ છે; બીજા પ્રકારે સાધ્ય સિદ્ધ થતું નથી; એટલે મનનો જો જરા પણ પ્રમાદ થાય, તો પ્રયત્ન નિષ્ફળ થાય છે. ૨૧૯

**चित्तं च दृष्टिं करणं तथान्यदेकत्र बध्नाति हि लक्ष्यभेत्ता ।**
**किंचित्प्रमादे सति लक्ष्यभेत्तुर्बाणप्रयोगो विफलो यथा तथा ॥ २२० ॥**

**सिद्धेश्चित्तसमाधानमसाधारणकारणम् ।**
**यतस्ततो मुमुक्षूणां भवितव्यं सदामुना ॥ २२१ ॥**

નિશાન ભેદનારો પુરુષ ચિત્ત, દૃષ્ટિ, ઇંદ્રિય અને તેના વ્યાપારને જો એક જ નિશાનમાં એકાગ્ર કરે, તો જ નિશાન ભેદી શકે છે; પરંતુ એ નિશાનબાજનો થોડો પણ પ્રમાદ થઈ જાય તો તેના બાણનો પ્રયોગ જેમ નિષ્ફળ થાય છે, તે જ પ્રમાણે ચિત્તનું સમાધાન (એકાગ્રપણું) સાધ્યની સિદ્ધિમાં અસાધારણ (મુખ્ય) કારણ છે. માટે મુમુક્ષુઓમાં આ 'સમાધાન' સદાકાળ હોવું જોઈએ. ૨૨૦,૨૨૧

**अत्यंततीव्रवैराग्यं फललिप्सा महत्तरा ।**
**तदेतदुभयं विद्यात्समाधानस्य कारणम् ॥ २२२ ॥**

અત્યંત તીવ્ર વૈરાગ્ય અને ફળ મેળવવાની મોટામાં મોટી ઇચ્છા–આ બન્નેને (પણ) સમાધાનનાં કારણ જાણવાં. ૨૨૨

**बहिरंगं श्रुतिः प्राह ब्रह्मचर्यादिमुक्तये ।**
**शमादिषट्कमेवैतदंतरंगं विदुर्बुधाः ॥ २२३ ॥**
**अंतरंगं हि बलवद्बहिरंगाद्यतस्ततः ।**
**शमादिषट्कं जिज्ञासोरवश्यं भाव्यमांतरम् ॥ २२४ ॥**

શ્રુતિ કહે છે, કે મુક્તિ માટે બ્રહ્મચર્ય વગેરે બહારનાં અંગો છે અને (ઉપર કહેલાં) શમ આદિ છ અંદરનાં અંગો છે. પંડિતો પણ કહે છે, કે બહિરંગ (બહારનાં અંગો) કરતાં અંતરંગ (અંદરનાં અંગો) જ વધારે બળવાન છે. માટે જિજ્ઞાસુમાં શમ

આદિ છ અંદરનાં અંગો અવશ્ય હોવાં જોઈએ. ૨૨૩,૨૨૪

अंतरंगविहीनस्य कृतश्रवणकोटयः ।
न फलन्ति यथा योद्धुरधीरस्यास्त्रसंपदः ॥ २२५ ॥

યુદ્ધ કરનાર લડવૈયો જો ધીરજવિનાનો હોય, તો તેની પાસે હથિયારો ઘણાં હોવા છતાં નકામાં જ છે; તેમ મુમુક્ષુ, કરોડો પ્રકારનાં શ્રવણાદિ કર્યા કરે; પરંતુ તેનામાં ઉપર જણાવેલાં અંદરનાં અંગો ન હોય, તો એ શ્રવણાદિ સફળ થતાં નથી. ૨૨૫

મુમુક્ષુતા

ब्रह्मात्मैकत्वविज्ञानाद्यद्विद्वान्मोक्तुमिच्छति ।
संसारपाशबंधं तन्मुमुक्षुत्वं निगद्यते ॥ २२६ ॥

વિદ્વાન પુરુષ 'બ્રહ્મ અને આત્મા એક છે' એવા અનુભવ-જ્ઞાનથી સંસારરૂપ પાશનું બંધન છોડી નાખવા ઇચ્છે, એ 'મુમુક્ષુત્વ' કહેવાય છે. ૨૨૬

साधनानां तु सर्वेषां मुमुक्षा मूलकारणम् ।
अनिच्छोरप्रवृत्तस्य क्व श्रुतिः क्व नु तत्फलम् ॥ २२७ ॥

આ મુમુક્ષા સર્વ સાધનોનું મૂળ કારણ છે; કારણ કે મોક્ષ માટે જેને ઇચ્છા જ ન હોય અને તે દ્વારા જે પ્રવૃત્તિ જ ન કરે, તેને માટે શ્રુતિ-શ્રવણ ક્યાં છે? અને તેનું ફળ પણ ક્યાં છે? ૨૨૭

तीव्रमध्यममंदातिमंदभेदाच्चतुर्विधा ।
मुमुक्षा तत्प्रकारोऽपि कीर्त्यते श्रूयतां बुधैः ॥ २२८ ॥

તીવ્ર, મધ્યમ, મંદ અને અતિમંદ—આમ ચાર પ્રકારની મુમુક્ષા છે, એ પ્રકારો પણ કહીએ છીએ; વિદ્વાનો ! સાંભળજો.૨૨૮

तापैस्त्रिभिर्नित्यमनेकरूपैः, संतप्यमानः क्षुभितांतरात्मा ।
परिग्रहं सर्वमनर्थबुद्ध्या, जहाति सा तीव्रतरा मुमुक्षा ॥ २२९ ॥

અનેક સ્વરૂપોવાળા ત્રણ તાપોથી નિત્ય સંતાપ પામતો અને

તેથી જેનો અંતરાત્મા ગભરાઈ ગયો હોય એવો મનુષ્ય, સર્વ પરિગ્રહનો અનર્થબુદ્ધિથી ત્યાગ કરી દે, એ તેની અતિ તીવ્ર મુમુક્ષા છે. ૨૨૯

**तापत्रयं तीव्रमवेक्ष्य वस्तु दृष्ट्वा कलत्रं तनयान्विहातुम् ।**
**मध्ये द्वयोर्डोलनमात्मनो यत्सैषा मता माध्यमिकी मुमुक्षा ॥२३०॥**

ત્રણ તાપોને તીવ્ર જોઈને સ્ત્રી, પુત્ર આદિ વસ્તુ ત્યજી દેવા માટે એ બન્નેની વચ્ચે આત્માએ જે ડોલ્યા કરવું, તે મધ્યમ મુમુક્ષા માની છે. ૨૩૦

**मोक्षस्य कालोऽस्ति किमद्य मे त्वरा भुक्त्वैव भोगान्कृतसर्वकार्यः ।**
**मुक्त्यै यतिष्येऽहमथेति बुद्धिरेषैव मंदा कथिता मुमुक्षा ॥२३१॥**

'મોક્ષ માટે હજી વાર છે; હમણાં મારે ઉતાવળ શી છે? ભોગ ભોગવી બધાં કાર્યો કર્યા પછી મુક્તિ માટે હું યત્ન કરીશ' એવી જે બુદ્ધિ તે મંદ મુમુક્ષા કહેવાય છે. ૨૩૧

**मार्गे प्रयातुर्मणिलाभवन्मे लभेत मोक्षो यदि तर्हि धन्यः ।**
**इत्याशया मूढधियां मतिर्या सैषातिमन्दाभिमता मुमुक्षा ॥२३२॥**

'માર્ગે જનારને જેમ મણિ મળી આવે, તેમ મને મોક્ષ મળે તો કેવું સારું!' એવી આશામાં મૂઢમતિ લોકોની બુદ્ધિ જે ભમ્યા કરતી હોય, તે 'અતિમંદ મુમુક્ષા' ગણાય છે. ૨૩૨

**जन्मानेकसहस्रेषु तपसाऽऽराधितेश्वरः ।**
**तेन निःशेषनिर्धूतहृदयस्थितकल्मषः ॥२३३॥**
**शास्त्रविद्गुणदोषज्ञो भोग्यमात्रे विनिःस्पृहः ।**
**नित्यानित्यपदार्थज्ञो मुक्तिकामो दृढव्रतः ॥२३४॥**
**निष्टप्तमग्निना पात्रमुद्धास्य त्वरया यथा ।**
**जहाति गेहं तद्वच्च तीव्रमोक्षेच्छया द्विज ॥२३५॥**

અનેક હજારો જન્મોમાં તપ કરીને જેણે ઈશ્વરને આરાધ્યા હોય, તે દ્વારા હૃદયમાં રહેલાં બધાં પાપો જેનાં ધોવાઈ ગયાં

હોય, શાસ્ત્ર જાણતો હોય, ગુણદોષ સમજતો હોય, દરેક ભોગ્ય પદાર્થો પર જેને સ્પૃહા રહી ન હોય, નિત્ય–અનિત્ય પદાર્થ સમજતો હોય, મુક્તિ ઇચ્છતો હોય, અને વ્રતોમાં દૃઢ હોય એવો બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય અગ્નિથી અત્યંત તપેલા વાસણને જેટલી ઝડપથી ત્યજી દે, એટલી જ તીવ્ર મુમુક્ષુતાથી ઘરને છોડી દે છે. ૨૩૩–૨૩૫

स एव सद्यस्तरति संसृतिं गुर्वनुग्रहात् ।
यस्तु तीव्रमुमुक्षुः स्यात्स जीवन्नेव मुच्यते ॥ २३६ ॥
जन्मान्तरे मध्यमस्तु तदन्यस्तु युगान्तरे ।
चतुर्थः कल्पकोट्यां वा नैव बंधाद्विमुच्यते ॥ २३७ ॥

એવો પુરુષ જ ગુરુની કૃપાથી તત્કાળ સંસાર તરે છે; અને જે એવો તીવ્ર મુમુક્ષુ હોય છે, તે જીવતાં જ મુક્ત થાય છે; પરંતુ મધ્યમ મુમુક્ષાવાળો કોઈ બીજા જન્મમાં અને મંદ મુમુક્ષાવાળો બીજા કોઈ યુગમાં મુક્ત થાય છે; પણ ચોથો અતિમંદ મુમુક્ષાવાળો તો કરોડો કલ્પોમાં ય સંસારરૂપ બંધનથી છૂટતો નથી. ૨૩૬,૨૩૭

नृजन्म जंतोरतिदुर्लभं विदुस्ततोऽपि पुंस्त्वं च ततो विवेकः ।
लब्ध्वा तदेतत्त्रितयं महात्मा यतेत मुक्त्यै सहसा विरक्तः ॥ २३८ ॥

વિદ્વાનો કહે છે કે, ‘મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે, તેમાં પણ પુરુષ થવું દુર્લભ છે, અને તેમાં પણ વિવેક થવો અતિશય દુર્લભ છે.’ જેણે આ ત્રણે વસ્તુ મેળવી હોય તે મહાન આત્મા છે; અને તેણે તરત જ વૈરાગ્ય પામી મુક્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. ૨૩૮

पुत्रमित्रकलत्रादिसुखं जन्मनि जन्मनि ।
मर्त्यत्वं पुरुषत्वं च विवेकश्च न लभ्यते ॥ २३९ ॥

પુત્ર, મિત્ર, સ્ત્રી, આદિનું સુખ તો દરેક જન્મમાં મળે છે; પરંતુ મનુષ્યપણું, પુરુષપણું અને વિવેક (મનુષ્યજન્મ સિવાય

બીજા કોઈ જન્મમાં) મળતાં નથી. ૨૩૯

लब्ध्वा सुदुर्लभतरं नरजन्म जंतु-
स्तत्रापि पौरुषमतः सदसद्विवेकम्।
संप्राप्य चैहिकसुखाभिरतो यदि स्याद्
धिक्तस्य जन्म कुमतेः पुरुषाधमस्य ॥ २४० ॥

અતિ દુર્લભ કરતાં પણ અતિશય દુર્લભ મનુષ્ય જન્મ મળ્યો હોય, તેમાં પણ વળી પુરુષપણું પ્રાપ્ત થયું હોય, અને તેમાં પણ સારા-નરસાપણાનો વિવેક મળ્યો હોય, છતાં આ લોકનાં જ સુખમાં જે રચ્યોપચ્યો રહે છે, તે કુમતિ અધમ પુરુષના જન્મને ધિક્કાર હો! ૨૪૦

खादते मोदते नित्यं शुनकः सूकरः खरः।
तेषामेषां विशेषः को वृत्तिर्येषां तु तैः समा ॥ २४१ ॥

કૂતરાં, ભૂંડ અને ગધેડાં પણ હમેશાં ખાય છે અને આનંદ પામે છે; માટે જેમની વૃત્તિ તેમના જેવી હોય, તેમનામાં અને મનુષ્યોમાં ફરક શો? ૨૪૧

यावन्नाश्रयते रोगो यावन्नाक्रमते जरा।
यावन्न धीर्विपर्येति यावन्मृत्युं न पश्यति ॥ २४२ ॥
तावदेव नरः स्वस्थः सारग्रहणतत्परः।
विवेकी प्रयतेताशु भवबंधविमुक्तये ॥ २४३ ॥

જ્યાં સુધી કોઈ રોગ ન થાય, ઘડપણ દબાવી ન દે, બુદ્ધિ બગડે નહિ અને મૃત્યુને જુએ નહિ, ત્યાં સુધી જ મનુષ્ય સ્વસ્થ અને સાર ગ્રહણ કરવામાં તત્પર રહે છે. માટે વિવેકીએ તરત જ સંસારબંધનથી છૂટી જવા પ્રયત્ન કરવો. ૨૪૨,૨૪૩

देवर्षिपितृमर्त्यर्णबंधमुक्तास्तु कोटिशः।
भवबंधविमुक्तस्तु यः कश्चिद्ब्रह्मवित्तमः ॥ २४४ ॥

દેવો, ઋષિઓ, પિતૃઓ અને મનુષ્યોનાં ઋણ(કરજ)રૂપી

બંધનથી મુક્ત થયેલા તો કરોડો મળે છે; પરંતુ સંસારરૂપ બંધનથી મુક્ત થયેલો તો કોઈક જ ઉત્તમ બ્રહ્મવેત્તા પુરુષ ભાગ્યે મળે છે. ૨૪૪

**अंतर्बंधेन बद्धस्य किं बहिर्बंधमोचनैः ।**
**तदंतर्बंधमुक्त्यर्थं क्रियतां कृतिभिः कृतिः ॥ २४५ ॥**

મનુષ્ય (કામ-ક્રોધાદિ) અંદરનાં બંધનોથી બંધાયેલો છે; તેનાં બહારનાં બંધનો (કદાચ) છૂટી જાય, તો તેથી શું ફળ છે? (કંઈ જ નહિ.) માટે વિદ્વાનોએ અંદરનાં બંધનોથી છૂટી જવા પ્રયત્ન કરવો જોઈએ. ૨૪૫

**कृतिपर्यवसानैव मता तीव्रमुमुक्षुता ।**
**अन्या तु रंजनामात्रा यत्र नो दृश्यते कृतिः ॥ २४६ ॥**

તીવ્ર મુમુક્ષુતા, ક્રિયામાં પરિણમેલી જ માની છે. (સક્રિય અને આચરણમાં ઊતરેલી જ હોવી જોઈએ.) બાકીની તો કેવળ (પોતાને અથવા બીજાઓને) ખુશી કરવા પૂરતી જ હોય છે, જેમાં ક્રિયા એટલે કે તેને અનુસરતું આચરણ દેખાતું નથી. ૨૪૬

**गेहादिसर्वमपहाय लघुत्वबुद्ध्या**
**सौख्येच्छया स्वपतिनानलमाविविक्षोः ।**
**कान्ताजनस्य नियता सुदृढा त्वरा या**
**सैषा फलान्तगमने करणं मुमुक्षोः ॥ २४७ ॥**

ઘર વગેરે સર્વ પદાર્થો (પોતાના પતિ વિનાના) તુચ્છ છે, આવી બુદ્ધિથી પોતાના (મરેલા) પતિની સાથે, સુખની ઇચ્છાથી અગ્નિમાં પ્રવેશ કરવા ઇચ્છતી (સતી) સ્ત્રીની જેવી સુદૃઢ અને ચોક્કસાઈવાળી તાલાવેલી અને ક્રિયા, મુમુક્ષુને (મોક્ષરૂપ) ફળની પ્રાપ્તિ સુધી પહોંચી જવા માટે સાધન છે. ૨૪૭

**नित्यानित्यविवेकश्च देहक्षणिकतामतिः ।**
**मृत्योर्भीतिश्च तापश्च मुमुक्षावृद्धिकारणम् ॥ २४८ ॥**

નિત્ય અને અનિત્ય પદાર્થોનો વિવેક, 'દેહ ક્ષણિક છે' એવી બુદ્ધિ, મૃત્યુનો ભય અને (સંસારનો) તાપ—આ બધાં મુમુક્ષુતા વધવાનાં કારણો છે. ૨૪૮

**शिरो विवेकस्त्वत्यंतं वैराग्यं वपुरुच्यते ।**
**शमादयः षडंगानि मोक्षेच्छा प्राण इष्यते ॥ २४९ ॥**
**ईदृशांगसमायुक्तो जिज्ञासुर्युक्तिकोविदः ।**
**शूरो मृत्युं निहन्त्येव सम्यग्ज्ञानासिना ध्रुवम् ॥ २५० ॥**

(ઉપર કહેલાં ચાર સાધનો પૈકી) 'નિત્યાનિત્યવિવેક' નામનું પહેલું સાધન (મુમુક્ષુનું) મસ્તક ગણાય છે; વૈરાગ્ય શરીર કહેવાય છે; શમાદિ (ષટ્સંપત્તિ) છ અંગો છે; અને મોક્ષની ઇચ્છારૂપ મુમુક્ષુતા પ્રાણ કહેવાય છે. આવાં અંગોવાળો જિજ્ઞાસુ (મુમુક્ષુ), જો યુક્તિકુશળ અને શૂરો હોય, તો ઉત્તમ જ્ઞાનરૂપી તરવારથી ચોક્કસ મૃત્યુનો નાશ કરે જ છે. (એટલે મોક્ષને પામે જ છે). ૨૪૯,૨૫૦

### ગુરુનું શરણ

**उक्तसाधनसंपन्नो जिज्ञासुर्यतिरात्मनः ।**
**जिज्ञासायै गुरुं गच्छेत्समित्पाणिर्नयोज्ज्वलः ॥ २५१ ॥**

ઉપર કહેલાં સાધનોવાળા જિજ્ઞાસુએ, નિયમનિષ્ઠ બની આત્મતત્ત્વની જિજ્ઞાસા માટે નીતિથી ઉજ્જવળ બનવું અને પછી હાથમાં સમિધો લઈ ગુરુને શરણે જવું. ૨૫૧

### ગુરુનાં લક્ષણો

**श्रोत्रियो ब्रह्मनिष्ठो यः प्रशान्तः समदर्शनः ।**
**निर्ममो निरहंकारो निर्द्वंद्वो निष्परिग्रहः ॥ २५२ ॥**
**अनपेक्षः शुचिर्दक्षः करुणामृतसागरः ।**
**एवंलक्षणसंपन्नः स गुरुर्ब्रह्मवित्तमः ।**
**उपास्याद्यः प्रयत्नेन जिज्ञासोः स्वार्थसिद्धये ॥ २५३ ॥**

જે શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, અતિશય શાંત, સમદૃષ્ટિવાળા, મમતારહિત, અહંકાર વિનાના, સુખ-દુઃખ, રાગ-દ્વેષ વગેરે જોડકાં વિનાના; પરિગ્રહરહિત, કોઈની દરકાર વિનાના, પવિત્ર, ચતુર અને દયારૂપ અમૃતના સાગર હોય, તે જ ગુરુ તરીકે યોગ્ય છે. માટે એવાં લક્ષણોવાળા અને બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ગુરુનું જિજ્ઞાસુએ સ્વાર્થની સિદ્ધિ માટે કાળજીથી શરણ લેવું.૨૫૨,૨૫૩

जन्मानेकशतैः सदाऽऽदरयुजा भक्त्या समाराधितो
भक्तैर्वैदिकलक्षणेन विधिना संतुष्ट ईशः स्वयम्।
साक्षाच्छ्रीगुरुरूपमेत्य कृपया दृग्गोचरः सन्प्रभुः
तत्त्वं साधु विबोध्य तारयति तान्संसारदुःखार्णवात्॥ २५४॥

વેદમાં કહેલાં લક્ષણવાળી અને સદા આદરયુક્ત ભક્તિથી, ભક્તોએ અનેક સેંકડો જન્મોથી ઈશ્વરને બરાબર આરાધ્યા હોય, તો એ પોતે જ સંતુષ્ટ થઈ શ્રીગુરુના સ્વરૂપે સાક્ષાત્ પધારી કૃપાથી પ્રત્યક્ષ દર્શન દે છે; અને પછી એ પ્રભુ સારી રીતે તત્ત્વ-વસ્તુ સમજાવી સંસારનાં દુઃખોરૂપ સમુદ્રથી ભક્તોને તારે છે.૨૫૪

अविद्याहृदयग्रंथिविमोक्षोऽपि भवेद्यतः।
तमेव गुरुरित्याहुर्गुरुशब्दार्थवेदिनः॥ २५५॥

'ગુરુ' શબ્દના અર્થને જાણનારા વિદ્વાનો, એને જ 'ગુરુ' કહે છે, કે જેનાથી અવિદ્યારૂપ હૃદયની ગાંઠ છૂટી જાય. ૨૫૫

शिव एव गुरुः साक्षात् गुरुरेव शिवः स्वयम्।
उभयोरंतरं किंचिन्न द्रष्टव्यं मुमुक्षुभिः॥ २५६॥

શિવ જ ગુરુ છે અથવા ગુરુ પોતે જ સાક્ષાત્ શિવ છે. મુમુક્ષુઓએ શિવ અને ગુરુ-એ બંનેમાં જરા પણ ભેદ ન જોવો.

बंधमुक्तं ब्रह्मनिष्ठं कृतकृत्यं भजेद्गुरुम्।
यस्य प्रसादात्संसारसागरो गोष्पदायते॥ २५७॥

પોતે બંધનથી છૂટ્યા હોય અને બ્રહ્મનિષ્ઠ હોય એવા

કૃતાર્થ ગુરુની સેવા કરવી, કે જેમની કૃપાથી સંસારસાગર ગાયનાં પગલાં જેવો (તરવો સહેલો) બને છે. ૨૫૭

शुश्रूषया सदा भक्त्या प्रणामैर्विनयोक्तिभिः ।
प्रसन्नं गुरुमासाद्य प्रष्टव्यं ज्ञेयमात्मनः ॥ २५८ ॥

નિત્યની સેવા, ભક્તિ, પ્રણામો અને વિનયયુક્ત વચનોથી (પ્રથમ તો) ગુરુને પ્રસન્ન કરવા; અને પછી તેમને શરણે જઈ પોતાને જે જાણવું હોય, તે આ પ્રમાણે પૂછવું :- ૨૫૮

भगवन्करुणासिंधो भवसिंधोर्भवांस्तरिः ।
यमाश्रित्याश्रमेणैव परं पारं गता बुधाः ॥ २५९ ॥
जन्मांतरकृतानंतपुण्यकर्मफलोदयः ।
अद्य संनिहितो यस्मात्त्वत्कृपापात्रमस्म्यहम् ॥ २६० ॥
संप्रीतिमक्ष्णोर्वदनप्रसादमानंदमंतःकरणस्य सद्यः ।
विलोकनं ब्रह्मविदं तनोति छिनत्ति मोहं सुगतिं व्यनक्ति ॥ २६१ ॥
हुताशनानां शशिनामिनानामप्यर्बुदं वापि न यन्निहंतुम् ।
शक्नोति तद्ध्वान्तमनंतमांतरं हन्त्यात्मवेत्ता सकृदीक्षणेन ॥ २६२ ॥
दुष्पारे भवसागरे जनिमृतिव्याध्यादिदुःखोत्कटे
घोरे पुत्रकलत्रमित्रबहुलग्राहाकरे भीकरे ।
कर्मोत्तुंगतरंगभंगनिकरैराकृष्यमाणो मुहुः
यातायातगतिभ्रमेण शरणं किंचिन्न पश्याम्यहम् ॥ २६३ ॥
केन वा पुण्यशेषेण तव पादांबुजद्वयम् ।
दृष्टवानस्मि मामार्तं मृत्योस्त्राहि दयादृशा ॥ २६४ ॥

હે ભગવન્ ! હે કલ્યાણસાગર ! આપ સંસારસમુદ્રમાં નૌકા સમાન છો, આપનો આશ્રય કરી વિદ્વાનો, અનાયાસે (સંસારસમુદ્રના) સામે પાર પહોંચી ગયા છે. મેં બીજા જન્મોમાં અનંત પુણ્યકર્મો કર્યાં હશે; તેના ફળનો ઉદય આજે સારી રીતે પ્રકટ્યો છે, જેથી હું આપની કૃપાનું પાત્ર બન્યો છું. આપ જેવા બ્રહ્મજ્ઞાનીનું દર્શન બંને નેત્રોને અત્યંત પ્રીતિ ઉપજાવે છે, મુખને

પ્રસન્ન કરે છે, અંતઃકરણને તરત જ આનંદી બનાવે છે, મોહનો નાશ કરે છે અને સદ્‌ગતિ પ્રકટ કરે છે. અબજો અગ્નિઓ, ચંદ્રો કે સૂર્યો જેનો નાશ કરવા સમર્થ નથી, તે (અમારા) અંતરના અનંત (અજ્ઞાનરૂપ) અંધકારને આપ જેવા આત્મવેત્તા પુરુષ માત્ર એક જ વારનાં દર્શનથી નાશ કરે છે. આ સંસારરૂપ સમુદ્ર-નો પાર પામવો મુશ્કેલ છે; કારણ કે જન્મ, મરણ, રોગ વગેરે-નાં દુઃખોથી તે ઉગ્ર અને ભયંકર છે; તેમાં પુત્રો, સ્ત્રી, મિત્રો વગેરે અનેક ઝૂડો ભરચક ભર્યાં છે, તેથી એ ભય ઉપજાવે છે. વળી કર્મોરૂપી ઊંચા તરંગો તેમાં ઉપરાઉપરી ઊછળી રહ્યા છે, તેથી હું વારંવાર ખેંચાઈ જાઉં છું અને આમ તેમ અવર-જવર કરી અનેક ગતિઓમાં ભટકયા કરું છું; એમાંથી બચવા માટે હું કોઈ પણ શરણ જોતો ન હતો; પરંતુ કોઈ પુણ્ય કર્મ બાકી રહ્યું હશે તેથી આપનાં બન્ને ચરણકમળનાં મને દર્શન થયાં છે. હું મૃત્યુથી પીડાઉં છું. આપ દયાદૃષ્ટિ કરી મારી રક્ષા કરો. ૨૫૯-૨૬૪

શ્રી ગુરુનાં અભયવચન

वदन्तमेवं तं शिष्यं दृष्ट्वैव दयया गुरुः ।
दद्यादभयमेतस्मै मा भैष्टेति मुहुर्मुहुः ॥ २६५ ॥

विद्वन्मृत्युभयं जहीहि भवतो नास्त्येव मृत्युः क्वचि-
न्नित्यस्य द्वयवर्जितस्य परमानंदात्मनो ब्रह्मणः ।
भ्रांत्या किंचिदवेक्ष्य भीतमनसा मिथ्या त्वया कथ्यते ।
मां त्राहीति हि सुप्तवत्प्रलपनं शून्यात्मकं ते मृषा ॥ २६६ ॥

निद्रागाढतमोवृतः किल जनः स्वप्ने भुजंगादिना
ग्रस्तं स्वं समवेक्ष्य यत्प्रलपति त्रासाद्रुतोऽस्मात्यलम् ।
आप्तेन प्रतिबोधितः करतलेनाताड्य पृष्टः स्वयं
किंचिन्नेति वदत्यमुष्य वचनं स्यात्तत्किमर्थं वद ॥ २६७ ॥

रज्जोस्तु तत्त्वमनवेक्ष्य गृहीतसर्प-
भावः पुमानयमहिर्दशतीति मोहात् ।

माक्रोशति प्रतिबिभेति च कंपते तन्
मिथ्यैव नात्र भुजगोऽस्ति विचार्यमाणे ॥२६८॥
तद्वत्त्वयाप्यात्मन उक्तमेतज्जन्माप्ययव्याधिजरादि दुःखम्।
मृषैव सर्वं भ्रमकल्पितं ते सम्यग्विचार्यात्मनि मुंच भीतिम् ॥ २६९॥
भवाननात्मनो धर्मानात्मन्यारोप्य शोचति।
तदज्ञानकृतं सर्वं भयं त्वक्त्वा सुखी भव ॥ २७० ॥

શિષ્ય એમ કહે છે ત્યારે તેના ઉપર દયાદૃષ્ટિ કરી ગુરુ તેને આ પ્રમાણે વારંવાર અભય દાન દે છે: 'તું ડર મા; હે વિદ્વાન ! મૃત્યુનો ભય તું ત્યજી દે; તારું મરણ કદી છે જ નહિ. તું તો નિત્ય, દ્વૈતરહિત, પરમ આનંદમય આત્મારૂપ બ્રહ્મ છે. તારું મન ભ્રમણાને લીધે ભય પામ્યું છે, તેથી તું કંઈક જુએ છે અને આવાં મિથ્યા વચન બોલે છે, કે 'તમે મારી રક્ષા કરો.' આ તારો ખોટો બકવાદ છે અને તે ઊંઘતા માણુસના જેવો શૂન્ય અને જૂઠો છે. કોઈ માણુસ ગાઢ નિદ્રારૂપ અંધકારથી ઘેરાયો હોય, ત્યારે તેને કોઈ સ્વપ્નું આવે; તેમાં પોતાને સર્પ વગેરેથી ગળાયેલો જોઈ ત્રાસથી એકદમ બકી ઊઠે, કે 'હાય ! હું મરી ગયો ! તે વખતે તેની પાસે રહેલો તેનો કોઈ હિતેચ્છુ મનુષ્ય હથેળી પછાડી તેને જગાડે અને પૂછે, ત્યારે એ પોતે જ કહે છે, કે 'કંઈ નથી.' તો સ્વપ્નમાં એણે ત્રાસથી બકેલું પેલું વચન શું કંઈ અર્થવાળું છે? કહે ! (એ જ પ્રમાણે આ તારાં વચનો અર્થ વગરનાં છે)–જેમ (અંધારામાં) દોરડીને દોરી તરીકે ન જોતો કોઈ માણુસ સાપ માની લે અને અજ્ઞાનથી ચીસ પાડે કે 'અહીં સાપ પડ્યો છે', વળી ઘણો ભય પામે અને ધ્રૂજવા લાગે છે તે કેવળ જૂઠું જ છે; (કારણ કે વિચારવામાં આવે તો ત્યાં સાપ હોતો જ નથી.) તે જ પ્રમાણે, તે આત્માને જન્મ, મૃત્યુ, રોગ, ઘડપણ વગેરેનું દુઃખ જે કહ્યું છે તે બધું ખોટું જ છે–માત્ર ભ્રમણાથી જ તે એ કલ્પી લીધું છે. તું તારા મનમાં

આ બધું વિચારીને ભયનો ત્યાગ કર. તું આત્મા છે. છતાં જડ શરીરમાં ધર્મોને આત્મામાં આરોપી (વ્યર્થ) શોક કરે છે; માટે અજ્ઞાનથી થયેલો બધો ભય છોડી દઈ સુખી થા. ૨૬૫-૨૭૦

शिष्य :—

श्रीमद्भिरुक्तं सकलं मृषेति दृष्टान्त एव ह्युपपद्यते तत्।
दार्ष्टान्तिके नैव भवादिदुःखं प्रत्यक्षतः सर्वजनप्रसिद्धम् ॥ २७१ ॥

તે સાંભળી શિષ્ય કહે છે: 'આપે કહ્યું, કે બધું જૂઠું છે; પરંતુ એ દૃષ્ટાંતમાં જ ઘટે છે, જેના ઉપર દૃષ્ટાંત આપો છો તેમાં ઘટતું જ નથી; કારણ કે સંસાર વગેરેનાં દુઃખો સર્વ લોકમાં પ્રસિદ્ધ છે.' ૨૭૧

प्रत्यक्षेणानुभूतार्थः कथं मिथ्यात्वमर्हति।
चक्षुषो विषयं कुंभं कथं मिथ्या करोम्यहम् ॥ २७२ ॥

જે વસ્તુ પ્રત્યક્ષ અનુભવાતી હોય તે ખોટી છે, એમ કેમ કહેવાય? હું મારી નજરે ઘડો જોઉં છું, તેને ખોટો કેવી રીતે કહું? ૨૭૨

विद्यमानस्य मिथ्यात्वं कथं नु घटते प्रभो।
प्रत्यक्षं खलु सर्वेषां प्रमाणं प्रस्फुटार्थकम् ॥ २७३ ॥

હે પ્રભુ! જે વસ્તુ હયાત હોય તેનું મિથ્યાપણું કેમ ઘટે? પ્રત્યક્ષ પ્રમાણ અતિશય સ્ફુટ અર્થવાળું છે, એમ બધા માને છે. ૨૭૩

मर्त्यस्य मम जन्मादिदुःखभाजोऽल्पजीविनः।
ब्रह्मत्वमपि नित्यत्वं परमानंदता कथम् ॥ २७४ ॥

હું મર્ત્ય-મરણધર્મી છું, જન્મ વગેરેનાં દુઃખો પામી રહ્યો છું અને અલ્પ જીવનવાળો છું; તો મારું બ્રહ્મપણું, નિત્યપણું અને પરમાનંદપણું કેવી રીતે હોઈ શકે? ૨૭૪

क आत्मा कस्त्वनात्मा च किमु लक्षणमेतयोः।
आत्मन्यनात्मधर्माणामारोपः क्रियते कथम् ॥ २७५ ॥

આત્મા કોણ છે? અને અનાત્મા કોણ છે? એ બેનું લક્ષણ શું છે? આત્મામાં અનાત્માના ધર્મોનો આરોપ કેવી રીતે કરાય છે? ૨૭૫

किमज्ञानं तदुत्पन्नभयत्यागोऽपि वा कथम्।
किमु ज्ञानं तदुत्पन्नसुखप्राप्तिश्च वा कथम्॥ २७६॥

અજ્ઞાન શું છે? અને એ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા ભયનો ત્યાગ પણ કેવી રીતે થાય? જ્ઞાન શું છે? અને એ જ્ઞાનથી ઉત્પન્ન થતા સુખની પ્રાપ્તિ કેવી રીતે થાય છે? ૨૭૬

सर्वमेतद्यथापूर्वं करामलकवत्स्फुटम्।
प्रतिपादय मे स्वामिन् श्रीगुरो करुणानिधे॥ २७७॥

હે સ્વામિન્! હે દયાના ભંડાર શ્રી ગુરુદેવ! એ બધું જે પ્રમાણે પ્રથમથી હોય, તે જ પ્રમાણે સ્પષ્ટ હથેળીમાં રહેલાં આંબળાં જેવું મને સમજાવો. ૨૭૭

श्रीगुरुः—

धन्यः कृतार्थस्त्वमहो विवेकः शिवप्रसादस्तव विद्यते महान्।
विसृज्य तु प्राकृतलोकमार्गं ब्रह्मावगन्तुं यतसे यतस्त्वम्॥ २७८॥

અહો! તું ધન્ય છે, કૃતાર્થ છે; તારો વિવેક અદ્ભુત છે. ખરેખર! તારા પર શંકરની મોટી કૃપા થઈ છે; કારણ કે પ્રાકૃત લોકમાર્ગનો ત્યાગ કરી તું બ્રહ્મ જાણવાનો યત્ન કરે છે. ૨૭૮

शिवप्रसादेन विना न सिद्धिः शिवप्रसादेन विना न बुद्धिः।
शिवप्रसादेन विना न युक्तिः शिवप्रसादेन विना न मुक्तिः॥ २७९॥

શંકરની કૃપા વિના સિદ્ધિ નથી; શંકરની કૃપા વિના બુદ્ધિ (કે જ્ઞાન થતાં) નથી; શંકરની કૃપા વિના યુક્તિ (સૂઝતી) નથી અને શંકરની કૃપા વિના મુક્તિ (પણ મળતી) નથી. ૨૭૯

यस्य प्रसादेन विमुक्तसङ्गाः शुकादयः संसृतिबंधमुक्ताः।
तस्य प्रसादो बहुजन्मलभ्यो भक्त्यैकगम्यो भवमुक्तिहेतुः॥ २८०॥

જેમની કૃપાથી શુકદેવજી આદિ (મુનિઓ) સંગ રહિત થયા

અને સંસારરૂપ બંધનથી છૂટી ગયા, તે( શ્રી શંકર )ની કૃપા અનેક જન્મે મળે છે. કેવળ ભક્તિથી જ એ પ્રાપ્ત થઈ શકે છે અને સંસારથી છૂટવામાં એ જ કારણ છે. ૨૮૦

विवेको जंतूनां प्रभवति जनिष्वेव बहुषु
प्रसादादेवैशाद्बहुसुकृतपाकोदयवशात् ।
यतस्तस्मादेव त्वमपि परमार्थावगमने ।
कृतारंभः पुंसामिदमिह विवेकस्य तु फलम् ॥ २८१ ॥

અનેક પુણ્યોનો પરિપાક ઉદય પામે છે, તો જ તેને લીધે પરમેશ્વરની કૃપા થાય છે અને તે દ્વારા પ્રાણીઓને અનેક જન્મે વિવેક ( કર્તવ્ય-અકર્તવ્યનું ભાન ) પ્રકટે છે; કારણ કે એ પ્રભુ-કૃપાથી જ તું પણ ( આજે ) પરમાર્થ જાણવા તૈયાર થયો છે; અને આ લોકમાં પુરુષોના વિવેકનું ફળ આ જ હોવું જોઈએ. ૨૮૧

मर्त्यत्वसिद्धेरपि पुंस्त्वसिद्धेर्विप्रत्वसिद्धेश्च विवेकसिद्धेः ।
वदन्ति मुख्यं फलमेव मोक्षं व्यर्थं समस्तं यदि चेन्न मोक्षः ॥ २८२ ॥

વિદ્વાનો કહે છે, કે મનુષ્યપણું મળ્યું હોય, તેમાં પણ પુરુષપણું પ્રાપ્ત થયું હોય, તેમાં પણ બ્રાહ્મણપણું અને વિવેકની પ્રાપ્તિ જો થઈ હોય તો તેનું મુખ્ય ફળ મોક્ષ જ છે; એ બધું મળવા છતાં જો મોક્ષ ન સધાય, તો એ સમગ્ર વ્યર્થ છે. ૨૮૨

प्रश्नः समीचीनतरस्तवायं यदात्मतत्त्वावगमे प्रवृत्तिः ।
ततस्तवैतत्सकलं समूलं निवेदयिष्यामि मुदा शृणुष्व ॥ २८३ ॥

આ તારો પ્રશ્ન અતિશય ઉત્તમ છે; કારણ કે આત્મતત્ત્વ જાણવા, માટે તેની પ્રવૃત્તિ છે; માટે એ બધું મૂલ સાથે હું તને સમજાવું છું, આનંદથી તું સાંભળ. ૨૮૩

मर्त्यत्वं त्वयि कल्पितं भ्रमवशात्तेनैव जन्मादयः
तत्संभावितमेव दुःखमपि ते नो वस्तुतस्तन्मृषा ।
निद्रामोहवशादुपागतसुखं दुःखं च किं नु त्वया
सत्यत्वेन विलोकितं क्वचिदपि ब्रूहि प्रबोधागमे ॥२८४॥

તેં ભ્રાંતિને વશ થઈને જ પોતામાં મરણધર્મીપણું કલ્પી લીધું છે અને તેથી જ જન્મ વગેરે તથા તેનાં દુઃખો પણ તેં કેવળ માની જ લીધાં છે. ખરી રીતે તને એમાંનું કંઈ પણ નથી. એ વસ્તુ જ ખોટી છે. નિદ્રારૂપ મોહને લીધે તને સુખ અને દુઃખ પ્રાપ્ત થાય છે; તેને જાગ્યા પછી તું કદી સાચાં જુએ છે ? તે કહે. ૨૮૪

**नाशेषलोकैरनुभूयमानः प्रत्यक्षतोऽयं सकलप्रपंचः ।**
**कथं मृषा स्यादिति शंकनीयं विचारशून्येन विमुह्यता त्वया ॥ २८५ ॥**

'આ પ્રત્યક્ષ દેખાતો બધો પ્રપંચ ( સંસાર ) બધા લોકો અનુભવી રહ્યા છે; તે જૂઠો કેમ હોય ?', એમ વિચારશૂન્ય થઈ તું મોહ પામે છે; પણ તારે એ શંકા કરવા જેવી નથી. ૨૮૫

**दिवांधदृष्टेस्तु दिवांधकारः प्रत्यक्षसिद्धोऽपि स किं यथार्थः ।**
**तद्वद्भ्रमेणावगतः पदार्थो भ्रान्तस्य सत्यः सुमतेर्मृषैव ॥ २८६ ॥**

દિવસે આંધળાં ઘુવડ વગેરેને દિવસે પ્રત્યક્ષ અંધારું જણાય છે, છતાં તે શું સાચું છે ખરું ? (નથી જ.) તે જ પ્રમાણે, ભ્રાંતિથી જણાતા ( આ બધા ) પદાર્થ, ભ્રાંતિ પામેલાને સાચા લાગે છે, ઉત્તમ બુદ્ધિવાળાની દૃષ્ટિએ તો તે જૂઠા જ છે. ૨૮૬

**घटोऽयमित्यत्र घटाभिधानः प्रत्यक्षतः कश्चिदुदेति दृष्टेः ।**
**विचार्यमाणे स तु नास्ति तत्र मृदस्ति तद्भावविलक्षणा सा ॥२८७॥**

'આ ઘડો છે' એમ કહેતાં 'ઘડો' એવા નામવાળો કોઈ પદાર્થ દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ પ્રકટે છે; પરંતુ વિચાર કરવામાં આવે તો એ ઘડો છે જ નહિ; એ તો ઘડાના રૂપે જુદી જણાતી માટી જ છે. ૨૮૭

**प्रादेशमात्रः परिदृश्यतेऽर्कः शास्त्रेण संदर्शितलक्षयोजनः ।**
**मानांतरेण क्वचिदेति बाधां प्रत्यक्षमप्यत्र हि न व्यवस्था ॥२८८॥**

સૂર્ય અંગૂઠા જેવડો દેખાય છે; પરંતુ શાસ્ત્ર તો એને એક લાખ યોજનના પ્રમાણનો બતાવે છે; એટલે પ્રત્યક્ષ પ્રમાણ કોઈ ઠેકાણે બીજા પ્રમાણથી બાધિત થાય છે, તેથી એ પ્રત્યક્ષમાં

પણ ચોક્કસ વ્યવસ્થા નથી. (કોઈ બાબતમાં પ્રત્યક્ષ પણ ખોટું પડે છે.) ૨૮૮

तस्मात्त्वयीदं भ्रमतः प्रतीतं मृषैव नो सत्यमवेहि साक्षात्।
ब्रह्म त्वमेवासि सुखस्वरूपं त्वत्तो न भिन्नं विचिनुष्व बुद्धौ ॥ २८९॥

માટે તારામાં આ બધું (જન્મમરણ વગેરે) કેવળ ભ્રમથી જ જણાયું છે; ખરી રીતે એ ખોટું જ છે. તેને તું સાચું ન માન, તું સાક્ષાત્ બ્રહ્મ જ છે. તારાથી જુદું તારી બુદ્ધિમાં શોધીશ મા. ૨૮૯

लोकान्तरे वात्र गुहान्तरे वा तीर्थान्तरे कर्मपरंपरान्तरे।
शास्त्रान्तरे नास्त्यनुपश्यतामिह स्वयं परं ब्रह्म विचार्यमाणे ॥ २९० ॥

બીજા લોકમાં કે બીજી (હૃદયરૂપ) ગુફામાં, બીજાં તીર્થમાં કે બીજી કર્મોની પરંપરામાં અથવા બીજાં કોઈ શાસ્ત્રમાં જેઓ તપાસ કરી રહ્યા છે, તેઓને એમાં કંઈ દેખાતું નથી; એટલે જો વિચારવામાં આવે તો પોતે જ પરબ્રહ્મ છે. ૨૯૦

तत्त्वमात्मस्थमज्ञात्वा मूढः शास्त्रेषु पश्यति।
गोपः कक्षगतं छागं यथा कूपेषु दुर्मतिः ॥ २९१ ॥

જેમ મૂઢબુદ્ધિ ગોવાળિયો પોતાની બગલમાં જ રહેલા બકરાને કૂવાઓમાં શોધવા નીકળે છે, તેમ મૂઢ મનુષ્ય પોતાના આત્મામાં જ રહેલું તત્ત્વ નહિ સમજી શાસ્ત્રોમાં જોયા કરે છે! ૨૯૧

स्वमात्मानं परं मत्वा परमात्मानमन्यथा।
विमृग्यते पुनः स्वात्मा बहिः कोशेषु पंडितैः ॥ २९२ ॥

વળી (કેટલાક) પંડિતો પોતાના આત્માને (પરમાત્માથી) જુદો માની બીજા પરમાત્માને શોધ્યા કરે છે અને પોતાના આત્માને બહાર (અન્નમય આદિ) કોશોમાં શોધે છે! (એ પણ આશ્ચર્ય છે!) ૨૯૨

विस्मृत्य वस्तुनस्तत्त्वमध्यारोप्य च वस्तुनि।
अवस्तुतां च तद्धर्मान्मुधा शोचति नान्यथा ॥ २९३ ॥

વસ્તુનું તત્ત્વ ભૂલી જઈ વસ્તુમાં અવસ્તુનો તથા તેના ધર્મોનો આરોપ કરવામાં આવે છે; અને પછી મનુષ્ય વ્યર્થ શોક કરે છે, બીજું કંઈ જ નથી. ૨૯૩

आत्मानात्मविवेकं ते वक्ष्यामि शृणु सादरम् ।
यस्य श्रवणमात्रेण मुच्यतेऽनात्मबंधनात् ॥ २९४ ॥

આત્મા અને અનાત્માનો વિવેક (જુદું જુદું જ્ઞાન) હું તને સમજાવું છું, ધ્યાનથી સાંભળ. જેને માત્ર સાંભળવાથી અનાત્મા-રૂપ બંધનથી છૂટી જવાય છે. ૨૯૪

इत्युक्त्वाभिमुखीकृत्य शिष्यं करुणया गुरुः ।
अध्यारोपापवादाभ्यां निष्प्रपंचं प्रपंचयन् ॥ २९५ ॥
सम्यक्प्राबोधयत्तत्त्वं शास्त्रदृष्टेन वर्त्मना ।
सर्वेषामुपकाराय तत्प्रकारोऽत्र दर्श्यते ॥ २९६ ॥
वस्तुन्यवस्त्वारोपो यः सोऽध्यारोप इतीर्यते ।
असर्पभूते रज्ज्वादौ सर्पत्वारोपणं यथा ॥ २९७ ॥

એમ કહી ગુરુએ દયાને લીધે શિષ્યને તત્ત્વ સમજવા તત્પર બનાવ્યો; અને પછી પ્રપંચ વિના તત્ત્વવસ્તુને 'અધ્યારોપ' તથા 'અપવાદ'થી વિસ્તારપૂર્વક શાસ્ત્રમાં કહેલા માર્ગે સારી રીતે સમજાવી. એ જ રીતે અહીં સર્વના ઉપકાર માટે કહેવામાં આવે છે. વસ્તુમાં અવસ્તુનો આરોપ કરવો, તેને 'અધ્યારોપ' કહેવાય છે જેમ દોરડી સાપ નથી, છતાં તેમાં (ભ્રાંતિથી) સાપનો આરોપ (અંધારામાં કોઈ વેળા) કરાય છે. ૨૯૫-૨૯૭

वस्तु तावत्परं ब्रह्म सत्यज्ञानादिलक्षणम् ।
इदमारोपितं यत्र भाति खे निलतादिवत् ॥ २९८ ॥

સત્ય, જ્ઞાન આદિ લક્ષણવાળું પરબ્રહ્મ એ જ વસ્તુ છે; તેમાં જેમ આકાશમાં વાદળી રંગનો આરોપ કરાય છે, તેમ આ જગત આરોપ કરેલું હોઈ જણાય છે. ૨૯૮

અજ્ઞાન

तत्कारणं यदज्ञानं सकार्यं सद्विलक्षणम् ।
अवस्त्वित्युच्यते सद्भिर्यस्य बाधा प्रदृश्यते ॥ २९९ ॥

તેનું કારણ અજ્ઞાન અને તેનું કાર્ય છે તે જ, સત્ વસ્તુ-(બ્રહ્મ)થી વિલક્ષણ અવસ્તુ કહેવાય છે. આ અવસ્તુનો સજ્જનો, બાધ (એટલે નાશ) જોઈ શકે છે. ૨૯૯

अवस्तु तत्प्रमाणैर्यद्बाध्यते शुक्तिरौप्यवत् ।
न बाध्यते यत्तद्वस्तु त्रिषु कालेषु शुक्तिवत् ॥ ३०० ॥

છીપમાં (ભ્રમણાથી) જણાતા રૂપાની પેઠે જેનો પ્રમાણો દ્વારા બાધ થઈ શકે તે અવસ્તુ છે; પરંતુ જેમ કોઈ પણ કાળે છીપનો બાધ થઈ શકતો નથી, તેથી એ વસ્તુ છે, તે જ પ્રમાણે જેનો ત્રણે કાળે બાધ થઈ શકતો નથી તે (પરબ્રહ્મ) વસ્તુ છે.

शुक्तेर्बाधा न खल्वस्ति रजतस्य यथा तथा ।
अवस्तुसंज्ञितं यत्तज्जगदध्यासकारणम् ॥ ३०१ ॥
सदसद्भ्यामनिर्वाच्यमज्ञानं त्रिगुणात्मकम् ।
वस्तुतत्त्वावबोधैकबाध्यं तद्भावलक्षणम् ॥ ३०२ ॥
मिथ्यासंबंधतस्तत्र ब्रह्मण्याश्रित्य तिष्ठति ।
मणौ शक्तिर्यथा तद्वन्नैतदाश्रयदूषकम् ॥ ३०३ ॥
सद्भावे लिंगमेतस्य कार्यमेतच्चराचरम् ।
मानं श्रुतिः स्मृतिश्चाज्ञोऽहमित्यनुभवोऽपि च ॥ ३०४ ॥

ભ્રાંતિથી જણાતા રૂપાનો (ભ્રાંતિ દૂર થતાં) જેવી રીતે બાધ થાય છે, તેવી રીતે છીપનો બાધ થતો જ નથી; એ જ રીતે અજ્ઞાનથી જણાતાં જગતનો જેવી રીતે બાધ થાય છે, તેવી રીતે બ્રહ્મનો બાધ થતો નથી; માટે જગત એ જ અવસ્તુ છે એમ સમજવું. બ્રહ્મમાં જગતનો આરોપ થાય છે, તેનું કારણ અજ્ઞાન છે; તેને સત્ કે અસત્રૂપે કહી શકાતું નથી; તે ત્રણ ગુણમય છે; કેવળ વસ્તુ(બ્રહ્મ)નું યથાર્થ જ્ઞાન થતાં એ અજ્ઞાન દૂર થઈ શકે છે;

એ જ ( અજ્ઞાન બ્રહ્મમાં ) પદાર્થોને જણાવનારું છે અને કેવળ મિથ્યા સંબંધથી બ્રહ્મ વિષે તેમનો આશ્રય કરીને રહે છે; જેમ (સ્પર્શ) કાંતમણિમાં શક્તિ રહે છે તેમ; છતાં પોતાના આશ્રયરૂપ બ્રહ્મને તે દૂષણ લગાડી શકતું નથી. આ સ્થાવર-જંગમ જગત એ અજ્ઞાનનું કાર્ય છે અને એ જ તેની હયાતીમાં ચિહ્નરૂપ છે; વળી શ્રુતિ અને સ્મૃતિ પણ તેના હોવામાં પ્રમાણ છે અને 'હું અજ્ઞાની છું' એવો અનુભવ પણ અજ્ઞાનનો પુરાવો છે. ૩૦૧-૩૦૪

अज्ञानं प्रकृतिः शक्तिरविद्येति निगद्यते ।
तदेतत्सन्न भवति नासद्वा शुक्तिरौप्यवत् ॥ ३०५ ॥

એ અજ્ઞાન જ પ્રકૃતિ, શક્તિ અથવા અવિદ્યા કહેવાય છે. છીપમાં જણાતા રૂપાની પેઠે તે સત્ નથી અથવા અસત્ પણ નથી. ૩૦૫

सतो भिन्नमभिन्नं वा न दीपस्य प्रभा यथा ।
न सावयवमन्यद्वा बीजस्यांकुरवत्क्वचित् ॥ ३०६ ॥

જેમ દીવાની કાંતિ દીવાથી ભિન્ન-જુદી અથવા અભિન્ન-નહિ જુદી નથી, તેમ એ અજ્ઞાન બ્રહ્મથી ભિન્ન-જુદું અથવા અભિન્ન-નહિ જુદું નથી; બીજના અંકુરની પેઠે તે અવયવવાળું અથવા અવયવરહિત ક્યાં યે નથી. ૩૦૬

अत एतदनिर्वाच्यमित्येव कवयो विदुः ।
समष्टिव्यष्टिरूपेण द्विधाज्ञानं निगद्यते ॥ ३०७ ॥

માટે જ એ અજ્ઞાનને વિદ્વાનો અનિર્વાચ્ય ( અમુક સ્વરૂપે કહેવું અશક્ય ) કહે છે. તે અજ્ઞાન સમષ્ટિરૂપે અને વ્યષ્ટિરૂપે બે પ્રકારનું કહેવાય છે. ૩૦૭

### સમષ્ટિ અજ્ઞાન : માયા

नानात्वेन प्रतीतानामज्ञानानाममेदतः ।
एकत्वेन समष्टिः स्याद्भूरुहाणां वनं यथा ॥ ३०८ ॥

જેમ જુદાં જુદાં વૃક્ષોનું અભેદ દૃષ્ટિએ એકપણું ગણાવાથી

‘વન’ કહેવાય છે, તેમ જુદાં જુદાં જણાતાં અજ્ઞાનોનું અભેદ દૃષ્ટિએ એક પણું ગણાતાં ‘સમષ્ટિ અજ્ઞાન’ કહેવાય છે. ૩૦૮

इत्थं समष्टिरुत्कृष्टा सत्त्वांशोत्कर्षतः पुरा।
मायेति कथ्यते तज्ज्ञैः शुद्धसत्त्वैकलक्षणा ॥ ३०९ ॥

આ સમષ્ટિ અજ્ઞાન ઉત્કૃષ્ટ છે; એટલે મોટામાં મોટું છે. તેમાં પ્રથમ સત્ત્વગુણના અંશો વધારેમાં વધારે હોય છે, તેથી તેનું સ્વરૂપ જાણનારા તેને ‘માયા’ કહે છે, શુદ્ધ સત્ત્વગુણ એ જ તેનું લક્ષણ છે. ૩૦૯

માયાયુક્ત ઈશ્વર

मायोपहितचैतन्यं साभासं सत्त्वबृंहितम्।
सर्वज्ञत्वादिगुणकं सृष्टिस्थित्यंतकारणम् ॥ ३१० ॥
अव्याकृतं तदव्यक्तमीश इत्यपि गीयते।
सर्वशक्तिगुणोपेतः सर्वज्ञानावभासकः ॥ ३११ ॥
स्वतंत्रः सत्यसंकल्पः सत्यकामः स ईश्वरः।
तस्यैतस्य महाविष्णोर्महाशक्तेर्महीयसः ॥ ३१२ ॥

આ માયારૂપ ઉપાધિવાળું ચૈતન્ય બ્રહ્મના આભાસવાળું, સત્ત્વગુણની અધિકતાવાળું અને સર્વજ્ઞત્વ આદિ ગુણોવાળું હોઈ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશનું કારણ છે. એ જ અવ્યાકૃત, અવ્યક્ત અને ઈશ્વર પણ કહેવાય છે. એ સર્વ શક્તિઓ અને ગુણોથી યુક્ત, સર્વ જ્ઞાનના પ્રકાશક, સ્વતંત્ર, સત્ય સંકલ્પોવાળા, સત્ય કામનાવાળા અને ઈશ્વર (સર્વના નિયંતા) છે. વળી આ મહાવિષ્ણુ મહાશક્તિમાન અને અતિશય મોટા છે. ૩૧૦–૩૧૨

કારણ શરીર

सर्वज्ञत्वेश्वरत्वादिकारणत्वान्मनीषिणः।
कारणं वपुरित्याहुः समष्टिं सत्त्वबृंहितम् ॥ ३१३ ॥

તેમ જ સર્વજ્ઞપણું તથા ઈશ્વરપણું આદિ ધર્મોનું કારણ છે,

તેથી મહાબુદ્ધિમાન આ ઈશ્વરના શરીરને 'કારણ શરીર' કહે છે, જે સત્ત્વગુણથી વૃદ્ધિ પામેલું સમષ્ટિ અજ્ઞાન જ છે. ૩૧૩

आनंदप्रचुरत्वेन साधकत्वेन कोशवत् ।
सैषानंदमयः कोश इतीशस्य निगद्यते ॥ ३१४ ॥
सर्वोपरमहेतुत्वात्सुषुप्तिस्थानमिष्यते ।
प्राकृतः प्रलयो यत्र श्राव्यते श्रुतिभिर्मुहुः ॥ ३१५ ॥

આમાં આનંદ પુષ્કળ છે અને કોશ( ખજાના )ની પેઠે તે આનંદને સિદ્ધ કરનાર છે, તેથી તેને ઈશ્વરનો 'આનંદમય કોશ' પણ કહે છે. વળી, તે સર્વ જીવોના ઉપરામનું કારણ છે તેથી તેને સર્વનું સુષુપ્તિસ્થાન કહે છે; જેમાં પ્રાકૃત પ્રલય થાય છે, એમ શ્રુતિઓ વારંવાર સંભળાવે છે. ૩૧૪,૩૧૫

વ્યષ્ટિ અજ્ઞાન એ જ અવિદ્યા
અને તેથી યુક્ત એ જ જીવાત્મા અથવા પ્રાજ્ઞ

अज्ञानं व्यष्ट्यभिप्रायादनेकत्वेन भिद्यते ।
अज्ञानवृत्तयो नाना तत्तद्गुणविलक्षणाः ॥ ३१६ ॥
वनस्य व्यष्ट्यभिप्रायाद्भूरुहा इत्यनेकता ।
यथा तथैवाज्ञानस्य व्यष्टितः स्यादनेकता ॥ ३१७ ॥
व्यष्टिर्मलिनसत्त्वैषा रजसा तमसा युता ।
ततो निकृष्टा भवति योपाधिः प्रत्यगात्मनः ॥ ३१८ ॥
चैतन्यं व्यष्ट्यवच्छिन्नं प्रत्यगात्मेति गीयते ।
साभासं व्यष्ट्युपहितं सत्तादात्म्येन तद्गुणैः ॥ ३१९ ॥
अभिभूतः स एवात्मा जीव इत्यभिधीयते ।
किंचिज्ज्ञत्वानीश्वरत्वसंसारित्वादिधर्मवान् ॥ ३२० ॥
अस्य व्यष्टिरहंकारकारणत्वेन कारणम् ।
वपुस्तत्राभिमान्यात्मा प्राज्ञ इत्युच्यते बुधैः ॥ ३२१ ॥

વ્યષ્ટિના અભિપ્રાયથી અજ્ઞાન અનેકરૂપે ભેદ પામે છે. અને તે તે ગુણથી વિલક્ષણ અનેક જાતની અજ્ઞાનની વૃત્તિઓ

તે વ્યષ્ટિ અજ્ઞાન છે. જેમ જુદાં જુદાં વૃક્ષો, વનની વ્યષ્ટિના અભિપ્રાયથી અનેક છે અને એ રીતે તેઓનું અનેકપણું ગણાય છે, તેમ વ્યષ્ટિના અભિપ્રાયથી અજ્ઞાનનું અનેકપણું મનાય છે. આ વ્યષ્ટિ-અજ્ઞાન રજોગુણ તથા તમોગુણથી (વધારે) મિશ્ર છે, તેમાં સત્ત્વગુણના અંશો મલિન (તથા ઓછા) હોય છે, તેથી એ નિકૃષ્ટ એટલે હલકામાં હલકું અથવા ઘણું જ અધમ છે; અને પ્રત્યગાત્માને ઉપાધિરૂપ છે. આ વ્યષ્ટિ-અજ્ઞાનથી યુક્ત ચૈતન્ય પ્રત્યગાત્મા કહેવાય છે. એ બ્રહ્મના આભાસવાળું અને વ્યષ્ટિ અજ્ઞાનથી ઢંકાયેલું હોય છે; વળી અજ્ઞાનના ગુણો સાથે એકતા પામીને પરાભવ પામે છે, તેથી 'જીવાત્મા' કહેવાય છે. અલ્પજ્ઞપણું, અનીશ્વરપણું અને સંસારીપણું આદિ એના ધર્મો છે; વ્યષ્ટિ-અજ્ઞાન તેના અહંકારનું કારણ છે, તેથી તે જ તેનું શરીર છે; તેમાં અભિમાનવાળા એ આત્માને વિદ્વાનો 'પ્રાજ્ઞ' પણ કહે છે. ૩૧૬-૩૨૧

प्राज्ञत्वमस्यैकाज्ञानभासकत्वेन संमतम् ।
व्यष्टेर्निकृष्टत्वेनास्य नानेकाज्ञानभासकम् ॥ ३२२ ॥

આ કેવળ અજ્ઞાનનો જ પ્રકાશક છે, તેથી આને 'પ્રાજ્ઞ' માન્યો છે; વ્યષ્ટિની ન્યૂનતા હોવાથી આ અનેક અજ્ઞાનનો પ્રકાશક નથી. ૩૨૨

ઈશ્વર અને પ્રાજ્ઞ એક જ

स्वरूपाच्छादकत्वेनाप्यानंदप्रचुरत्वतः ।
कारणं वपुरानंदमयः कोश इतीर्यते ॥ ३२३ ॥

આનું કારણ શરીર 'આનંદમય કોશ' કહેવાય છે. જોકે તે સ્વરૂપને ઢાંકી દેનાર છે, તોપણ તેનામાં આનંદ પુષ્કળ છે. (તેથી જ તે આનંદમય છે.) ૩૨૩

अस्यावस्था सुषुप्तिः स्याद्यत्रानंदः प्रकृष्यते ।
एषोऽहं सुखमस्वाप्सं न तु किंचिदवेदिषम् ॥ ३२४ ॥

इत्यानंदसमुत्कर्षः प्रबुद्धेषु प्रदृश्यते ।
समष्टेरपि च व्यष्टेरुभयोर्वनवृक्षवत् ॥ ३२५ ॥
अभेद एव नो भेदो जात्येकत्वेन वस्तुतः ।
अभेद एव ज्ञातव्यस्तथेशप्राज्ञयोरपि ॥ ३२६ ॥

આની અવસ્થા સુષુપ્તિ છે, જેમાં ઘણો જ આનંદ હોય છે. 'હું સુખે સૂતો હતો, મેં કંઈ જાણ્યું નથી' આમ સૂઈને ઊઠેલાં મનુષ્યોમાં એ આનંદથી અધિકતા દેખાય છે.

જેમ વન અને વૃક્ષ સમષ્ટિરૂપે તથા વ્યષ્ટિરૂપે જુદાં છે, પરંતુ તેઓની જાત એક જ હોવાથી ખરી રીતે તે એક જ છે. તે જ પ્રમાણે ઈશ્વર અને પ્રાજ્ઞનો પણ અભેદ જ સમજવો; તેઓમાં ખરી રીતે ભેદ જ નથી. ૩૨૪–૩૨૬

सत्युपाध्योरभिन्नत्वे क्व भेदस्तद्विशिष्टयोः ।
एकीभावे तरंगाब्ध्योः को भेदः प्रतिबिंबयोः ॥ ३२७ ॥

એ બન્નેની ઉપાધિ પણ એક જ છે, તેથી તેઓ બન્ને ઉપાધિથી યુક્ત છતાં તેઓમાં ભેદ ક્યાંથી હોય? જેમ તરંગ અને સમુદ્ર એ બન્ને એક જ છે, તો તેઓમાં જુદાં જુદાં દેખાતાં પ્રતિબિંબોમાં ભેદ કેવી રીતે હોય? ૩૨૭

ચોથું શુદ્ધ ચૈતન્ય

अज्ञानतदवच्छिन्नाभासयोरुभयोरपि ।
आधारं शुद्धचैतन्यं यत्तत्तुर्यमितीर्यते ॥ ३२८ ॥

અજ્ઞાન અને તેથી યુક્ત ચિદાભાસ—એ બન્નેનું પણ આધાર જે શુદ્ધ ચૈતન્ય છે, તે તુરીય (ચોથું) કહેવાય છે. ૩૨૮

एतदेवाविविक्तं सदुपाधिभ्यां च तद्‌गुणैः ।
महावाक्यस्य वाच्यार्थो विविक्तं लक्ष्य इष्यते ॥ ३२९ ॥

આ જ શુદ્ધ ચૈતન્ય ઉપાધિ—માયા અને અજ્ઞાનથી તેમ જ તેના ગુણોથી અલગ ન હોય, ત્યારે તે 'તત્ત્વમસિ' એ મહાવાક્યનો વાચ્યાર્થ (ઈશ્વર અને જીવ) કહેવાય છે.

પણ એ જ બન્ને ઉપાધિઓથી જ્યારે અલગ થાય છે, ત્યારે મહાવાક્યનો લક્ષ્યાર્થ (શુદ્ધ ચૈતન્ય) કહેવાય છે. ૩૨૯

अनंतशक्तिसंपन्नो मायोपाधिक ईश्वरः।
ईक्षामात्रेण सृजति विश्वमेतच्चराचरम् ॥ ३३० ॥

માયારૂપ ઉપાધિવાળા ઈશ્વર અનંત શક્તિઓથી યુક્ત છે. તે કેવળ જોવા માત્રથી જ આ સ્થાવર–જંગમ જગતને ઉત્પન્ન કરે છે, ૩૩૦

ઈશ્વર જ સૃષ્ટિનું કારણ

अद्वितीयस्वमात्रोऽसौ निरुपादान ईश्वरः।
स्वयमेव कथं सर्वं सृजतीति न शङ्क्यताम् ॥ ३३१ ॥
निमित्तमप्युपादानं स्वयमेव भवन्प्रभुः।
चराचरात्मकं विश्वं सृजत्यवति लुंपति ॥ ३३२ ॥

એ ઈશ્વર કેવળ અદ્વિતીય આત્મસ્વરૂપ જ છે. તેમનું કોઈ ઉપાદાન કારણ નથી અથવા જગતરચનામાં તેમની પાસે કોઈ ઉપાદાન કારણ નથી, છતાં તે પોતે જ સર્વ જગતને કેવી રીતે સરજે છે? એવી શંકા કરવી નહિ; કેમ કે એ પ્રભુ પોતે જ નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ થઈ સ્થાવર–જંગમ જગતને સરજે છે, રક્ષે છે અને સંહારે છે. ૩૩૧,૩૩૨

स्वप्राधान्येन जगतो निमित्तमपि कारणम्।
उपादानं तथोपाधिप्राधान्येन भवत्ययम् ॥ ३३३ ॥
यथा लूता निमित्तं च स्वप्रधानतया भवेत्।
स्वशरीरप्रधानत्वेनोपादानं तथेश्वरः ॥ ३३४ ॥

પોતાની મુખ્યતાએ ઈશ્વર જગતનું નિમિત્ત કારણ છે અને ઉપાધિની મુખ્યતાએ ઉપાદાન કારણ પણ છે. જેમ કરોળિયો પોતાની મુખ્યતાએ જાળાંનું નિમિત્ત કારણ છે અને પોતાના શરીરની મુખ્યતાએ ઉપાદાન કારણ પણ છે, તેમ ઈશ્વર (પૂર્વોક્ત રીતિએ જગતનું) નિમિત્ત તથા ઉપાદાન કારણ છે. ૩૩૩,૩૩૪

ઈશ્વરની સૃષ્ટિ-સૂક્ષ્મપ્રપંચ

तमःप्रधानप्रकृतिविशिष्टात्परमात्मनः ।
अभूत्खकाशादाकाशमाकाशाद्वायुरुच्यते ॥ ३३५॥
वायोरग्निस्तथैवाग्नेरापोऽद्भ्यः पृथिवी क्रमात् ।
शक्तेस्तमःप्रधानत्वं तत्कार्ये जाड्यदर्शनात् ॥ ३३६॥
आरंभन्ते कार्यगुणान्ये कारणगुणा हि ते ।
एतानि सूक्ष्मभूतानि भूतमात्रा अपि क्रमात् ॥ ३३७॥

તમોગુણની મુખ્યતાવાળી પ્રકૃતિથી યુક્ત થયેલા પરમાત્મા-(ઈશ્વર)થી આકાશ થયું, આકાશથી વાયુ થયેલો કહેવાય છે અને વાયુથી અગ્નિ, અગ્નિથી જળ અને જળથી પૃથ્વી એ ક્રમે (ભૂતોની) ઉત્પત્તિ થઈ છે. આનું કારણ (ઈશ્વરની) શક્તિ (પ્રકૃતિ), તમોગુણની મુખ્યતાવાળી છે; કારણ કે તેના કાર્યમાં જડતા દેખાય છે. (આવો ન્યાય છે, કે) જેઓ કાર્યના ગુણો આરંભે છે, તે કારણના જ ગુણો હોય છે (ઉપર દર્શાવેલાં) આ ભૂતો અનુક્રમે સૂક્ષ્મ ભૂત અથવા ભૂતોની તન્માત્રાઓ પણ કહેવાય છે. ૩૩૫–૩૩૭

एतेभ्यः सूक्ष्मभूतेभ्यः सूक्ष्मदेहा भवन्त्यपि ।
स्थूलान्यपि च भूतानि चान्योन्यांशाविमेलनात् ॥ ३३८॥

આ સૂક્ષ્મ ભૂતોથી સૂક્ષ્મ દેહો ઉત્પન્ન થાય છે; તેમ જ એ સૂક્ષ્મભૂતોના જ અંશો એકબીજા સાથે મળવાથી સ્થૂલ ભૂતો ( અને સ્થૂલ શરીરો ) પણ ઉત્પન્ન થાય છે. ૩૩૮

લિંગશરીર

अपंचीकृतभूतेभ्यो जातं सप्तदशांगकम् ।
संसारकारणं लिंगमात्मनो भोगसाधनम् ॥ ३३९॥

એક બીજાં સાથે નહિ મળેલાં—અપંચીકૃત ભૂતોથી સત્તર અંગો વાળું લિંગશરીર ઉત્પન્ન થાય છે. એ સંસારનું કારણ અને આત્માને ભોગો ભોગવવાનું સાધન છે. ૩૩૯

श्रोत्रादिपंचकं चैव वागादीनां च पंचकम् ।
प्राणादिपंचकं बुद्धिमनसी लिंगमुच्यते ॥ ३४०॥

શ્રોત્ર આદિ પાંચ (જ્ઞાનેંદ્રિયો), વાણી વગેરે પાંચ (કર્મેંન્દ્રિયો), પ્રાણ આદિ પાંચ વાયુઓ અને બુદ્ધિ તથા મન–આ (સત્તરનો સમુદાય) લિંગશરીર કહેવાય છે. ૩૪૦

श्रोत्रत्वक्चक्षुर्जिह्वाघ्राणानि पंच जातानि ।
आकाशादीनां सत्त्वांशेभ्यो धींद्रियाण्यनुक्रमतः ॥ ३४१ ॥

શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા, ઘ્રાણ-(કાન, ચામડી, આંખ, જીભ અને નાક)–આ પાંચ અનુક્રમે આકાશ વગેરે ભૂતોના સાત્ત્વિક અંશોમાંથી ઉત્પન્ન થયાં છે અને તે જ્ઞાનેંદ્રિયો કહેવાય છે. ૩૪૧

आकाशादिगताः पंच सात्त्विकांशाः परस्परम् ।
मिलित्वैवान्त करणमभवत्सर्वकारणम् ॥ ३४२ ॥

આકાશ વગેરેમાં રહેલા પાંચ સાત્ત્વિક અંશો એકબીજા સાથે જ્યારે મળે છે, ત્યારે તેમાંથી અંતઃકરણ થાય છે. તે સર્વનું કારણ છે. ૩૪૨

प्रकाशकत्वादेतेषां सात्त्विकांशत्वमिष्यते ।
प्रकाशकत्वं सत्त्वस्य स्वच्छत्वेन यतस्ततः ॥ ३४३ ॥

જે અંશોમાંથી અંતઃકરણ થયું છે, તે અંશો પ્રકાશક છે, તેથી તેઓને સાત્ત્વિક અંશો કહે છે; કારણ કે સત્ત્વગુણ પ્રકાશક અને સ્વચ્છ છે. ૩૪૩

तदंतःकरणं वृत्तिभेदेन स्याच्चतुर्विधम् ।
मनो बुद्धिरहंकारचित्तं चेति तदुच्यते ॥ ३४४ ॥

એ અંતઃકરણ જુદી જુદી વૃત્તિઓને લીધે ચાર પ્રકારનું છે; મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત–એ નામે તે કહેવાય છે. ૩૪૪

संकल्पान्मन इत्याहुर्बुद्धिरर्थस्य निश्चयात् ।
अभिमानादहंकारश्चित्तमर्थस्य चिंतनात् ॥ ३४५ ॥

સંકલ્પ કરે છે તેથી 'મન', પદાર્થનો નિશ્ચય કરે છે તેથી 'બુદ્ધિ', અભિમાન કરે છે તેથી 'અહંકાર,' અને પદાર્થનો વિચાર કરે છે તેથી 'ચિત્ત' કહેવાય છે. ૩૪૫

मनस्यपि च बुद्धौ च चित्ताहंकारयोः क्रमात् ।
अंतर्भावोऽत्र बोद्धव्यो लिंगलक्षणसिद्धये ॥ ३४६ ॥

(ઉપર સત્તરના સમુદાયરૂપ) લિંગશરીરનું લક્ષણ કહ્યું છે, તેને સમજવા માટે અહીં મન અને બુદ્ધિમાં અનુક્રમે ચિત્તનો તથા અહંકારનો સમાવેશ સમજવો. ૩૪૬

चिंतनं च मनोधर्मः संकल्पादिर्यथा तथा ।
अंतर्भावो मनस्येव सम्यक्चित्तस्य सिध्यति ॥ ३४७ ॥

વિચારવું એ મનનો ધર્મ છે; તે જ પ્રમાણે સંકલ્પ–વિકલ્પ કરવા—એ પણ મનનો જ ધર્મ છે, માટે ચિત્તનો મનમાં જ સમાવેશ સારી રીતે થઈ શકે છે. ૩૪૭

देहादावहमित्येव भावो दृढतरो धियः ।
दृश्यतेऽहंकृतेस्तस्मादंतर्भावोऽत्र युज्यते ३४८ ॥

બુદ્ધિનો જ દેહ આદિ ઉપર દઢ અહંભાવ દેખાય છે, તેથી બુદ્ધિમાં અહંકારનો સમાવેશ કરવો એ યોગ્ય જ છે. ૩૪૮

तस्मादेव तु बुद्धेः कर्तृत्वं तदितरस्य करणत्वम् ।
सिध्यत्यात्मन उभयाद्विद्यात्संसारकारणं मोहात् ॥ ३४९ ॥

આ કારણે જ બુદ્ધિ કર્તા છે અને બીજાં કરણ છે, એમ સિદ્ધ થાય છે; વળી આ બંને જ આત્માને મોહનું કારણ થઈ સંસારનું કારણ થાય છે એમ સમજવું. ૩૪૯

વિજ્ઞાનમય કોશ

विज्ञानमयकोशः स्याद्बुद्धिर्ज्ञानेन्द्रियैः सह ।
विज्ञानप्रचुरत्वेनाप्याच्छादकतयात्मनः ॥ ३५० ॥
विज्ञानमयकोशोऽयमिति विद्भिरुच्यते ।

એ બુદ્ધિ, જ્ઞાનેંદ્રિયોની સાથે મળી વિજ્ઞાનમય કોશ બને છે. એમાં વિજ્ઞાન પુષ્કળ છે તેથી તેને વિદ્વાનો 'વિજ્ઞાનમય' કહે છે; અને આત્માને તે ઢાંકી દે છે તેથી તેને 'કોશ' કહે છે. ૩૫૦

अयं महानहंकारवृत्तिमान्कर्तृलक्षणः।
सर्वसंसारनिर्वोढा विज्ञानमयशब्दभाक् ॥ ३५१ ॥

'વિજ્ઞાનમય' શબ્દથી કહેવાતો આ કોશ મહાન છે. અહંકારની વૃત્તિવાળો છે, કર્તારૂપ લક્ષણવાળો છે અને સઘળા સંસારને ચલાવી રહ્યો છે. ૩૫૧

अहं ममेत्येव सदाभिमानं देहेन्द्रियादौ कुरुते गृहादौ।
जीवाभिमानः पुरुषोऽयमेव कर्ता च भोक्ता च सुखी च दुःखी ॥ ३५२ ॥

(ચૈતન્યના પ્રતિબિંબવાળો) આ જ (વિજ્ઞાનમય કોશ) જીવ-પણાના અભિમાનવાળો પુરુષ બધી દેહ-ઇંદ્રિયો વગેરે ઉપર અને ઘર વગેરે ઉપર 'હું-મારું' એવું સદા અભિમાન કરે છે; અને એ જ કર્તા, ભોક્તા, સુખી અને દુઃખી થાય છે. ૩૫૨

स्ववासनाप्रेरित एव नित्यं करोति कर्मोभयलक्षणं च।
भुंक्ते तदुत्पन्नफलं विशिष्टं सुखं च दुःखं च परत्र चात्र ॥ ३५३ ॥

પોતાની વાસનાથી પ્રેરાયેલો આ જ નિત્ય સારાં-નરસાં-બંને જાતનાં કર્મો કરે છે; અને તેથી ઊપજેલાં બંને જાતનાં ફળરૂપ-સુખ-દુઃખને આ લોકમાં ને પરલોકમાં ભોગવે છે. ૩૫૩

नानायोनिसहस्रेषु जायमानो मुहुर्मुहुः।
म्रियमाणो भ्रमत्येष जीवः संसारमंडले ॥ ३५४ ॥

આ જીવ અનેક હજારો યોનિયોમાં વારંવાર જન્મે છે, મરે છે ને સંસારચક્રમાં ભમે છે. ૩૫૪

## મનોમય કોશ

मनो मनोमयः कोशो भवेज्ज्ञानेन्द्रियैः सह।
प्राचुर्यं मनसो यत्र दृश्यतेऽसौ मनोमयः ॥ ३५५ ॥

મન, જ્ઞાનેંદ્રિયો સાથે મળી 'મનોમય કોશ' બને છે. એમાં મનની મુખ્યતા દેખાય છે તેથી એ મનોમય છે. ૩૫૫

चिंताविषादहर्षाद्याः कामाद्या अस्य वृत्तयः ।
मनुते मनसैवैष फलं कामयते बहिः ।
यतते कुरुते भुंक्ते तन्मनः सर्वकारणम् ॥ ३५६ ॥

ચિંતા, ખેદ, હર્ષ વગેરે અને ઇચ્છા–કામના વગેરે આ મનોમયની વૃત્તિઓ છે. આ મન વડે જ વિચાર કરે છે અથવા સંકલ્પ–વિકલ્પો કરે છે; અને પછી બહાર (તેનું) ફળ ઇચ્છે છે. આમ મન જ યત્ન કરે છે, કર્મ કરે છે અને તેનાં ફળ ભોગવે છે, તેથી સર્વનું કારણ એ જ છે. ૩૫૬

मनो ह्यमुष्य प्रणवस्य हेतुरंतर्बहिश्चार्थमनेन वेत्ति ।
शृणोति जिघ्रत्यमुनैव चेक्षते वक्ति स्पृशत्यत्ति करोति सर्वम् ॥ ३५७ ॥

મન જ આ જીવને અંદર ને બહાર દોરી જાય છે અને મન વડે જ સર્વ પદાર્થોને તે જાણે છે. વળી આ મનથી જ જીવ સાંભળે છે, સૂંઘે છે, જુએ છે, બોલે છે, અડકે છે, ખાય છે અને બધું કરે છે. ૩૫૭

बंधश्च मोक्षो मनसैव पुंसामर्थोऽप्यनर्थोऽप्यमुनैव सिध्यति ।
शुद्धेन मोक्षो मलिनेन बंधो विवेकतोऽथाऽप्यविवेकतोऽन्यः ॥ ३५८ ॥

મનને લીધે જ મનુષ્યોને બંધન અને મોક્ષ થાય છે; તેમ જ એ મનથી જ અર્થ અને અનર્થ પ્રાપ્ત થાય છે, શુદ્ધ મનથી વિવેક થતાં મોક્ષ થાય છે અને મલિન મનથી અવિવેક થતાં બંધન થાય છે. ૩૫૮

रजस्तमोभ्यां मलिनं त्वशुद्धमज्ञानजं सत्त्वगुणेन रिक्तम् ।
मनस्तमोदोषसमन्वितत्वाज्जडत्वमोहालसताप्रमादैः ।
तिरस्कृतं सन्न तु वेत्ति वास्तवं पदार्थतत्त्वं ह्युपलभ्यमानम् ॥ ३५९ ॥

रजोदोषैर्युक्तं यदि भवति विक्षेपकगुणैः
प्रतीपैः कामाद्यैरनिशमभिभूतं व्यथयति ।
कथंचित्सूक्ष्मार्थावगतिमदपि भ्राम्यति भृशं
मनोदीपो यद्वत्प्रबलमरुता ध्वस्तमहिमा ॥ ३६० ॥

આ મન સત્ત્વગુણથી રહિત થઈ કેવળ રજોગુણ અને તમોગુણથી યુક્ત બને છે, ત્યારે મલિન અને અશુદ્ધ થઈ કેવળ અજ્ઞાનથી જન્મેલું જ બની જાય છે. વળી, તમોગુણના દોષથી યુક્ત થવાને લીધે મન જડતા, મોહ, આળસ અને પ્રમાદથી તિરસ્કાર પામી સત્ વસ્તુને જાણતું નથી અને પદાર્થોનું વાસ્તવિક તત્ત્વ મળતું હોય છતાં સમજતું નથી. એ રીતે કેવળ રજોગુણના દોષોથી યુક્ત થાય છે, તો (સન્માર્ગથી) વિરુદ્ધ અને આડા-અવળા ખેંચી જતા-વિક્ષેપક ગુણો-કામ વગેરેથી પરાભવ પામીને મન જીવને હેરાન કરે છે. એ વેળા તે મનરૂપી દીવો સૂક્ષ્મ પદાર્થોનું જ્ઞાન કરાવનારો છે છતાં અતિશય ઝમવા લાગે છે અને કોઈ પ્રકારે તેનો મહિમા નાશ પામે છે; જેમ પ્રબળ વાયુથી દીવો ડોલવા લાગે છે અને તેનો મહિમા નાશ પામે છે. ૩૫૯,૩૬૦

ततो मुमुक्षुर्भवबंधमुक्त्यै रजस्तमोभ्यां च तदीयकार्यैः ।
वियोज्य चित्तं परिशुद्धसत्त्वं प्रियं प्रयत्नेन सदैव कुर्यात् ॥ ३६१ ॥

માટે મુમુક્ષુએ સંસારરૂપ બંધનથી છૂટી જવા સારુ મનને રજોગુણ, તમોગુણ અને તે બંનેનાં કાર્યોથી સદાકાળ છૂટું પાડી કાળજીપૂર્વક શુદ્ધ તે સત્ત્વગુણમય અને ઉપર જ પ્રીતિવાળું કરવું જોઈએ. ૩૬૧

गर्भावासजनिप्रणाशनजराव्याध्यादिषु प्राणिनां
यद्दुःखं परिदृश्यते च नरके तच्चिंतयित्वा मुहुः ।
दोषानेव विलोक्य सर्वविषयेष्वाशां विमुच्याभित-
श्चित्तग्रंथिविमोचनाय सुमतिः सत्त्वं समालंबताम् ॥ ३६२ ॥

સારી બુદ્ધિવાળા મનુષ્યે ગર્ભાવાસ, જન્મ, મૃત્યુ, ઘડપણ, રોગ વગેરેનો અને નરકમાં પ્રાણીઓને જે દુઃખ દેખાય છે, તેનો વારંવાર વિચાર કરવો; સર્વ વિષયો તરફ દોષો જ જોવા; અને સર્વ પ્રકારની આશાનો સંપૂર્ણ ત્યાગ કરવો. આટલું કર્યા પછી

ચિત્તરૂપી ગાંઠને છોડી નાખવા સત્ત્વગુણનો આશ્રય લેવો. ૩૬૨

यमेषु निरतो यस्तु नियमेषु च यत्नतः ।
विवेकिनस्तस्य चित्तं प्रसादमधिगच्छति ॥ ३६३ ॥

જે વિવેકી યમો તથા નિયમોમાં કાળજીથી તત્પર રહે છે, તેનું ચિત્ત પ્રસન્નતા( એટલે નિર્મળતા )ને પામે છે. ૩૬૩

आसुरीं संपदं त्यक्त्वा भजेद्यो दैवसंपदम् ।
मोक्षैककांक्षया नित्यं तस्य चित्तं प्रसीदति ॥ ३६४ ॥

જે મનુષ્ય આસુરી સંપત્તિનો ત્યાગ કરી કેવળ મોક્ષની ઇચ્છાથી દૈવી સંપત્તિને સેવે છે, તેનું ચિત્ત નિત્ય પ્રસન્ન (નિર્મળ) રહે છે. ૩૬૪

परद्रव्यपरद्रोहपरनिंदापरस्त्रियः ।
नालंबते मनो यस्य तस्य चित्तं प्रसीदति ॥ ३६५ ॥

પારકું દ્રવ્ય, પારકો દ્રોહ, પારકી નિંદા અને પારકી સ્ત્રીઓ તરફ જેનું મન જતું નથી, તેનું ચિત્ત નિર્મળ થાય છે.

आत्मवत्सर्वभूतेषु यः समत्वेन पश्यति ।
सुखं दुःखं विवेकेन तस्य चित्तं प्रसीदति ॥ ३६६ ॥

જે મનુષ્ય 'પોતાની પેઠે જ સર્વ પ્રાણીઓને સુખ–દુઃખ સરખાં થાય છે' એમ વિવેકથી જુએ છે, તેનું ચિત્ત નિર્મળ થાય છે. ૩૬૬

अत्यंतं श्रद्धया भक्त्या गुरुमीश्वरमात्मनि ।
यो भजत्यनिशं क्षांतस्तस्य चित्तं प्रसीदति ॥ ३६७ ॥

જે મનુષ્ય અત્યંત શ્રદ્ધા અને ભક્તિથી ગુરુનું તથા ઈશ્વરનું આત્મસ્વરૂપે, નિરંતર ભજન કરે છે અને નિત્ય ક્ષમા-ગુણવાળો હોય છે, તેનું ચિત્ત નિર્મળ થાય છે. ૩૬૭

शिष्टान्नमीशार्चनमार्यसेवां तीर्थाटनं स्वाश्रमधर्मनिष्ठाम् ।
यमानुषक्तिं नियमानुवृत्तिं चित्तप्रसादाय वदन्ति तज्ज्ञाः ॥ ३६८ ॥

સજ્જન લોકોનું અન્ન, ઈશ્વરનું પૂજન, આર્ય ( શ્રેષ્ઠ )

પુરુષોની સેવા, તીર્થાટન, પોતાના આશ્રમધર્મમાં નિષ્ઠા, [1]યમમાં આસક્તિ અને [2]નિયમનું અનુસરણ–આટલાં ચિત્તને નિર્મળ કરનારાં છે, એમ તેના અનુભવી–વિદ્વાનો કહે છે. ૩૬૮

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनाम् ।
पूतिपर्युषितादीनां त्यागः सत्त्वाय कल्पते ॥ ३६९ ॥

કડવા, ખાટા, ખારા, અતિ ગરમ, તીખા, લૂખા, અત્યંત દાહ કરનારા, દુર્ગંધી અને વાસી પદાર્થોનો ત્યાગ સત્ત્વગુણને ઉત્પન્ન કરવા સમર્થ થાય છે. ૩૬૯

श्रुत्या सत्त्वपुराणानां सेवया सत्त्ववस्तुनः ।
अनुवृत्त्या च साधूनां सत्त्ववृत्तिः प्रजायते ॥ ३७० ॥

સાત્ત્વિક પુરાણો સાંભળવાથી, સાત્ત્વિક વસ્તુ સેવવાથી અને સજ્જનોને અનુસરવાથી, સત્ત્વગુણવાળી વૃત્તિ ઊપજે છે. ૩૭૦

यस्य चित्तं निर्विषयं हृदयं यस्य शीतलम् ।
तस्य मित्रं जगत्सर्वं तस्य मुक्तिः करस्थिता ॥ ३७१ ॥

જેનું ચિત્ત વિષયોરહિત હોય અને જેનું હૃદય શીતલ-શાંત હોય, તેનું સર્વ જગત મિત્ર બને છે; અને મુક્તિ તેની હથેળીમાં જ રહે છે. ૩૭૧

हितपरिमितभोजी नित्यमेकान्तसेवी
सकृदुचितहितोक्तिः स्वल्पनिद्राविहारः ।
अनुनियमनशीलो यो भजत्युक्तकाले
स लभत इह शीघ्रं साधु चित्तप्रसादम् ॥ ३७२ ॥

જે મનુષ્ય હિતકારક પ્રમાણસર ભોજન કરે, નિત્ય એકાંત સેવે, એક જ વાર યોગ્ય હિત વચન બોલે, અતિ અલ્પ નિદ્રા અને વિહાર કરે, દરેક નિયમો બરાબર પાળે અને જે કાળે જે કરવાનું કહ્યું છે તે બરાબર કરે, તે આ લોકમાં જલદી ઉત્તમ

૧–૨ યમના તથા નિયમના સ્વરૂપ માટે 'અપરોક્ષાનુભૂતિ' ગ્રંથના ૧૦૪ અને ૧૦૫ મા શ્લોકમાં જોવું.

પ્રકારની ચિત્તની નિર્મળતાને પામે છે. ૩૭૨

चित्तप्रसादेन विनावगन्तुं बंधं न शक्नोति परात्मतत्त्वम् ।
तत्त्वावगत्या तु विना विमुक्तिर्न सिध्यति ब्रह्मसहस्रकोटिषु ॥ ३७३ ॥

ચિત્તની નિર્મળતા વિના બંધનને કે પરમાત્મારૂપ તત્ત્વને મનુષ્ય જાણી શકતો નથી; અને એ તત્ત્વના જ્ઞાન વિના બ્રાહ્મણ તરીકેના હજારો કે કરોડો જન્મે પણ મુક્તિ મળતી નથી.

मनःप्रसादः पुरुषस्य बंधो मनःप्रसादो भवबन्धमुक्तिः ।
मनःप्रसादाधिगमाय तस्मान्मनोनिरासं विदधीत विद्वान् ॥ ३७४ ॥

મનની પ્રસન્નતા ( એટલે વિષયો ઉપરની પ્રીતિ) એ મનુષ્યને બંધનરૂપ છે; અને મનની પ્રસન્નતા ( એટલે વિષય ઉપરના વૈરાગ્યવાળી નિર્ગુણ સ્થિતિ ) એ સંસારરૂપ બંધનથી છોડાવનાર-મુક્તિ છે; માટે એવી માનસિક પ્રસન્નતા મેળવવાને વિદ્વાન મનુષ્યે ( વિષયવાસનાથી યુક્ત ) મનનો ત્યાગ કરવો જોઈએ. ૩૭૪

પાંચ કર્મેન્દ્રિયો અને તેની ઉત્પત્તિ

पंचानामेव भूतानां रजोंशेभ्योऽभवन्क्रमात् ।
वाक्पाणिपादपायूपस्थानि कर्मेन्द्रियाण्यनु ॥ ३७५ ॥

પાંચ ભૂતોના જ રજોગુણના અંશોથી અનુક્રમે વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ-ગુહ્યેંદ્રિય—આ પાંચ કર્મેંદ્રિયો ઉત્પન્ન થઈ છે. ૩૭૫

પાંચ—વાયુ અને તેની ઉત્પત્તિ

समस्तेभ्यो रजोंशेभ्यो व्योमादीनां क्रियात्मकाः ।
प्राणादयः समुत्पन्नाः पंचाप्यांतरवायवः ॥ ३७६ ॥

આકાશ વગેરે ભૂતોના સમસ્ત રજોગુણના અંશોથી ક્રિયાસ્વરૂપ પ્રાણ વગેરે ( વાયુઓ ) ઉત્પન્ન થયા છે. એ પાંચે (શરીરની ) અંદરના વાયુઓ છે. ૩૭૬

प्राणः प्राग्गमनेन स्यादपानोऽवाग्गमनेन च ।
व्यानस्तु विष्वग्गमनादुत्क्रान्त्योदान इष्यते ॥ ३७७ ॥

अशिताश्नरसादीनां समीकरणधर्मतः ।
समान इत्यभिप्रेतो वायुर्यस्तेषु पंचमः ॥ ३७८ ॥

(શરીરમાં) પૂર્વ તરફ જાય છે, તે પ્રાણ છે; દક્ષિણ તરફ જાય છે, અપાન છે; ચારે બાજુ જાય છે, તે વ્યાન છે; ઊંચે જાય છે, તે ઉદાન છે; અને ખાધેલા અન્નના રસ વગેરેને એકસરખા કરનારો છે, તેને સમાન વાયુ કહ્યો છે, આ તે વાયુઓમાં પાંચમો છે. ૩૭૭,૩૭૮

क्रियैव दिश्यते प्रायः प्राणकर्मेन्द्रियेष्वलम् ।
ततस्तेषां रजोंशेभ्यो जनिरंगीकृता बुधैः ॥ ३७९ ॥

આ પ્રાણાદિ વાયુઓમાં તથા કર્મેન્દ્રિયોમાં વધારે પ્રમાણમાં લગભગ ક્રિયા જ દેખાય છે, વિદ્વાનોએ તેઓની ઉત્પત્તિ રજોગુણના અંશોથી સ્વીકારી છે. ૩૭૯

राजसीं तु क्रियाशक्तिं तमःशक्तिं जडात्मिकाम् ।
प्रकाशरूपिणीं सत्त्वशक्तिं प्राहुर्महर्षयः ॥ ३८० ॥

મહર્ષિઓ કહે છે, કે ક્રિયાશક્તિ રજોગુણી હોય છે, તમોગુણની શક્તિ જડરૂપ હોય છે અને સત્ત્વગુણની શક્તિ પ્રકાશરૂપ હોય છે. ૩૮૦

પ્રાણમય કોશ

एते प्राणादयः पंच पंचकर्मेन्द्रियैः सह ।
भवेत्प्राणमयः कोशः स्थूलो येनैव चेष्टते ॥ ३८१ ॥

આ પ્રાણ વગેરે પાંચ, પાંચે કર્મેન્દ્રિયો સાથે મળી પ્રાણમય કોશ બને છે. એ સ્થૂલ છે, જેને લીધે જ પ્રાણી ચેષ્ટા કરે છે. ૩૮૧

यद्यन्निष्पाद्यते कर्म पुण्यं वा पापमेव वा ।
वागादिभिश्च वपुषा तत्प्राणमयकर्तृकम् ॥ ३८२ ॥

વાણી વગેરેથી અને શરીરથી જે જે પુણ્ય કે પાપકર્મ કરવામાં આવે છે, તેમાં 'પ્રાણમય કોશ' કર્તા છે. ૩૮૨

वायुनोश्चालितो वृक्षो नानारूपेण चेष्टते ।
तस्मिन्विनिश्चले सोऽपि निश्चलः स्याद्यथा तथा ॥ ३८३ ॥
प्राणकर्मेन्द्रियैर्देहः प्रेर्यमाणः प्रवर्तते ।
नानाक्रियासु सर्वत्र विहिताविहितादिषु ॥ ३८४ ॥

જેમ વાયુએ ડોલાવેલું ઝાડ અનેક બાજુ ડોલે છે, પણ એ વાયુ જો સ્થિર હોય છે તો ઝાડ પણ સ્થિર જ હોય છે, તેમ પ્રાણ અને કર્મેંદ્રિયો પ્રેરણા કરે ત્યારે જ શરીર, શાસ્ત્રે કહેલી અને નહિ કહેલી અનેક જાતની સર્વ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરે છે. ૩૮૩,૩૮૪

સમષ્ટિ લિંગશરીર

હિરણ્યગર્ભ, સૂત્રાત્મા અથવા પ્રાણ

कोशत्रयं मिलित्वैतद्वपुः स्यात्सूक्ष्ममात्मनः ।
अतिसूक्ष्मतया लीनस्यात्मनो गमकत्वतः ॥ ३८५ ॥
लिंगमित्युच्यते स्थूलापेक्षया सूक्ष्ममिष्यते ।
सर्वं लिंगवपुर्जातमेकधीविषयत्वतः ॥ ३८६ ॥
समष्टिः स्यात्तरुगणः सामान्येन वनं यथा ।
एतत्समष्ट्युपहितं चैतन्यं सफलं जगुः ॥ ३८७ ॥
हिरण्यगर्भः सूत्रात्मा प्राण इत्यपि पण्डिताः ।
हिरण्मये बुद्धिगर्भे प्रचकास्ति हिरण्यवत् ॥ ३८८ ॥
हिरण्यगर्भ इत्यस्य व्यपदेशस्ततो मतः ।
समस्तलिंगदेहेषु सूत्रवन्मणिपंक्तिषु ।
व्याप्य स्थितत्वात्सूत्रात्मा प्राणनात्प्राण उच्यते ॥ ३८९ ॥

(ઉપર જણાવેલા) ત્રણ કોશ મળીને સૂક્ષ્મ શરીર બને છે; તે અતિસૂક્ષ્મરૂપે રહેલા આત્માને જણાવનાર છે તેથી 'લિંગ' શરીર પણ કહેવાય છે; અને સ્થૂલશરીર કરતાં સૂક્ષ્મ ગણાય છે. જેમ સર્વ વૃક્ષોનો સમુદાય સામાન્ય રૂપે 'વન' કહેવાય છે, તેમ સર્વ લિંગશરીરોનો સમુદાય સામાન્યરૂપે એક જ જ્ઞાનનો

વિષય થતાં 'સમષ્ટિ લિંગશરીર' કહેવાય છે; એ સમષ્ટિ લિંગ-શરીરરૂપ ઉપાધિવાળું જે ચૈતન્ય છે, તેને 'સકલ' કહે છે અને એને જ પંડિતો 'હિરણ્યગર્ભ, સૂત્રાત્મા તથા પ્રાણ' પણ કહે છે. પ્રકાશમય બુદ્ધિના મધ્ય ભાગમાં હિરણ્ય( સુવર્ણ )ની પેઠે એ પ્રકાશે છે, માટે એને 'હિરણ્યગર્ભ' કહે છે; તેમ જ મણકાની પંક્તિમાં ( સૂત્ર ) દોરાની પેઠે સમસ્ત લિંગશરીરોમાં વ્યાપીને તે રહેલ છે, તેથી એને 'સૂત્રાત્મા' કહે છે; અને સર્વને જીવાડે છે તેથી એ 'પ્રાણ' કહેવાય છે. ૩૮૫-૩૮૯

વ્યષ્ટિ લિંગશરીર અને તૈજસ

नैकधीविषयत्वेन लिंगं व्यष्टिर्भवत्यथ ।
यदेतद्व्यष्ट्युपहितं चिदाभाससमन्वितम् ॥ ३९० ॥
चैतन्यं तैजस इति निगदन्ति मनीषिणः ।
तेजोमयान्तःकरणोपाधित्वेनैष तैजसः ॥ ३९१ ॥

છૂટાં છૂટાં અનેક જ્ઞાનનું વિષય થતાં એ જ લિંગશરીર 'વ્યષ્ટિ' રૂપે થાય છે. એ 'વ્યષ્ટિ' લિંગશરીરરૂપ ઉપાધિવાળાં અને ચૈતન્યના આભાસથી યુક્ત ચૈતન્યને વિદ્વાનો 'તૈજસ' એ નામે કહે છે. એ તેજોમય-અંતઃકરણરૂપ ઉપાધિથી યુક્ત છે, તેથી જ એને 'તૈજસ' કહે છે, ૩૯૦,૩૯૧

स्थूलात्सूक्ष्मतया व्यष्टिरस्य सूक्ष्मवपुर्मतम् ।
अस्य जागरसंस्कारमयत्वाद्वपुरुच्यते ॥ ३९२ ॥

આ તૈજસનું શરીર સ્થૂલ શરીર કરતાં અત્યંત સૂક્ષ્મ હોય છે; એના એ શરીરને જ 'વ્યષ્ટિ' સૂક્ષ્મ શરીર માન્યું છે; અને તૈજસ, જાગ્રત અવસ્થાના સંસ્કારોમય હોય છે તેથી જ એનું એ શરીર કહેવાય છે. ૩૯૨

स्वप्ने जागरकालीनवासनापरिकल्पितान् ।
तैजसो विषयान्भुंक्ते सूक्ष्मार्थान्सूक्ष्मवृत्तिभिः ॥ ३९३ ॥

વળી એ તૈજસ, સ્વપ્નમાં જાગ્રત અવસ્થાની વાસનાઓએ

કલ્પી કાઢેલા સૂક્ષ્મ પદાર્થોરૂપી વિષયોને (અંતઃકરણની) સૂક્ષ્મ વૃત્તિઓદ્વારા ભોગવે છે. ૩૯૩

समष्टेरपि च व्यष्टेः सामान्येनैव पूर्ववत् ।
अभेद एव ज्ञातव्यो जात्यैकत्वे कुतो भिदा ॥ ३९४ ॥

(ઉપર દર્શાવેલાં) સમષ્ટિ તથા વ્યષ્ટિ લિંગશરીરો સમાન જ છે, તેથી પૂર્વની પેઠે તેઓનો અભેદ જ સમજવો; કારણ કે જેની જાત એક જ હોય તેમાં ભેદ ક્યાંથી હોય? ૩૯૪

द्वयोरुपाध्योरेकत्वे तयोरप्यभिमानिनोः ।
सूत्रात्मनस्तैजसस्याप्यभेदः पूर्ववन्मतः ॥ ३९५ ॥

એમ એ સમષ્ટિ તથા વ્યષ્ટિ-લિંગશરીરરૂપ બન્ને ઉપાધિ એક જ છે, તેથી એ બન્નેના અભિમાની સૂત્રાત્મા તથા તૈજસને પણ પૂર્વની પેઠે એક જ માન્યા છે. ૩૯૫

### સ્થૂલ પ્રપંચ

एवं सूक्ष्मप्रपंचस्य प्रकारः शास्त्रसंमतः ।
अथ स्थूलप्रपंचस्य प्रकारः कथ्यते शृणु ॥ ३९६ ॥

એ રીતે શાસ્ત્રોથી સંમત સૂક્ષ્મપ્રપંચનો પ્રકાર કહ્યો; હવે સ્થૂલ પ્રપંચનો પ્રકાર કહેવાય છે, તે સાંભળ. ૩૯૬

तान्येव सूक्ष्मभूतानि व्योमादीनि परस्परम् ।
पंचीकृतानि स्थूलानि भवन्ति शृणु तत्क्रमम् ॥ ३९७ ॥

એ જ આકાશાદિ સૂક્ષ્મ ભૂતો પરસ્પર (મળી) પંચીકૃત સ્થૂલ ભૂતો બને છે, તેનો ક્રમ તું સાંભળ. ૩૯૭

### પંચીકરણ અને સ્થૂલભૂતો

खादीनां भूतमेकैकं सममेव द्विधा द्विधा ।
विभज्य भागं तत्राद्यं त्यक्त्वा भागं द्वितीयकम् ॥ ३९८ ॥
चतुर्धा सुविभज्याथ तमेकैकं विनिक्षिपेत् ।
चतुर्णां प्रथमे भागे क्रमेण स्वार्धमंतरा ॥ ३९९ ॥
ततो व्योमादिभूतानां भागाः पंच भवन्ति ते ।
स्वस्वार्धभागेनान्येभ्यः प्राप्तं भागचतुष्टयम् ॥ ४०० ॥

संयोज्य स्थूलतां यान्ति व्योमादीनि यथाक्रमम् ।
अमुष्य पंचीकरणस्याप्रामाण्यं न शंक्यताम् ॥ ४०१ ॥
उपलक्षणमस्यापि तत्त्रिवृत्करणश्रुतिः ।

આકાશ વગેરે ભૂતોમાંના પ્રત્યેક ભૂતને સરખા બે બે ભાગે કરવું; પછી તેઓના પ્રથમ અર્ધ ભાગને છોડી દઈ બીજા અર્ધભાગના ચાર ચાર ભાગ કરવા; તે ચાર ચાર ભાગમાંથી એક એક ભાગને પોતપોતાના અર્ધા ભાગ સિવાયના પ્રથમ જુદા રાખી મૂકેલા એક એક અર્ધા ભાગમાં અનુક્રમે ઉમેરવા. આમ કરવાથી આકાશાદિ પાંચે ભૂતોના તે પાંચ પાંચ ભાગો બને છે; અને પોતપોતાના અર્ધા ભાગ સિવાયના બીજા (ચાર ભૂતોના) ચાર ભાગો પોતાને જે મળ્યા હોય છે, તેઓ સાથે જોડાઈને અનુક્રમે તે આકાશાદિ ભૂતો સ્થૂલપણાને પામે છે (આનું નામ પંચીકરણ કહેવાય છે.) આ પંચીકરણ પ્રામાણિક નથી એમ શંકા ન કરવી; કારણ કે ત્રિવૃત્કરણની પ્રસિદ્ધ શ્રુતિ આ પંચી-કરણને જ જણાવે છે. ૩૯૮-૪૦૧

पंचानामपि भूतानां श्रूयतेऽन्यत्र संभवः ॥ ४०२ ॥
ततः प्रामाणिकं पंचीकरणं मन्यतां बुधैः ।
प्रत्यक्षादिविरोधः स्यादन्यथा क्रियते यदि ॥ ४०३ ॥

વળી (આ રીતે પંચીકૃત બનેલાં) પાંચે ભૂતોની ઉત્પત્તિ બીજી શ્રુતિઓમાં પણ સંભળાય છે, તેથી વિદ્વાનોએ આ પંચીકરણને પ્રામાણિક જ માનવું; અને આ જો બીજી રીતે કરવામાં આવે, તો પ્રત્યક્ષ આદિ પ્રમાણ સાથે પણ વિરોધ આવે, ૪૦૨,૪૦૩

आकाशवाय्वोर्धर्मस्तु वह्न्यादावुपलभ्यते ।
यथा तथाकाशवाय्वोर्नाग्न्यादेर्धर्म ईक्ष्यते ॥ ४०४ ॥
अतोऽप्रामाणिकमिति न किंचिदपि चिंत्यताम् ।
तांशव्याप्तिश्च व्याप्तिर्विद्यते पावकादिषु ॥ ४०५ ॥

तेनोपलभ्यते शब्दः कारणस्यातिरेकतः ।
तथा नभस्वतो धर्मोऽप्यग्न्यादावुपलभ्यते ॥ ४०६ ॥
न तथा विद्यते व्याप्तिर्वह्न्यादेः खनभस्वतोः ।
सूक्ष्मत्वादंशकव्याप्तेरतद्धर्मो नोपलभ्यते ॥ ४०७ ॥

કારણ કે આકાશ અને વાયુનો ધર્મ અગ્નિ વગેરેમાં જેવો જણાય છે, તેવો આકાશમાં ને વાયુમાં અગ્નિ વગેરેનો ધર્મ દેખાતો નથી; માટે 'આ પંચીકરણ અપ્રામાણિક છે' એમ લગારે વિચાર કરવો નહિ. વળી અગ્નિ વગેરેમાં આકાશના અંશોનું વ્યાપવું છે, તેથી જ તેઓમાં આકાશ(પોલાણ)નું વ્યાપવું જણાય છે; તેમ જ કારણ(આકાશ)ની અધિકતા હોવાથી તેઓમાં શબ્દ પણ જણાય છે. એ જ પ્રમાણે વાયુનો ધર્મ પણ અગ્નિ વગેરેમાં જણાય છે; પરંતુ આકાશ અને વાયુમાં અગ્નિ વગેરેનું વ્યાપવું તેટલા પ્રમાણમાં જણાતું નથી; તોપણ સૂક્ષ્મરૂપે અંશોની વ્યાપ્તિ હોવાથી તેનો ધર્મ નથી જણાતો એમ પણ નથી. ૪૦૪–૪૦૭

कारणस्यानुरूपेण कार्यं सर्वत्र दृश्यते ।
तस्मात्प्रामाण्यमेष्टव्यं बुधैः पंचीकृतेरपि ॥ ४०८ ॥

વળી બધે ઠેકાણે કારણને અનુસરીને કાર્ય જોવામાં આવે છે; માટે વિદ્વાનોએ પંચીકરણને પણ પ્રમાણ જ માનવું. ૪૦૮

अनेनोद्भूतगुणकं भूतं वक्ष्येऽवधारय ।
शब्दैकगुणमाकाशं शब्दस्पर्शगुणोऽनिलः ॥ ४०९ ॥
तेजःशब्दस्पर्शरूपैर्गुणवत्कारणं क्रमात् ।
आपश्चतुर्गुणः शब्दस्पर्शरूपरसैः क्रमात् ॥ ४१० ॥
एतैश्चतुर्भिर्गंधेन सह पंचगुणा मही ।
आकाशांशतया श्रोत्रं शब्दं गृह्णाति तद्गुणम् ॥ ४११ ॥
त्वङ्मारुतांशकतया स्पर्शं गृह्णाति तद्गुणम् ।
तेजोंशकतया चक्षू रूपं गृह्णाति तद्गुणम् ॥ ४१२ ॥
अबंशकतया जिह्वा रसं गृह्णाति तद्गुणम् ।
भूम्यंशकतया घ्राणं गंधं गृह्णाति तद्गुणम् ॥ ४१३ ॥

આ પંચીકરણને અનુસરીને જ દરેક ભૂતોમાં ગુણો ઉત્પન્ન થયા છે તે હું કહું છું, સાંભળ. આકાશમાં એકલો શબ્દ ગુણ છે; વાયુમાં શબ્દ ને સ્પર્શ બે ગુણ છે; તેજમાં શબ્દ, સ્પર્શ અને રૂપ ત્રણ ગુણો છે; એ ગુણોવાળું કારણ અનુક્રમે તેમાં છે; જળમાં શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર ગુણો અનુક્રમે (તે તે કારણોના) રહેલા છે અને પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ-એ પાંચે ગુણો છે.

### જ્ઞાનેંદ્રિયો અને તેઓનું કામ

શ્રોત્રઇંદ્રિય આકાશનો અંશ છે તેથી તેના ગુણ શબ્દને ગ્રહણ કરે છે; ત્વચાઇંદ્રિય વાયુનો અંશ છે તેથી તેના ગુણ સ્પર્શને ગ્રહણ કરે છે; ચક્ષુઇંદ્રિય તેજનો અંશ છે તેથી તેના ગુણ રૂપને ગ્રહણ કરે છે; જિહ્વાઇંદ્રિય જળનો અંશ છે તેથી તેના ગુણ રસને ગ્રહણ કરે છે અને ઘ્રાણઇંદ્રિય પૃથ્વીનો અંશ છે તેથી તેના ગુણ ગંધને ગ્રહણ કરે છે. ૪૦૯-૪૧૩

### કર્મેંદ્રિયો અને તેઓનું કામ

करोति खांशकतया वाक्शब्दोच्चारणक्रियाम् ।
वाय्वंशकतया पादौ गमनादिक्रियापरौ ॥ ४१४ ॥
तेजोंशकतया पाणी वह्नयाद्यर्चनतत्परौ ।
जलांशकतयोपस्थो रेतोमूत्रविसर्गकृत् ॥ ४१५ ॥
भूम्यंशकतया पायुः कठिनं मलमुत्सृजेत् ।
श्रोत्रस्य दैवतं दिक्स्यात्त्वचो वायुर्दृशो रविः ॥ ४१६ ॥
जिह्वाया वरुणो दैवं घ्राणस्य त्वश्विनावुभौ ।
वाचोऽग्निर्हस्तयोरिंद्रः पादयोस्तु त्रिविक्रमः ॥ ४१७ ॥
पायोर्मृत्युरुपस्थस्य त्वधिदैवं प्रजापतिः ।
मनसो दैवतं चंद्रो बुद्धेर्दैवं बृहस्पतिः ॥ ४१८ ॥
रुद्रस्त्वहंकृतेर्दैवं क्षेत्रज्ञश्चित्तदैवतम् ।
दिगाद्या देवताः सर्वाः खादिसत्त्वांशसंभवाः ॥ ४१९ ॥

એ જ પ્રમાણે વાણી આકાશનો અંશ છે તેથી શબ્દના ઉચ્ચારરૂપ ક્રિયાને કરે છે; બન્ને પગ વાયુના અંશ છે તેથી જવું-આવવું-ક્રિયા કરે છે; બન્ને હાથ તેજના અંશ છે તેથી અગ્નિ વગેરેની પૂજામાં તત્પર બને છે; ગુહ્ય ઇંદ્રિય જળનો અંશ છે તેથી વીર્ય અને મૂત્રને બહાર કાઢે છે; અને ગુદા પૃથ્વીનો અંશ છે તેથી કઠણ મળને બહાર કાઢે છે.

ઇંદ્રિયોના દેવો

શ્રોત્રેંદ્રિયનો દેવ દિશા છે; ત્વચાઇંદ્રિયનો દેવ વાયુ છે; ચક્ષુઇંદ્રિયનો દેવ સૂર્ય છે; જિહ્‌વાઇંદ્રિયનો દેવ વરુણ છે; ઘ્રાણેંદ્રિયના દેવ બે અશ્વિનીકુમારો છે; વાણીનો દેવ અગ્નિ છે; હાથનો દેવ ઇંદ્ર છે; પગના દેવ વિષ્ણુ છે; ગુદાનો દેવ મૃત્યુ છે; ગુહ્યેંદ્રિયના દેવ પ્રજાપતિ છે; મનનો દેવ ચંદ્ર છે; બુદ્ધિનો દેવ બૃહસ્પતિ છે; અહંકારનો દેવ રુદ્ર છે અને ચિત્તનો દેવ ક્ષેત્રજ્ઞ (જીવ) છે; આ બધા દિશા વગેરે દેવો આકાશ વગેરેના સત્ત્વગુણના અંશોમાંથી ઉત્પન્ન થાય છે. ૪૧૪–૪૧૯

**संमिता इंद्रियस्थानेष्विन्विन्द्रियाणां समततः ।**
**निगृह्णन्त्यनुगृह्णन्ति प्राणिकर्मानुरूपतः ॥ ४२० ॥**

આ ઇંદ્રિયોના દેવો ઇંદ્રિયોનાં સ્થાનોમાં તે તે ઇંદ્રિયોની સાથે રહે છે અને પ્રાણીઓનાં કર્મો પ્રમાણે ઇંદ્રિયોનો નિગ્રહ કરે છે અને અનુગ્રહ કરે છે. (અર્થાત્ વિષયોમાંથી ઇંદ્રિયોને વાળે છે અને તે તરફ પ્રેરે છે.) ૪૨૦

**शरीरं करणग्रामा प्राणाहमधिदेवताः ।**
**पंचैते हेतवः प्रोक्ता निष्पत्तौ सर्वकर्मणाम् ॥ ४२१ ॥**

શરીર, ઇંદ્રિયો, વિષયો, પ્રાણયુક્ત અહંકાર અને તેઓના દેવો–આ પાંચને સર્વ કર્મોની સિદ્ધિમાં કારણ કહ્યાં છે. ૪૨૧

આત્માનું સ્વરૂપ

कर्मानुरूपेण गुणोदयो भवेद्गुणानुरूपेण मनःप्रवृत्तिः ।
मनोनुवृत्तैरुभयात्मकेन्द्रियैर्निवर्त्यते पुण्यमपुण्यमत्र ॥ ४२२ ॥

કર્મોને અનુસરીને ગુણોનો ઉદય થાય છે; ગુણોને અનુસરીને મનની પ્રવૃત્તિ થાય છે; અને મનને અનુસરીને બંને પ્રકારની ઈંદ્રિયો આ લોકમાં પુણ્ય તથા પાપ કરે છે. ૪૨૨

करोति विज्ञानमयोऽभिमानं
कर्ताहमेवेति तदात्मना स्थितः ।
आत्मा तु साक्षी न करोति किंचि-
न्न कारयत्येव तटस्थवत्सदा ॥ ४२३ ॥

વિજ્ઞાનમય કોશ 'હું કર્તા છું' એવું અભિમાન કરે છે અને તે રૂપે રહ્યો છે. આત્મા તો સાક્ષી જ છે. એ કંઈ કરતો નથી અને કરાવતો પણ નથી. એ તો સદા તટસ્થ જેવો છે. ૪૨૩

द्रष्टा श्रोता वक्ता कर्ता भोक्ता भवत्यहंकारः ।
स्वयमेतद्विकृतीनां साक्षी निर्लेप एवात्मा ॥ ४२४ ॥

જોનાર, સાંભળનાર, બોલનાર, કરનાર અને ભોગવનાર અહંકાર જ છે. આત્મા પોતે તો આ વિકારોનો સાક્ષી અને નિર્લેપ જ છે. ૪૨૪

आत्मनः साक्षिमात्रत्वं न कर्तृत्वं न भोक्तृता ।
रविवत्प्राणिभिर्लोके क्रियमाणेषु कर्मसु ॥ ४२५ ॥
न ह्यर्कः कुरुते कर्म न कारयति जंतवः ।
स्वस्वभावानुरोधेन वर्तन्ते स्वस्वकर्मसु ॥ ४२६ ॥

આત્મા માત્ર સાક્ષી જ છે; તે કર્તા નથી કે ભોક્તા પણ નથી; જેમ લોકમાં પ્રાણીઓ કર્મો કરે છે, તેમાં સૂર્ય કેવળ સાક્ષી જ છે; તે કંઈ કરતો નથી અને ભોગવતો પણ નથી. પોતપોતાના સ્વભાવને અનુસરીને પ્રાણીઓ પોતપોતાનાં કર્મોમાં લાગ્યા કરે છે; તેમાં સૂર્ય કંઈ કરતો નથી કે કરાવતો પણ નથી. ૪૨૫,૪૨૬

तथैव प्रत्यगात्मापि रविवन्निष्क्रियात्मना ।
उदासीनतयैवास्ते देहादीनां प्रवृत्तिषु ॥ ४२७ ॥

એ જ રીતે પ્રત્યગાત્મા પણ દેહ આદિની પ્રવૃત્તિમાં સૂર્યની પેઠે નિષ્ક્રિય સ્વરૂપે અને ઉદાસીન ભાવે જ રહે છે. ૪૨૭

अज्ञात्वैवं परं तत्त्वं मायामोहितचेतसः ।
स्वात्मन्यारोपयन्त्येतत्कर्तृत्वाद्यन्यगोचरम् ॥ ४२८ ॥

આમ પરમ તત્ત્વને ન સમજીને માયાથી મોહિત મનવાળા લોકો, પોતાના આત્મામાં જ આ કર્તાપણું વગેરે માની બેસે છે. ખરી રીતે એ (દેહ આદિ) બીજામાં જ રહેલું છે.

आत्मस्वरूपमविचार्य विमूढबुद्धिरारोपयत्यखिलमेतदनात्मकार्यम् ।
स्वात्मन्यसंगचितिनिष्क्रिय एव चन्द्रे दूरस्थमेघकृतधावनवत्क्रमेण ॥

જેમ ચંદ્રથી દૂર રહેલાં વાદળાં જ (પવનને લીધે) દોડે છે, છતાં મૂઢબુદ્ધિ મનુષ્ય, ભ્રાંતિને લીધે વાદળાંનું દોડવું ચંદ્ર વિષે માની બેસે છે (ચંદ્ર જ દોડે છે એમ માની લે છે), તેમ પોતાનો આત્મા સંગરહિત, ચેતનરૂપ અને ક્રિયારહિત જ છે છતાં એ આત્મસ્વરૂપનો વિચાર નહિ કરીને મૂઢબુદ્ધિ મનુષ્ય એ આત્મામાં અનાત્મા–દેહાદિનાં આ બધાં કાર્ય માની બેસે છે. (આત્મા જ બધું કરે છે, એમ મિથ્યા માની લે છે.) ૪૨૯

જગતની ઉત્પત્તિનો પ્રકાર

आत्मानात्मविवेकं स्फुटतरमग्रे निवेदयिष्यामः ।
इममाकर्णय विद्वञ्जगदुत्पत्तिप्रकारमावृत्त्या ॥ ४३० ॥

હે વિદ્વાન! આત્મા અને અનાત્માનો વિવેક આગળ જતાં અતિ સ્પષ્ટ જણાવવામાં આવશે; પણ હજી આ જગતની ઉત્પત્તિનો પ્રકાર તું ફરી સાંભળ. ૪૩૦

पंचीकृतेभ्यः खादिभ्यो भूतेभ्यस्त्वीक्षयेशितुः ।
समुत्पन्नमिदं स्थूलं ब्रह्मांडं सचराचरम् ॥ ४३१ ॥

ઈશ્વરના જેવાથી (હું સૃષ્ટિ રચું એવા વિચારથી) આકા-

શાદિ (સૂક્ષ્મ) ભૂતો (ઉત્પન્ન થઈ પૂર્વોક્ત રીતિએ અન્યોન્ય સાથે મળીને) પંચીકૃત બન્યાં છે; તેઓમાંથી સ્થાવર-જંગમ સહિત આ સ્થૂલ બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે. ૪૩૧

ચાર પ્રકારનાં પ્રાણીઓ અને તેઓનું અન્ન

व्रीह्याद्योषधयः सर्वा वायुर्तेजोंबुभूमयः ।
सर्वेषामप्यभूदन्नं चतुर्विधशरीरिणाम् ॥ ४३२ ॥

ડાંગર વગેરે સર્વ ઔષધિ વાયુ, તેજ, પાણી અને પૃથ્વી-રૂપજ છે. તે ચાર પ્રકારનાં સર્વ પ્રાણીઓનું અન્ન છે. ૪૩૨

केचिन्मारुतभोजनाः खलु परे चंद्रार्कतेजोशनाः
केचित्तोयकणाशिनोऽपरिमिताः केचित्तु मृद्भक्षकाः ।
केचित्पर्णशिलातृणादनपराः केचित्तु मांसाशिनः ।
केचिद्व्रीहियवान्नभोजनपरा जीवन्त्यमी जंतवः ॥ ४३३ ॥

કેટલાંક પ્રાણીઓ વાયુનો આહાર કરી જીવે છે; બીજાં કેટલાંક ચંદ્ર તથા સૂર્યના તેજનો આહાર કરી જીવે છે; કેટલાંક પાણીના કણો ખાઈ જીવે છે; કેટલાંક અસંખ્ય પ્રાણીઓ તો માટી ખાઈને જ જીવે છે; કેટલાંક પાંદડાં, પથ્થર અને ઘાસ ખાવામાં તત્પર રહી જીવે છે; કેટલાંક તો માંસ ખાઈ જીવે છે; અને કેટલાંક ડાંગર, જવ આદિ અન્ન ખાવામાં તત્પર રહી જીવી રહ્યાં છે. ૪૩૩

जरायुजांडजस्वेदजोद्भिज्जाद्याश्चतुर्विधाः ।
स्वस्वकर्मानुरूपेण जातास्तिष्ठन्ति जंतवः ॥ ४३४ ॥

જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ—એમ ચાર પ્રકારનાં પ્રાણીઓ છે. તેઓ પોતપોતાનાં કર્મોને અનુસરીને જન્મી રહ્યાં છે. ૪૩૪

यत्र जाता जरायुभ्यस्ते नराद्या जरायुजाः ।
अण्डजास्ते ह्युरण्डेभ्यो जाता ये विहगादयः ॥ ४३५ ॥
स्वेदाज्जाताः स्वेदजास्ते यूका लूक्षादयोऽपि च ।
भूमिमुद्भिद्य ये जाता उद्भिज्जास्ते द्रुमादयः ॥ ४३६ ॥

તેમાં જેઓ જરાયુ(ઓળ)થી જન્મે છે, તે મનુષ્ય વગેરે 'જરાયુજ' છે; જેઓ ઈંડાંમાંથી જન્મ્યાં છે, તે પક્ષીઓ વગેરે 'અંડજ' છે; જેઓ પરસેવામાંથી જન્મે છે, તે જૂ, લીખ વગેરે 'સ્વેદજ' છે; અને જેઓ જમીન ફોડીને જન્મે છે, તે વૃક્ષો વગેરે 'ઉદ્ભિજ્જ' છે. ૪૩૫,૪૩૬

इदं स्थूलवपुर्जातं भौतिकं च चतुर्विधम्।
सामान्येन समष्टिः स्यादेकधी विषयत्वतः ॥ ४३७ ॥

ભૂતોમાંથી ઉત્પન્ન થયેલ આ ચારે પ્રકારનાં સ્થૂલ શરીરો સામાન્ય રીતે એક જ છે. આમ એકપણાંના જ્ઞાનનો વિષય થવાથી 'સમષ્ટિ' કહેવાય છે. ૪૩૭

एतत्समष्ट्यवच्छिन्नं चैतन्यं फलसंयुतम्।
प्राहुर्वैश्वानर इति विराडिति च वैदिकाः ॥ ४३८ ॥

આ સમષ્ટિ શરીરરૂપ ઉપાધિવાળું ચૈતન્ય ફળવાળું છે; એને વેદ જાણનારાઓ 'વૈશ્વાનર' અથવા 'વિરાટ' કહે છે.

वैश्वानरो विश्वनरेष्वात्मत्वेनाभिमानतः।
विराट्स्याद्विविधत्वेन स्वयमेव विराजनात् ॥ ४३९ ॥

સમગ્ર પ્રાણીઓમાં 'આત્મા'પણાનું એ અભિમાન કરે છે તેથી 'વૈશ્વાનર' કહેવાય છે; અને એ પોતે જ વિવિધ સ્વરૂપે વિરાજે છે, તેથી 'વિરાટ્' કહેવાય છે. ૪૩૯

चतुर्विधं भूतजातं तत्तज्जातिविशेषतः।
नैकधीविषयत्वेन पूर्ववद्व्यष्टिरिष्यते ॥ ४४० ॥

ઉપર કહેલાં ચારે પ્રકારનાં પ્રાણીઓ તે તે જુદી જુદી જાતિરૂપે અનેક છે, આમ અનેક પ્રકારનાં જ્ઞાનનો વિષય થવાથી પૂર્વની પેઠે (એ પ્રત્યેકના હિસાબે) 'વ્યષ્ટિ' કહેવાય છે. ૪૪૦

साभासं व्यष्ट्युपहितं तत्तादात्म्यमुपागतम्।
चैतन्यं विश्व इत्याहुर्वेदान्तनयकोविदाः ॥ ४४१ ॥

विश्वोऽस्मिन्स्थूलदेहेऽत्र स्वाभिमानेन तिष्ठति ।
यतस्ततो विश्व इति नाम्ना सार्थो भवत्ययम् ॥४४२॥

આ 'વ્યષ્ટિ' શરીરરૂપ ઉપાધિવાળું અને કેવળ (ચૈતન્યના) આભાસવાળું જે ચૈતન્ય છે, તે એ વ્યષ્ટિશરીર સાથે તદ્રૂપ બની ગયું છે; અને તેને જ વેદાંતશાસ્ત્ર જાણનારા 'વિશ્વ' એમ કહે છે. આ સ્થૂલદેહમાં એ વિશ્વાત્મા પોતાના તરીકેનું અભિમાન કરીને રહ્યો છે તેથી જ 'વિશ્વ' એવા સાર્થક નામવાળો છે. ૪૪૧, ૪૪૨

સ્થૂલ શરીર એ જ અન્નમય કોશ

व्यष्टिरेषास्य विश्वस्य भवति स्थूलविग्रहः ।
उच्यतेऽन्नविकारित्वात्कोशोऽन्नमय इत्ययम् ॥ ४४३ ॥

સ્થૂલ શરીર એ જ આ વિશ્વાત્માની વ્યષ્ટિ છે અને એ અન્નનો વિકાર હોવાથી 'અન્નમય કોશ' કહેવાય છે. ૪૪૩

देहोऽयं पितृभुक्तान्नविकाराच्छुक्रशोणितात् ।
जातः प्रवर्धतेऽन्नेन तदभावे विनश्यति ॥ ४४४ ॥

પિતાએ તથા માતાએ ખાધેલા અન્નનો વિકાર વીર્ય તથા રુધિર (સ્ત્રીરજ) બને છે અને તેમાંથી જ આ સ્થૂલ શરીર જન્મે છે. પછી તે અન્ન વડે જ વધે છે; પણ તેને જો અન્ન ન મળે, તો નાશ પામે છે. ૪૪૪

तस्मादन्नविकारित्वेनायमन्नमयो मतः ।
आच्छादकत्वादेतस्याप्यसेः कोशवदात्मनः ॥ ४४५ ॥

માટે જ તે અન્નનો વિકાર હોઈ 'અન્નમય' મનાય છે; અને જેમ તરવારને મ્યાન ઢાંકે છે. તેમ આત્માને તે ઢાંકી દે છે તેથી 'કોશ' (મ્યાન જેવો) કહેવાય છે. ૪૪૫

आत्मनः स्थूलभोगानामेतदायतनं विदुः ।
शब्दादिविषयान्भुंक्ते स्थूलान्स्थूलात्मनि स्थितः ॥ ४४६ ॥
बहिरात्मा ततः स्थूलभोगायतनमुच्यते ।
इन्द्रियैरुपनीतानां शब्दादीनामयं स्वयम् ।
देहेन्द्रियमनोयुक्तो भोक्तेत्याहुर्मनीषिणः ॥ ४४७ ॥

વિદ્વાનો કહે છે, કે આ સ્થૂલ શરીર, આત્માને સ્થૂલ ભોગો ભોગવવાનું સ્થાન છે. આમાં રહીને આત્મા, શબ્દ આદિ બહારના સ્થૂલ વિષયો ભોગવે છે તેથી જ સ્થૂલ ભોગો ભોગવવાનું તે સ્થાન કહેવાય છે. વળી, આ આત્મા ( જીવ ) દેહ, ઇંદ્રિયો તથા મન સાથે જોડાઈને ઇંદ્રિયોએ લાવી આપેલા શબ્દાદિ વિષયોને ભોગવે છે માટે જ તેને વિદ્વાનો (ભોક્તા) કહે છે. ૪૪૬,૪૪૭

**एकादशद्वारवतीह देहे सौधे महाराज इवाक्षवर्गैः ।**
**संसेव्यमानो विषयोपभोगानुपाधिसंस्थो बुभुजेऽयमात्मा ॥ ४४८ ॥**

જેમ કોઈ મહારાજા અગિયાર દરવાજાવાળા મહેલમાં રહે તેમ આ જીવાત્મા અગિયાર દ્વારવાળા દેહમાં રહે છે. ત્યાં ઇંદ્રિયોનો સમુદાય તેની સેવામાં હાજર રહે છે, અને એ દેહરૂપ ઉપાધિમાં રહીને તે વિષયભોગોને ભોગવે છે. ૪૪૮

**ज्ञानेंद्रियाणि निजदैवतचोदितानि**
**कर्मेंद्रियाण्यपि तथा मनआदिकानि ।**
**स्वस्वप्रयोजनविधौ नियतानि सन्ति**
**यन्तेन किंकरजना इव तं भजन्ते ॥ ४४९ ॥**

પોતપોતાના દેવોએ પ્રેરણા કરેલી મન આદિ જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયો પોતપોતાનું કામ કરવામાં નિયમિત રહે છે; અને જેમ નોકરો પોતાના સ્વામીને સેવે તેમ આ જીવાત્માને કાળજીથી સેવે છે. ૪૪૯

**यत्रोपभुक्ते विषयान्स्थूलानेष महामतिः ।**
**अहं ममेति सैषास्यावस्था जाग्रदितीर्यते ॥ ४५० ॥**

મહાબુદ્ધિમાન આ જીવાત્મા જેમાં રહીને સ્થૂલ વિષયોને ભોગવે છે અને 'હું-મારું' એવું અભિમાન કરે છે, તે એની 'જાગ્રત' અવસ્થા કહેવાય છે. ૪૫૦

વિશ્વ ને વૈશ્વાનર એક જ છે

एतत्समष्टिव्यष्ट्योश्चोभयोरप्यभिमानिनोः ।
तद्विश्ववैश्वानरयोरभेदः पूर्ववन्मतः ॥ ४५१ ॥

સમષ્ટિનો અભિમાની વૈશ્વાનર, અને વ્યષ્ટિનો અભિમાની વિશ્વ–એ બન્નેને પૂર્વની પેઠે એક જ માન્યા છે. ૪૫૧

स्थूलसूक्ष्मकारणाख्याः प्रपंचा ये निरूपिताः ।
ते सर्वेऽपि मिलित्वैकः प्रपंचोऽस्ति महान्भवेत् ॥ ४५२ ॥
महाप्रपंचावच्छिन्नं विश्वप्राज्ञादिलक्षणम् ।
विराडादीशपर्यंतं चैतन्यं चैकमेव तत् ॥ ४५३ ।

સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ નામના પ્રપંચો જે પ્રથમ કહ્યા છે, તે બધા મળીને એક મોટો (સમષ્ટિ) પ્રપંચ થાય છે; એ મહાપ્રપંચથી યુક્ત જે ચૈતન્ય છે, તેમ જ વિશ્વ–પ્રાજ્ઞ આદિ લક્ષણોવાળાં વિરાટથી ઈશ્વર સુધીનાં જે જે ચતન્યો (જુદાં જુદાં નામે કહ્યાં) છે, તે બધાં ખરી રીતે એક જ છે. ૪૫૨,૪૫૩

यदनाद्यंतमव्यक्तं चैतन्यमजमक्षरम् ।
महाप्रपंचेन सहाविविक्तं सदयोऽग्निवत् ॥ ४५४ ॥
तत्सर्वं खल्विदं ब्रह्मेत्यस्य वाक्यस्य पंडितैः ।
वाच्यार्थ इति निर्णीतं विविक्तं लक्ष्य इत्यपि ॥ ४५५ ॥

એટલે એકંદર આદિ–અંતરહિત, અવ્યક્ત, અજન્મા અને અવિનાશી જે (એક જ) ચૈતન્ય છે, તે જ લોઢાની સાથે મળેલા અગ્નિની પેઠે મહાપ્રપંચની સાથે જ્યારે મળેલું હોય છે, ત્યારે વિદ્વાનો તેને 'सर्वं खल्विदं ब्रह्म આ બધું બ્રહ્મ છે' એ વાક્યનો વાચ્યાર્થ કહે છે; અને એ ચૈતન્ય મહાપ્રપંચ સાથે મળેલું હોતું નથી, ત્યારે એને પૂર્વવાક્યનો જ લક્ષ્યાર્થ કહે છે. ૪૫૪,૪૫૫

આત્મા ને અનાત્માનો વિવેક

स्थूलाद्यज्ञानपर्यंतं कार्यकारणलक्षणम् ।
दृश्यं सर्वमनात्मेति विजानीहि विचक्षण ॥ ४५६ ॥

હે વિદ્વાન્! સ્થૂલ શરીરથી માંડી અજ્ઞાન સુધીના કાર્ય તથા કારણરૂપ લક્ષણવાળું આ સર્વ દશ્ય જગત 'અનાત્મા' છે એમ તારે જાણવું. ૪૫૬

अंतःकरणतद्वृत्तिद्रष्टृ नित्यमविक्रियम्।
चैतन्यं यत्तदात्मेति बुद्ध्या बुध्यस्व सूक्ष्मया ॥ ४५७ ॥

અને અંતઃકરણ તથા તેની વૃત્તિઓને (કેવળ સાક્ષીરૂપે) જોનાર, નિત્ય તથા વિકાર વિનાનું જે (શુદ્ધ) ચૈતન્ય છે, તે જ 'આત્મા' છે એમ સૂક્ષ્મ બુદ્ધિથી તું સમજી લે. ૪૫૭

एष प्रत्यक्स्वप्रकाशो निरंशोऽसंगः शुद्धः सर्वदैकस्वभावः।
नित्याखंडानंदरूपो निरीहः साक्षी चेता केवलो निर्गुणश्च ॥ ४५८ ॥

આ પ્રત્યગાત્મા સ્વયંપ્રકાશ, અવયવરહિત, સંગરહિત, શુદ્ધ, સર્વદા એક સ્વભાવનો, નિત્ય, અખંડ, આનંદરૂપ, ચેષ્ટા-રહિત, સાક્ષી, ચેતન, કેવળ અને નિર્ગુણ છે. ૪૫૮

नैव प्रत्यग्जायते वर्धते नो किंचिन्नापक्षीयते नैव नाशम्।
आत्मा नित्यः शाश्वतोऽयं पुराणो नासौ हन्यो हन्यमाने शरीरे ॥ ४५९ ॥

વળી આ પ્રત્યગાત્મા જન્મતો નથી, વધતો નથી, ઘટતો નથી અને નાશને પણ પામતો જ નથી. એ તો નિત્ય, સનાતન અને પુરાણો—જૂનામાં જૂનો—અનાદિકાળનો છે. શરીર નાશ પામે છે પણ એનો નાશ થતો નથી. ૪૫૯

जन्मास्तित्वविवृद्धयः परिणतिश्चापक्षतिर्नाशनं
दृश्यस्यैव भवन्ति षड्विव कृतयो नानाविधा व्याधयः।
स्थूलत्वादि च नीलताद्यपि मितिर्वर्णाश्रमादिप्रथा
दृश्यन्ते वपुषो न चात्मन इमे तद्विक्रियासाक्षिणः ॥

જન્મવું, હોવું, વધવું, પરિણામ પામવું, ઘટવું અને નાશ પામવું—આ છ વિકારો દશ્ય જગતના જ થાય છે; તેમ જ અનેક જાતના રોગો, સ્થૂલતા-કૃશતા વગેરે, કાળાશ—ધોળાશ વગેરે, પરિમાણ—માપ અને વર્ણ તથા આશ્રમ આદિની પ્રસિદ્ધિ—એ

બધું આ સ્થૂલ શરીરમાં જ દેખાય છે; આત્મા તો તે તે વિકારોનો કેવળ સાક્ષી જ છે, તેથી તેને તેમાંનું કંઈ પણ નથી. ૪૬૦

अस्मिन्नात्मन्यनात्मत्वमनात्मन्यात्मतः पुनः ।
विपरीततयाध्यस्य संसरन्ति विमोहताः ॥ ४६१ ॥

આ આત્મામાં અનાત્માપણું અને અનાત્મા( દેહાદિ )માં આત્માપણું અતિ મોહને લીધે વિપરીત ભાવે માની લઈને જ મનુષ્યો સંસાર પામ્યા કરે છે. ૪૬૧

भ्रांत्या मनुष्योऽहमहं द्विजोऽहं
तज्ज्ञोऽहमज्ञोऽहमतीव पापी ।
भ्रष्टोऽस्मि शिष्टोऽस्मि सुखी च दुःखी-
त्येवं विमुह्यात्मनि कल्पयान्त ॥ ४६२ ॥

તેમ જ 'હું મનુષ્ય છું, હું બ્રાહ્મણ–ક્ષત્રિય કે વૈશ્ય છું, હું તે જાણનારો છું, હું અજ્ઞાની છું, હું અત્યંત પાપી છું, હું ભ્રષ્ટ છું, હું સજ્જન છું, હું સુખી છું અને હું દુઃખી છું' આમ ભ્રાંતિથી અતિશય મોહ પામીને લોકો આત્મામાં કલ્પી લે છે. ૪૬૨

અધ્યાસ પ્રકરણ

अनात्मनो जन्मजरामृतिक्षुधातृष्णासुखक्लेशभयादिधर्मान् ।
विपर्ययेण ह्यतथाविधेऽस्मिन्नारोपयन्त्यात्मनि बुद्धिदोषात् ॥ ४६३ ॥

જન્મ, ઘડપણ, મરણ, ભૂખ, તરસ, સુખ, દુઃખ અને ભય આદિ ધર્મો અનાત્મા–દેહાદિના છે; આત્મા તો એ ધર્મોથી રહિત જ છે છતાં લોકો બુદ્ધિના દોષથી ઊલટું સમજીને આ આત્મામાં તે તે ધર્મોનો આરોપ કરે છે. ૪૬૩

भ्रांत्या यत्र यदध्यासस्तत्कृतेन गुणेन वा ।
दोषेणाप्यणुमात्रेण स न संबध्यते क्वचित् ॥ ४६४ ॥

જે ( કોઈ મૂળ ) વસ્તુમાં ભ્રાંતિને લીધે જે( કોઈ કલ્પિત વસ્તુ)નો આરોપ થાય છે, તેમાં તે આરોપિત વસ્તુએ કરેલો ગુણ કે દોષ લેશમાત્ર પણ કોઈ કાળે સંબંધ પામતો નથી. ૪૬૪

किं मरुन्मृगतृष्णांबुपूरेणार्द्रत्वमृच्छति ।
दृष्टिसंस्थितपीतेन शंखः पीतायते किमु ॥ ४६५॥

વાયુ ઝાંઝવાના જળથી શું ભીનો થાય છે? આંખમાં (કમળાના રોગથી) રહેલી પીળાશથી શું શંખ પીળો બને છે?

શિષ્યનો પ્રશ્ન

प्रत्यगात्मन्यविषयेऽनात्माध्यासः कथं प्रभो ॥ ४६६ ॥
पुरो दृष्टे हि विषयेऽध्यस्यन्ति विषयान्तरम् ॥
तद्दृष्टं शुक्तिरज्ज्वादौ सादृश्याद्यनुबंधतः ॥ ४६७॥
परत्र पूर्वदृष्टस्यावभासः स्मृतिलक्षणः ।
अध्यासः स कथं स्वामिन् भवेदात्मन्यगोचरे ॥ ४६८॥

હે પ્રભુ! પ્રત્યગાત્મા તો (ઇંદ્રિયાદિનો) વિષય છે જ નહિ છતાં તેમાં (ભ્રાંતિથી) અનાત્મા-દેહાદિનો આરોપ કેવી રીતે થાય છે? જે વસ્તુ નજર આગળ દેખાયેલી હોય છે, તેમાં જ (ભ્રાંતિથી) કોઈ બીજી વસ્તુનો લોકો આરોપ કરે છે. છીપ-દોરડી વગેરેમાં આપણે જોઈએ છીએ, કે તેમાં રૂપું-સાપ વગેરેની સમાનતા રહેલી છે તેના કારણે પ્રથમ જોયેલું રૂપું કે સાપ તેને જોતાં યાદ આવે છે તેથી એ છીપમાં કે દોરડીમાં રૂપાનો કે સાપનો આભાસ થઈ જાય છે. આવો અધ્યાસ (આરોપ અથવા ભ્રમણા), હે સ્વામિન્, ઈંદ્રિયાદિનો અવિષય (એટલે પૂર્વે કદી નહિ જોયેલા કે અનુભવેલા) આત્મામાં કેવી રીતે થાય છે? ૪૬૬-૪૬૮

नानुभूतः कदाप्यात्माननुभूतस्य वस्तुनः ।
सादृश्यं सिध्यति कथमनात्मनि विलक्षणे ॥ ४६९ ॥

આત્માને કોઈએ કદી પણ અનુભવ્યો નથી, તો એ નહિ અનુભવેલી વસ્તુની સમાનતા એનાથી વિલક્ષણ અનાત્મા-(દેહાદિ)માં કેવી રીતે સિદ્ધ થાય? ૪૬૯

अनात्मन्यात्मताध्यासः कथमेष समागतः ।
निवृत्तिः कथमेतस्य केनोपायेन सिध्यति ॥ ४७० ॥

છતાં અનાત્મામાં આત્માપણાનો આ અધ્યાસ કેવી રીતે આવ્યો છે? અને એની નિવૃત્તિ કયા ઉપાયથી થઈ શકે છે? ૪૭૦

उपाधियोग उभयोः सम एवेशजीवयोः ।
जीवस्यैव कथं बंधो नेश्वरस्यास्ति तत्कथम् ॥ ४७१ ॥

વળી, ઈશ્વર અને જીવ-બન્નેને ઉપાધિનો સંબંધ તો એક સરખો જ છે; છતાં જીવને જ બંધન કેમ થાય છે અને ઈશ્વરને બંધન કેમ નથી? ૪૭૧

एतत्सर्वं दयादृष्ट्या करामलकवत्स्फुटम् ।
प्रतिपादय सर्वज्ञ श्रीगुरो करुणानिधे ॥ ४७२ ॥

હે દયાના ભંડાર! હે સર્વજ્ઞ શ્રી ગુરુદેવ! આ બધું આપ દયાદૃષ્ટિથી હાથમાં રહેલાં આમળાંની પેઠે સ્પષ્ટ સમજાવો. ૪૭૨

શ્રી ગુરુનો ઉત્તર

न सावयव एकस्य नात्मा विषय इष्यते ।
अस्यास्मत्प्रत्ययार्थत्वादपरोक्षाच्च सर्वशः ॥ ४७३ ॥
प्रसिद्धिरात्मनोऽस्त्यैव न कस्यापि च दृश्यते ॥
प्रत्ययो नाहमस्मीति न ह्यस्ति प्रत्यगात्मान ॥ ४७४ ॥

આત્મા અવયવવાળો નથી અને કોઈનો (ઇંદ્રિયાદિનો) વિષય પણ નથી; છતાં એ આત્મા 'હું' એવા જ્ઞાનનો વિષય છે અને પરોક્ષ નથી, પણ પ્રત્યક્ષ જ છે; તેથી સર્વમાં અને સર્વ સ્થળે એની સિદ્ધિ તો અવશ્ય છે જ; પરંતુ તે કોઈના જોવામાં આવતો નથી. 'હું છું' એવું પ્રત્યગાત્મા વિષેનું જ્ઞાન નથી એમ તો નથી જ (પરંતુ છે જ). ૪૭૩, ૪૭૪

न कस्यापि स्वसद्भावे प्रमाणमभिकांक्ष्यते ।
प्रमाणानां च प्रामाण्यं यन्मूलं किं तु बोधयेत् ॥ ४७५ ॥

કોઈ પણ મનુષ્ય પોતાની હયાતીમાં પ્રમાણ ઇચ્છતો જ

નથી, ઊલટું પ્રત્યક્ષાદિ પ્રમાણોનું પ્રમાણ એ આત્માને લીધે જ છે (અર્થાત્ આત્મા જ સર્વ પ્રમાણોની હયાતીમાં પ્રમાણભૂત છે); પરંતુ એ સમજાવવું જોઈએ. ૪૭૫

मायाकार्यैस्तिरोभूतो नैष आत्मानुभूयते ।
मेघवृंदैर्यथा भानुस्तथायमहमादिभिः ॥ ४७६ ॥

જેમ સૂર્ય મેઘમંડળથી ઢંકાઈ જાય છે ત્યારે અનુભવાતો નથી, તેમ આ આત્મા માયાનાં કાર્યરૂપ અહંકાર વગેરેથી ઢંકાઈ ગયો છે તેથી અનુભવાતો નથી. ૪૭૬

पुरस्थ एव विषये वस्तुन्यध्यस्यतामिति ।
नियमो न कृतः सद्भिर्भ्रान्तिरेवात्र कारणम् ॥ ४७७ ॥

'જે વસ્તુ સન્મુખ-પ્રત્યક્ષ વિષયરૂપે હોય, તેમાં જ (કોઈ બીજી વસ્તુનો) અધ્યાસ (આરોપ) થઈ શકે છે' એવો સત્પુરુષોએ કંઈ નિયમ કર્યો નથી; અધ્યાસ થવામાં તો કેવળ ભ્રાંતિ જ કારણ છે. ૪૭૭

दृगाद्यविषये व्योम्नि नीलतादि यथाऽबुधाः ।
अध्यस्यन्ति तथैवास्मिन्नात्मन्यपि मतिभ्रमात् ॥ ४७८ ॥

જેમ કે દૃષ્ટિ વગેરેનો વિષય આકાશ નથી છતાં તેમાં અજ્ઞાનીઓ વાદળી રંગ વગેરેનો અધ્યાસ (આરોપ) કરે જ છે એ જ રીતે આ આત્મા પણ દૃષ્ટિ આદિનો વિષય નથી, તોપણ તેને વિષે બુદ્ધિના ભ્રમથી અજ્ઞાનીઓ (દેહાદિનો) અધ્યાસ કરે છે.

अनात्मन्यात्मताध्यासे न सादृश्यमपेक्षते ।
पीतोऽयं शंख इत्यादौ सादृश्यं किमपेक्षितम् ॥ ४७९ ॥

અનાત્મ વસ્તુમાં આત્માપણાનો અધ્યાસ થવામાં કોઈની સમાનતાની જરૂર રહેતી નથી. (શંખ ધોળો જ હોય છે છતાં) 'આ શંખ પીળો છે' ઇત્યાદિ અધ્યાસ થવામાં (આંખના રોગ વિના) કઈ સમાનતાની જરૂર રહે છે ? (કોઈની પણ નહિ.) ૪૭૯

निरुपाधिभ्रमेष्वस्मिन्नैवापेक्षा प्रदृश्यते ।
सोपाधिष्वेव तद्दृष्टं रज्जुसर्पभ्रमादिषु ॥ ४८० ॥

આવાં ઉપાધિરહિત ભ્રમ થવામાં કોઈ પણ સમાનતાની જરૂર દેખાતી જ નથી; દોરડીમાં સાપનો ભ્રમ વગેરે ઉપાધિયુક્ત ભ્રમમાં જ સમાનતાની જરૂર દેખાય છે. ૪૮૦

तथापि किंचिद्वक्ष्यामि सादृश्यं शृणु तत्परः ।
अत्यंतनिर्मलः सूक्ष्म आत्मायमतिभास्वरः ॥ ४८१ ॥
बुद्धिस्तथैव सत्त्वात्मा साभासा भास्वराऽमला ।
सांनिध्यादात्मवद्भाति सूर्यवत्स्फटिको यथा ॥ ४८२ ॥

(જોકે એમ જ છે, તોપણ અનાત્મામાં આત્માનો અધ્યાસ થવામાં) કંઈક સમાનતા હું કહું છું, તે બરાબર સાવધાન થઈને સાંભળ. આ આત્મા જેવો અત્યંત નિર્મળ, સૂક્ષ્મ અને અતિશય પ્રકાશમાન છે, તેવી જ બુદ્ધિ પણ સત્ત્વગુણમય, આભાસવાળી, પ્રકાશમાન અને નિર્મળ છે; તેને લીધે જ (એ સમાનતા હોવાથી જ) જેમ સૂર્યના સમીપપણાથી સ્ફટિકમણિ સૂર્ય જેવો દેખાય છે, તેમ આત્માના સમીપપણાથી બુદ્ધિ પણ આત્મા જેવી દેખાય છે. ૪૮૧,૪૮૨

आत्माभासं ततो बुद्धिर्बुद्ध्याभासं ततो मनः ।
अक्षाणि मनआभासान्यक्षाभासमिदं वपुः ॥ ४८३ ॥

(એ રીતે બુદ્ધિ અનાત્મા છે છતાં તેમાં આત્માનો અધ્યાસ થાય છે તેથી) બુદ્ધિ આત્માના આભાસવાળી જણાય છે અને તેથી જ મન બુદ્ધિના આભાસવાળું જણાય છે; ઇંદ્રિયો મનના આભાસવાળી જણાય છે અને આ શરીર ઇંદ્રિયોના આભાસવાળું જણાય છે. ૪૮૩

अत एवात्मबुद्धिर्देहाक्षादावनात्मनि ।
मूढानां प्रतिबिंबादौ बालानामिव दृश्यते ।
सादृश्यं विद्यते बुद्धावात्मनोऽध्यासकारणम् ॥ ४८४ ॥

આ કારણથી જ દેહ–ઇંદ્રિય આદિ અનાત્માઓમાં અજ્ઞાનીઓને આત્માની બુદ્ધિ થાય છે—જેમ મૂર્ખાઓને પોતાના પ્રતિબિંબ વગેરેમાં પોતાપણાની બુદ્ધિ જોવામાં આવે છે. આમ બુદ્ધિમાં આત્માનો અધ્યાસ થવાનું કારણ (તેમાં જણાતી સહેજ) સમાનતા છે. ૪૮૪

अनात्मन्यहमित्येव योऽयमध्यास ईरितः ।
स्यादुत्तरोत्तराध्यासे पूर्वपूर्वस्तु कारणम् ॥ ४८५ ॥
सुप्तिमूर्छोत्थितेष्वेव दृष्टः संसारलक्षणः ।
अनादिरेषाविद्यातः संस्कारोऽपि च तादृशः ॥ ४८६ ॥

એ રીતે અનાત્મામાં 'હું' એવો જે અધ્યાસ થાય છે, તે કહ્યો; અને એ જ પૂર્વ પૂર્વનો અધ્યાસ પછી પછીના અધ્યાસનું કારણ બને છે—જેમ સૂઈને ઊઠે છે ત્યારે પાછો આ સંસાર જણાય છે, અને મૂર્છામાંથી ઊઠે છે ત્યારે પણ પાછો આ સંસાર જણાય છે. આ અવિદ્યા અનાદિકાળની છે; તેથી તેનો સંસ્કાર પણ તેવો જ અનાદિકાળનો છે. ૪૮૫,૪૮૬

અધ્યાસનું કારણ—અવિદ્યાની બે શક્તિ

अध्यासबाधागमनस्य कारणं शृणु प्रवक्ष्यामि समाहितात्मा ।
यस्मादिदं प्राप्तमनर्थजातं जन्माप्ययव्याधिजरादिदुःखम् ॥ ४८७ ॥

જેને લીધે આ બધા અનર્થો અને જન્મ, નાશ, રોગ તથા ઘડપણ વગેરે દુઃખો પ્રાપ્ત થાય છે, તે અધ્યાસરૂપ બાધા શાથી આવે છે એનું કારણ હું કહું છું; મનને એકાગ્ર કરીને તે તું સાંભળ.

आत्मोपाधेरविद्याया अस्ति शक्तिद्वयं महत् ।
विक्षेप आवृतिश्चेति याभ्यां संसार आत्मनः ॥ ४८८ ॥

અવિદ્યા જ આત્માને ઉપાધિરૂપ છે; એ અવિદ્યાની બે મોટી શક્તિઓ છે:—(૧) 'વિક્ષેપ' અને (૨) 'આવરણ'. આ બે શક્તિઓને લીધે આત્માને સંસાર લાગુ થયો છે. ૪૮૮

आवृतिस्तमसः शक्तिस्तद्ध्यावरणकारणम् ।
मूलाविद्येति सा प्रोक्ता यया संमोहितं जगत् ॥ ४८९ ॥

'આવરણ' એ તમોગુણની શક્તિ છે; એ જ આવરણનું (એટલે આત્માને ઢાંકી દેવાનું) કારણ છે. એને જ મૂળ અવિદ્યા કહી છે, જેને લીધે જગત અત્યંત મોહિત બન્યું છે. ૪૮૯

विवेकवानप्यतियौक्तिकोऽपि श्रुतात्मतत्त्वोऽपि च पंडितोऽपि ।
शक्त्या यथा संवृतबोधदृष्टिरात्मानमात्मस्थमिमं न वेद ॥ ४९० ॥

મનુષ્ય વિવેકવાળો હોય, અત્યંત યુક્તિકુશળ હોય, આત્મતત્ત્વને સાંભળી ચૂક્યો હોય અને પંડિત હોય, તોપણ આ 'આવરણ' શક્તિથી તેની જ્ઞાનદૃષ્ટિ એવી ઢંકાઈ જાય છે, કે જેથી પોતાના હૃદયમાં જ રહેલા આત્માને તે જાણી શકતો નથી. ૪૯૦

विक्षेपनाम्नी रजसस्तु शक्तिः प्रवृत्तिहेतुः पुरुषस्य नित्यम् ।
स्थूलादिलिंगान्तमशेषमेतद्यया सदात्मन्यसदेव सूयते ॥ ४९१ ॥

'વિક્ષેપ' એ રજોગુણની શક્તિ છે, એ જ પુરુષને નિત્ય પ્રવૃત્તિ કરવામાં કારણરૂપ બને છે. આ 'વિક્ષેપ' શક્તિ જ સ્થૂલશરીરથી માંડીને લિંગશરીર સુધીના કેવળ ખોટા સર્વ પદાર્થોને સત્યસ્વરૂપમાં આત્મામાં ઉત્પન્ન કરે છે. ૪૯૧

निद्रा यथा पुरुषमप्रमत्तं समावृणोतीयमपि प्रतीचम् ।
तथावृणोत्यावृतिशक्तिरंतक्षेपशर्विक्ति परिजृंभयन्ती ॥ ४९२ ॥

જેમ પ્રમાદ વિનાના પુરુષને નિદ્રા ઢાંકી (દબાવી) દે છે, તેમ આ શક્તિ પણ પ્રત્યગાત્માને ઢાંકી દે છે; તેમ જ 'આવરણ' શક્તિ જ્યારે અંદર ફેલાય છે, તે 'વિક્ષેપ' શક્તિને ઢાંકી દે છે.

शक्त्या महत्यावरणाभिधानया समावृते सत्यमलस्वरूपे ।
पुमाननात्मन्यहमेष एवेत्यात्मत्वबुद्धिं विदधाति मोहात् ॥ ४९३ ॥

'આવરણ' નામની એ મોટી શક્તિ છે; તેને લીધે મનુષ્ય નિર્મળ સ્વરૂપ ઢંકાઈ જાય છે, એટલે મોહને લીધે પુરુષ અનાત્મ-બુદ્ધિ આદિ પદાર્થો પર 'આ જ હું છું' એવી આત્મબુદ્ધિ કરે છે. ૪૯૩

यथा प्रसुप्तिप्रतिभासदेहे स्वात्मत्वधीरेष तथा ह्यनात्मनः ।
जन्माप्ययक्षुत्तृड्भ्रमादीनारोपयत्यात्मनि तस्य धर्मान् ॥ ४९४ ॥

જેમ સ્વપ્નમાં દેખાતા શરીરમાં 'આ હું છું' એમ પોતાના આત્માપણાની બુદ્ધિ કરે છે, તેમ આ મનુષ્ય (જાગ્રત અવસ્થામાં પણ) જન્મ, નાશ, ભૂખ, તરસ, ભય, શ્રમ વગેરે અનાત્માના ધર્મોને આત્મામાં આરોપે છે. ૪૯૪

विक्षेपशक्त्या परिचोद्यमानः करोति कर्माण्युभयात्मकानि ।
भुंजान एतत्फलमप्युपात्तं परिभ्रमत्येव भवांबुराशौ ॥ ४९५ ॥

મનુષ્ય 'વિક્ષેપ' શક્તિથી પ્રેરણા પામે છે, ત્યારે શુભ-અશુભ બન્ને પ્રકારનાં કર્મો કરે છે અને તે દ્વારા ગ્રહણ કરેલાં તેનાં ફળને ભોગવ્યા કરે છે. એમ સંસારસમુદ્રમાં ભટકયા જ કરે છે. ૪૯૫

अध्यासदोषात्समुपागतोऽयं संसारबंधः प्रबलःप्रतीचः ।
यद्योगतः क्लिश्यति गर्भवासजन्माप्ययक्लेशभयैरजस्रम् ॥ ४९६ ॥

આ અધ્યાસના દોષથી જ પ્રત્યગાત્માને આ સંસારરૂપ પ્રબળ બંધન આવ્યું છે; જેને લીધે ગર્ભવાસ, જન્મ, મરણ વગેરે ક્લેશના ભયથી એ નિરંતર પિડાય છે. ૪૯૬

अध्यासो नाम खल्वेष वस्तुनो योऽन्यथाग्रहः ।
स्वाभाविकभ्रान्तिमूलं संसृतेरादिकारणम् ॥ ૪૯૭ ॥

'અધ્યાસ' એટલે જે વસ્તુ જે સ્વરૂપમાં હોય તેને તેથી જુદા (વિપરીત) સ્વરૂપે ગ્રહણ કરવી. આ અધ્યાસ સ્વાભાવિક ભ્રાંતિનું મૂળ છે અને સંસારનું પ્રથમ કારણ છે. ૪૯૭

सर्वानर्थस्य तद्बीजं योऽन्यथाग्रह आत्मनः ।
ततः संसारसंपात्तः संततक्लेशलक्षणः ॥ ४९८ ॥

આત્મારૂપ (સત્ય) વસ્તુને તેથી જુદા (અસત્) સ્વરૂપે ગ્રહણ કરવી એ અધ્યાસ તો સર્વ અનર્થોનું બીજ છે; તેથી જ ક્લેશોની પરંપરારૂપ લક્ષણવાળા આ સંસારમાં પડવાનું થાય છે. ૪૯૮

अध्यासादेव संसारो नष्टेऽध्यासे न दृश्यते ।
तदेतदुभयं स्पष्टं पश्य त्वं बद्धमुक्तयोः ॥ ४९९ ॥

અધ્યાસથી જ સંસાર દેખાય છે; પણ અધ્યાસ નાશ પામતાં તે દેખાતો જ નથી. આ બન્ને વાતને સંસારમાં બંધાયેલા પુરુષમાં અને સંસારથી છૂટેલા પુરુષોમાં તું સ્પષ્ટ જોઈ શકશે. ૪૯૯

बद्धं प्रवृत्तितो विद्धि मुक्तं विद्धि निवृत्तितः ।
प्रवृत्तिरेव संसारो निवृत्तिर्मुक्तिरिष्यते ॥ ५०० ॥

પુરુષને પ્રવૃત્તિથી (સંસારમાં) બંધાયેલો તારે સમજી લેવો અને નિવૃત્તિથી મુક્ત સમજવો. પ્રવૃત્તિ એ જ સંસાર છે અને નિવૃત્તિ એ જ મોક્ષ છે. ૫૦૦

आत्मनः सोऽयमध्यासो मिथ्याज्ञानपुरःसरः ।
असत्कल्पोऽपि संसारं तनुते रज्जुसर्पवत् ॥ ५०१ ॥

આત્માનો આ અધ્યાસ મિથ્યા અજ્ઞાનને જ આગળ કરીને થયેલો હોય છે. તે લગભગ જૂઠો છે, તોપણ દોરડીમાં દેખાતા સર્પની પેઠે સંસારને વિસ્તારે છે. ૫૦૧

જીવની પેઠે પરમાત્માને બંધન કેમ નથી?

उपाधियोगसाम्येऽपि जीववत्परमात्मनः ।
उपाधिभेदान्नो बंधस्तत्कार्यमपि किंचन ॥ ५०२ ॥

જીવની પેઠે પરમાત્માને ઉપાધિનો સંબંધ તો સરખો જ છે, તોપણ એ બન્નેની ઉપાધિમાંથી પરમાત્માની ઉપાધિમાં ઘણો જ તફાવત છે; તેથી જ પરમાત્માને બંધન નથી અને તેનું કાંઈ કાર્ય પણ નથી. ૫૦૨

अस्योपाधिः शुद्धसत्त्वप्रधाना माया यत्र त्वस्य नास्त्यल्पभावः ।
सत्त्वस्यैवोत्कृष्टता तेन बंधो नो विक्षेपस्तत्कृतो लेशमात्रः ॥ ५०३ ॥

શુદ્ધ સત્ત્વગુણ જેમાં મુખ્ય છે એવી માયા આ પરમાત્માની ઉપાધિ છે; જેમાં એમને અલ્પતા હોતી નથી; સત્ત્વગુણની જ ઉત્કૃષ્ટતા રહે છે તેથી બંધન નથી અને એ માયાએ કરેલો લેશ માત્ર પણ વિક્ષેપ (આકર્ષણ) નથી. ૫૦૩

सर्वज्ञोऽप्रतिबद्धबोधविभवस्तेनैव देवः स्वयं
मायां स्वामवलम्ब्य निश्चलतया स्वच्छंदवृत्तिः प्रभुः।
सृष्टिस्थित्यदनप्रवेशयमनव्यापारमात्रेच्छया
कुर्वन्क्रीडति तद्रजस्तम उमे संस्तभ्य शक्त्या स्वया ॥ ५०४॥

દેવ-પરમાત્મા સર્વજ્ઞ છે અને તેમનો જ્ઞાનવૈભવ ક્યાંય અટકેલો નથી; તેથી જ એ પ્રભુ પોતે (પોતાના સ્વભાવથી) નિશ્ચળ રહી, પોતાની માયાનો આશ્રય કરીને સ્વતંત્ર વૃત્તિએ પોતાની ઇચ્છાથી જગતની ઉત્પત્તિ, પાલન, સંહાર, હરકોઈમાં પ્રવેશ અને સર્વને વશ રાખવાં વગેરે હરકોઈ વ્યાપાર કરે છે; અને પોતાની શક્તિથી રજોગુણ તથા તમોગુણ-બન્નેને (પોતામાં પ્રવેશતા) અટકાવીને જ ક્રીડા કરે છે. ૫૦૪

तस्मादावृतिविक्षेपौ किंचित्कर्तुं न शक्नुतः।
स्वयमेव स्वतंत्रोऽसौ तत्प्रवृत्तिनिरोधयोः ॥ ५०५ ॥

તેથી એ રજોગુણ અને તમોગુણ એ પરમેશ્વરને આવરણ કે વિક્ષેપ કરી શકતા નથી; (ઊલટા) એ પરમાત્મા જ તે (રજોગુણ તથા તમોગુણ)ની પ્રવૃત્તિમાં અને નિવૃત્તિમાં સ્વતંત્ર રહે છે. (પોતાની ઇચ્છાનુસાર એ ગુણોને બને જોડે છે ને રોકે છે.) ૫૦૫

तमेव सा धीकर्मेति श्रुतिर्वक्ति महेशितुः।
निग्रहानुग्रहे शक्तिरावृतिक्षेपयोर्यतः ॥ ५०६ ॥

એને જ શ્રુતિ 'ધી કર્મ' એમ કહે છે (અર્થાત્ રજોગુણને તથા તમોગુણને પોતાની ઇચ્છાનુસાર જોડવા અથવા રોકવા એ પરમેશ્વરનું જ્ઞાનપૂર્વકનું કર્મ છે, એમ વેદ કહે છે); કારણ કે કોઈને નિગ્રહ (શિક્ષા) કે અનુગ્રહ (કૃપા) કરવો તે અથવા રજોગુણથી કોઈનું આવરણ કરવું તે અને તમોગુણથી વિક્ષેપ કરવો તે પરમેશ્વરની શક્તિ છે. ૫૦૬

જીવને બંધનનું કારણ અજ્ઞાન

रजसस्तमसश्चैव प्राबल्यं सत्त्वहानतः।
जीवोपाधौ तथा जीवे तत्कार्यं बलवत्तरम् ॥ ५०७ ॥

હરકોઈ મનુષ્યમાં સત્ત્વગુણ ઓછો થવાથી રજોગુણની તથા તમોગુણની પ્રબળતા થાય છે. જીવની ઉપાધિમાં તથા જીવમાં એ રજોગુણનું તથા તમોગુણનું કાર્ય વધારે બળવાન હોય છે. ૫૦૭

तेन बंधोऽस्य जीवस्य संसारोऽपि च तत्कृतः ।
संप्राप्तः सर्वदा यत्र दुःखं भूयः स ईक्षते ॥ ५०८ ॥

એને લીધે જ આ જીવને બંધન છે અને આ સંસાર પણ તેણે જ કરેલો પ્રાપ્ત થયો છે, જેમાં એ જીવ હમેશાં વારંવાર દુઃખને જુએ છે. ૫૦૮

एतस्य संसृतेर्हेतुरध्यासोऽर्थविपर्ययः ।
अध्यासमूलमज्ञानमाहुरावृतिलक्षणम ॥ ५०९ ॥

આ સંસારનું કારણ અધ્યાસ છે; (બ્રહ્મરૂપ) વસ્તુમાં વિપરીતતા જોવી એ અધ્યાસનું સ્વરૂપ છે; અને આવરણરૂપ લક્ષણવાળા અજ્ઞાનને એ અધ્યાસનું મૂળ કહે છે. ૫૦૯

જ્ઞાનથી જ અજ્ઞાન દૂર થાય છે.

अज्ञानस्य निवृत्तिस्तु ज्ञानेनैव न कर्मणा ।
अविरोधितया कर्म नैवाज्ञानस्य बाधकम् ॥ ५१० ॥

જ્ઞાનથી જ અજ્ઞાન દૂર થાય છે, કર્મથી દૂર થતું નથી; કેમ કે કર્મ અજ્ઞાનનું વિરોધી નહિ હોવાથી અજ્ઞાનને દૂર કરી શકે નહિ. ૫૧૦

कर्मणा जायते जंतुः कर्मणैव प्रलीयते ।
कर्मणः कार्यमेवैषा जन्ममृत्युपरंपरा ॥ ५११ ॥

કર્મથી પ્રાણી જન્મે છે અને કર્મથી જ નાશ પામે છે. આ જન્મ-મૃત્યુની પરંપરા એ કર્મનું જ કાર્ય છે. ૫૧૧

नैतस्मात्कर्मणः कार्यमन्यदस्ति विलक्षणम् ।
अज्ञानकार्यं तत्कर्म यतोऽज्ञानेन वर्धते ॥ ५१२ ॥

આથી જુદું અને જુદા લક્ષણવાળું કર્મનું કોઈ કાર્ય જ નથી. કર્મ અજ્ઞાનનું કાર્ય છે; કારણ કે અજ્ઞાનથી તે વધે છે.

यद्येन वर्धते तेन नाशस्तस्य न सिध्यति ।
येन यस्य सहावस्था निरोधाय न कल्पते ॥ ५१३ ॥

જે વસ્તુ જેનાથી વધતી હોય, તેનાથી તેનો નાશ થઈ શકે નહિ; અને જેની સાથે જે રહેતું હોય, તે તેને અટકાવવા સમર્થ થાય નહિ. ( અજ્ઞાનથી કર્મ વધે છે અને તે બંને સદા સાથે જ રહે છે; તેથી કર્મ અજ્ઞાનને દૂર કરી શકે નહિ. )

नाशकत्वं तदुभयोः को नु कल्पयितुं क्षमः ।
सर्वं कर्माविरोध्येव सदाऽज्ञानस्य सर्वदा ॥ ५१४ ॥

એ બંનેમાં કોણ કોનો નાશ કરવા સમર્થ થાય ? કેમ કે હરકોઈ કર્મ સર્વ કાળે અજ્ઞાનનું વિરોધી હોતું જ નથી. ૫૧૪

ततोऽज्ञानस्य विच्छित्तिः कर्मणा नैव सिध्यति ।
यस्य प्रध्वस्तजनको यत्संयोगोऽस्ति तत्क्षणे ॥ ५१५ ॥
तयोरेव विरोधित्वं युक्तं भिन्नस्वभावयोः ।
तमःप्रकाशयोर्यद्वत्परस्परविरोधिता ॥ ५१६ ॥
अज्ञानज्ञानयोस्तद्वदुभयोरेव दृश्यते ।
न ज्ञानेन विना नाशस्तस्य केनापि सिध्यति ॥ ५१७॥

એથી કર્મ વડે અજ્ઞાનનો નાશ થઈ શકતો જ નથી; પરંતુ જેનો સંયોગ જે ક્ષણે જેનો નાશ કરનાર થાય છે, તે જ વસ્તુ તે ક્ષણે હોવી જોઈએ; અને જે બે વસ્તુ એકબીજાથી જુદા સ્વભાવવાળી હોય છે, તેઓનું જ પરસ્પર વિરોધીપણું ઘટે છે. જેમ અંધારું ને પ્રકાશ એકબીજાથી જુદા સ્વભાવવાળાં છે તેથી એ બંને એકબીજાનાં વિરોધી છે, તે જ પ્રમાણે અજ્ઞાન અને જ્ઞાન એ બંનેનું જ વિરોધીપણું દેખાય છે; ( કેમ કે એ બંનેનો સ્વભાવ એકબીજાથી જુદો છે ) તેથી જ્ઞાન વિના અજ્ઞાનનો નાશ બીજા કોઈથી પણ સિદ્ધ થતો નથી. ૫૧૫-૫૧૭

तस्मादज्ञानविच्छित्त्यै ज्ञानं संपादयेत्सुधीः ।
आत्मानात्मविवेकेन ज्ञानं सिध्यति नान्यथा ॥ ५१८ ॥

માટે ઉત્તમ-બુદ્ધિવાળા મનુષ્યે અજ્ઞાનનો નાશ કરવા સારુ જ્ઞાન મેળવવું જોઈએ. એ જ્ઞાન આત્માને તથા અનાત્માને જુદા જુદા સમજ્યા વિના બીજા કોઈ પ્રકારે સિદ્ધ થતું નથી. ૫૧૮

युक्त्याऽऽत्मानात्मनोस्तस्मात्करणीयं विवेचनम् ।
अनात्मन्यात्मताबुद्धिग्रंथिर्येन विदीर्यते ॥ ५१९ ॥

આથી યુક્તિવડે આત્માનું તથા અનાત્માનું પૃથક્કરણ કરવું જોઈએ; જેથી અનાત્મામાં થયેલી આત્માપણાની બુદ્ધિરૂપી ગાંઠ છૂટી જાય છે. ૫૧૯

આત્માને અનાત્મા સંબંધે વિવાદ

आत्मानात्मविवेकार्थं विवादोऽयं निरूप्यते ।
येनात्मानात्मनोस्तत्त्वं विविक्तं प्रस्फुटायते ॥ ५२० ॥

હવે આત્મા તથા અનાત્મા માટેનો આ વિવાદ જણાવવામાં આવે છે, જેથી આત્મા તથા અનાત્માનું તત્ત્વ જુદું જુદું અતિ સ્પષ્ટ થાય છે. ૫૨૦

मूढा अश्रुतवेदान्ताः स्वयं पंडितमानिनः ।
ईशप्रसादरहिताः सद्गुरोश्च बहिर्मुखाः ॥ ५२१ ॥
विवदन्ति प्रकारं तं शृणु वक्ष्यामि सादरम् ।

જેઓએ વેદાંત સાંભળ્યું નથી, અને જેઓ પોતે પોતાને પંડિત માની બેઠા છે એવા મૂઢ લોકો ઈશ્વરની કૃપા વિનાના અને સદ્ગુરુથી પણ વિમુખ હોય છે. તેઓ જે પ્રકારે વિવાદ ચલાવે છે, તે હું આદરપૂર્વક કહું છું તે તું સાંભળ. ૫૨૧

કોઈ કહે છે, કે 'પુત્ર આત્મા છે'

अत्यंतपामरः कश्चित्पुत्र आत्मेति मन्यते ॥ ५२२ ॥
आत्मनीव स्वपुत्रेऽपि प्रबलप्रीतिदर्शनात् ।
पुत्रे तु पुष्टे पुष्टोऽहं नष्टे नष्टोऽहमित्यतः ॥ ५२३ ॥
अनुभूतिबलाच्चापि युक्तितोऽपि श्रुतेरपि ।
आत्मा वै पुत्रनामासीत्येवं च वदति श्रुतिः ॥ ५२४ ॥

दीपाद्दीपो यथा तद्वत्पितुः पुत्रः प्रजायते ।
पितुर्गुणानां तनये बीजांकुरवदीक्षणात् ॥ ५२५ ॥
अतोऽयं पुत्र आत्मेति मन्यते भ्रांतिमत्तमः ।
तन्मतं दूषयत्यन्यः पुत्र आत्मा कथं त्विति ॥ ५२६ ॥

કોઈ અત્યંત પામર-વાદી 'પુત્ર આત્મા છે' એમ માને છે; કારણ કે આત્માની પેઠે પોતાના પુત્ર ઉપર પણ પ્રબળ પ્રીતિ દેખાય છે. વળી, 'પુત્ર પુષ્ટ થવાથી હું પુષ્ટ થયો' અને 'પુત્ર નાશ પામવાથી હું નાશ પામ્યો' એ અનુભવના બળથી, યુક્તિથી અને શ્રુતિના આધારે પુષ્ટ તે પુત્રને આત્મા કહે છે; કારણ કે 'आत्मा वै पुत्रनामासि-પુત્રના નામે તું આત્મા જ છે' એમ શ્રુતિ કહે છે. વળી, જેમ એક દીવામાંથી બીજો દીવો પ્રકટે છે, તેમ પિતાથી પુત્ર ઉત્પન્ન થાય છે; અને બીજમાંથી થયેલા અંકુરની પેઠે પિતાથી થયેલા પુત્રમાં પણ પિતાના જેવા જ ગુણો દેખાય છે; તેથી પણ અતિશય ભ્રાંતિ પામેલો એ 'પુત્ર આત્મા છે' એમ માને છે. તેના એ મતને બીજો વાદી (ચાર્વાક) આ પ્રમાણે દૂષિત ઠરાવે છે: 'પુત્ર આત્મા કેમ હોઈ શકે?' ૫૨૨-૫૨૬

પુત્ર નહિ, પણ 'દેહ આત્મા છે'

प्रीतिमात्रात्कथं पुत्र आत्मा भवितुमर्हति
अन्यत्रापीक्ष्यते प्रीतिः क्षेत्रपात्रधनादिषु ॥ ५२७ ॥
पुत्राद्विशिष्टा देहेऽस्मिन्प्राणिनां प्रीतिरिष्यते ।
प्रदीप्ते भवने पुत्रं त्यक्त्वा जंतुः पलायते ॥ ५२८ ॥
तं विक्रीणाति देहार्थं प्रतिकूलं निहन्ति च ।
तस्माद्दात्मा तु तनयो न भवेच्च कदाचन ॥ ५२९ ॥

માત્ર પ્રીતિ ઉપરથી પુત્ર આત્મા હોય તે યોગ્ય નથી. પ્રીતિ તો ખેતર, વાસણો, ધન વગેરે બીજા પદાર્થો ઉપર પણ દેખાય છે (તેથી એ બધાં આત્મા હોઈ શકે નહિ). પ્રાણીમાત્રને

પુત્ર કરતાં તો શરીર ઉપર પ્રીતિ વધારે હોય છે; જ્યારે ઘર સળગ્યું હોય છે, ત્યારે પુત્રને ત્યજીને પણ પ્રાણી નાસી જાય છે; પોતાના દેહ માટે કોઈ વેળા પુત્રને વેચી નાખે છે અને પુત્ર જો પ્રતિકૂળ હોય તો તેને મારી પણ નાખે છે; તેથી પુત્ર આત્મા કદી હોય જ નહિ. ૫૨૭–૫૨૯

गुणरूपादिसादृश्यं दीपवन्न सुते पितुः ।
अव्यंगाज्जायते व्यंगः सगुणादपि दुर्गुणः ॥ ५३० ॥
आभासमात्रास्ताः सर्वा युक्तयोऽप्युक्तयोऽपि च ।
पुत्रस्य पितृवद्गेहे सर्वकार्येषु वस्तुषु ॥ ५३१ ॥
स्वामित्वद्योतनायास्मिन्नात्मत्वमुपचर्यते ।
श्रुत्या तु मुख्यया वृत्त्या पुत्र आत्मेति नोच्यते ॥ ५३२ ॥
औपचारिकमात्मत्वं पुत्रे तस्मान्न मुख्यतः ।
अहंपदप्रत्ययार्थो देह एव न चेतरः ॥ ५३३ ॥
प्रत्यक्षः सर्वजंतूनां देहोऽहमिति निश्चयः ।
एष पुरुषोऽन्नरसमय इत्यपि च श्रुतिः ॥ ५३४ ॥
पुरुषत्वं वदत्यस्य स्वात्मा हि पुरुषस्ततः ।
आत्मायं देह एवेति चार्वाकेण विनिश्चितम् ॥ ५३५ ॥

વળી, દીવાની પેઠે પિતાના ગુણ–રૂપ વગેરેની સમાનતા પુત્રમાં હોતી નથી; પિતા ખોડ–ખાંપણ વિનાનો હોય છે, છતાં એ પિતાથી ખોડ–ખાંપણવાળો પુત્ર ( કોઈ વેળા જન્મે છે; અને પિતા ગુણવાન હોય છે, છતાં પુત્ર દુર્ગુણી જન્મે છે; માટે 'પુત્ર આત્મા છે' એમ માનવામાં જે યુક્તિઓ અને વચનો ઉપર પ્રમાણરૂપે કહ્યાં છે, તે બધાં માત્ર આભાસરૂપ જ છે; ( ખરી રીતે એ યુક્તિઓ અને વચનો સાચાં નથી; ) તેમ જ 'પુત્ર નામે તું આત્મા જ છે' એમ વેદમાં જે કહ્યું છે, તે તો ઘરનાં બધાં કાર્યોમાં તથા વસ્તુઓ પર પિતાની પેઠે પુત્રની માલિકી હોય છે, એમ જણાવવા માટે એ પુત્ર ઉપર આત્માપણાનો આરોપ જ કર્યો છે. મુખ્ય

વૃત્તિએ 'પુત્ર આત્મા છે' એમ વેદ કહેતો જ નથી; માટે પુત્ર ઉપરનું આત્માપણું કેવળ આરોપિત જ છે, મુખ્ય નથી. (તેથી પુત્ર નહિ પણ દેહ આત્મા છે; કારણ કે 'હું' એ પદના જ્ઞાનનો વિષય દેહ જ છે, બીજો નથી; કેમ કે સર્વ પ્રાણીઓને 'દેહ એ જ હું છું' એવો પ્રત્યક્ષ નિશ્ચય થાય છે; વળી શ્રુતિ પણ 'एष पुरुषोऽन्नरसमयः—આ પુરુષ અન્નના રસમય છે' એમ કહીને 'પોતાનો દેહ એ જ આત્મા છે' એમ દેહને આત્મારૂપે જણાવે છે; માટે 'આ દેહ જ આત્મા છે' આવો ચાર્વાકે નિશ્ચય કર્યો છે. ૫૩૦-૫૩૫

तन्मतं दूषयत्यन्योऽसहमानः पृथग्जनः ।
देह आत्मा कथं नु स्यात्परतंत्रो ह्यचेतनः ॥ ५३६ ॥
इन्द्रियैश्चाल्यमानोऽयं चेष्टते न स्वतः क्वचित् ।
आश्रयश्चक्षुरादीनां गृहवद्गृहमेधिनाम् ॥ ५३७ ॥
बाल्यादिनानावस्थत्वाच्छुक्रशोणितसंभवः ।
अतः कदापि देहस्य नात्मत्वमुपपद्यते ॥ ५३८ ॥

પણ એના એ મતને બીજા સામાન્ય લોકો સહન કરતા નથી અને તેને આવી રીતે દૂષિત ઠરાવે છે: દેહ આત્મા કેમ હોય? એ તો પરતંત્ર અને અચેતન જ છે. ઇંદ્રિયો તેને ચલાવે છે, ત્યારે તો એ ચાલે છે; પોતાની મેળે એ કોઈ વખતે પણ ચેષ્ટા કરી શકતો નથી. એ તો જેમ ઘર ગૃહસ્થોને આશ્રયરૂપ છે, તેમ ચક્ષુ આદિ ઇંદ્રિયોને (રહેવા માટે માત્ર) આશ્રયરૂપ જ છે. વળી, બાળપણ વગેરે અનેક જાતની તેની અવસ્થાઓ છે અને વીર્ય તથા લોહીમાંથી તેને ઉત્પત્તિ થાય છે; તેથી દેહનું આત્માપણું કદી પણ ઘટતું નથી. ૫૩૬-૫૩૮

ઇંદ્રિયો આત્મા છે

बधिरोऽहं च काणोऽहं मूक इत्यनुभूतितः ।
इन्द्रियाणि भवन्त्यात्मा येषामस्त्यर्थवेदनम् ॥ ५३९ ॥

इन्द्रियाणां चेतनत्वं देहे प्राणाः प्रजापतिम् ।
एतमेत्येत्यूचुरिति श्रुत्यैव प्रतिपाद्यते ॥ ५४० ॥
यतस्तस्मादिन्द्रियाणां युक्तमात्मत्वमित्यमुम् ।
निश्चयं दूषयत्यन्योऽसहमानः पृथग्जनः ॥ ५४१ ॥

(પરંતુ) 'હું બહેરો છું, કાણો છું, મૂંગો છું' આવા અનુભવથી 'ઇંદ્રિયો આત્મા છે.' વળી તેઓને વિષયોનું જ્ઞાન છે અને ચેતનપણું છે, એમ આ શ્રુતિએ પણ જણાવ્યું છે 'देहे प्राणाः प्रजापतिम् एवमेत्येत्यूचुः દેહમાં રહેલી ઇંદ્રિયોએ પ્રજાપતિ પાસે જઈને એમ કહ્યું'. આ ઉપરથી પણ ઇંદ્રિયોને આત્માપણું માનવું એ યોગ્ય છે. તેમના આવા નિશ્ચયને બીજા સામાન્ય લોકો સહન કરતા નથી. તેઓ એ મતને આ રીતે દૂષિત ઠરાવે છે. ૫૩૯—૫૪૧

### પ્રાણ આત્મા છે

इन्द्रियाणि कथं त्वात्मा करणानि कुठारवत् ।
करणस्य कुठारादेश्चेतनत्वं न हीक्ष्यते ॥ ५४२ ॥
श्रुत्याधिदेवतामेव इन्द्रियेषूपचर्यते ।
न तु साक्षादिन्द्रियाणां चेतनत्वमुदीर्यते ॥ ५४३ ॥
अचेतनस्य दीपादेरर्थाभासकता यथा ।
तथैव चक्षुरादीनां जडानामपि सिध्यति ॥ ५४४ ॥

ઇંદ્રિયો આત્મા કેમ હોય ? એ તો કુહાડા જેવાં માત્ર સાધનો જ છે. કુહાડો વગેરે સાધનોમાં ચેતનપણું દેખાતું જ નથી. (ઉપરની) શ્રુતિએ પણ ઇંદ્રિયો પર તેઓના દેવોનો જ આરોપ કર્યો છે, પરંતુ ઇંદ્રિયોને સાક્ષાત્ ચેતન કહી જ નથી. જેમ દીવો વગેરે અચેતન છે છતાં પદાર્થોના પ્રકાશક થઈ શકે છે, તેમ ચક્ષુ આદિ ઇંદ્રિયો પણ જડ છે છતાં પદાર્થોની પ્રકાશક થઈ શકે છે. (માટે ઇંદ્રિયો નહિ પણ પ્રાણ આત્મા છે.)

इन्द्रियाणां चेष्टयिता प्राणोऽयं पंचवृत्तिकः ।
सर्वावस्थास्ववस्थावान्सोऽयमात्मत्वमर्हति !
अहं क्षुधावांस्तृष्णावानित्याद्यनुभवादपि ॥ ५४५ ॥
श्रुत्यान्योऽतर आत्मा प्राणमय इतीर्यते यस्मात् ।
तस्मात्प्राणस्यात्मत्वं युक्तं नो करणसंज्ञानां क्वापि ॥ ५४६ ॥

ઇંદ્રિયોને ચેષ્ટા આપનારો આ પ્રાણ જ છે. તે જ (પ્રાણ અપાન-સમાન વ્યાન ઉદાન-એવી) પાંચ વૃત્તિઓવાળો હોઈને સર્વ અવસ્થાઓમાં (એક જ) સ્થિતિવાળો રહે છે; માટે તે આત્મા હોવાને યોગ્ય છે. વળી, 'હું ભૂખ્યો છું', તરસ્યો છું' આવો અનુભવ થાય છે અને વેદ પણ 'अन्योंऽतर आत्मा प्राणमयः । આ પ્રાણમય અંતરાત્મા (બધાથી) જુદો છે. આમ કહી પ્રાણને જ આત્મા કહે છે; માટે પ્રાણને આત્મા માનવો તે જ યોગ્ય છે, પણ 'करण'-સાધન' નામને ધારણ કરનારી ઇંદ્રિયો કદી આત્મા હોઈ શકે નહિ. ૫૪૫,૫૪૬

'પ્રાણ નહિ, પણ મન આત્મા છે.

इति निश्चयमेतस्य दूषयत्यपरो जडः ।
भवत्यात्मा कथं प्राणो वायुरेवैष आंतरः ॥ ५४७ ॥
बहिर्यात्यन्तरायाति भस्त्रिकावायुवन्मुहुः ।
न हितं वाहितं वा स्वमन्यद्वा वेद किंचन ॥ ५४८ ॥
जडस्वभावश्चपलः कर्मयुक्तश्च सर्वदा ।
प्राणस्य भानं मनसि स्थिते सुते न दृश्यते ॥ ५४९ ॥
मनस्तु सर्वं जानाति सर्ववेदनकारणम् ।
यत्तस्मान्मन एवात्मा प्राणस्तु न कदाचन ॥ ५५० ॥
संकल्पवानहं चिंतावानहं च विकल्पवान् ।
इत्याद्यनुभवादन्योऽन्तर आत्मा मनोमयः ५५१ ॥
इत्यादिश्रुतिसद्भावाद्युक्ता मनस आत्मता ।
इति निश्चयमेतस्य दूषयत्यपरो जडः ॥ ५५२ ॥

એવો એ મતવાદીનો નિશ્ચય બીજો જડમતવાદી દૂષિત ઠરાવે છે, કે 'આ પ્રાણ આત્મા કેમ હોય? એ તો અંદરનો વાયુ જ છે. ધમણના વાયુની પેઠે વારંવાર એ બહાર જાય છે, ને અંદર આવે છે; વળી તે હિત કે અહિતને અથવા પોતાને કે બીજાને-એવું કંઈ જાણતો નથી, જડ સ્વભાવનો છે; ચપળ અને સર્વદા કર્મથી યુક્ત છે; આ પ્રાણનું ભાન જો મન હોય *છે તો જ દેખાય છે, પણ મન સૂઈ ગયું હોય છે ત્યારે દેખાતું* નથી; મન તો સર્વ જાણે છે અને બધા અનુભવમાં તે જ કારણ છે; માટે મન જ આત્મા છે, પ્રાણ કદી આત્મા હોય જ નહિ. વળી, 'હું સંકલ્પવાળો છું, વિચારવાળો છું, વિકલ્પવાળો છું' આવો અનુભવ થાય છે; અને 'अन्योऽन्तर आत्मा मनोमयः। અંતરાત્મા બધાથી જુદો જ હોઈ મનોમય છે.' ઇત્યાદિ શ્રુતિઓ પણ મનને આત્મા માનવામાં પ્રમાણ છે, માટે મનને જ આત્મા માનવો યોગ્ય છે. આવા આ મતને બીજો જડમતવાદી આ રીતે દૂષિત ઠરાવે છે: ૫૪૭–૫૫૨

'મન નહિ પણ બુદ્ધિ આત્મા છે'

कथं मनस आत्मत्वं करणस्य दृगादिवत्।  
कर्तृप्रयोज्यं करणं न स्वयं तु प्रवर्तते ॥ ५५३ ॥  
करणप्रयोक्ता यः कर्ता तस्यैवात्मत्वमर्हति।  
आत्मा स्वतंत्रः पुरुषो न प्रयोज्यः कदाचन ॥ ५५४ ॥  
अहं कर्तास्म्यहं भोक्ता सुखीत्यनुभवादपि।  
बुद्धिरात्मा भवत्येव बुद्धिधर्मो ह्यहंकृतिः ॥ ५५५ ॥  
अन्योऽतर आत्मा विज्ञानमय इति वदति निगमः।  
मनसोऽपि च भिन्नं विज्ञानमयं कर्तृरूपमात्मानम् ॥ ५५६ ॥  
विज्ञानं यज्ञं तनुते कर्माणि तनुतेऽपि च।  
इत्यस्य कर्तृता श्रुत्या मुखतः प्रतिपाद्यते।  
तस्माद्युक्तात्मता बुद्धेरिति बौद्धेन निश्चितम् ॥ ५५७ ॥

प्राभाकरस्तार्किकश्च तावुभावप्यमर्षया ।
तन्निश्चयं दूषयतो बुद्धिरात्मा कथं न्विति ॥ ૫૫૮ ॥

'મન આત્મા કેમ હોય? એ તો ચક્ષુ આદિની પેઠે કરણ (એક જાતની ઇંદ્રિય) જ છે. જે કરણ હોય તે તો બીજા કોઈ કર્તા વડે જ પ્રેરણા પામનારું હોય છે. તે પોતે પોતાની મેળે પ્રવૃત્તિ કરી શકતું નથી; માટે કરણને પ્રેરણા આપનારો જે કર્તા હોય તે જ આત્મા હોવાને યોગ્ય છે. આત્મા એ સ્વતંત્ર પુરુષ હોય; બીજાઓ દ્વારા એ પ્રેરણા પામવાને યોગ્ય કદી ન હોય. વળી 'હું કર્તા છું, ભોક્તા છું, સુખી છું' આવો અનુભવ પણ થાય છે, માટે બુદ્ધિ જ આત્મા છે; કેમ કે 'હું' આવો જે અહંકાર કરવો એ બુદ્ધિનો ધર્મ છે. વેદ પણ 'अन्योऽन्तर आत्मा विज्ञानमयः । અંતરાત્મા બધાથી જુદો હોઈ વિજ્ઞાનમય (બુદ્ધિરૂપ) છે' એમ બુદ્ધિને આત્મા કહે છે. આ વિજ્ઞાનમય આત્મા મનથી જુદો અને કર્તારૂપ છે તેથી 'विज्ञानं यज्ञं तनुते कर्माणि तनुतेऽपि च । વિજ્ઞાન (બુદ્ધિ) યજ્ઞ કરે છે અને કર્મો પણ તે જ કરે છે.' એમ આ શ્રુતિ પણ સ્વમુખે આ બુદ્ધિનું કર્તાપણું સિદ્ધ કરે છે. માટે બુદ્ધિને આત્મા માનવો એ જ યોગ્ય છે, આવો બૌદ્ધ મતે નિશ્ચય કર્યો છે.' પણ તેમના એ નિશ્ચયને પ્રભાકર અને તર્કશાસ્ત્રકાર-બંને સહન કરતા નથી; તેઓ 'બુદ્ધિ આત્મા કેમ હોય?' એમ કહીને એ મતને દૂષિત ઠરાવે છે. ૫૫૩-૫૫૮

'બુદ્ધિ નહિ, પણ અજ્ઞાન આત્મા છે'

बुद्धेरज्ञानकार्यत्वाद्विनाशित्वात्प्रतिक्षणम् ।
बुद्ध्यादीनां च सर्वेषामज्ञाने लयदर्शनात् ॥ ૫૫૯ ॥
अज्ञोऽहमित्यनुभवादास्त्रीबालादिगोचरात् ।
भवत्यज्ञानमेवात्मा न तु बुद्धिः कदाचन ॥ ૫૬૦ ॥
विज्ञानमयादन्यं त्वानंदमयं परं तथात्मानम् ।
अन्योंऽतर आत्माऽऽनंदमय इति वदति वेदोऽपि ॥ ૫૬૧ ॥

दुःखप्रत्ययशून्यत्वादानंदमयता मता ।
अज्ञाने सकलं सुप्तौ बुद्धयादि प्रविलीयते ॥ ५६२ ॥
दुःखिनोऽपि सुषुप्तौ त्वानंदमयता ततः ।
सुप्तौ किंचिन्न जानामीत्यनुभूतिश्च दृश्यते ॥ ५६३ ॥
यत एवमतो युक्ता ह्यज्ञानस्यात्मता ध्रुवम् ।
इति तन्निश्चयं भट्टा दूषयन्ति स्वयुक्तिभिः ॥ ५६४ ॥

"બુદ્ધિ તો અજ્ઞાનનું કાર્ય છે, ક્ષણે ક્ષણે નાશ પામનારી છે; અને બુદ્ધિ આદિ સર્વનો અજ્ઞાનમાં લય થતો દેખાય છે. વળી 'હું અજ્ઞાની છું' આવો અનુભવ સ્ત્રી–બાળક વગેરેને પણ થાય છે, માટે અજ્ઞાન જ આત્મા છે, પણ બુદ્ધિ કદી આત્મા નથી; વેદ પણ 'अन्योंतर आत्मा आनंदमयः । બધાંથી જુદો અંતરાત્મા આનંદમય છે' આમ બુદ્ધિથી જુદો આનંદમય પરમાત્મા કહે છે. આ આત્માને દુઃખનો અનુભવ છે જ નહિ; તેથી તેને આનંદમય માન્યો છે; સુષુપ્તિ અવસ્થામાં બુદ્ધિ આદિ બધું અજ્ઞાનમાં લય પામી જાય છે; દુઃખી હોય તેને પણ એ સુષુપ્તિમાં આનંદમયપણું જણાય છે અને તેને લીધે જ 'ઊંઘમાં મને કંઈ ખબર રહી નહિ' આવો અનુભવ દેખાય છે; માટે અજ્ઞાનને જ આત્માપણું યોગ્ય છે." આવા તેઓના મતને કુમારિલ ભટ્ટના અનુયાયીઓ પોતાની યુક્તિઓથી દૂષિત આમ ઠરાવે છેઃ ૫૫૯-૫૬૪

'એકલું અજ્ઞાન નહિ, પણ જ્ઞાન—અજ્ઞાન—બંને મળી આત્મા છે.'

कथमज्ञानमेवात्मा ज्ञानं चाप्युपलभ्यते ।
ज्ञानाभावे कथं विद्युरज्ञोऽहमिति चाज्ञताम् ।
अस्वाप्सं सुखमेवाहं न जानाम्यत्र किंचन ॥ ५६५ ॥
इत्यज्ञानमपि ज्ञानं प्रबुद्धेषु प्रदृश्यते ।
प्रज्ञानघन एवानंदमय इत्यपि श्रुतिः ॥ ५६६ ।
प्रब्रवीत्युभयात्मत्वमात्मनः स्वयमेव वा ।
मात्मातन्निज्जडतनुः खद्योत इव संमतः ॥ ५६७ ॥

न केवलाज्ञानमयो घटकुड्यादिवज्जडः ।
इति निश्चयमेतेषां दूषयन्त्यपरो जडः ॥ ५६८ ॥

"કેવળ અજ્ઞાન જ આત્મા કેમ હોય! જ્ઞાન પણ અનુભવાય છે. જ્ઞાન ન હોય તો 'હું અજ્ઞાની છું' એમ પોતાના અજ્ઞાની-પણાને લોકો કેવી રીતે જાણે? ઊંઘીને જાગેલા લોકોમાં 'હું સુખ-પૂર્વક જ સૂઈ ગયો હતો. એ વેળા હું કંઈ જાણતો ન હતો' આવું અજ્ઞાનપૂર્વકનું જ્ઞાન પણ જોવામાં આવે છે. વળી 'प्रज्ञानघन एवानंदमयः । આનંદમય અને પુષ્કળ જ્ઞાનમય જ આત્મા છે' એમ શ્રુતિ પોતે પણ આત્માને જ્ઞાન-અજ્ઞાન બન્ને સ્વરૂપ જ કહે છે. માટે પતંગિયાંની પેઠે જ્ઞાન-અજ્ઞાન બન્ને સ્વરૂપવાળો જ આત્મા (અમે) માન્યો છે-કેવળ અજ્ઞાનમય જ નહિ. કેવળ અજ્ઞાનમય આત્મા હોય, તો ઘડો-ભીંત વગેરેની પેઠે કેવળ જડ જ હોય." આવો એ લોકોનો નિશ્ચય છે; તેને બીજો જડ મત-વાદી દૂષિત ઠરાવે છેઃ ૫૬૫-૫૬૮

'જ્ઞાન-અજ્ઞાનમય નહિ, પણ શૂન્ય આત્મા છે.'

ज्ञानाज्ञानमयस्त्वात्मा कथं भवितुमर्हति ।
परस्परविरुद्धत्वात्तेजस्तिमिरवत्तयोः ॥ ५६९ ॥
सामानाधिकरण्यं वा संयोगो वा समाश्रयः ।
तमःप्रकाशवज्ज्ञानाज्ञानयोर्न हि सिध्यति ॥ ५७० ॥
अज्ञानमपि विज्ञानं बुद्धिर्वापि च तद्गुणाः ।
सुषुप्तौ नोपलभ्यन्ते यत्किंचिदपि वापरम् ॥ ५७१ ॥
मात्रादिलक्षणं किं नु शून्यमेवोपलभ्यते ।
सुषुप्तौ नान्यदस्त्येव नाहमप्यासमित्यनु ॥ ५७२ ॥
सुप्तोत्थितजनैः सर्वैः शून्यमेवानुस्मर्यते ।
यत्ततः शून्यमेवात्मा न ज्ञानाज्ञानलक्षणः ॥ ५७३ ॥
वेदेनाप्यसदेवेदमग्र आसीदिति स्फुटम् ।
निरूप्यते यतस्तस्माच्छून्यस्यैवात्मता मता ॥ ५७४ ॥

असन्नेव घटः पूर्वं जायमानः प्रदृश्यते ।
न हि कुंभः पुरैवांतः स्थित्वोदेति बहिर्मुखः ॥ ५७५ ॥
यत्तस्मादसतः सर्वं सदिदं समजायत ।
ततः सर्वात्मना शून्यस्यैवात्मत्वं समर्हति ॥ ५७६ ॥

"આત્મા જ્ઞાન-અજ્ઞાનમય કેમ હોઈ શકે ? એ તો પ્રકાશ અને અંધકારની પેઠે પરસ્પર વિરુદ્ધ છે; અને તેથી જ એ જ્ઞાન તથા અજ્ઞાનનું પ્રકાશ અને અંધકારની પેઠે એક જ સ્થળે રહેવું, અથવા એકબીજા સાથે જોડાવું, અથવા એકબીજાને એકબીજાનો આશ્રય સિદ્ધ થતો જ નથી. વળી, અજ્ઞાન, વિજ્ઞાન, બુદ્ધિ અને તેના ગુણો અથવા બીજું જે કંઈ અનુભવનાર વગેરે છે તે પણ સુષુપ્તિમાં જણાતું જ નથી, પરંતુ કેવળ શૂન્ય જ જણાય છે. એ સુષુપ્તિમાં બીજું કંઈ પણ હોતું જ નથી; અને ઊંઘીને ઊઠેલા બધા લોકો 'હું ઊંઘી ગયો ત્યારે હું પણ હતો નહિ' એમ શૂન્યને જ પાછળથી યાદ કરે છે-અનુભવે છે, માટે શૂન્ય જ આત્મા છે, જ્ઞાન-અજ્ઞાનરૂપ લક્ષણવાળો આત્મા છે જ નહિ. વળી, વેદ પણ 'असदेवेदमग्र आसीत । આ જગત પહેલાં અસત્ (શૂન્ય) જ હતું' એમ સ્પષ્ટ કહે છે; તેથી શૂન્યને જ (અમે) આત્મા માન્યો છે. વળી ઘડો (ઉત્પત્તિ) પહેલાં અસત્ (શૂન્યરૂપ) જ હોય છે અને પછીથી તે ઉત્પન્ન થતો દેખાય છે; એ ઘડો પ્રથમ પોતામાં હતો, ને પછીથી બહાર પ્રકટ થાય છે, એવું તો કંઈ છે જ નહિ; માટે (માનવું પડે છે, કે) સર્વ કંઈ આ સત્રૂપે જે જણાય છે, તે બધું અસત(શૂન્ય)માંથી જ ઉત્પન્ન થયું છે; આમ સર્વ રીતે શૂન્યને જ આત્માપણું ઘટે છે." ૫૬૯-૫૭૬

સિદ્ધાંત-પુત્રથી માંડી શૂન્ય સુધીનું કંઈ પણ આત્મા નથી.

इत्येवं पंडितंमन्यैः परस्परविरोधिभिः ।
तत्तन्मतानुरूपाल्पश्रुतियुक्त्यनुभूतिभिः ॥ ५७७ ॥

निर्णीतमतजातानि खंडितान्येव पंडितैः ।
श्रुतिभिश्चाप्यनुभवैर्बाधकैः प्रतिवादिनाम् ॥ ५७८ ॥
यतस्तस्मात्तु पुत्रादेः शून्यान्तस्य विशेषतः ।
सुसाधितमनात्मत्वं श्रुतियुक्त्यनुभूतिभिः ॥ ५७९ ॥

એમ પોતાને પંડિત માનતા તે તે મતવાદીઓએ એકબીજાનો વિરોધ કરીને તે તે પોતપોતાના મતને અનુકૂળ નાની નાની થોડી શ્રુતિઓ, યુક્તિઓ તથા અનુભવો જણાવીને પોતપોતાના મતનો નિર્ણય કર્યો છે; પરંતુ એ સર્વ પ્રતિવાદીઓએ સ્વીકારેલી શ્રુતિ, યુક્તિ તથા અનુભવનો બાધ કરનારી બીજી અનેક શ્રુતિઓ, યુક્તિઓ તથા અનુભવોનો આશ્રય કરીને પંડિતોએ તે સર્વ મતોનું ખંડન કર્યું છે; તેમ જ અનેક શ્રુતિઓ, યુક્તિઓ અને અનુભવો વડે પુત્રથી માંડી શૂન્ય સુધીનું એ કંઈ પણ આત્મા નથી એમ સારી રીતે સિદ્ધ કરેલ છે. ૫૭૭–૫૭૯

न हि प्रमाणांतरबाधितस्य याथार्थ्यमंगीक्रियते महद्भिः ।
पुत्रादिशून्यान्तमनात्मतत्त्वमित्येव विस्पष्टमतः सुजातम् ॥ ५८० ॥

જે વસ્તુનું બીજાં પ્રમાણોથી ખંડન થયું હોય, તેને મહાપુરુષો સાચાં તરીકે સ્વીકારતા નથી; આ ઉપરથી પુત્રથી માંડી શૂન્ય સુધીનું કેવળ અનાત્મ તત્ત્વ જ છે એમ સારી રીતે સ્પષ્ટ થયું છે. ૫૮૦

શિષ્યની શંકા

सुषुप्तिकाले सकले विलीने शून्यं विना नान्यदिहोपलभ्यते ।
शून्यं त्वनात्मा न ततः परः कोऽप्यात्माभिधानस्त्वनुभूयतेऽर्थः ॥५८१॥
यद्यस्ति चात्मा किमु नोपलभ्यते सुप्तौ यथा तिष्ठति किं प्रमाणम् ।
किंलक्षणोऽसौ स कथं न बाध्यते प्रबाध्यमानेष्वहमादिषु स्वयम् ॥
एतत्संशयजातं मे हृदयग्रंथिलक्षणम् ।
छिन्द्धि युक्तिमहाखड्गधारया कृपया गुरो ॥ ५८३ ॥

સુષુપ્તિના સમયે બધું વિલય પામી જાય છે, ત્યારે શૂન્ય

વિના બીજું કંઈ આ જગતમાં જણાતું નથી; અને શૂન્ય તો આત્મા હોય જ નહિ; તો પછી એનાથી જુદો આત્મા નામનો કયો પદાર્થ અનુભવાય છે? જો આત્મા છે, તો કેમ જણાતો નથી? સુષુપ્તિમાં પણ એ આત્મા રહે છે, એમાં પ્રમાણ શું છે? એનું લક્ષણ શું છે? અહંકાર વગેરે સર્વ પદાર્થોનો (સુષુપ્તિમાં) બાધ અથવા લય થઈ જાય છે; છતાં એ આત્મા પોતે કેમ બાધ (લય) પામતો નથી? હે ગુરુદેવ! મારા આ સંશયોનો સમુદાય હૃદયમાં એક જાતની ગાંઠ જેવા જ લક્ષણવાળો છે; તેને આપ યુક્તિરૂપી મોટી તરવારની ધારાથી કૃપા કરીને કાપી નાખો. ૫૮૧–૫૮૩

શ્રી ગુરુનું સમાધાન

अतिसूक्ष्मतरः प्रश्नस्तवायं सदृशो मतः ।
सूक्ष्मार्थदर्शनं सूक्ष्मबुद्धिष्वेव प्रदृश्यते ॥ ५८४ ॥

આ તારો પ્રશ્ન અતિશય સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ છે અને તેને હું યોગ્ય માનું છું; કારણ કે સૂક્ષ્મ પદાર્થોનું દર્શન સૂક્ષ્મ બુદ્ધિવાળાઓમાં જ દેખાય છે. ૫૮૪

शृणु वक्ष्यामि सकलं यद्यत्पृष्टं त्वयाधुना ।
रहस्यं परमं सूक्ष्मं ज्ञातव्यं च मुमुक्षुभिः ॥ ५८५ ॥

તેં જે જે પૂછ્યું, તે બધું હવે હું કહું છું, તું સાંભળ. આ પરમ સૂક્ષ્મ રહસ્ય છે અને મુમુક્ષુઓએ તે જાણવા જેવું છે. ૫૮૫

જગત શૂન્યરૂપ થતું જ નથી

बुद्ध्यादि सकलं सुप्तावनुलीनं स्वकारणे ।
अव्यक्ते वटवद्बीजे तिष्ठत्यविकृतात्मना ॥ ५८६ ॥
तिष्ठत्येव स्वरूपेण न तु शून्यायते जगत् ।
क्वचिदंकुररूपेण क्वचिद्बीजात्मना वटः ।
कार्यकारणरूपेण यथा तिष्ठत्यदस्तथा ॥ ५८७ ॥
अव्याकृतात्मनावस्थां जगतो वदति श्रुतिः ।
सुषुप्त्यादिषु तद्धेदं तर्ह्यव्याकृतमित्यसौ ॥ ५८८ ॥

इममर्थमविज्ञाय निर्णीतं श्रुतियुक्तिभिः ।
जगतो दर्शनं शून्यमिति प्राहुस्तद्विदः ॥ ५८९ ॥

બુદ્ધિ આદિ બધા પદાર્થો સુષુપ્તિ સમયે પોતાના કારણ અવ્યક્ત( માયા )માં જો કે લય પામી જાય છે, તો પણ જેમ વડના બીમાં અવિકૃત ( અસ્પષ્ટ ) સ્વરૂપે આખો વડ રહેલો હોય છે તેમ એ બુદ્ધિ આદિ તત્ત્વો ( એ માયામાં ) અવિકૃત ( અસ્પષ્ટ) સ્વરૂપે રહેલાં જ હોય છે. એમ એવા સ્વરૂપે આ જગત રહેલું જ હોય છે. પણ શૂન્ય જેવું થતું નથી. જેમ વડ કોઈ વેળા અંકુરરૂપે રહ્યો હોય છે અને કોઈ વખતે બીરૂપે રહેલો હોય છે, તેમ આ જગત કાર્ય–કારણરૂપે રહે જ છે (તેનો સમૂળગો વિલય થતો જ નથી) અને તેને જ શ્રુતિ જગતની અવ્યાકૃત–અવિકૃત–અસ્પષ્ટ અવસ્થા કહે છે. સુષુપ્તિ આદિ અવસ્થાઓમાં આ જગત એ અવ્યાકૃત રૂપે જુદા સ્વરૂપે રહ્યું હોય છે, છતાં શ્રુતિઓ અને યુક્તિઓથી નિર્ણય કરેલા એ અર્થને સમજ્યા વિના જગતના એ અદર્શનને એ રહસ્ય નહિ જાણનારાઓ 'શૂન્ય' એમ કહે છે. ૫૮૬–૫૮૯

શૂન્યમાંથી કંઈ ઉદ્ભવે જ નહિ

नासतः सत उत्पत्तिः श्रूयते न च दृश्यते ।
उदेति नरशृंगात्किं खपुष्पात्किं भविष्यति ॥ ५९० ॥

અસત્ ( શૂન્ય )માંથી સત્ ( પ્રત્યક્ષ દેખાતી કોઈ વસ્તુ )ની ઉત્પત્તિ સંભળાતી નથી કે દેખાતી નથી. માણસના શીંગડામાંથી શું ઉત્પન્ન થાય છે? આકાશના પુષ્પમાંથી શું થશે? ( અર્થાત્ મનુષ્યનું શીંગડું અને આકાશનું પુષ્પ મૂળમાંથી છે જ નહિ– અસત્ છે, તો તેમાંથી શું થવાનું છે?) ૫૯૦

प्रभवति न हि कुंभोऽविद्यमानो मृदश्चे-
त्प्रभवतु सिकताया वाथवा वारिणो वा ।
न हि भवति च ताभ्यां सर्वथा क्वापि तस्मा-
द्यत उदयति योऽर्थोऽस्त्यत्र तस्य स्वभावः ॥ ५९१ ॥

જો માટી ન હોય તો ઘડો ઉત્પન્ન થતો જ નથી, એકલી રેતી કે એકલા પાણીમાંથી અથવા તે બંને ભેગાં મળવાથી પણ (માટી વિના) કોઈ પણ રીતે ઘડો કદી થતો જ નથી; માટે જે વસ્તુ જેમાંથી ઉત્પન્ન થાય છે, તેમાં એ વસ્તુનો જ સ્વભાવ હોય છે. ૫૯૧

अन्यथा विपरीतं स्यात्कार्यकारणलक्षणम् ।
नियतं सर्वशास्त्रेषु सर्वलोकेषु सर्वतः ॥ ५९२ ॥

જો એમ ન હોય, તો સર્વ શાસ્ત્રોમાં અને સર્વ લોકોમાં કાર્ય તથા કારણનું લક્ષણ ચોક્કસ વિપરીત જ થાય. ૫૯૨

कथमसतः सज्जायेतेति श्रुत्या निषिध्यते तस्मात् ।
असतः सज्जननं नो घटते मिथ्यैव शून्यशब्दार्थः ॥ ५९३ ॥

એટલે અસત્‌માંથી સત્ કેવી રીતે ઉત્પન્ન થાય? (ન જ થાય.) આવા અભિપ્રાયથી જ શ્રુતિ (વેદ) પણ એ વસ્તુનો નિષેધ કરે છે, કે અસત્‌માંથી સત્‌ની ઉત્પત્તિ ઘટતી જ નથી; કેમ કે 'શૂન્ય' શબ્દનો અર્થ 'મિથ્યા' જ છે (અર્થાત્ જે ખોટું અથવા હયાત જ ન હોય તે શૂન્ય કહેવાય છે). ૫૯૩

સુષુપ્તિમાં શૂન્યને અનુભવે છે એ જ આત્મા છે.

अव्यक्तशब्दिते प्राज्ञे सत्यात्मन्यत्र जाग्रति ।
कथं सिध्यति शून्यत्वं तस्य भ्रान्तशिरोमणे ॥ ५९४ ॥
सुषुप्तौ शून्यमेवेति केन पुंसा तवेरितम् ।
हेतुनानुमितं केन कथं ज्ञातं त्वयोच्यताम् ॥ ५९५ ॥
इति पृष्टो मूढतमो वदिष्यति किमुत्तरम् ।
नैवानुरूपकं लिंगं वक्ता वा नास्ति कश्चन ।
सुषुप्तिस्थितशून्यस्य बोद्धा को न्वात्मनः परः ॥ ५९६ ॥

'આ જગતમાં 'અવ્યક્ત (અસ્પષ્ટ)' શબ્દથી કહેવાતો છતાં પ્રાજ્ઞ (प्र+आ+ज्ञ-સારી રીતે ચોતરફ જાણનારો) આત્મા હયાત છે; છતાં હે ભ્રમિતના શિરોમણિ! એ આત્માનું શૂન્યપણું

કેવી રીતે સિદ્ધ થાય છે? વળી 'સુષુપ્તિમાં શૂન્ય જ હોય છે' એમ તને કયા પુરુષે કહ્યું છે? કયા હેતુથી તેં એનું અનુમાન કર્યું છે? અને એ શૂન્યને તેં જાણ્યું શાથી?' આમ પૂછવામાં આવશે ત્યારે એ શૂન્યવાદી શો ઉત્તર આપશે? 'સુષુપ્તિમાં શૂન્ય જ હોય છે' એ વાતની સિદ્ધિને અનુસરતો કોઈ હેતુ નથી અને એમ કહેનારો પણ કોઈ હોતો નથી, તો પછી સુષુપ્તિમાં રહેલા એ શૂન્યને જાણનારો આત્મા વિના બીજો કોણ હોઈ શકે? ૫૯૪-૫૯૬ .

**स्वेनानुभूतं स्वयमेव वक्ति स्वसुप्तिकाले स्थितशून्यभावम्।**
**तत्र स्वसत्तामनवेक्ष्य मूढः स्वस्यापि शून्यत्वमयं ब्रवीति ॥५९७॥**

સુષુપ્તિના સમયે જે શૂન્યપણું રહેલું હોય છે, તેને પોતે જ અનુભવે છે અને પોતે જ કહે છે, છતાં એ મૂઢ (શૂન્યવાદી), તે સુષુપ્તિમાં પોતાની હયાતીને ન જોઈને પોતાનું પણ શૂન્યપણું કહે છે!! ૫૯૭

**अवेद्यमानः स्वयमन्यलोकैः सौषुप्तिकं धर्ममवैति साक्षात्।**
**बुद्ध्याद्यभावस्य च योऽत्र बोद्धा स एष आत्मा खलु निर्विकारः॥**

પોતે બીજા લોકોથી નહિ જણાઈને સુષુપ્તિના ધર્મને સાક્ષાત્ (પ્રત્યક્ષ) જાણે છે. એમ એ સુષુપ્તિમાં બુદ્ધિ વગેરેના અભાવને જે જાણે છે, તે જ આ નિર્વિકાર આત્મા છે. ૫૯૮

**यस्येदं सकलं विभाति महसा तस्य स्वयंज्योतिषः**
**सूर्यस्येव किमस्ति भासकमिह प्रज्ञादि सर्वं जडम्।**
**न ह्यर्कस्य विभासकं क्षितितले दृष्टं तथैवात्मनो**
**नान्यः कोऽप्यनुभासकोऽनुभविता नातः परः कश्चनः ॥५९९॥**

જેના પ્રકાશથી આ બધું પ્રકાશે છે, તે સ્વયંજ્યોતિ સૂર્ય જેવા આત્માને પ્રકાશિત કરનાર શું છે? (કંઈ જ નથી.) આ શરીરમાં બુદ્ધિ વગેરે બધું જડ છે. જેમ સૂર્યને પ્રકાશિત કરનારું પૃથ્વી પર કંઈ પણ દેખાતું નથી, તે જ પ્રમાણે આત્માને પ્રકાશિત

કરનારું કોઈ પણ નથી; અને આત્મા સિવાય બીજો કોઈ અનુભવ કરનાર કે જાણનાર પણ નથી. ૫૯૯

येनानुभूयते सर्वं जाग्रत्स्वप्नसुषुप्तिषु ।
विज्ञातारमिमं को नु कथं वेदितुमर्हति ॥ ६०० ॥

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં જેને લીધે બધું અનુભવાય છે, તે આ સંપૂર્ણ જાણનારા આત્માને કોણ કેવી રીતે જાણવાને યોગ્ય છે ? ૬૦૦

सर्वस्य दाहको वह्निर्वह्नेर्नान्योऽस्ति दाहकः ।
यथा तथात्मनो ज्ञातुर्ज्ञाता कोऽपि न दृश्यते ॥ ६०१ ॥

જેમ અગ્નિ બધાંને બાળનારો છે, પણ એ અગ્નિને બાળનારો બીજો કોઈ નથી; તે જ પ્રમાણે આત્મા બધાંને જાણનારો છે, પણ તેને પોતાને જાણનારો કોઈ પણ દેખાતો નથી. ૬૦૧

उपलभ्येत केनायं ह्युपलब्धा स्वयं ततः ।
उपलब्ध्यंतराभावान्नायमात्मोपलभ्यते ॥ ६०२ ॥

આ આત્મા પોતે જ બધું મેળવનાર—જાણનાર અથવા અનુભવનાર છે, તેથી એ પોતે કોના વડે મેળવાય, જણાય કે અનુભવાય ? ૬૦૨

बुद्ध्यादिवेद्यविलयादयमेक एव
सुप्तौ न पश्यति शृणोति न वेत्ति किंचित् ।
सौषुप्तिकस्य तमसः स्वयमेव साक्षी
भूत्वात्र तिष्ठति सुखेन च निर्विकल्पः ॥ ६०३ ॥

સુષુપ્તિમાં બુદ્ધિ વગેરે જાણવાલાયક સર્વ પદાર્થોનો વિલય થઈ જાય છે, તેથી આ આત્મા એકલો જ રહે છે અને તેથી જ કંઈ જોતો નથી, સાંભળતો નથી અને જાણતો નથી; કેવળ સુષુપ્તિના અંધકારનો માત્ર પોતે જ સાક્ષી થઈને નિર્વિકલ્પ (સંકલ્પ-વિકલ્પ વિનાની) સ્થિતિવાળો તે સુખેથી રહે છે. ૬૦૩

सुषुप्तावात्मसद्भावे प्रमाणं पंडितोत्तमाः ।
विदुः स्वप्रत्यभिज्ञानमाबालवृद्धसंमतम् ॥ ६०४ ॥
प्रत्यभिज्ञायमानत्वाल्लिंगमात्रानुमापकम् ।
स्मर्यमाणस्य सद्भावः सुखमस्वाप्समित्ययम् ॥ ६०५ ॥
पुरानुभूतो नो चेत्तु स्मृतेरनुदयो भवेत् ।
इत्यादितर्कयुक्तिश्च सद्भावे मानमात्मनः ॥ ६०६ ॥

સુષુપ્તિમાં આત્મા હોય છે તે વિષે ઉત્તમ પંડિતો 'હું સુખેથી સૂતો હતો' આવા 'પોતાના અનુભવજ્ઞાનને જ પ્રમાણ તરીકે જાણે છે; અને બાળકથી માંડી વૃદ્ધ સુધીના સર્વને તે સંમત છે; કેમ કે તેનો સર્વ કોઈને અનુભવ થાય છે અને સ્મરણ કરાતી વસ્તુનું હોવું, એ જ એમાં માત્ર હેતુ રૂપે હોઈને તેનું અનુમાન પણ કરાવે છે. વળી જેને પૂર્વે અનુભવી ન હોય તે વસ્તુનું સ્મરણ કદી થતું જ નથી, ઇત્યાદિ તર્કની યુક્તિ પણ આત્માની (સુષુપ્તિમાં) હયાતી વિષે પ્રમાણભૂત છે. ૬૦૬

यत्रात्मनोऽकामयितृत्वबुद्धिः स्वप्नानपेक्षापि च तत्सुषुप्तम् ।
इत्यात्मसद्भाव उदीर्यतेऽत्र श्रुत्यापि तस्माच्छ्रुतिरत्र मानम् ॥ ६०७ ॥

"જેમાં આત્માને કોઈ પણ વસ્તુની ઇચ્છા કરનાર તરીકેની બુદ્ધિ હોતી નથી અને કોઈ સ્વપ્નની પણ જરૂર હોતી નથી, એ સુષુપ્તિ કહેવાય છે;" આમ કહીને શ્રુતિ પણ આત્માની હયાતી જણાવે છે; તેથી શ્રુતિ પણ આમાં પ્રમાણ છે. ૬૦૭

अकामयितृता स्वप्नादर्शनं घटते कथम् ।
अविद्यमानस्य तत आत्मास्तित्वं प्रतीयते ॥ ६०८ ॥

જો આત્મા હોય જ નહિ, તો 'નહિ ઇચ્છનારપણું' અને સ્વપ્નથી દર્શન તેને કેમ ઘટે? માટે (સુષુપ્તિમાં પણ) આત્માનું અસ્તિત્વ જણાય છે. ૬૦૮

एतैः प्रमाणैरस्तीति ज्ञातः साक्षितया बुधैः ।
आत्मायं केवलः शुद्धः सच्चिदानंदलक्षणः ॥ ६०९ ॥

આ પ્રમાણે ઉપરથી વિદ્વાનોએ 'સુષુપ્તિમાં પણ આત્મા સાક્ષીરૂપે રહ્યો હોય છે' એમ જાણેલ છે. આ આત્મા કેવળ શુદ્ધ અને સચ્ચિદાનંદ સ્વરૂપ લક્ષણવાળો છે. ૬૦૯

सत्त्वचित्त्वानंदतादिलक्षणं प्रत्यगात्मनः ।
कालत्रयेऽप्यबाध्यत्वं सत्यं नित्यस्वरूपतः ॥ ६१० ॥

પ્રત્યગાત્માનું સત્, ચિત્, આનંદ આદિ સત્ય લક્ષણ ત્રણે કાળે અબાધિત રહે છે; કેમ કે તે નિત્યસ્વરૂપ છે. ૬૧૦

शुद्धचैतन्यरूपत्वं चित्त्वं ज्ञानस्वरूपतः ।
अखंडसुखरूपत्वादानंदत्वमितीर्यते ॥ ६११ ॥
अनुस्यूतात्मनः सत्ता जाग्रत्स्वप्नसुषुप्तिषु ।
अहमस्मीत्यतो नित्यो भवत्यात्मायमव्ययः ॥ ६१२ ॥
सर्वदाप्यासमित्येवाभिन्नप्रत्यय ईक्ष्यते ।
कदापि नासमित्यस्मादात्मनो नित्यता मता ॥ ६१३ ॥
आयातासु गतासु शैशवमुखावस्थासु जाग्रन्मुखाः
स्वन्यास्वप्यखिलासु वृत्तिषु धियो दुष्टास्वदुष्टास्वपि ।
गंगाभंगपरंपरासु जलवत्सत्तानुवृत्तात्मन-
स्तिष्ठत्येव सदा स्थिराहमहमित्येकात्मता साक्षिणः ॥ ६१४ ॥

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેથી શુદ્ધ ચૈતન્યરૂપ 'चित' કહેવાય છે; અને અખંડ સુખરૂપ હોવાથી 'आनंद' કહેવાય છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ–એ ત્રણે અવસ્થાઓમાં આત્મા અનુસ્યૂત (પરોવાયેલો) છે–તેની હયાતી હોય જ છે અને 'अहमस्मि–હું છું' એમ અનુભવાય છે, તેથી એ નિત્ય અને નિર્વિકાર છે. 'सर्वदाऽपि आसम्–હું સર્વકાળે હતો' એમ હરકોઈ સમયે પોતાના આત્મસ્વરૂપનું અભેદજ્ઞાન દેખાય છે; પણ 'કોઈ કાળે હું ન હતો' એમ જણાતું નથી, તેથી આત્માને નિત્ય માન્યો છે. જેમ ગંગાના તરંગોની પરંપરામાં જળની સત્તા–હયાતીરૂપે અનુસરવું હોય છે, તેમ આવેલી ને ગયેલી બાલ્ય વગેરે અવસ્થા-

ઓમાં, જાગ્રત આદિ અવસ્થાઓમાં અને દુષ્ટ કે અદુષ્ટ બધી બુદ્ધિની વૃત્તિઓમાં આત્માનું સત્તારૂપે અનુસરણ હોય જ છે; કેમ કે તે તે સર્વ સ્થિતિમાં 'હું, હું' એવી અનુવૃત્તિ સદા સ્થિર હોય છે; તેથી સાક્ષીનું એક જ આત્મસ્વરૂપ છે. ૬૧૧-૬૧૪

प्रतिपदमहमादयो विभिन्नाः क्षणपरिणामितया विकारिणस्ते ।
न परिणतिरमुष्य निष्कलत्वादयमविकार्यत एव नित्य आत्मा ॥६१५॥

વળી અહંકાર વગેરે તો પગલે પગલે જુદા જુદા જણાય છે અને ક્ષણે ક્ષણે પરિણામ પામનારા છે, તેથી તેઓ વિકારી છે; પરંતુ આત્માનું કોઈ પરિણામ થતું જ નથી; કેમ કે તે નિષ્કલ છે-અવયવ રહિત છે અને તેથી જ આ આત્મા અવિકારી અને નિત્ય જ છે. ૬૧૫

यः स्वप्नमद्राक्षमहं सुखं योऽस्वाप्सं स एवास्म्यथ जागरूकः ।
इत्येवमच्छिन्नतयानुभूयते सत्तात्मनो नास्ति हि संशयोऽत्र ॥६१६॥

"જે હું સ્વપ્ન જોતો હતો, તે હું જ છું; જે હું સુખેથી ઊંઘતો હતો તે હું જ છું અને જાણું છું તે પણ હું જ છું." આમ અવિચ્છિન્નપણે-નિરંતર અનુભવાય છે, તેથી (સર્વકાળે) આત્માની સત્તા (હયાતી) છે, એમાં સંશય જ નથી. ૬૧૬

श्रुत्युक्ताः षोडशकलाश्चिदाभासस्य नात्मनः ।
निष्कलत्वान्नास्य लयस्तस्मान्नित्यत्वमात्मनः ॥६१७॥

વેદમાં સોળ કળાઓ કહી છે, તે ચિદાભાસ (માત્ર ચૈતન્યના આભાસરૂપ જીવ)ની સમજવી, આત્માની નહિ; કેમ કે આત્મા તો નિષ્કલ છે—અવયવ રહિત છે, તેથી આત્માની નિત્યતા છે. ૬૧૭

जडप्रकाशकः सूर्यः प्रकाशात्मैव नो जडः ।
बुद्ध्यादिभासकस्तस्माच्चित्स्वरूपस्तथा मतः ॥६१८॥

જડ વસ્તુઓનો પ્રકાશક સૂર્ય પ્રકાશસ્વરૂપ જ છે, જડ નથી; તે જ પ્રમાણે બુદ્ધિ આદિનો પ્રકાશક આત્મા ચૈતન્યસ્વરૂપ જ છે, જડ નથી. ૬૧૮

कुड्यादेस्तु जडस्य नैव घटते भानं स्वतः सर्वदा
सूर्यादिप्रभया विना क्वचिदपि प्रत्यक्षमेतत्तथा ।
बुद्ध्यादेरपि न स्वतोऽस्त्यणुरपि स्फूर्तिर्विनैवात्मना
सोऽयं केवलचिन्मयश्रुतिमतो भानुर्यथा रुक्ममयः ॥ ६१९ ॥

ભીંત વગેરે જડ વસ્તુઓનું જ્ઞાન સૂર્ય વગેરેના પ્રકાશ વિના તેઓથી પોતાથી જ કોઈ કાળે ઘટતું નથી, આ વાત સ્પષ્ટ છે; તે જ પ્રમાણે આત્મા વિના બુદ્ધિ આદિ જડ પદાર્થોનું સ્ફુરણ તેમનાથી પોતાથી લેશમાત્ર પણ ઘટતું નથી; માટે જેમ સૂર્ય કાંતિમય છે, તેમ આ આત્મા કેવળ ચૈતન્ય છે એમ શ્રુતિઓ-એ માન્યું છે. ૬૧૯

स्वभासने वान्यपदार्थभासने नार्कः प्रकाशांतरमीषदिच्छति ।
स्वबोधने वाप्यहमादिबोधने तथैव चिद्धातुरयं परात्मा ॥ ६२० ॥

પોતાને અથવા બીજા પદાર્થોને પ્રકાશિત કરવામાં સૂર્ય બીજા પ્રકાશને લેશ પણ ઇચ્છતો નથી, તેમ ચૈતન્યરૂપ ધાતુવાળો આ પરમાત્મા પોતાને કે બીજા અહંકાર વગેરેને જાણવામાં બીજા કોઈની જરૂર જરા પણ ઇચ્છતો નથી. ૬૨૦

अन्यप्रकाशं न किमप्यपेक्ष्य यतोऽयमाभाति निजात्मनैव ।
ततः स्वयंज्योतिरयं चिदात्मा न ह्यात्मभाने परदीप्त्यपेक्षा ॥ ६२१ ॥

આ આત્મા બીજાના પ્રકાશની લગાર પણ દરકાર કર્યા વિના પોતાની મેળે જ ચારે બાજુ પ્રકાશે છે તેથી સ્વયંજ્યોતિ અને ચૈતન્યસ્વરૂપ છે. આવા આત્માને પ્રકાશિત થવામાં બીજા પ્રકાશ-ની જરૂર નથી. ૬૨૧

यं न प्रकाशयति किंचिदिनोऽपि चंद्रः
नो विद्युतः किमुत वह्निरयं मिताभः ।
यं भान्तमेतमनुभाति जगत्समस्तं
सोऽयं स्वयं स्फुरति सर्वदशासु चात्मा ॥ ६२२ ॥

જેને સૂર્ય, ચંદ્ર અને વીજળીઓ પ્રકાશિત કરી શકતાં નથી,

તો અમુક પ્રમાણુની જ કાંતિવાળો અગ્નિ કેવી રીતે પ્રકાશિત કરી શકે ? (ન જ કરી શકે.) જે પ્રકાશે છે, તેની પાછળ આ સમગ્ર જગત પ્રકાશે છે; તે આ આત્મા સર્વ દિશાઓમાં પોતાની મેળે જ સ્ફુરે છે. ૬૨૨

આત્માનું લક્ષણ

आत्मनः सुखरूपत्वादानंदत्वं स्वलक्षणम् ।
परप्रेमास्पदत्वेन सुखरूपत्वमात्मनः ॥ ६२३ ॥

આત્મા સુખરૂપ છે, તેથી આનંદ એ જ પોતાનું (આત્માનું) લક્ષણ છે આ આત્મા બીજાઓના પ્રેમનું સ્થાન છે તેથી સુખરૂપ છે. ૬૨૩

આત્મા સર્વ કરતાં વધારે પ્રિય છે

सुखहेतुषु सर्वेषां प्रीतिः सावधिरीक्ष्यते ।
कदापि नावधिः प्रीतेः स्वात्मनि प्राणिनां क्वचित् ॥ ६२४ ॥

સર્વ પ્રાણીઓને સુખનાં કારણો ઉપર જે પ્રેમ હોય છે, તે અમુક અવધિવાળો દેખાય છે; પરંતુ પોતાના આત્મા ઉપર જે પ્રેમ હોય છે, તેનો તો કોઈ કાળે અવધિ જ હોતો નથી. ૬૨૪

क्षीणेंद्रियस्य जीर्णस्य संप्राप्तोत्क्रमणस्य वा ।
अस्ति जीवितुमेवाशा स्वात्मा प्रियतमो यतः ॥ ६२५ ॥

જેની ઇંદ્રિયો ક્ષીણ થઈ હોય, જે ઘરડો થઈ ગયો હોય અથવા જેનું મરણ આવી પહોંચ્યું હોય, તેને પણ જીવવાની આશા હોય છે; કારણ કે આત્મા સૌથી વધારે વહાલો છે. ૬૨૫

आत्मातः परमप्रेमास्पदः सर्वशरीरिणाम् ।
यस्य शेषतया सर्वमुपादेयत्वमृच्छति ॥ ६२६ ॥

આથી (જણાય છે, કે) સર્વ પ્રાણીઓને (પોતાનો) આત્મા જ પરમ પ્રેમનું સ્થાન છે; અને આત્મા સિવાય બધી વસ્તુઓ બાકી તરીકે (એટલે આત્મા પહેલો અને તે પછી બીજી બધી વસ્તુઓ) સ્વીકારવા યોગ્ય બને છે. ૬૨૬

एष एव प्रियतमः पुत्रादपि धनादपि।
अन्यस्मादपि सर्वस्मादात्मायं परमान्तरः ॥६२७॥

આ આત્મા જ પુત્ર કરતાં અને ધન કરતાં પણ વધારે વહાલો છે. બીજી સર્વ વસ્તુઓથી પણ આ આત્મા જ અતિશય અંતરનો છે. ૬૨૭

प्रियत्वेन मतं यत्तु तत्सदा नाप्रियं नृणाम्।
विपत्तावपि सपत्तौ यथात्मा न तथापरः ॥६२८॥

વિપત્તિમાં કે સંપત્તિમાં મનુષ્યોને જેવો આત્મા પ્રિય હોય છે, તેવો બીજો કોઈ પણ પદાર્થ પ્રિય હોતો નથી; બીજી જે કોઈ વસ્તુ પ્રિય તરીકે મનાઈ હોય છે, તે પણ (આત્માની પેઠે) સદાકાળ પ્રિય રહેતી નથી. ૬૨૮

आत्मा खलु प्रियतमोऽसुभृतां यदर्था
भार्यात्मजाप्तगृहवित्तमुखाः पदार्थाः।
वाणिज्यकर्षणगवावनराजसेवा-
भैषज्यकप्रभृतयो विविधाः क्रियाश्च ॥६२९॥

પ્રાણીઓને આત્મા જ સૌ કરતાં વધારે પ્રિય હોય છે; અને સ્ત્રી, પુત્ર, મિત્રો, ઘર, ધન વગેરે પદાર્થો તેમ જ વેપાર, ખેતી, ગોપાલન, રાજસેવા અને વૈદું વગેરે જાતજાતની ક્રિયાઓ પણ આત્માને માટે જ ઉપયોગી છે. ૬૨૯

प्रवृत्तिश्च निवृत्तिश्च यच्च यावच्च चेष्टितम्।
आत्मार्थमेव नान्यार्थं नातः प्रियतमः परः ॥६३०॥

વળી પ્રવૃત્તિ, નિવૃત્તિ અને બીજી જેટલી ચેષ્ટાઓ કરવામાં આવે છે, તે પણ આત્માને માટે જ લોકો કરે છે, બીજાને માટે કોઈ કરતું નથી; આથી (જણાય છે, કે) આત્માથી બીજો કોઈ પણ વધારે પ્રિય નથી. ૬૩૦

तस्मादात्मा केवलानंदरूपो यः सर्वस्माद्वस्तुनः प्रेष्ठ उक्तः।
यो वा अस्मान्मन्यतेऽन्यं प्रियं य सोऽयं तस्माच्छोकमेवानुभुंक्ते ॥

આ કારણથી જ આત્માને કેવળ આનંદરૂપ અને સર્વ વસ્તુઓ કરતાં વધારે પ્રિય કહ્યો છે. જે મનુષ્ય આત્મા સિવાયની બીજી વસ્તુને પ્રિય માને છે, તે એ જ વસ્તુથી શોક ભોગવે છે. ૬૩૧

શિષ્યની શંકા

अपरः क्रियते प्रश्नो मयायं क्षम्यतां प्रभो ।
अज्ञवागपराधाय कल्पते न महात्मनाम् ॥ ६३२ ॥
आत्मान्यः सुखमन्यश्च नात्मनः सुखरूपता ।
आत्मनः सुखमाशास्यं यतते सकलो जनः ॥ ६३३ ॥
आत्मनः सुखरूपत्वे प्रयत्नः किमु देहिनाम् ।
एष मे संशयः स्वामिन् कृपयैव निरस्यताम् ॥ ६३४ ॥

હે પ્રભુ! ક્ષમા કરજો; હું આ બીજો પ્રશ્ન કરું છું. મહાત્માઓ અજ્ઞાનીની વાણીને અપરાધરૂપે ગણતા નથી. (મને લાગે છે, કે) આત્મા જુદો છે અને સુખ એનાથી જુદું છે; માટે આત્મા સુખરૂપ હોઈ શકે નહિ, આત્મા તો સુખની આશા રાખે છે અને તેથી જ લોકો આત્માના સુખ માટે યત્ન કરે છે. જો આત્મા સુખરૂપ હોય, તો પ્રાણીઓ (સુખ માટે) પ્રયત્ન શા સારુ કરે? આ મારો સંશય છે, તેને હે પ્રભુ! કૃપા કરી આપ દૂર કરો. ૬૩૨–૬૩૪

શ્રી ગુરુનું સમાધાન

आनंदरूपमात्मानमज्ञात्वैव पृथग्जनः ।
बहिःसुखाय यतते न तु कश्चिद्विदन्बुधः ॥ ६३५ ॥

સામાન્ય લોકો આત્માને આનંદરૂપ નહિ સમજીને જ આત્માની બહાર સુખ માટે યત્ન કરે છે; પણ આત્માને જ સુખરૂપ સમજતો કોઈ વિદ્વાન આત્માની બહાર સુખ માટે યત્ન કરતો નથી.

अज्ञात्वैव हि निक्षेपं भिक्षामटति दुर्मतिः ।
स्ववेश्मनि निधिं ज्ञात्वा को नु भिक्षामटेत्सुधीः । ६३६ ॥

પોતાના ઘરમાં જ ખજાનો નહિ જાણીને દુર્મતિ મનુષ્ય ભિક્ષાને માટે ભટકે છે; પરંતુ પોતાના ઘરમાં જ રહેલા ખજાનાને જાણ્યા પછી કયો સદ્‌બુદ્ધિવાળો મનુષ્ય ભિક્ષા માટે ભમે ? (કોઈ જ નહિ.) ૬૩૬

स्थूलं च सूक्ष्मं च वपुः स्वभावतो
दुःखात्मकं स्वात्मतया गृहीत्वा ।
विस्मृत्य च स्वं सुखरूपमात्मनः
दुःखप्रदेभ्यः सुखमज्ञ इच्छति ॥ ६३७ ॥

સ્થૂલ અને સૂક્ષ્મ શરીર સ્વભાવથી જ દુઃખરૂપ છે છતાં અજ્ઞાની મનુષ્ય તેને પોતાના આત્મા તરીકે સ્વીકારી લઈ આત્માનું સુખમય સ્વરૂપ ભૂલી જાય છે; અને તેથી જ ઊલટું દુઃખ દેનાર શરીર વગેરે પદાર્થો દ્વારા સુખને ઇચ્છે છે. ૬૩૭

न हि दुःखप्रदं वस्तु सुखं दातुं समर्हति ।
किं विषं पिबतो जंतोरमृतत्वं प्रयच्छति ॥ ६३८ ॥

જે વસ્તુ દુઃખદાયી હોય, તે સુખ આપવાને સમર્થ થતી જ નથી; જે માણસ ઝેર પીએ, તેને એ ઝેર શું અમરપણું આપે છે? (નહિ જ.) ૬૩૮

आत्मान्यः सुखमन्यच्चेत्येवं निश्चित्य पामरः ।
बहिःसुखाय यतते सत्यमेव न संशयः ॥ ६३९ ॥

'આત્મા જુદો છે અને સુખ જુદું છે' આવો નિશ્ચય કરીને જ પામર મનુષ્ય આત્માની બહાર સુખ માટે યત્ન કરે છે; આ વાત સત્ય જ છે એમાં સંશય નથી. ૬૩૯

इष्टस्य वस्तुनो ध्यानदर्शनाद्युपभुक्तिषु ।
प्रतीयते य आनंदः सर्वेषामिह देहिनाम् ॥ ६४० ॥
स वस्तुधर्मो नो यस्मान्मनस्येवोपलभ्यते ।
वस्तुधर्मस्य मनसि कथं स्यादुपलंभनम् ॥ ६४१ ॥

अन्यत्र त्वन्यधर्माणामुपालंभो न दृश्यते ।
तस्मान्न वस्तुधर्मोऽयमानंदस्तु कदाचन ॥ ६४२ ॥

આ લોકમાં સર્વ પ્રાણીઓને કોઈ ઇષ્ટ વસ્તુનાં ધ્યાન, દર્શન કે ઉપભોગ કરતાં જે આનંદ જણાય છે, તે કંઈ વસ્તુનો ધર્મ નથી; કેમ કે એ મનમાં જણાય છે. વસ્તુનો ધર્મ મનમાં કેવી રીતે જણાય? વળી બીજામાં રહેલા ધર્મો કદી બીજામાં નથી દેખાતા. માટે આ આનંદ વસ્તુનો ધર્મ કદી હોય જ નહિ. ૬૪૦-૬૪૨

नाप्येष धर्मो मनसोऽसत्यर्थे तददर्शनात् ।
असति व्यंजके व्यंग्यं नोदेतीति न मन्यताम् ॥ ६४३ ॥
सत्यर्थेऽपि च नोदेति ह्यानंदस्तूक्तलक्षणः ।
सत्यपि व्यंजके व्यंग्यानुदयो नैव संमतः ॥ ६४४ ॥
दुरदृष्टादिकं नात्र प्रतिबंधः प्रकल्प्यताम् ।
प्रियस्य वस्तुनो लाभे दुरदृष्टं न सिध्यति ॥ ६४५ ॥
तस्मान्न मानसो धर्मो निर्गुणत्वान्न चात्मनः ।
किं तु पुण्यस्य सांनिध्यादिष्टस्यापि च वस्तुनः ॥ ६४६ ॥
सत्त्वप्रधाने चित्तेऽस्मिन्स्वात्मैव प्रतिबिंबति ।
आनंदलक्षणः स्वच्छे पयसीव सुधाकरः ॥ ६४७ ॥

તેમ જ એ આનંદ મનનો પણ ધર્મ નથી; કેમ કે પદાર્થ હોતો નથી તો આનંદ દેખાતો નથી. કોઈ કદાચ એમ કહે, કે આનંદને પ્રકટ કરનાર પદાર્થ જ્યારે હોય નહિ ત્યારે પ્રકટ થનારો આનંદ ઉત્પન્ન થતો નથી. એમ માનો તો એ સામે કહેવાનું, કે કોઈ વેળા પદાર્થ હોય છે તોપણ આનંદ ઉત્પન્ન થતો નથી તેનું કેમ? અને પ્રકટ કરનાર પદાર્થ હોય છતાં તેમાંથી પ્રકટ થનારું ઉત્પન્ન થાય નહિ, એ તો કોઈને પણ માન્ય જ નથી. કોઈ કદાચ કહે, કે આનંદને પ્રકટ કરનાર વસ્તુ હોય છતાં તેમાંથી પ્રકટ થનારો આનંદ જો ન જણાય, તો તેને અટકાવનાર દુષ્ટ દૈવ વગેરે કોઈ કારણ હશે; એમ માની લઈએ તો

તેના ઉત્તરમાં કહેવાનું, કે જો પ્રિય વસ્તુનો જ લાભ થયો હોય છે તો દુષ્ટ દૈવ સિદ્ધ થતું જ નથી ( અર્થાત્ આનંદને અટકાવનાર દુષ્ટ દૈવ જ કારણુ હોય, તો એ પ્રિય વસ્તુની પ્રાપ્તિમાં જ પ્રથમથી કારણુ થવું જોઈએ ). માટે આનંદ એ મનનો ધર્મ નથી તેમ જ આત્મા નિર્ગુણુ છે તેથી આત્માનો ધર્મ પણુ હોઈ શકે નહિ; પરંતુ પુણ્યના સાંનિધ્યથી અને તે દ્વારા ઇષ્ટ વસ્તુ પણુ સમીપમાં પ્રાપ્ત થવાથી સત્ત્વગુણુ જેમાં મુખ્ય હોય છે એવા ચિત્તમાં, જેમ સ્વચ્છ પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ પડે છે, તેમ આનંદરૂપ લક્ષણુવાળો આત્મા જ પ્રતિબિંબરૂપે પડે છે. ૬૪૩–૬૪૭

सोऽयमाभास आनंदश्चित्ते यः प्रतिबिंबितः ।
पुण्योत्कर्षापकर्षाभ्यां भवत्युच्चावचः स्वयम् ॥ ६४८ ॥

ચિત્તમાં જે પ્રતિબિંબરૂપે પડેલો હોય છે, એવો તે આનંદ આભાસરૂપે જ હોય છે. કેમ કે પુણ્યની વધઘટ થવાથી આનંદ પોતે પણુ વધે છે ને ઘટે છે. ૬૪૮

### નિત્યાનંદ માટે વિષયસુખ ઇચ્છવું ન જોઈએ

सार्वभौमादिब्रह्मान्तं श्रुत्या यः प्रतिपादितः ।
स क्षयिष्णुः सातिशयः प्रक्षीणे कारणे लयम् ॥ ६४९ ॥
यात्येष विषयानंदो यस्तु पुण्यैकसाधनः ।
ये तु वैषयिकानंदं भुंजते पुण्यकारिणः ॥ ६५० ॥
दुःखं च भोगकालेऽपि तेषामंते महत्तरम् ।
सुखं विषयसपृक्तं विषसंपृक्तभक्तवत् ॥ ६५१ ॥
भोगकालेऽपि भोगान्ते दुःखमेव प्रयच्छति ।
सुखमुच्चावचत्वेन क्षयिष्णुत्वभयेन च ॥ ६५२ ॥
भोगकाले भवेन्नृणां ब्रह्मादिपदभाजिनाम् ।
राजस्थानप्रविष्टानां तारतम्यं मतं यथा ॥ ६५३ ॥
तथैव दुःखं जंतूनां ब्रह्मादिपदभाजिनाम् ।
न कांक्षणीयं विदुषा तस्माद्वैषयिकं सुखम् ॥ ६५४ ॥

ચક્રવર્તીથી માંડી બ્રહ્મા સુધીના જીવોને જે આનંદ હોય છે, તેને શ્રુતિએ નાશવંત જણાવ્યો છે; કેમ કે તે ઉત્તરોત્તર ચઢિયાતો હોય છે તોપણ પોતાના કારણનો નાશ થતાં નાશને પામે છે. એ બધો વિષયોનો આનંદ છે. તેમાં સાધનરૂપે કેવળ પુણ્ય જ હોય છે. જે પુણ્ય કરનારાઓ વિષયોનો આનંદ ભોગવે છે, તેઓને એ આનંદના ભોગકાળે પણ (કોઈ વેળા) દુઃખ ભોગવવું પડે છે અને પુણ્યનો નાશ થયા પછી તો છેવટે ઘણું જ મોટું દુઃખ ભોગવવું પડે છે, માટે વિષયોના સંબંધવાળું સુખ તો વિષના સંબંધવાળા અન્ન જેવું છે. એ સુખ ભોગના સમયે અને ભોગના અંતે દુઃખ જ આપે છે; કેમ કે બ્રહ્મા વગેરે પદને પામેલા જીવોને વધારે ને ઓછું સુખ હોય છે; અને એ નાશવંત હોય છે તેથી ભોગસમયે પણ ભવિષ્યમાં થનારા નાશનો ભય રહે છે (તેમ જ બીજાનું સુખ વધારે જોઈ દુઃખ થાય છે). જેમ આ લોકમાં રાજાના સ્થાન સુધી પહોંચેલા જીવોને વધતું-ઓછું સુખ મનાય છે, તે જ પ્રમાણે બ્રહ્મા આદિના પદને પામેલા જીવોને પણ વધતું-ઓછું સુખ માનેલું છે. (દરેકને સમાન સુખ તો હોતું જ નથી. સ્થાન પ્રમાણે વધ-ઘટ હોય જ છે. એટલે બીજાનું સુખ વધારે જોઈ દુઃખ થાય છે અને ભવિષ્યના નાશનો પણ ભય રહે છે). માટે વિદ્વાન પુરુષે વિષયોનું સુખ ઇચ્છવાયોગ્ય નથી. ૬૪૯-૬૫૪

બિંબરૂપ આનંદ એ જ આત્મા

**यो बिम्बभूत आनंदः स आत्मानंदलक्षणः ।**
**शाश्वतो निर्द्वयः पूर्णो नित्य एकोऽपि निर्भयः ॥ ६५५ ॥**

જે આનંદ બિંબરૂપ છે, તે જ આનંદરૂપ લક્ષણવાળો આત્મા છે. એ શાશ્વત, અદ્વૈત, પૂર્ણ અને નિત્ય છે. તે એક જ છે તોપણ નિર્ભય છે. ૬૫૫

लक्ष्यते प्रतिबिंबेनाभासानंदेन बिंबवत्।
प्रतिबिंबो बिंबमूलो विना बिंबं न सिध्यति ॥ ६५६ ॥

એ બિંબરૂપ આનંદ, તેના પ્રતિબિંબરૂપ અને આભાસરૂપ આનંદ ઉપરથી જાણી શકાય છે. જે પ્રતિબિંબ હોય છે, તેનું મૂળ બિંબ જ હોય છે. બિંબ વિના પ્રતિબિંબ કદી હોતું નથી. ૬૫૬

यस्तो बिंब आनंदः प्रतिबिंबेन लक्ष्यते ।
युक्त्यैव पंडितजनैर्न कदाप्यनुभूयते ॥ ६५७ ॥

એ રીતે જે બિંબરૂપ આનંદ છે, તે એના પ્રતિબિંબરૂપ આનંદ ઉપરથી જણાય છે; અને એ જ યુક્તિથી પંડિત લોકો એ બિંબાનંદને જાણે છે, સિવાય (પ્રત્યક્ષ) કદી પણ અનુભવતા નથી.

अविद्याकार्यकरणसंघातेषु पुरोदितः ।
आत्मा जाग्रत्यपि स्वप्ने न भवत्येष गोचरः ॥ ६५८ ॥
स्थूलस्यापि च सूक्ष्मस्य दुःखरूपस्य वर्ष्मणः ।
लये सुषुप्तौ स्फुरति प्रत्यगानंदलक्षणः ॥ ६५९ ॥

આવો પૂર્વોક્ત લક્ષણવાળો આત્મા અવિદ્યાનાં કાર્ય, શરીર, ઇંદ્રિય આદિ સમુદાયમાં જાગ્રત તથા સ્વપ્નમાં પણ હોય જ છે છતાં એ પ્રત્યક્ષ જણાતો નથી; પરંતુ દુઃખરૂપ સ્થૂલ તથા સૂક્ષ્મ શરીર જ્યારે લય પામે છે ત્યારે સુષુપ્તિમાં અંદરના આનંદરૂપ લક્ષણવાળો એ આત્માં પ્રકાશે. છે. ૬૫૮,૬૫૯

न ह्यत्र विषयः कश्चिन्नापि बुद्ध्यादि किंचन ।
आत्मैव केवलानंदमात्रस्तिष्ठति निर्द्वयः ॥ ६६० ॥

એ સુષુપ્તિમાં કોઈ વિષય હોતો નથી તેમ જ બુદ્ધિ વગેરે પણ કંઈ હોતું નથી; માત્ર કેવળ આનંદસ્વરૂપ અને એકલો આત્મા જ રહેલો હોય છે. ૬૬૦

प्रत्यभिज्ञायते सर्वैरेष सुप्तोत्थितैर्जनैः ।
सुखमात्रतया नात्र संशयं कर्तुमर्हसि ॥ ६६१ ॥

ઊંઘીને ઊઠેલા સર્વ લોકો આ આત્માને માત્ર સુખરૂપે

(હું સુખેથી સૂતો હતો એવા અનુભવરૂપે) જણાવે જ છે; માટે એમાં સંશય કરવાને તું યોગ્ય નથી. ૬૬૧

त्वयापि प्रत्यभिज्ञातं सुखमात्रत्वमात्मनः ।
सुषुप्तादुत्थितवता सुखमस्वाप्समित्यनु ॥ ६६२ ॥

ઊંઘીને ઊઠેલા તે પોતે પણ 'હું સુખે ઊંઘતો હતો' એમ જાગ્યા પછી આત્માને માત્ર સુખસ્વરૂપે અનુભવ્યો જ છે (એમ સર્વને આત્મા પ્રત્યક્ષ થાય છે). ૬૬૨

दुःखाभावः सुखमिति यदुक्तं पूर्ववादिना ।
अनाघ्रातोपनिषदा तदसारं मृषा वचः ॥ ६६३ ॥

પૂર્વકાળના કોઈ વાદીએ 'દુઃખનો અભાવ એ જ સુખ છે' (એટલે સુખરૂપે આત્મા ન હોય) એમ જે કહ્યું છે, તે વચન ખોટું અને અસાર છે. તેણે ઉપનિષદની ગંધ પણ લીધી નથી (ઉપનિષદોનો અભ્યાસ જ કર્યો નથી, નહિ તો તે એમ ન કહે). ૬૬૩

दुःखाभावस्तु लोष्टादौ विद्यते नानुभूयते ।
सुखलेशोऽपि सर्वेषां प्रत्यक्षं तदिदं खलु ॥ ६६४ ॥

દુઃખનો અભાવ તો માટીનું ઢેકું વગેરેમાં પણ છે છતાં તેમાં સુખનો લેશ પણ અનુભવાતો નથી; આ વાત સર્વ લોકોને પ્રત્યક્ષ જ છે. ૬૬૪

सदयं ह्येष एवेति प्रस्तुत्य वदति श्रुतिः ।
सद्घनोऽयं चिद्घनोऽयमानंदघन इत्यपि ॥ ६६५ ॥
आनंदघनतामस्य स्वरूपं प्रत्यगात्मनः ।

શ્રુતિ પણ 'सदयं ह्येष एव । આ આત્મા સત્યસ્વરૂપ જ છે' આમ આરંભ કરીને 'सद्घनोऽयम् चिद्घनोऽयम् आनंदघनः । આ આત્મા સત્યરૂપે અસ્તિત્વમય છે અને કેવળ ચૈતન્યમય તથા આનંદસ્વરૂપ જ છે,' એમ આ પ્રત્યગાત્માના કેવળ આનંદમય સ્વરૂપને પણ કહે છે. ૬૬૫

धन्यैर्महात्मभिर्धीरैर्ब्रह्मविद्भिः सदुत्तमैः ॥ ६६६ ॥
अपरोक्षतयैवात्मा समाधावनुभूयते ।
केवलानंदमात्रत्वेनैवमत्र न संशयः ॥ ६६७ ॥

વળી, સજ્જનોમાં ઉત્તમ, બ્રહ્મને જાણનારા અને ધન્ય-વાદને પાત્ર એવા ધીર મહાત્માઓ પણ સમાધિમાં આત્માને કેવળ આનંદ સ્વરૂપે અપરોક્ષપણે ( પ્રત્યક્ષ ) અનુભવે છે; એમ આ આત્મા વિષે સંશય જ નથી. ૬૬૬,૬૬૭

स्वस्वोपाध्यनुरूपेण ब्रह्माद्याः सर्वजंतवः ।
उपजीवन्त्यमुष्यैव मात्रामानंदलक्षणाम् ॥ ६६८ ॥

બ્રહ્માથી માંડીને સર્વ પ્રાણીઓ, પોતપોતાની ઉપાધિ પ્રમાણે આ આત્માના જ આનંદરૂપ એક અંશનો અનુભવ કરી રહ્યા છે ( સર્વને જે કંઈ આનંદનો અનુભવ થાય છે, તે આત્માનો જ છે એમ સમજવું ). ૬૬૮

आस्वाद्यते यो भक्ष्येषु सुखकृन्मधुरो रसः ।
स गुडस्यैव नो तेषां माधुर्यं विद्यते क्वचित् ॥ ६६९ ॥
तद्वद्विषयसांनिध्यादानंदो यः प्रतीयते ।
बिंबानंदांशविस्फूर्तिरेवासौ न जडात्मनाम् ॥ ६७० ॥

ખાવાના પદાર્થોમાં સુખકારક જે મધુર રસનો સ્વાદ જણાય છે, તે ગોળનો જ રસ છે-બીજા કોઈ પણ પદાર્થની એ મીઠાશ નથી; તે જ પ્રમાણે, વિષયોના સામીપ્યથી જે કંઈ આનંદ જણાય છે, તે બિંબરૂપ આનંદ( આત્મા )ના અંશનું જ પ્રતિબિંબ અથવા પ્રકાશ છે-જડ એવા વિષયોનો એ આનંદ નથી; ૬૬૯, ૬૭૦

यस्य कस्यापि योगेन यत्र कुत्रापि दृश्यते ।
आनंदः स परस्यैव ब्रह्मणः स्फूर्तिलक्षणः ॥ ६७१ ॥

એટલું જ નહિ, પણ જે કોઈ પદાર્થના સંબંધથી જે કોઈ સ્થળે આનંદ દેખાય છે, તે પરબ્રહ્મની જ સ્ફૂર્તિ એટલે પ્રતિ-બિંબ અથવા પ્રકાશ છે. ૬૭૧

यथा कुवलयोल्लासश्चंद्रस्यैव प्रसादतः ।
तथानंदोदयोऽप्येषां स्फुरणादेव वस्तुनः ॥ ६७२ ॥

જેમ ચંદ્રવિકાસી કમળોનું ખીલવું ચંદ્રના નિર્મળ પ્રકાશથી જ થાય છે, તેમ આ સર્વ પ્રાણીઓને જે આનંદ પ્રકટે છે તે પરબ્રહ્મરૂપ વસ્તુના પ્રકાશથી જ પ્રકટે છે. ૬૭૨

સત્, ચિત્ ને આનંદ પરમાત્માનું સ્વરૂપ જ છે

सत्त्वं चित्त्वं तथानंदस्वरूपं परमात्मनः ।
निर्गुणस्य गुणायोगाद्गुणास्तु न भवन्ति ते ॥ ६७३ ॥
विशेषणं तु व्यावृत्त्यै भवेद्द्रव्यांतरे सति ।
परमात्माद्वितीयोऽयं प्रपंचस्य मृषात्वतः ॥ ६७४ ॥
वस्त्वंतरस्याभावेन न व्यावृत्त्यः कदाचन ।
केवलो निर्गुणश्चेति निर्गुणत्वं निरुच्यते ॥ ६७५ ॥
श्रुत्यैव न ततस्तेषां गुणत्वमुपपद्यते ।
उष्णत्वं च प्रकाशश्च यथा वह्नेस्तथात्मनः ॥ ६७६ ॥
सत्त्वचित्त्वानंदतादि स्वरूपमिति निश्चितम् ।
अत एव सजातीयविजातीयादिलक्षणः ॥ ६७७ ॥
भेदो न विद्यते वस्तुन्यद्वितीये परात्मनि ।
प्रपंचस्यापवादेन विजातीयकृता भिदा ॥ ६७८ ॥
नेष्यते तत्प्रकारं ते वक्ष्यामि शृणु सादरम् ।

સત્, ચિત્ અને આનંદ—એ પરમાત્માનું સ્વરૂપ છે, પરંતુ એ તેમના ગુણો નથી; કેમ કે પરમાત્મા નિર્ગુણ છે, તેથી તેમને ગુણોનો તો સંબંધ જ ન હોય. વળી, એ સત્, ચિત્ અને આનંદ પરમાત્માનાં વિશેષણ પણ નથી; કેમ કે બીજું દ્રવ્ય હોય છે, તો જ તેથી અલગ પાડવા માટે વિશેષણ અપાય છે. પરમાત્મા તો અદ્વિતીય—એક એક જ છે; અને આ પ્રપંચ તો મિથ્યા જ છે એટલે પરમાત્મા સિવાયની બીજી કોઈ વસ્તુ જ નહિ હોવાથી તેમને વિશેષણો દ્વારા કદી અલગ કરવાના છે જ નહિ. શ્રુતિ પણ

'केवलो निर्गुणश्च-પરમાત્મા એક જ અને નિર્ગુણ છે' એમ તેમને નિર્ગુણ કહે છે; તેથી એ સત્, ચિત્ ને આનંદ પરમાત્માના ગુણો હોય એમ ઘટતું જ નથી. માટે જેમ ઉષ્ણતા અને પ્રકાશ, એ અગ્નિનું જ સ્વરૂપ છે, તેમ સત્, ચિત્ અને આનંદ વગેરે પરમાત્માનું જ સ્વરૂપ છે, એમ (વેદોએ) નિશ્ચય કર્યો છે. આ જ કારણથી પરમાત્મારૂપ અદ્વિતીય વસ્તુમાં સજાતીય કે વિજાતીય વગેરે લક્ષણવાળો કોઈ ભેદ નથી. પ્રપંચરૂપ આ સંસારનો તો અપવાદ જ કરેલો છે, તેથી વિજાતીય ભેદ મનાતો નથી. એ કેવી રીતે? તો તેનો પ્રકાર હું કહું છું તે આદરપૂર્વક સાંભળ. ૬૭૩-૭૮

વિવર્ત અને અપવાદ

रज्जोर्गुणविवर्तस्य गुणमात्रस्य वस्तुतः ॥ ६७९ ॥
विवर्तस्यास्य जगतः सन्मात्रत्वेन दर्शनम् ।
अपवाद इति प्राहुरद्वैतब्रह्मदर्शिनः ॥ ६८० ॥

દોરી તે સાપ નથી છતાં ભ્રાંતિથી તે સાપ દેખાય, એ દોરીમાં સાપનો વિવર્ત (ભ્રમ) છે; ખરી રીતે એ સાપ નથી, માત્ર દોરી જ છે (આમ સમજવું તે અપવાદ છે). તે જ પ્રમાણે વિવર્ત(ભ્રમ)રૂપ આ જગતને માત્ર સત્(બ્રહ્મ)સ્વરૂપે જોવું, તેને પણ અદ્વૈત બ્રહ્મવેત્તાઓ 'અપવાદ' કહે છે. ૬૭૯, ૬૮૦

व्युत्क्रमेण तदुत्पत्तेर्द्रष्टव्यं सूक्ष्मबुद्धिभिः ।
प्रतीतस्यास्य जगतः सन्मात्रत्वं सुयुक्तिभिः ॥ ६८१ ॥

સૂક્ષ્મ બુદ્ધિવાળા પુરુષોએ, (ભ્રાંતિથી) જણાયલા (વિવર્તરૂપ) આ જગતને તેની ઉત્પત્તિના ઊલટા ક્રમથી તપાસવું અને ઉત્તમ પ્રકારની યુક્તિઓથી માત્ર સત્(બ્રહ્મ)સ્વરૂપે જ જોવું. ૬૮૧

चतुर्विधं स्थूलशरीरजातं तद्भोज्यमन्नादि तदाश्रयादि ।
ब्रह्मांडमेतत्सकलं स्थविष्ठमीक्षेत पंचीकृतभूतमात्रम् ॥ ६८२ ॥
यत्कार्यरूपेण यदीक्ष्यते तत्तन्मात्रमेवात्र विचार्यमाणे ।
मृत्कार्यभूतं कलशादि सम्यग्विचारितं सन्न मृदो विभिद्यते ॥६८३

(જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ એમ) ચાર પ્રકારનાં સર્વે સ્થૂલ શરીરો, તેના ખોરાકરૂપ અન્ન વગેરે, તેનો આશ્રય વગેરે અને આખું યે આ બ્રહ્માંડ અતિશય સ્થૂલ છે અને પંચીકરણ પામેલાં પાંચ મહાભૂતો જ માત્ર છે, એમ જોવું. જો વિચારવામાં આવે તો આ જગતમાં જે જે વસ્તુ કાર્યરૂપે દેખાય છે, તે તે બધી માત્ર કારણરૂપ જ હોય છે. જો સારી પેઠે વિચાર્યું હોય, તો ઘડો વગેરે પદાર્થો માટીના કાર્યરૂપે અલગ દેખાય છે છતાં માટીથી જુદા નથી જ. ૯૮૨, ૯૮૩

अंतर्बहिश्चापि मृदेव दृश्यते मृदो न भिन्नं कलशादि किंचन ॥
ग्रीवादिमद्यत्कलशं तदित्थं न वाच्यमेतच्च मृदेव नान्यत् ॥ ९८४ ॥

ઘડો વગેરે જે કંઈ દેખાય છે તે અંદર ને બહાર માટી જ છે, માટીથી જુદું છે જ નહિ. માટે 'કાંઠલા વગેરે આકારવાળો ઘડો છે' એમ કહેવું જ ન જોઈએ, પણ 'આ માટી જ છે, બીજું કંઈ નથી' એમ કહેવું જોઈએ. ૯૮૪

स्वरूपतस्तत्कलशादिनाम्ना मृदेव मूढैरभिधीयते ततः ।
नाम्नो हि भेदो न तु वस्तुभेदः प्रदृश्यते तत्र विचार्यमाणे ॥ ९८५ ॥

'ઘડો' વગેરે પદાર્થો સ્વરૂપદષ્ટિએ કેવળ માટી જ છે, છતાં મૂઢ લોકો તેને 'ઘડો' વગેરે નામથી કહે છે. તે વિષે વિચારવામાં આવે, તો નામનો જ ભેદ દેખાય છે—વસ્તુનો ભેદ દેખાતો નથી. ૯૮૫

तस्माद्धि कार्यं न कदापि भिन्नं स्वकारणादस्ति यतस्ततोऽङ्ग ।
यद्भौतिकं सर्वमिदं तथैव तद्भूतमात्रं न ततोऽपि भिन्नम् ॥ ९८६ ॥

કેમ કે હે ભાઈ! હરકોઈ કાર્ય પોતાના કારણથી જુદું કદી હોતું જ નથી; તેથી આ જગતમાં જે જે ભૌતિક પદાર્થો છે, તે બધા યે માત્ર ભૂતો જ છે-તેઓથી જુદા નથી. ૯૮૬

तच्चापि पंचीकृतभूतजातं शब्दादिभिः स्वस्वगुणैश्च सार्धम् ।
वपूंषि सूक्ष्माणि च सर्वमेतद्भवत्यपंचीकृतभूतमात्रम् ॥ ९८७ ॥

એ જ પ્રમાણે પંચીકરણ પામેલાં સર્વ ભૂતો, તેમના પોતપોતાના શબ્દાદિ ગુણો અને સૂક્ષ્મ શરીરો—આ બધું માત્ર પંચીકરણ નહિ પામેલા પાંચ મહાભૂતો જ છે. ૬૮૭

तदप्यपंचीकृतभूतजातं रजस्तमःसत्त्वगुणैश्च सार्धम् ।
अव्यक्तमात्रं भवति स्वरूपतः साभासमव्यक्तमिदं स्वयं च ॥ ६८८ ॥

એ જ પ્રમાણે તે અપંચીકૃત મહાભૂતો પણ રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણની સાથે માત્ર અવ્યક્ત ( પ્રધાન-પ્રકૃતિ ) જ છે; અને તે અવ્યક્ત પોતે તથા આ જગત પણ સ્વરૂપદૃષ્ટિએ કેવળ આભાસ જ છે. ૬૮૮

आधारभूतं यदखंडमाद्यं शुद्धं परं ब्रह्म सदैकरूपम् ।
सन्मात्रमेवास्त्यथ नो विकल्पः सतः परं केवलमेव वस्तु ॥ ६८९ ॥

ખરી રીતે શુદ્ધ પરબ્રહ્મ જ સર્વના આધારરૂપ છે, જે સર્વના આદિ, સત્યસ્વરૂપ અને એકરૂપ જ છે, તે જ માત્ર સત્ વસ્તુ છે. એ સત્‌થી જુદો આ વિકલ્પ ( ભેદ ) છે જ નહિ. સર્વથી પર કેવળ એ જ વસ્તુ છે. ૬૮૯

एकश्चंद्रः सद्वितीयो यथा स्याद्दृष्टेर्दोषादेव पुंसस्तथैकम् ।
ब्रह्मास्त्येतद्बुद्धिदोषेण नाना दोषे नष्टे भाति वस्त्वेकमेव ॥ ६९० ॥

જેમ ચંદ્ર એક જ છે છતાં મનુષ્યની દૃષ્ટિના દોષથી જ બે રૂપે દેખાય છે, તેમ બ્રહ્મ એક જ વસ્તુ છે છતાં બુદ્ધિના દોષથી તે અનેકરૂપે દેખાય છે; પરંતુ એ દોષ નાશ પામતાં એક જ વસ્તુ( બ્રહ્મ ) પ્રકાશે છે. ૬૯૦

रज्जोः स्वरूपाधिगमे न सर्पधी रज्ज्वां विलीना तु यथा तथैव ।
ब्रह्मावगत्या तु जगत्प्रतीतिस्तत्रैव लीना तु सह भ्रमेण ॥ ६९१ ॥

જેમ દોરડીના સ્વરૂપનું જ્ઞાન થતાં એ દોરડીમાં ( ભ્રાંતિથી થયેલી ) સર્પની બુદ્ધિ વિલીન થાય છે, તે જ પ્રમાણે બ્રહ્મનું જ્ઞાન થતાં જ ( અજ્ઞાનથી જણાયલી ) જગતની પ્રતીતિ ભ્રમણાની સાથે નાશ પામે છે. ૬૯૧

भ्रांत्योदितद्वैतमतिप्रशांत्या सदैकमेवास्ति सदाऽद्वितीयम् ।
ततो विजातीयकृतोऽत्र भेदो न विद्यते ब्रह्मणि निर्विकल्पे ॥ ६९२ ॥

જગતરૂપ દ્વૈતબુદ્ધિ ભ્રાંતિથી જન્મી છે, પણ જ્યારે (જ્ઞાનથી) તે ભ્રાંતિ સારી રીતે શમી જાય છે, ત્યારે સદા એક જ અને અદ્વિતીય સત્(બ્રહ્મ)રૂપ જ વસ્તુ રહે છે. આ જ કારણથી નિર્વિકલ્પ બ્રહ્મમાં વિજાતીય(જગત)ને લીધે થયેલો ભેદ રહેતો નથી. ૬૯૨

यदास्त्युपाधिस्तदभिन्न आत्मा तदा सजातीय इवावभाति ।
स्वप्नार्थतस्तस्य मृषात्मकत्वात्तदप्रतीतौ स्वयमेष आत्मा ।
ब्रह्मैक्यतामेति पृथङ् न भाति ततः सजातीयकृतो न भेदः ॥६९३॥

તે જ પ્રમાણે જો ઉપાધિ હોય, તો જ એ ઉપાધિ સાથે એકરૂપ થયેલો આત્મા ભાસે છે; અને તેથી તે સજાતીય ભેદવાળો હોય એવો જણાય છે. પરંતુ સ્વપ્નમાં જોયેલા પદાર્થની પેઠે એ ઉપાધિ મિથ્યા જ છે તેથી તે જ્યારે જણાતી નથી, ત્યારે આ આત્મા પોતે જ બ્રહ્મ સાથે એકતાને પામે છે અને જુદો જણાતો જ નથી; તેથી 'બ્રહ્મ અને આત્મા' એવો સજાતીય ભેદ પણ (બ્રહ્મ વિષે) રહેતો નથી. ૬૯૩

घटाभावे घटाकाशो महाकाशो यथा तथा ।
उपाध्यभावे त्वात्मैष स्वयं ब्रह्मैव केवलम् ॥ ६९४ ॥
पूर्ण एव सदाकाशो घटे सत्यप्यसत्यपि ।
नित्यपूर्णस्य नभसो विच्छेदः केन सिध्यात ॥ ६९५ ॥
अच्छिन्नम्छिन्नवद्भाति पामराणां घटादिना ।
ग्रामक्षेत्राद्यवधिभिर्भिन्नेव वसुधा यथा ॥ ६९६ ॥
तथैव परमं ब्रह्म महतां च महत्तमम् ।
परिच्छिन्नमिवाभाति भ्रांत्या कल्पितवस्तुना ॥ ६९७ ॥

જેમ ઘડાનો નાશ થતાં તેની અંદરનું આકાશ બહારના મહાઆકાશ સાથે મળી જઈ એકરૂપે થઈ જાય છે, તે જ પ્રમાણે

ઉપાધિનો નાશ થતાં આ આત્મા પોતે જ કેવળ બ્રહ્મ બની રહે છે. ઘડો હોય છે કે નથી હોતો, ત્યારે પણ આકાશ તો સદા પૂર્ણ જ છે; નિત્યપૂર્ણ આકાશનો કઈ વસ્તુથી વિચ્છેદ (વિનાશ કે વિભાગ) થઈ શકે તેમ છે? (નથી જ થતો.) છતાં ઘડો વગેરે પદાર્થોમાં રહેલું આકાશ, ખરી રીતે છેદ કે વિભાગને પામેલું હોતું જ નથી તોપણ જાણે તે વિભાગ પામ્યું હોય એમ પામર અજ્ઞાનીઓને જણાય છે! વળી જેમ જમીન બધી એક જ છે છતાં ગામ, ખેતર વગેરે અવધિઓથી તે વિભાગ પામી હોય અથવા જુદી જુદી થઈ હોય તેમ લાગે છે. તે જ પ્રમાણે મોટી વસ્તુઓ કરતાં પણ અતિશય મોટા પરબ્રહ્મ ભ્રાંતિથી કલ્પી કાઢેલી વસ્તુઓને લીધે જાણે પરિચ્છેદ (વિભાગ અથવા જુદાં જુદાં સ્વરૂપ)ને પામ્યા હોય તેવા જણાય છે (ખરી રીતે પૂર્ણ પરબ્રહ્મ તો એક જ છે). ૬૯૪-૬૯૭

तस्माद्ब्रह्मात्मनोर्भेदः कल्पितो न तु वास्तवः ।
अत एव मुहुः श्रुत्याप्यैकत्वं प्रतिपाद्यते ॥ ६९८ ॥
ब्रह्मात्मनोस्तत्त्वमसीत्यखण्डस्योपपत्तये ।
प्रत्यक्षादिविरोधेन वाच्ययोर्नोपयुज्यते ।
तत्त्वंपदार्थयोरैक्यं लक्ष्ययोरेव सिध्यति ॥ ६९९ ॥

માટે બ્રહ્મ અને આત્માનો ભેદ કલ્પિત જ છે, વાસ્તવિક નથી. આવા અભિપ્રાયથી જ શ્રુતિ 'तत्त्वमसि' ઇત્યાદિ વાક્યોથી વારંવાર બ્રહ્મ તથા આત્માની એકતા પ્રતિપાદન કરે છે. આ બ્રહ્મ તથા આત્માની એકતાને સિદ્ધ કરવા માટે 'तत्त्वमसि' એ વાક્યનાં 'तत्' અને 'त्वम्' એ પદોનો વાચ્યાર્થ ઉપયોગી નથી; કેમ કે તેમાં પ્રત્યક્ષ આદિ પ્રમાણનો વિરોધ આવે છે. પરંતુ એ બન્ને પદોનો લક્ષ્યાર્થ જ ઉપયોગી છે અને એમ લક્ષ્યાર્થરૂપે જ જીવ તથા બ્રહ્મની એકતા સિદ્ધ થાય છે. ૬૯૮,૬૯૯

શિષ્યનો પ્રશ્ન—'तत् त्वम्' પદાર્થ શું?

स्यात्तत्त्वंपदयोः स्वामिन्नर्थः कतिविधो मतः ।
पदयोः को नु वाच्यार्थो लक्ष्यार्थ उभयोश्च कः ॥ ७०० ॥
वाच्यैकत्वविवक्षायां विरोधः कः प्रतीयते ।
लक्ष्यार्थयोरभिन्नत्वे स कथं विनिवर्तते ॥ ७०१ ॥
एकत्वकथने का वा लक्षणात्रोररीकृता ।
एतत्सर्वं करुणया सम्यक्त्वं प्रतिपादय ॥ ७०२ ॥

હે પ્રભુ! 'तत्' અને 'त्वम्' એ પદોનો અર્થ કેટલા પ્રકારનો માન્યો છે? એ બન્ને પદોનો વાચ્યાર્થ કયો? અને લક્ષ્યાર્થ કયો? વાચ્યાર્થને એક ગણતાં કયો વિરોધ આવે છે? લક્ષ્યાર્થ એક માનતાં એ વિરોધ કેવી રીતે દૂર થાય છે? લક્ષ્યાર્થની એકતા કહેવામાં કઈ લક્ષણા સ્વીકારી છે? આ બધું કૃપા કરીને સારી રીતે સમજાવો. ૭૦૦-૭૦૨

શ્રી ગુરુનો પ્રત્યુત્તર—'तत्' 'त्वम्' પદાર્થનિરૂપણ

शृणुष्वावहितो विद्वन् अद्य ते फलितं तपः ।
वाक्यार्थश्रुतिमात्रेण सम्यग्ज्ञानं भविष्यति ॥ ७०३ ॥

હે સુજ્ઞ શિષ્ય! તું સાવધાન થઈ સાંભળ. આજે તારું તપ ફળ્યું છે. એ વાકયનો અર્થ માત્ર સાંભળવાથી જ તને ઉત્તમ પ્રકારનું જ્ઞાન થશે. ૭૦૩

यावन्न तत्त्वपदयोरर्थः सम्यग्विचार्यते ।
तावदेव नृणां बंधो मृत्युसंसारलक्षणः ॥ ७०४ ॥

'तत्' અને 'त्वम्' બન્ને પદોનો અર્થ જ્યાં સુધી સારી રીતે વિચારાતો નથી, ત્યાં સુધી જ મનુષ્યોને મૃત્યુરૂપ સંસાર જેનું લક્ષણ છે એવું બંધન રહે છે. ૭૦૪

अवस्था सच्चिदानंदाखंडैकरसरूपिणी ।
मोक्षः सिध्यति वाक्यार्थापरोक्षज्ञानतः सताम् ॥ ७०५ ॥

સત્, ચિત્, આનંદ અને અખંડ એકરસ જેનું સ્વરૂપ છે, એવી અવસ્થા તે જ મોક્ષ છે; અને 'तत्त्वमसि' એ વાક્યના અર્થનું અપરોક્ષ જ્ઞાન થવાથી સજ્જનોને મોક્ષ પ્રાપ્ત થાય છે.

वाक्यार्थ एव ज्ञातव्यो मुमुक्षोर्भवमुक्तये ।
तस्मादवहितो भूत्वा शृणु वक्ष्ये समासतः ॥ ७०६ ॥

મુમુક્ષુએ સંસારથી છૂટવા સારુ એ વાકયનો અર્થ જ જાણવો જોઈએ; માટે તું એકાગ્ર થઈને સાંભળ, હું તને સંક્ષેપમાં તે કહું છું. ૭૦૬

अर्था बहुविधाः प्रोक्ता वाक्यानां पण्डितोत्तमैः ।
वाच्यलक्ष्यादिभेदेन प्रस्तुतं श्रूयतां त्वया ॥ ७०७ ॥

ઉત્તમ પંડિતોએ વાચ્ય, લક્ષ્ય આદિ ભેદોથી વાકયોના અનેક જાતના અર્થો કહ્યા છે; તેમાંથી પ્રસંગ પૂરતું તું સાંભળ. ૭૦૭

वाक्ये तत्त्वमसीत्यत्र विद्यते यत्पदत्रयम् ।
तत्रादौ विद्यमानस्य तत्पदस्य निगद्यते ॥ ७०८ ॥

'तत्त्वमसि' એ વાકયમાં 'तत्', 'त्वम्'ને ''असि' એમ ત્રણ પદો છે. તેમાં પ્રથમ રહેલા 'तत्' પદનો અર્થ કહેવાય છે.

शास्त्रार्थकोविदैरर्थो वाच्यो लक्ष्य इति द्विधा ।
वाच्यार्थं ते प्रवक्ष्यामि पण्डितैर्य उदीरितः ॥ ७०९ ॥

શાસ્ત્રનો અર્થ જાણનારા પંડિતોએ આ 'तत्' પદના બે અર્થ કહ્યા છે :—(૧) વાચ્ય અને (૨) લક્ષ્ય. તેમાંનો વાચ્યાર્થ પ્રથમ કહું છું. ૭૦૯

'तत्' અને 'त्वम्' પદનો વાચ્યાર્થ

समष्टिरूपमज्ञानं साभासं सत्त्वबृंहितम् ।
वियदादिविराडंतं स्वकार्येण समन्वितम् ॥ ७१० ॥
चैतन्यं तदवच्छिन्नं सत्यज्ञानादिलक्षणम् ।
सर्वज्ञत्वेश्वरत्वांतर्यामित्वादि गुणैर्युतम् ॥ ७११ ॥

जगत्स्रष्टृत्वपातृत्वसंहर्तृत्वादिधर्मकम् ।
सर्वात्मना भासमानं यदमेयं गुणैश्च तत् ॥ ७१२ ॥
अव्यक्तमपरं ब्रह्म वाच्यार्थ इति कथ्यते ।

સમષ્ટિરૂપ અજ્ઞાન આભાસ સહિત અને સત્ત્વગુણની અધિકતાવાળું હોય છે, ત્યારે આકાશથી માંડી વિરાટ સુધી પોતાના કાર્યથી યુક્ત બને છે. એ સમષ્ટિ અજ્ઞાનથી યુક્ત જે ચૈતન્ય છે, તે સત્ય, જ્ઞાન આદિ લક્ષણવાળું છે; સર્વજ્ઞપણું-ઈશ્વરપણું-અંતર્યામીપણું આદિ ગુણોથી યુક્ત છે; અને જગતનું સ્રષ્ટાપણું, રક્ષકપણું તથા સંહારકપણું વગેરે તેના ધર્મો છે. વળી, તે ચૈતન્ય સર્વસ્વરૂપે ભાસે છે, ગુણોથી અમાપ છે. અવ્યક્ત ( અપ્રકટ ) છે અને 'અપર બ્રહ્મ' કહેવાય છે. આ ચૈતન્ય 'તત્' પદનો 'વાચ્યાર્થ' કહેવાય છે. ૭૧૦--૭૧૨

नीलमुत्पलमित्यत्र यथा वाक्यार्थसंगतिः ॥ ७१३ ॥
तथा तत्त्वमसीत्यत्र नास्ति वाक्यार्थसंगतिः ।
पटाद्व्यावर्तते नील उत्पलेन विशेषितः ॥ ७१४ ॥
शौक्ल्याद्व्यावर्तते नीलेनोत्पलं तु विशेषितम् ।
इत्थमन्योन्यभेदस्य व्यावर्तकतया तयोः ॥ ७१५ ॥
विशेषणविशेष्यत्वसंसर्गस्येतरस्य वा ।
वाक्यार्थत्वं प्रमाणांतरविरोधो न विद्यते ॥ ७१६ ॥
अतः संगच्छते सम्यग्वाक्यार्थो बाधवर्जितः ।
एवं तत्त्वमसीत्यत्र वाक्यार्थो न समंजसः ॥ ७१७ ॥
तदर्थस्य परोक्षत्वादिविशिष्टचितेरपि ।
त्वमर्थस्यापरोक्षत्वादिविशिष्टाचितेरपि ॥ ७१८ ॥
तथैवान्योन्यभेदस्य व्यावर्तकतया तयोः ।
विशेषणविशेष्यस्य संसर्गस्येतरस्य वा ॥ ७१९ ॥
वाक्यार्थत्वे विरोधोऽस्ति प्रत्यक्षादिकृतस्ततः ।
संगच्छते न वाक्यार्थस्तद्विरोधं च वच्मि ते ॥ ७२० ॥

પરંતુ જેમ 'नीलम् उत्पलम् કાળું કમળ' એ વાક્યમાં

આખા વાક્યનો અર્થ જેવો બંધબેસતો થાય છે, તેવો 'तत्त्वमसि' એ વાક્યમાં બંધબેસતો થતો નથી; કેમ કે 'नील' શબ્દને 'उत्पल' શબ્દ સાથે વિશેષણરૂપે જોડવાથી 'કાળું કમલ' એમ 'કમળ' કાળા કપડાથી જુદું પડે છે; અને 'उत्पल' શબ્દને 'नील' શબ્દ સાથે વિશેષ્યરૂપે જોડવાથી કમળ કાળું-ધોળું નહિ એમ 'કાળા કમળ' રૂપે ધોળા કમળથી જુદું પડે છે; એમ એ બન્ને વિશેષણ-વિશેષ્ય એક બીજાથી જુદા પદાર્થને જુદા પાડીને વિશેષણ-વિશેષ્ય સંબંધથી અથવા બીજા (અભેદ) સંબંધથી પરસ્પર જોડાઈને વાક્યનો અર્થ બંધબેસતો કરે છે; અને તેમાં બીજાં કોઈ પ્રમાણનો વિરોધ નથી. આથી આખા વાક્યનો અર્થ કોઈ જાતની હરકત વિના સારી રીતે ઘટાવી શકાય છે; એ રીતે 'तत्त्वमसि' એ વાક્યમાં આખા વાક્યનો અર્થ બરાબર ઘટતો નથી; કેમ કે 'तत्' પદનો મુખ્ય વાચ્યાર્થ, 'પરોક્ષપણું આદિ ધર્મવાળું' ચૈતન્ય એવો થાય છે; અને 'त्वम्' પદનો વાચ્યાર્થ 'અપરોક્ષપણું આદિ ધર્મવાળું ચૈતન્ય' એવો થાય છે. આ બન્નેનો વિશેષણ-વિશેષ્ય સંબંધ અથવા બીજો (અભેદ) સંબંધ લઈને આખા વાક્યનો અર્થ કરવામાં પ્રત્યક્ષ આદિ પ્રમાણોનો વિરોધ આવે છે, તેથી વાક્યનો અર્થ ઘટતો નથી. એ વિરોધ કેવી રીતે છે, તે હું તને કહું છું. ૭૧૩-૭૨૦

सर्वेशत्वस्वतंत्रत्वसर्वज्ञत्वादिभिर्गुणैः ।
सर्वोत्तमः सत्यकामः सत्यसंकल्प ईश्वरः ॥ ७२१ ॥
तत्पदार्थस्त्वमर्थस्तु किंचिज्ज्ञो दुःखजीवनः ।
संसार्ययं तद्गतिको जीवः प्राकृतलक्षणः ॥ ७२२ ॥
कथमेकत्वमनयोर्घटते विपरीतयोः ।
प्रत्यक्षेण विरोधोऽयमुभयोरुपलभ्यते ॥ ७२३ ॥
विरुद्धधर्माक्रांतत्वात्परस्परविलक्षणौ ।
जीवेशौ वह्नितुहिनाविव शब्दार्थतोऽपि च ॥ ७२४ ॥

प्रत्यक्षादिविरोधः स्यादित्यैक्यं तयोः परित्यक्ते ।
श्रुतिवचनविरोधो भवति महास्मृतिवचनविरोधश्च ॥ ७२५ ॥

સર્વેશ્વરપણું, સ્વતંત્રપણું સર્વજ્ઞપણું આદિ ગુણોથી સર્વ કરતાં ઉત્તમ, સત્ય કામનાવાળા અને સત્ય સંકલ્પવાળા જે ઈશ્વર છે, તે 'तत्' પદનો વાચ્યાર્થ છે; અને અલ્પજ્ઞાનવાળો, દુઃખી જીવનવાળો, પ્રાકૃત-લક્ષણવાળો તથા સંસારમાં ગતિવાળો જે આ સંસારી જીવ છે, તે 'त्वम्' પદનો વાચ્યાર્થ છે. આ બન્ને પરસ્પર વિપરીત ગુણવાળા છે; છતાં તેમની એકતા કેવી રીતે ઘટે છે? એ બન્નેમાં આ વિરોધ પ્રત્યક્ષ જણાય છે. જેમ અગ્નિ અને હિમ એક બીજાથી વિરુદ્ધ ધર્મવાળા તેમ જ પરસ્પર વિરુદ્ધ લક્ષણવાળા હોઈ શબ્દ તથા અર્થથી પણ જુદા જુદા છે, તેમ જીવ અને ઈશ્વર પણ એક બીજાથી વિરુદ્ધ ધર્મવાળા હોઈ શબ્દ તથા અર્થથી પણ પરસ્પર વિલક્ષણ છે, તેથી એ બન્નેને એક માનવામાં પ્રત્યક્ષ આદિ પ્રમાણોનો વિરોધ જ આવે છે; અને તે બન્નેની એકતા જો ત્યજી દેવાય, તો શ્રુતિવચન તથા મોટી સ્મૃતિઓનાં વચન સાથે પણ વિરોધ આવે છે. ૭૨૧-૭૨૫

श्रुत्याप्यैकत्वमनयोस्तात्पर्येण निगद्यते ।
मुहुस्तत्त्वमसीत्यस्मादंगीकार्यं श्रुतेर्वचः ॥ ७२६ ॥

એ બન્નેની એકતા છે, એ તાત્પર્યથી 'तत्त्वमसि' એ વાક્યને શ્રુતિ વારંવાર ઉચ્ચારે છે; તેથી એ શ્રુતિવચન સ્વીકારવું જ જોઈએ. ૭૨૬

वाक्यार्थत्वे विशिष्टस्य संसर्गस्य च वा पुनः ।
अयथार्थतया सोऽयं वाक्यार्थो न मतः श्रुतेः ॥ ७२७ ॥

આખા વાક્યના અર્થમાં વિશેષણ-વિશેષ્ય સંબંધ અથવા અભેદ સંબંધ બરાબર બંધબેસતો થતો નથી; માટે તે આ વાક્યાર્થ શ્રુતિને માન્ય નથી. ૭૨૭

अखंडैकरसत्वेन वाक्यार्थः श्रुतिसंमतः।
स्थूलसूक्ष्मप्रपंचस्य सन्मात्रत्वं पुनः पुनः ॥ ७२८ ॥
दर्शयित्वा सुषुप्तौ तद्ब्रह्माभिन्नत्वमात्मनः।
उपपाद्य सदेकत्वं प्रदर्शयितुमीच्छया ॥ ७२९ ॥
ऐतदात्म्यमिदं सर्वमित्युक्त्यैव सदात्मनोः।
ब्रवीति श्रुतिरेकत्वं ब्रह्मणोऽद्वैतसिद्धये ॥ ७३० ॥

પરંતુ અખંડ એકરસપણે આખો ય વાક્યાર્થ શ્રુતિને માન્ય છે; અને તે માટે જ શ્રુતિ સ્થૂલ પ્રપંચ અને સૂક્ષ્મ પ્રપંચને વારંવાર માત્ર સત્(બ્રહ્મ)સ્વરૂપે દર્શાવે છે; સુષુપ્તિમાં જીવ તથા બ્રહ્મની એકતા સિદ્ધ કરી બતાવે છે; અને કેવળ એક સત્ વસ્તુ જ છે, એમ બતાવવાની ઇચ્છાથી 'एतदात्म्यमिदं सर्वम्। આ સર્વ જગત કેવળ આ આત્મારૂપ જ છે' એમ કહીને બ્રહ્મની અદ્વૈત સિદ્ધિ માટે જીવાત્મા તથા પરમાત્માની એકતાને કહે છે. ૭૨૮–૭૩૦

सति प्रपंचे जीवे वा द्वैतत्वं ब्रह्मणः कुतः।
अतस्तयोरखंडत्वमेकत्वं श्रुतिसंमतम् ॥ ७३१ ॥

પ્રપંચ–સંસાર અથવા જીવ જો હોય, તો બ્રહ્મનું અદ્વૈતપણું ક્યાંથી સિદ્ધ થાય? માટે જીવ તથા બ્રહ્મનું એકપણું જ શ્રુતિને માન્ય છે. ૭૩૧

'तत्' અને 'त्वम्' પદનો લક્ષ્યાર્થ

विरुद्धांशपरित्यागात्प्रत्यक्षादिर्न बाधते।
अविरुद्धांशग्रहणान्न श्रुत्यापि विरुध्यते ॥ ७३२ ॥
लक्षणा ह्यपगंतव्या ततो वाक्यार्थसिद्धये।
वाच्यार्थानुपपत्त्यैव लक्षणाभ्युपगम्यते ॥ ७३३ ॥
संबंधानुपपत्त्या च लक्षणेति जगुर्बुधाः।

'तत्' અને 'त्वम्' પદના વાચ્યાર્થમાં જે વિરુદ્ધ અંશ છે, તેનો ત્યાગ કરવાથી પ્રત્યક્ષ આદિ પ્રમાણ સાથે વિરોધ આવે નહિ અને અવિરુદ્ધ અંશ ગ્રહણ કરવાથી શ્રુતિ સાથે પણ વિરોધ

થાય નહિ; તે માટે 'तत्त्वमसि' એ વાક્યના અર્થની સિદ્ધિ સારુ લક્ષણા સ્વીકારવી જોઈએ. જ્યારે કોઈ પદનો કે વાક્યનો વાચ્યાર્થ ઘટતો ન હોય, ત્યારે લક્ષણાનો સ્વીકાર કરાય છે; તેમ જ પદોનો સંબંધ પણ ઘટતો ન હોય, ત્યારે લક્ષણા સ્વીકારવી એમ પંડિતો કહે છે. ૭૩૨,૭૩૩

गंगायां घोष इत्यादौ या जहल्लक्षणा मता ॥७३४॥
न सा तत्त्वमसीत्यत्र वाक्य एषा प्रवर्तते ।
गंगाया अपि घोषस्याघोराधेयत्वलक्षणम् ॥७३५॥
सर्वो विरुद्धवाक्यार्थस्तत्र प्रत्यक्षतस्ततः ।
गंगा संबंधवत्तीरे लक्षणा संप्रवर्तते ॥७३६॥
तथा तत्त्वमसीत्यत्र चैतन्यैकत्वलक्षणे ।
विवक्षिते तु वाक्यार्थेऽपरोक्षत्वादिलक्षणः ॥७३७॥
विरुध्यते भागमात्रो न तु सर्वो विरुध्यते ।
तस्माज्जहल्लक्षणायाः प्रवृत्तिर्नात्र युज्यते ॥७३८॥
वाच्यार्थस्य तु सर्वस्य त्यागे न फलमीक्ष्यते ।
नालिकेरफलस्येव कठिनत्वधिया नृणाम् ॥७३९॥
गंगापदं यथा स्वार्थं त्यक्त्वा लक्षयते तटम् ।
तत्पदं त्वंपदं वापि त्यक्त्वा स्वार्थं यथाखिलम् ॥७४०॥
तदर्थं वा त्वमर्थं वा यदि लक्षयति स्वयम् ।
तदा जहल्लक्षणायाः प्रवृत्तिरुपपद्यत ॥७४१॥

જેમ 'गंगायां घोषः । ગંગામાં ઘોષ' (ગંગામાં રબારીનો નેસ) એ વાક્યમાં જહલ્લક્ષણા માની છે, તેમ આ 'तत्त्वमसि' વાક્યમાં (લક્ષણા સ્વીકારવી પડે છે, પરંતુ) એ જહલ્લક્ષણા અહીં ઘટતી નથી. ઉપરના દૃષ્ટાંતમાં ગંગા એ ઘોષ(નેસ)નો આધાર છે અને 'ઘોષ' આધેય (આધાર પર રહેનાર) છે; એટલે એ બન્ને પદનો આધાર-આધેય સંબંધ છે; પરંતુ ગંગા પદના મૂળ વાચ્યાર્થ—જળપ્રવાહમાં એ સંબંધ ઘટતો

નથી તેથી આખો ય વાકયાર્થ પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ ઠરે છે, (કેમ કે પાણીના પ્રવાહમાં નેસડો કદી હોઈ શકે જ નહિ) તેથી એ વાચ્યાર્થનો સંપૂર્ણ ત્યાગ કરીને ગંગાના સંબંધવાળા કાંઠારૂપ અર્થમાં જહલ્લક્ષણા સારી રીતે ઘટી શકે છે (અને તેથી 'ગંગાના કાંઠા પર રબારીનો નેસ' એવો સંપૂર્ણ વાકયાર્થ બંધબેસતો થાય છે). એ રીતે 'तत्त्वमसि' વાકયમાં ચૈતન્યની એકતારૂપ અર્થ જણાવવો ઇષ્ટ છે અને 'तत् તથા त्वम्' પદના વાચ્યાર્થમાં પરોક્ષપણું અને અપરોક્ષપણું વગેરે અમુક ભાગ જ વિરુદ્ધ જણાય છે, સંપૂર્ણ વાચ્યાર્થ વિરુદ્ધ નથી; માટે જહલ્લક્ષણા સ્વીકારીને વાચ્યાર્થનો સંપૂર્ણ ત્યાગ કરવો ઘટતો નથી; અને તે સંપૂર્ણ વાચ્યાર્થ ત્યજી દેવામાં કંઈ ફળ પણ દેખાતું નથી. નાળીએરનું ફળ કઠણ હોય છે તેમ છતાં લોકો તેનો સંપૂર્ણ ત્યાગ કરતા નથી (પણ તેના કઠણ ભાગને જ ત્યજી દે છે). ઉપરના દૃષ્ટાંતમાં રહેલું 'ગંગા' પદ પોતાના સંપૂર્ણ વાચ્યાર્થ ત્યાગ કરીને જહલ્લક્ષણાથી જેમ 'કિનારો' અર્થ જણાવે છે તેમ 'तत्' પદ અને 'त्वम्' પણ પોતાના મૂળ વાચ્યાર્થને સંપૂર્ણ ત્યજી દઈને બીજા લક્ષ્યાર્થને જણાવે, તો જ એ જહલ્લક્ષણાની પ્રવૃત્તિ થઈ એમ કહેવાય. (પણ સંપૂર્ણ વાચ્યાર્થ ત્યજી દેવામાં અહીં કંઈ ફળ નથી; માટે જહલ્લક્ષણા અહીં લેવાતી નથી.) ૭૩૪–૭૪૧

'तत् त्वम्' ના લક્ષ્યાર્થમાં જહલ્લક્ષણા ન ઘટે

**न शंकनीयमित्यार्यैर्ज्ञातार्थे न हि लक्षणा ।**
**तत्पदं त्वंपदं वापि श्रूयते च प्रतीयते ॥ ७४२ ॥**
**तदर्थे च कथं तत्र संप्रवर्तेत लक्षणा ।**

અહીં સજ્જનોએ આવી શંકા ન કરવી, કે જાણીતા અર્થમાં લક્ષણા હોતી જ નથી. 'तत्' પદ અને 'त्वम्' પદ શ્રુતિમાં સંભળાય છે અને જણાય પણ છે; તો તેના અર્થ માટે તેમાં લક્ષણા કેવી રીતે પ્રવર્તે છે? ૭૪૨

અજહલ્લક્ષણા પણ ઘટે નહિ

अत्र शोणो धावतीति वाक्यवन्न प्रवर्तते ॥ ७४३ ॥
अजहल्लक्षणा वापि सा जहल्लक्षणा यथा ।
गुणस्य गमनं लोके विरुद्धं द्रव्यमंतरा ॥ ७४४ ॥
अतस्तमपरित्यज्य तद्गुणाश्रयलक्षणः ।
लक्ष्यादिर्लक्ष्यते तत्र लक्षणासौ प्रवर्तते ॥ ७४५ ॥
वाक्यं तत्त्वमसीत्यत्र ब्रह्मात्मैकत्वबोधके ।
परोक्षत्वापरोक्षत्वादि विशिष्टचितोर्द्वयोः ॥ ७४६ ॥
एकत्वरूपवाक्यार्थो विरुद्धांशाविवर्जनात् ।
न सिध्यति यतस्तस्मान्नाजहल्लक्षणा मता ॥ ७४७ ॥

તેમ જ આ 'तत्त्वमसि' વાક્યમાં 'शोणो धावति-લાલ દોડે છે' એ વાક્યની પેઠે 'અજહલ્લક્ષણા' પણ ઘટતી નથી (કેમ કે એ લક્ષણા તો વાચ્યાર્થનો ત્યાગ કર્યા વિના બીજો અર્થ જણાવે છે). જે ગુણ હોય તે દ્રવ્યનો ત્યાગ કરીને દોડી જાય, એ તો લોકમાં વિરુદ્ધ જ છે તેથી ગુણ પોતાનો ત્યાગ કર્યા વિના જ રહે અને દ્રવ્યનો આશ્રય કરે; એમ 'લાલ દોડે છે' એ વાચ્યાર્થ 'લાલ ઘોડો દોડે છે' એવો લક્ષ્યાર્થ જણાવે છે, તે અજહલ્લક્ષણાથી જણાય છે; પરંતુ આ 'तत्त्वमसि' વાક્ય તો બ્રહ્મ અને જીવાત્માની એકતા જણાવનારું હોઈ પરોક્ષપણું અને અપરોક્ષપણું આદિ ગુણોવાળાં બે ચૈતન્યની એકતારૂપ અર્થને જ જણાવે છે અને તે વાચ્યાર્થના વિરુદ્ધ ભાગનો ત્યાગ કર્યા વિના ઘટે તેમ નથી; માટે એ અજહલ્લક્ષણા અહીં માની નથી.

ભાગત્યાગલક્ષણાની આવશ્યકતા

तत्पदं त्वंपदं चापि स्वकीयार्थविरोधिनम् ।
अंशं सम्यकपरित्यज्य स्वाविरुद्धांशसंयुतम् ॥ ७४८ ॥
तदर्थं वा त्वमर्थं वा सम्यग्लक्षयतः स्वयम् ।
भागलक्षणया साध्यं किमस्तीति न शक्यताम् ॥ ७४९ ॥

अविरुद्धं पदार्थान्तरांशं स्वांशं च तत्कथम् ।
एकं पदं लक्षणया संलक्षयितुमर्हति ॥ ७५० ॥
पदांतरेण सिद्धायां पदार्थप्रमितौ स्वतः ।
तदर्थप्रत्ययापेक्षा पुनर्लक्षणया कुतः ॥ ७५१ ॥
तस्मात्तत्त्वमसीत्यत्र लक्षणा भागलक्षणा ।
वाक्यार्थसत्त्वाखंडैकरसतासिद्धये मता ॥ ७५२ ॥

'तत्' પદ અને 'त्वम्' પદ પોતાના વાચ્યાર્થનો વિરોધી ભાગ ત્યજી દઈ અવિરોધી ભાગ સાથે જ બીજા 'तत्'ના અર્થને તથા 'त्वम्'ના અર્થને અહીં જણાવે છે (અને તે ભાગત્યાગલક્ષણાથી જ બની શકે છે). આ ભાગત્યાગલક્ષણાથી કયું સાધ્ય સિદ્ધ થાય છે? આવી શંકા ન કરવી; કેમ કે અવિરુદ્ધ બીજા પદાર્થનો અંશ અને પોતાનો અંશ–એ બન્નેને એક જ પદ (ઉપર દર્શાવેલી બંને) લક્ષણાથી કેવી રીતે જણાવી શકે? એક પદના અર્થનું જ્ઞાન જ્યાં બીજા પદથી સિદ્ધ થતું હોય અને પોતાની મેળે જ એ બીજા અર્થનું જ્ઞાન જરૂરી હોય, ત્યાં એ (ઉપર દર્શાવેલી બે ય) લક્ષણાથી શું થઈ શકે? માટે જ આ 'तत्त्वमसि' વાક્યમાં આખા વાક્યાર્થનું સત્પણું અને અખંડ એકરસપણું જાણવા સારુ 'ભાગત્યાગલક્ષણા' માનવામાં આવી છે. ૭૪૮–૭૫૨

ભાગત્યાગલક્ષણાનું સ્વરૂપ

भागं विरुद्धं संत्यज्याविरोधो लक्ष्यते यदा ।
सा भागलक्षणेत्याहुर्लक्षणज्ञा विचक्षणाः ॥ ७५३ ॥

જેને લીધે વિરુદ્ધ ભાગનો ત્યાગ કરી અવિરોધ જણાય, તેને લક્ષણવેત્તા પંડિતો 'ભાગત્યાગલક્ષણા' કહે છે. ૭૫૩

सोऽयं देवदत्त इति वाक्यं वाक्यार्थ एव वा ।
देवदत्तैक्यरूपस्य वाक्यार्थावबोधकम् ॥ ७५४ ॥

देशकालादिवैशिष्ट्यं विरुद्धांशं निरस्य च ।
अविरुद्धं देवदत्तदेहमात्रं स्वलक्षणम् ॥ ७५५ ॥
भागलक्षणया सम्यग्लक्षयत्यनया यथा ।
तथा तत्त्वमसीत्यत्र वाक्यं वाक्यार्थ एव वा ॥ ७५६ ॥
परोक्षत्वापरोक्षत्वादिविशिष्टचितोर्द्वयोः ।
एकत्वरूपवाक्यार्थविरुद्धांशमुपस्थितम् ॥ ७५७ ॥
परोक्षत्वापरोक्षत्वसर्वज्ञत्वादिलक्षणम् ।
बुद्ध्यादिस्थूलपर्यंतमाविद्यकमनात्मकम् ॥ ७५८ ॥
परित्यज्य विरुद्धांशं शुद्धचैतन्यलक्षणम् ।
वस्तु केवलसन्मात्रं निर्विकल्पं निरंजनम् ॥ ७५९ ॥
लक्षयत्यनया सम्यग्भागलक्षणया ततः ।
सर्वोपाधिविनिर्मुक्तं सच्चिदानंदमद्वयम् ॥ ७६० ॥
निर्विशेषं निराभासमतादृशमनीदृशम् ।
अनिर्देश्यमनाद्यंतमनंतं शांतमच्युतम् ।
अप्रतर्क्यमविज्ञेयं निर्गुणं ब्रह्म शिष्यते ॥ ७६१ ॥

જેમ सोऽयं देवदत्तः । તે આ દેવદત્ત' આ વાકય અથવા વાક્યનો અર્થ દેવદત્ત નામે એક જ વ્યક્તિરૂપ પોતાના વાકયાર્થને (કેવળ પોતાના વાચ્યાર્થ દ્વારા) સમજાવી શકતું નથી માટે દેશ, કાળ આદિની વિશેષતારૂપ વિરુદ્ધ અંશનો ત્યાગ કરીને, માત્ર દેવદત્તના શરીરરૂપ અવિરુદ્ધ અંશને આ લક્ષણા દ્વારા જ તે વાકય બરાબર જણાવી શકે છે. તે જ પ્રમાણે 'तत्त्वमसि' એ વાકય અથવા એ વાકયનો અર્થ જ પરોક્ષપણું અને અપરોક્ષ-પણું આદિ ગુણવાળાં બે ચૈતન્યની એકતારૂપ વાક્યાર્થને પણ આ લક્ષણાથી જ જણાવી શકે છે; કેમ કે વાકયના મૂળ અર્થ-માં રહેલું પરોક્ષપણું, અપરોક્ષપણું સર્વજ્ઞપણું આદિ પરસ્પર વિરુદ્ધ અંશનો ત્યાગ કરીને, તેમ જ બુદ્ધિથી માંડી સ્થૂલ શરીર સુધીનાં અવિદ્યાનાં કાર્યરૂપ અનાત્મવસ્તુઓરૂપ વિરુદ્ધ અંશનો

ત્યાગ કરી શુદ્ધ ચૈતન્ય વસ્તુને જણાવે છે; અને તે વસ્તુ કેવળ સત્ય માત્ર, નિર્વિકલ્પ અને નિરંજન છે, એમ પણ આ ભાવલક્ષણાથી બરાબર સમજાવે છે. તે પછી સર્વ ઉપાધિ રહિત, સચ્ચિદાનંદસ્વરૂપ, અદ્વૈત, વિશેષ રહિત, આભાસ વિનાનું, તેવું નહિ, આવું નહિ, અમુક સ્વરૂપે બતાવવું અશક્ય, આદિ–અંત રહિત, અનંત, શાંત, મરણધર્મ રહિત, તર્કમાં આવવું અશક્ય અને જાણવું મુશ્કેલ એવું નિર્ગુણ બ્રહ્મ જ બાકી રહે છે. ૭૫૪–૭૬૧

ઉપાધિ દૂર થતાં ઉપાધિનો વિરોધ છે જ નહિ

**उपाधिवैशिष्ट्यकृतो विरोधो ब्रह्मात्मनोरेकतयाधिगत्या ।**
**उपाधिवैशिष्ट्य उदस्यमाने न कश्चिदप्यस्ति विरोध एतयोः ॥ ७६२ ॥**
**तयोरुपाधिश्च विशिष्टता च तद्धर्मभाक्त्वं च विलक्षणत्वम् ।**
**भ्रान्त्या कृतं सर्वमिदं मृषैव स्वप्नार्थवज्जाग्रति नैव सत्यम् ॥ ७६३ ॥**
**निद्रासुप्तशरीरधर्मसुखदुःखादिप्रपंचोऽपि वा**
**जीवेशादिभिदापि वा न च ऋतं कर्तुं क्वचिच्छक्यते ।**
**मायाकल्पितदेशकालजगदीशादिभ्रमस्तादृशः**
**को भेदोऽस्त्यनयोर्द्वयोस्तु कतमः सत्योऽन्यतः को भवेत् ॥ ७६४ ॥**

બ્રહ્મ અને જીવમાં જે વિરોધ જણાય છે, તે ઉપાધિની વિશેષતાને લીધે જ કરાયેલો છે; પરંતુ તે બન્નેની એકતાનું જ્ઞાન થતાં ઉપાધિની વિશેષતા દૂર થાય છે, અને પછી એ બન્ને-માં કોઈ જાતનો વિરોધ રહેતો જ નથી. જીવ–અને બ્રહ્મ–એ બન્નેને ઉપાધિ, ઉપાધિથી યુક્તપણું, એ ઉપાધિના ધર્મો અને પરસ્પર વિલક્ષણતા એ બધું ભ્રાંતિને લીધે કરાયું છે; ખરી રીતે સ્વપ્નામાં જોયેલા પદાર્થો જેમ જાગ્રત અવસ્થામાં સાચા નથી, તે જ પ્રમાણે જીવ–બ્રહ્મને તે ઉપાધિ વગેરેનો સંબંધ જૂઠો જ છે (અને તે બન્ને જુદા પણ નથી). જેમ નિદ્રામાં સ્વપ્ન આવતાં તેની અંદર ઉત્પન્ન થયેલું શરીર–તેના ધર્મ, સુખ–દુઃખ વગેરે પ્રપંચ–એ બધું જૂઠું છે, તે જ પ્રમાણે જાગ્રત અવસ્થામાં

પણ તે તે બધું અને જીવ-ઈશ્વર વગેરે ભેદ પણ જૂઠો છે; તેને કોઈ કાળે સત્ય કરી શકાતો નથી. વળી માયાથી કલ્પાયેલા દેશ, કાળ; જગત, ઈશ્વર વગેરેનો ભ્રમ પણ તેવો જ મિથ્યા છે. આ રીતે જીવ અને ઈશ્વર એ બન્નેમાં કયો ભેદ છે? અને તે બન્નેના ભેદ પૈકી કયો ભેદ સાચો છે? અને તેઓ બન્નેમાંથી કયો એક બીજાથી જુદો થઈ શકે તેમ છે? (કોઈ જ નહિ. એ બન્ને એક જ વસ્તુ છે) ૭૬૨–૭૬૪

સ્વપ્ન ને જાગ્રત બન્ને મિથ્યા છે.

**न स्वप्नजागरणयोरुभयोर्विशेषः**
**संदृश्यते क्वचिदपि भ्रमजैर्विकल्पैः ।**
**यद्द्रष्टृदर्शनमुखैरत एव मिथ्या**
**स्वप्नो यथा ननु तथैव हि जागरोऽपि ॥ ७६५ ॥**

દ્રષ્ટા, દૃશ્ય અને દર્શન વગેરે ભેદો કેવળ ભ્રમથી જ ઉત્પન્ન થયેલા છે; અને તેને લીધે સ્વપ્ન કે જાગ્રત એ બન્ને અવસ્થાઓમાં કોઈ કાળે કોઈ જાતની પણ વિશેષતા દેખાતી નથી; આથી જેમ સ્વપ્ન મિથ્યા છે, તે જ પ્રમાણે જાગ્રત અવસ્થા પણ મિથ્યા જ છે. ૭૬૫

**अविद्याकार्यतस्तुल्यौ द्वावपि स्वप्नजागरौ ।**
**द्रष्टृदर्शनदृश्यादिकल्पनोभयतः समा ॥ ७६६ ॥**

સ્વપ્ન તથા જાગ્રત એ બન્ને અવિદ્યાનાં કાર્ય છે અને તેથી બન્ને સમાન જ છે; કેમ કે દ્રષ્ટા, દૃશ્ય અને દર્શનની કલ્પના બન્નેમાં સરખી જ છે. ૭૬૬

**अभाव उभयोः सुप्तौ सर्वैरप्यनुभूयते ।**
**न कश्चिदनयोर्भेदस्तस्मान्मिथ्यात्वमर्हतः ॥ ७६७ ॥**

સુષુપ્તિમાં એ બન્ને અવસ્થાઓ હોતી નથી એમ બધા લોકો અનુભવે છે. માટે એ બન્નેમાં કોઈ જાતનો તફાવત નથી અને તેથી જ તે બન્ને ખોટી છે. ૭૬૭

બ્રહ્મમાં ત્રણે કાળે ભેદ નથી

**भ्रांत्या ब्रह्मणि भेदोऽयं सजातीयादिलक्षणः ।**
**कालत्रयेऽपि हे विद्वन् वस्तुतो नैव कश्चन ॥ ७६८ ॥**

હે વિદ્વાન શિષ્ય! સજાતીય આદિ લક્ષણવાળો ભેદ બ્રહ્મ વિષે ભ્રાંતિથી જ કરાય છે; ખરી રીતે, ત્રણે કાળે પણ બ્રહ્મ કોઈ જાતનો ભેદ નથી. ૭૬૮

**यत्र नान्यत्पश्यतीति श्रुतिर्द्वैतं निषेधति ।**
**कल्पितस्य भ्रमाद्भूम्नि मिथ्यात्वावगमाय तत् ॥ ७६९ ॥**

શ્રુતિ પણ 'यत्र नान्यन् पश्यति । જ્ઞાની પુરુષ બ્રહ્મ વિષે બીજું કંઈ જોતો નથી' એમ કહી દ્વૈત વસ્તુનો નિષેધ જ કરે છે; અને તે એટલા જ માટે, કે પરબ્રહ્મમાં ભ્રમથી કલ્પેલું બધું મિથ્યા જ છે, એમ સમજાવવું છે ૭૬૯

એક જ અદ્વિતીય બ્રહ્મ

**यतस्ततो ब्रह्म सदाऽद्वितीयं विकल्पशून्यं निरुपाधि निर्मलम् ।**
**निरंतरानंदघनं निरीहं निरास्पदं केवलमेकमेव ॥ ७७० ॥**

બ્રહ્મ સદા અદ્વિતીય છે; તેથી જ વિકલ્પ કે ભેદથી રહિત, ઉપાધિ રહિત, નિર્મળ, નિરંતર, આનંદથી વ્યાપ્ત, નિઃસ્પૃહ, ચેષ્ટા રહિત, કોઈ પણ સ્થાનથી રહિત અને કેવળ એક જ છે. ૭૭૦

**नैवास्ति काचन भिदा न गुणप्रतीति-**
**र्नो वाक्प्रवृत्तिरपि वा न मनःप्रवृत्तिः**
**यत्केवलं परमशांतमनंतमाद्य-**
**मानंदमात्रमवभाति सदद्वितीयम् ॥ ७७१ ॥**

તેમાં કોઈ જાતનો ભેદ નથી. ગુણો જણાતા નથી, વાણીની પ્રવૃત્તિ નથી અથવા મનની પ્રવૃત્તિ નથી. જે કેવળ, પરમ શાંત, અનંત, આદિથી જ રહેલ, માત્ર આનંદસ્વરૂપ અને અદ્વિતીય હોઈ સત્ (હયાતી) સ્વરૂપે જ પ્રકાશે છે. ૭૭૧

એ જ તત્ત્વ તું છે

यदिदं परमं सत्यं तत्त्वं सच्चित्सुखात्मकम्।
अजरामरणं नित्यं सत्यमेतद्वचो मम ॥ ७७२ ॥

જે આ સત્, ચિત્ અને સુખસ્વરૂપ છે, તે જ પરમ સત્ય તું છે. એ જરા, જન્મ અને મરણથી રહિત હોઈ નિત્ય છે. આ મારું વચન સત્ય છે. ૭૭૨

न हि त्वं देहोऽसावसुरपि च वाप्यक्षनिकरो
मनो वा बुद्धिर्वा क्वचिदपि तथाहंकृतिरपि।
न चैषां संघातस्त्वमु भवसि विद्वन् शृणु परं
यदेतेषां साक्षी स्फुरणममलं तत्त्वमसि हि ॥ ७७३ ॥

તું કોઈ કાળે આ દેહ નથી, પ્રાણ પણ નથી, ઇંદ્રિયોનો સમુદાય પણ નથી; મન નથી, બુદ્ધિ નથી અથવા અહંકાર પણ નથી તેમ જ એ બધાંનો સમુદાય પણ તું નથી. હે વિદ્વાન શિષ્ય! તું મારું શ્રેષ્ઠ વચન સાંભળ. એ દેહ વગેરેનો જે સાક્ષી છે અને નિર્મળ સ્ફૂર્તિરૂપ છે, 'तत्त्वमसि' તે જ તું છે.' ૭૭૩

यज्जायते वस्तु तदेव वर्धते तदेव मृत्युं समुपैति काले।
जन्मैव ते नास्ति तथैव मृत्युर्नास्त्येव नित्यस्य विभोरजस्य ॥ ७७४ ॥

જે વસ્તુ જન્મે છે, તે જ વધે છે; અને તે જ સમય થતાં મૃત્યુને પામે છે. તું તો નિત્ય, વ્યાપક અને અજન્મા છે; તેથી તારો જન્મ નથી ને મૃત્યુ પણ નથી. ૭૭૪

य एष देहो जनितः स एव समेधते नश्यति कर्मयोगात्।
त्वमेतदीयास्वखिलास्ववस्थास्ववस्थितः साक्ष्यसि बोधमात्रः ॥ ७७५ ॥

આ દેહ કર્મના યોગથી જન્મ્યો છે; તેથી તે જ વધે છે અને નાશ પામે છે. તું તો એ શરીરની બધી અવસ્થાઓમાં સાક્ષીરૂપે અને માત્ર જ્ઞાનરૂપે રહેલો છે. ૭૭૫

यत्स्वप्रकाशमखिलात्मकमासुषुप्ते-
रेकात्मनाहमहमित्यवभाति नित्यम्।

बुद्धेः समस्तविकृतेरविकारि बोद्धृ
यद्ब्रह्म तत्त्वमसि केवलबोधमात्रम् ॥ ७७६ ॥

જે સ્વયંપ્રકાશ, સર્વના આત્મારૂપ (અથવા સર્વસ્વરૂપ) અને સુષુપ્તિ અવસ્થા સુધી 'હું-હું' એમ એક જ આત્મારૂપે નિત્ય પ્રકાશે છે, વળી જે પોતે વિકારી નથી અને બુદ્ધિના સમગ્ર વિકારોને જાણે છે તેમ જ કેવળ જ્ઞાનસ્વરૂપ છે, 'तत्त्वमसि ब्रह्म। તે બ્રહ્મ તું છે.' ૭૭૬

स्वात्मन्यनस्तमयसंविदि कल्पितस्य
व्योमादिसर्वजगतः प्रददाति सत्ताम् ।
स्फूर्तिं स्वकीयमहसा वितनोति साक्षा-
द्यद्ब्रह्म तत्त्वमसि केवलबोधमात्रम् ॥ ७७७ ॥

જેનું જ્ઞાન કદી અસ્ત પામતું નથી એવા પોતાના સ્વરૂપમાં આકાશ વગેરે જે આ સર્વ જગત કલ્પાયેલું છે, તેને જે પોતાના પ્રકાશથી સત્તા આપે છે તેમાં સ્ફૂર્તિ વિસ્તારે છે અને પોતે કેવળ માત્ર બોધરૂપ છે, 'तत्त्वमसि साक्षाद् ब्रह्म। તે સાક્ષાત્ બ્રહ્મ તું છે.' ૭૭૭

सम्यक्समाधिनिरतैर्विमलांतरंगैः
साक्षादवेक्ष्य निजतत्त्वमपारसौख्यम् ।
संतुष्यते परमहंसकुलैरजस्रं
यद्ब्रह्म तत्त्वमसि केवलबोधमात्रम् ॥ ७७८ ॥

ઉત્તમ પ્રકારની સમાધિમાં તત્પર રહેનારા અને નિર્મળ અંતઃકરણવાળા પરમહંસોના સમૂહો, અપાર સુખમય જે આત્મતત્ત્વને સાક્ષાત્ જોઈને નિરંતર સંતોષ પામે છે અને જે કેવળ માત્ર જ્ઞાનસ્વરૂપ છે, 'तत्त्वमसि ब्रह्म। તે બ્રહ્મ તું છે.' ૭૭૮

अंतर्बहिः स्वयमखंडितमेकरूप-
मारोपितार्थवदुदंचति मूढबुद्धेः ।
मृत्स्नादिवद्विगतविक्रियमात्मवेद्यं
यद्ब्रह्म तत्त्वमसि केवलबोधमात्रम् ॥ ७७९ ॥

જે પોતે અંદર ને બહાર અખંડિત એકરૂપ જ છે. છતાં મૂઢબુદ્ધિ-અજ્ઞાનીને આરોપિત પદાર્થ જેવું જણાય છે પણ ખરી રીતે જે માટી વગેરે મૂળ પદાર્થોની પેઠે વિક્રિયા રહિત છે. સ્વાનુભવથી જ જાણવા યોગ્ય છે અને કેવળ માત્ર જ્ઞાનસ્વરૂપ છે, 'तत्त्वमसि ब्रह्म । તે બ્રહ્મ તું છે.' ૭૭૯

श्रुत्युक्तमव्ययमनंतमनादिमध्य-
मव्यक्तमक्षरमनाश्रयमप्रमेयम् ।
आनंदसद्घनमनामयमद्वितीयं
यद्ब्रह्म तत्त्वमसि केवलबोधमात्रम् ॥ ७८० ॥

વેદમાં જેને નિર્વિકાર, અનંત, અવિનાશી, આદિ કે મધ્ય રહિત, અવ્યક્ત, અક્ષર, આશ્રય રહિત, અપ્રમેય, આનંદ તથા સત્યથી વ્યાપ્ત, રોગ કે દોષ રહિત અને અદ્વિતીય કહેલ છે તેમ જ કેવળ માત્ર જ્ઞાનસ્વરૂપ છે, 'तत्त्वमसि ब्रह्म । તે બ્રહ્મ તું છે.' ૭૮૦

शरीरतद्योगतदीयधर्माद्यारोपणं भ्रान्तिवशात्त्वयीदम् ।
न वस्तुतः किंचिदतस्त्वजस्त्वं मृत्योर्भयं क्वासि तथापि पूर्णः ॥७८१॥

તારામાં આ શરીર, તેનો સંબંધ અને તેના ધર્મો વગેરેનો જે આરોપ થયો છે, તે ભ્રાંતિને લીધે જ છે. ખરી રીતે એ કંઈ છે જ નહિ. આથી તું અજન્મા છે; તને મૃત્યુનો ભય ક્યાં છે? તું તો પૂર્ણ છે. ૭૮૧

यद्यद्दृष्टं भ्रान्तिमत्या स्वदृष्ट्या
तत्तत्सम्यग्वस्तुदृष्ट्या त्वमेव ।
त्वत्तो नान्यद्वस्तु किंचित्तु लोके
कस्माद्भीतिस्ते भवेदद्वयस्य ॥ ७८२ ॥

તેં પોતાની ભ્રમિત દૃષ્ટિથી જે જે જોયું છે, તે તે સારી રીતે વસ્તુદૃષ્ટિથી (જોતાં) તું જ છે. લોકમાં તારાથી જુદી કોઈ વસ્તુ જ નથી—તું અદ્વય (બીજા પદાર્થથી રહિત જ) છે;

તેથી તેને કોનાથી ભય હોય? ૭૮૨

पश्यतस्त्वहमेवेदं सर्वमित्यात्मनाखिलम् ।
भयं स्याद्विदुषः कस्मात्स्वस्मान्न भयमिष्यते ॥ ७८३ ॥

'આ બધું હું જ છું' એમ સર્વને જે આત્મારૂપે જુએ અને જાણે, તેને ભય કોનાથી થાય? પોતાથી પોતાને ભય કદી હોય જ નહિ. ૭૮૩

तस्मात्त्वमभयं नित्यं केवलानंदलक्षणम् ।
निष्कलं निष्क्रियं शांतं ब्रह्मैवासि सदाऽद्वयम् ॥ ७८४ ॥

માટે તું નિર્ભય, નિત્ય, કેવળ આનંદરૂપ લક્ષણવાળો, અવયવરહિત, ક્રિયારહિત, શાંત અને સદા અદ્વય બ્રહ્મ જ છે.

ज्ञातृज्ञानज्ञेयविहीनं ज्ञातुरभिन्नं ज्ञानमखंडम् ।
ज्ञेयाज्ञेयत्वादिविमुक्तं शुद्धं बुद्धं तत्त्वमसि त्वम् ॥ ७८५ ॥

જે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય—એ ભેદોથી રહિત છે, જે જ્ઞાતાથી જુદું નથી, અખંડ જ્ઞાનરૂપ છે, જ્ઞેય-અજ્ઞેયપણું આદિ ધર્મોથી રહિત છે, શુદ્ધ અને બુદ્ધ છે, તે જ તત્ત્વ તું છે. ૭૮૫

अंतःप्रज्ञत्वादिविकल्पैरस्पृष्टं यत्तद्दृशिमात्रम् ।
सत्तामात्रं समरसमेकं शुद्धं बुद्धं तत्त्वमसि त्वम् ॥ ७८६ ॥

જે અંતઃપ્રજ્ઞ આદિ ભેદોથી રહિત છે, માત્ર દર્શનરૂપ અને સત્તાસ્વરૂપ છે, સમાન-એક જ રસવાળું તથા એક જ છે, તે શુદ્ધ અને બુદ્ધ તત્ત્વ તું છે. ૭૮૬

सर्वाकारं सर्वमसर्वं सर्वनिषेधावधिभूतं यत् ।
सत्यं शाश्वतमेकमनंतं शुद्धं बुद्धं तत्त्वमसि त्वम् ॥ ७८७ ॥

જે સર્વ આકારરૂપ, સર્વ સ્વરૂપ, સર્વથી રહિત, સર્વ નિષેધોના અવધિરૂપ, સત્ય, સનાતન, એક, અનંત, શુદ્ધ અને બુદ્ધ તત્ત્વ છે, તે તું છે. ૭૮૭

नित्यानंदाखंडैकरसं निष्कलमक्रियमस्तविकारम् ।
प्रत्यगभिन्नं परमव्यक्तं शुद्धं बुद्धं तत्त्वमसि त्वम् ॥ ७८८ ॥

નિત્ય આનંદરૂપ, અખંડ, એકરસવાળું, અવયવરહિત, ક્રિયાશૂન્ય, નિર્વિકાર, પ્રત્યકરૂપે જુદું નહિ, સર્વશ્રેષ્ઠ, અવ્યક્ત, શુદ્ધ અને બુદ્ધ એવું જે તત્ત્વ છે, તે તું છે. ૭૮૮

त्वं प्रत्यस्ताशेषविशेषं व्योमेवांतर्बहिरपि पूर्णम् ।
ब्रह्मानंदं परमद्वैतं शुद्धं बुद्धं तत्त्वमसि त्वम् ॥ ७८९ ॥

સમગ્ર વિશેષો અથવા વિભાગો જેમાં દૂર થયા છે અને જે આકાશની પેઠે અંદર ને બહાર પણ પૂર્ણ છે, તે અદ્વૈત પરમ બ્રહ્મ તું છે; તું જ એ શુદ્ધ અને બુદ્ધ તત્ત્વ છે. ૭૮૯

ब्रह्मैवाहमहं ब्रह्म निर्गुणं निर्विकल्पकम् ।
इत्येवाखंडया वृत्त्या तिष्ठ ब्रह्मणि निष्क्रिये ॥ ७९० ॥

'હું જ બ્રહ્મ છું; હું જ નિર્વિકલ્પ, એટલે ભેદરહિત તથા સત્ત્વાદિ ગુણોથી રહિત બ્રહ્મ છું'' એથી અખંડ વૃત્તિએ નિષ્ક્રિય બ્રહ્મમાં તું સ્થિતિ કર. ૭૯૦

अखंडामेवैतां घटितपरमानंदलहरीं
परिध्वस्तद्वैतप्रमितिममलां वृत्तिमनिशम् ।
अमुंचानः स्वात्मन्यनुपमसुखे ब्रह्मणि परे
रमस्व प्रारब्धं क्षपय सुखवृत्त्या त्वमनया ॥ ७९१ ॥

આ જ અખંડ વૃત્તિ પરમાનંદની લહેરો સાથે જોડનારી, દ્વૈત જ્ઞાનનો વિનાશ કરનારી અને નિર્મળ છે. તેને છોડ્યા વિના અનુપમ સુખસ્વરૂપ અને પરબ્રહ્મ એવા પોતાના આત્મામાં તું રમણ કર; અને આ સુખમય વૃત્તિમાં રહી પ્રારબ્ધ કર્મને ખપાવી નાખ. ૭૯૧

ब्रह्मानंदरसास्वादतत्परेणैव चेतसा ।
समाधिनिष्ठितो भूत्वा तिष्ठ विद्वन्सदा मुने ॥ ७९२ ॥

હે મુનિ! હે વિદ્વાન્! બ્રહ્માનંદના રસનો સ્વાદ લેવામાં જ તત્પર એવા ચિત્તથી તું સદાકાળ સમાધિનિષ્ઠ રહે. ૭૯૨

શિષ્યનો પ્રશ્ન

अखंडाख्या वृत्तिरेषा वाक्यार्थश्रुतिमात्रतः ।
श्रोतुः संजायते किं वा क्रियांतरमपेक्षते ॥ ७९३ ॥
समाधिः कः कतिविधस्तत्सिद्धेः किमु साधनम् ।
समाधेरंतरायाः के सर्वमेतन्निरूप्यताम् ॥ ७९४ ॥

આ અખંડ વૃત્તિ 'तत्त्वमसि' આદિ વાક્યોનો માત્ર અર્થ સાંભળવાથી જ થાય છે, કે તે સાંભળ્યા પછી સાંભળનારને બીજી ક્રિયા કરવાની જરૂર રહે છે? સમાધિ એ શું? તે કેટલા પ્રકારની છે? તેને સિદ્ધ કરવાનું સાધન કયું? અને એ સમાધિ સિદ્ધ થતાં કયાં વિઘ્નો આવે છે? આ બધું મને સમજાવો. ૭૯૩,૭૯૪

શ્રી ગુરુનો પ્રત્યુત્તર : મુખ્ય ને ગૌણ—બે અધિકારી

मुख्यगौणादिभेदेन विद्यन्तेऽत्राधिकारिणः ।
तेषां प्रज्ञानुसारेणाखंडा वृत्तिरुदेष्यते ॥ ७९५ ॥

આ તત્ત્વજ્ઞાનના વિષયમાં મુખ્ય ને ગૌણ એવા બે અધિકારી હોય છે. તેઓને પોતપોતાની બુદ્ધિના અનુસારે અખંડ બ્રહ્માકાર વૃત્તિ જન્મે છે. ૭૯૫

श्रद्धाभक्तिपुरःसरेण विहितेनैवेश्वरं कर्मणा
संतोष्यार्जिततत्प्रसादमहिमा जन्मांतरेष्वेव यः ।
नित्यानित्यविवेकतीव्रविरतिन्यासादिभिः साधनै-
र्युक्तः स श्रवणे सतामभिमतो मुख्याधिकारी द्विजः ॥ ७९६ ॥

જે પુરુષે જન્માંતરમાં જ શ્રદ્ધા અને ભક્તિપુરઃસર નિત્ય-નૈમિત્તિક કર્મો કરીને ઈશ્વરને સંતોષ્યા હોય, તેને તે દ્વારા તેમની કૃપાનો મહિમા પ્રાપ્ત થયો હોય છે; અને તેથી તેને (આ જન્મમાં) નિત્ય—અનિત્ય વસ્તુનો વિવેક, તીવ્ર વૈરાગ્ય તથા સંન્યાસ આદિ સાધનોનો યોગ થાય છે. આવા સાધનસંપન્ન

દ્વિજવર્ણના પુરુષને વેદાંતશ્રવણમાં મુખ્ય અધિકારી તરીકે સજ્જનોએ માન્યો છે. ૭૯૬

अध्यारोपापवादक्रममनुसरता देशिकेनात्र वेत्त्रा
वाक्यार्थे बोध्यमाने सति सपदि सतः शुद्धबुद्धेरमुष्य ।
नित्यानंदाद्वितीयं निरुपममलं यत्परं तत्त्वमेकं
तद्ब्रह्मैवाहमस्मीत्युदयति परमाखंडताकारवृत्तिः ॥ ७९७ ॥

એવા સજ્જન શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યને, આ લોકમાં કોઈ જ્ઞાની ગુરુ, અધ્યારોપ તથા અપવાદના ક્રમને અનુસરી ( तत्त्वमसि આદિ) વાક્યોનો અર્થ સમજાવવા માંડે, કે તરત જ તે નિત્ય, આનંદસ્વરૂપ, અદ્વિતીય, ઉપમારહિત, નિર્મળ અને સર્વશ્રેષ્ઠ જે એક જ તત્ત્વ છે. 'તે જ હું બ્રહ્મ છું' આવી પરમ અખંડાકાર વૃત્તિ તે મનુષ્યમાં પ્રકટે છે. ૭૯૭

अखंडाकारवृत्तिः सा चिदाभाससमन्विता ।
आत्माभिन्नं परं ब्रह्म विषयीकृत्य केवलम् ॥ ७९८ ॥
बाधते तद्गताज्ञानं यदावरणलक्षणम् ।
अखंडाकारया वृत्त्या त्वज्ञाने बाधिते सति ॥ ७९९ ॥
तत्कार्यं सकलं तेन समं भवति बाधितम् ।
तंतुदाहे तत्कार्यपटदाहो यथा तथा ॥ ८०० ॥
तस्य कार्यतया जीववृत्तिर्भवति बाधिता ।
उपप्रभा यथा सूर्यं प्रकाशयितुमक्षमा ॥ ८०१ ॥
तद्वदेव चिदाभासचैतन्यं वृत्तिसंस्थितम् ।
स्वप्रकाशं परं ब्रह्म प्रकाशयितुमक्षमम ॥ ८०२ ॥

એ અખંડાકાર વૃત્તિ ( પ્રથમ તો ) ચિદાભાસથી યુક્ત હોય છે અને આત્માથી અભિન્ન કેવળ પરબ્રહ્મને વિષયરૂપ કરીને જન્મેલી હોય છે. પછી ( ધીમે ધીમે ) એ વૃત્તિ આવરણરૂપ લક્ષણવાળા અને તેમાં રહેલા અજ્ઞાનને દૂર કરે છે. પછી એ અખંડાકાર વૃત્તિથી અજ્ઞાન જ્યારે દૂર થાય છે, ત્યારે તેની સાથે

તે અજ્ઞાનનું કાર્ય પણ દૂર થઈ જાય છે. પછી જેમ તાંતણા બળી જતાં તેનું કાર્ય-કપડું પણ બળી જાય છે, તેમ એ અજ્ઞાનનો નાશ થતાં તેના કાર્યરૂપે રહેલી જીવવૃત્તિ પણ નાશ પામે છે. જેમ સૂર્યનું પ્રતિબિંબ સૂર્યને પોતાને પ્રકાશિત કરવા સમર્થ થતું નથી, તે જ પ્રમાણે ચૈતન્યના આભાસરૂપ (જીવ) ચૈતન્ય જ્યાં સુધી વૃત્તિરૂપે રહેલું હોય, ત્યાં સુધી તે સ્વયંપ્રકાશ પરબ્રહ્મને પ્રકાશિત કરવા સમર્થ થતું નથી. ૭૯૮-૮૦૨

प्रचंडातपमध्यस्थदीपवन्नष्टदीधितिः ।
तत्तेजसाभिभूतं सल्लीनोपाधितया ततः ॥ ८०३ ॥
बिम्बभूतपरब्रह्ममात्रं भवति केवलम् ।
यथापनीते त्वादर्शे प्रतिबिम्बमुखं स्वयम् ॥ ८०४ ॥
मुखमात्रं भवेत्तद्वदेतच्चोपाधिसंक्षयात् ।
घटज्ञाने यथा वृत्त्या व्याप्तया बाधिते सति ॥ ८०५ ॥
घटं विस्फुरयत्येष चिदाभासः स्वतेजसा ।
न तथा स्वप्रभे ब्रह्मण्याभास उपयुज्यते ॥ ८०६ ॥

જેમ પ્રચંડ (સૂર્યના) તાપની વચ્ચે રહેલો દીવો તેના તેજથી ઝાંખો થઈ નાશ પામેલી કાંતિવાળો થાય છે, તે જ પ્રમાણે ચિદાભાસ (જીવ) ચૈતન્ય પરબ્રહ્મ(બિંબ)ના તેજથી નિસ્તેજ બની એ સત્‌(બ્રહ્મરૂપ બિંબ)માં લીન બની જાય છે; અને એ રીતે ઉપાધિરહિત થવાથી કેવળ માત્ર બિંબરૂપ પરબ્રહ્મ જ તે થઈ રહે છે. જેમ દર્પણને ખસેડી લેતાં તેમાં પ્રતિબિંબરૂપે દેખાતું મોઢું પોતે ઉપાધિનો નાશ થવાથી માત્ર મોઢારૂપે જ બાકી રહે છે, તે જ પ્રમાણે પ્રતિબિંબ-જીવચૈતન્ય પણ ઉપાધિનો નાશ થતાં બિંબ-પરબ્રહ્મરૂપે જ થઈ રહે છે. જેમ ઘડાનું અજ્ઞાન તેમાં વ્યાપેલી અંતઃકરણની વૃત્તિથી જ્યારે દૂર થાય છે ત્યારે ચિદાભાસ-જીવચૈતન્ય પોતાના તેજથી ઘડાને પ્રકાશિત કરે છે (એટલે એ રીતે ચિદાભાસ બીજા પદાર્થોને પ્રકાશિત કરે છે), તેમ

સ્વયંપ્રકાશ બ્રહ્મને પ્રકાશિત કરવામાં ઉપયોગી થતો નથી. ૮૦૩-૮૦૬

વસ્તુના જ્ઞાન માટે શ્રવણાદિની જરૂર

अत एव मतं वृत्तिव्याप्यत्वं वस्तुनः सताम् ।
न फलव्याप्यता तेन न विरोधः परस्परम् ॥ ८०७ ॥
श्रुत्योदितस्ततो ब्रह्म ज्ञेयं बुद्ध्यैव सूक्ष्मया ।
प्रज्ञामांद्यं भवेद्येषां तेषां न श्रुतिमात्रतः ॥ ८०८ ॥
स्यादखंडाकारवृत्तिर्विना तु मननादिना ।
श्रवणान्मननाद्ध्यानात्तात्पर्येण निरंतरम् ॥ ८०९ ॥
बुद्धेः सूक्ष्मत्वमायाति ततो वस्तूपलभ्यते ।
मंदप्रज्ञावतां तस्मात्करणीयं पुनः पुनः ॥ ८१० ॥
श्रवणं मननं ध्यानं सम्यग्वस्तूपलब्धये ।

આ કારણથી જ સત્પુરુષોનો આવો મત છે, કે દરેક વસ્તુ અંતઃકરણની વૃત્તિની વ્યાપ્ય છે–એટલે દરેક વસ્તુઓ વૃત્તિમાં વ્યાપ્ત થવા યોગ્ય છે; પણ વસ્તુઓ ફલવ્યાપ્ય નથી તેથી શ્રુતિમાં પરસ્પર વિરોધ જણાતો નથી; માટે બ્રહ્મ સૂક્ષ્મ બુદ્ધિથી જ જાણવા યોગ્ય છે; પરંતુ જેમની બુદ્ધિમાં મંદતા હોય છે, તેમને મનન વગેરે વિના માત્ર શ્રુતિના આશ્રયથી જ અખંડાકાર વૃત્તિ થતી નથી; એટલા માટે નિરંતર તત્પર થઈ ( પ્રથમ તો ) શ્રવણ, મનન અને ધ્યાન ( નિદિધ્યાસન ) કરવું જોઈએ, જેથી બુદ્ધિમાં સૂક્ષ્મપણું પ્રાપ્ત થાય છે અને પછી તેમાં વસ્તુ જણાય છે. માટે જેમની બુદ્ધિ મંદ હોય, તેમણે વસ્તુનું ઉત્તમ પ્રકારે જ્ઞાન કરવા સારુ વારંવાર શ્રવણ, મનન અને ધ્યાન કરવું જોઈએ. ૮૦૭–૮૧૦

શ્રવણ–મનન–ધ્યાનનું સ્વરૂપ

सर्ववेदान्तवाक्यानां षड्भिर्लिंगैः सदद्वये ॥ ८११ ॥
परे ब्रह्मणि तात्पर्यनिश्चयं श्रवणं विदुः ।
श्रुतस्यैवाद्वितीयस्य वस्तुनः प्रत्यगात्मनः ॥ ८१२ ॥

वेदान्तवाक्यानुगुणयुक्तिभिस्त्वनुचिंतनम् ।
मननं तच्छ्रुतार्थस्य साक्षात्करणकारणम् ॥८१३॥
विजातीयशरीरादिप्रत्ययत्यागपूर्वकम् ।
सजातीयात्मवृत्तीनां प्रवाहकरणं यथा ॥
तैलधारावदच्छिन्नवृत्त्या तद्ध्यानमिष्यते ॥८१४॥

વેદાંતનાં સર્વ વાકયોનું છ હેતુઓ દ્વારા સત્ય અદ્વૈત પરબ્રહ્મમાં જ તાત્પર્ય છે, આવો નિશ્ચય સાંભળવો, તેને 'શ્રવણ' કહે છે. પછી સાંભળેલી તે અદ્વૈત વસ્તુ પ્રત્યગાત્માનું વેદાંતનાં વાકયોને અનુસરતી યુક્તિઓ વડે ચિંતન કરવું, તેને 'મનન' કહે છે. આવું મનન, સાંભળેલા અર્થનો સાક્ષાત્કાર કરવામાં કારણ છે. પછી વિજાતીય શરીર આદિ પદાર્થોનું જે જ્ઞાન હોય, તેના ત્યાગ-પૂર્વક સજાતીય આત્મવૃત્તિઓનો તેલની ધાર જેવો અવિચ્છિન્ન (અખંડ) પ્રવાહ કરવો, તેને 'ધ્યાન' કહે છે. ૮૧૧-૮૧૪

એ શ્રવણાદિ કયાં સુધી ?

तावत्कालं प्रयत्नेन कर्तव्यं श्रवणं सदा ।
प्रमाणसंशयो यावत्स्वबुद्धेर्न निवर्तते ॥८१५॥
प्रमेयसंशयो यावत्तावत्तु श्रुतियुक्तिभिः ।
आत्मयाथार्थ्यनिश्चित्यै कर्तव्यं मननं मुहुः ॥८१६॥
विपरीतात्मधीर्यावन्न विनश्यति चेतसि ।
तावन्निरंतरं ध्यानं कर्तव्यं मोक्षमिच्छता ॥८१७॥
यावन्न तर्केण निरासितोऽपि दृश्यप्रपंचस्त्वपरोक्षबोधात् ।
विलीयते तावदमुष्य भिक्षोर्ध्यानादि सम्यक्करणीयमेव ॥८१८॥

પોતાની બુદ્ધિમાં પ્રમાણો સંબંધે જે સંશય હોય, તે જ્યાં સુધી દૂર ન થાય, ત્યાં સુધી સદા પ્રયત્નપૂર્વક શ્રવણ કરવું જોઈએ; તે જ પ્રમાણે પ્રમાણોથી જાણવા યોગ્ય-પ્રમેય-(બ્રહ્મ)-વસ્તુના સંબંધમાં જ્યાંસુધી સંશય હોય, ત્યાંસુધી આત્મવસ્તુની સત્યતાનો નિશ્ચય કરવા માટે શ્રુતિઓ અને યુક્તિઓના સાધનથી

વારંવાર મનન કરવું જોઈએ; અને તે જ પ્રમાણે મનમાં રહેલી વિપરીત આત્મબુદ્ધિ (એટલે ચિત્તમાં રહેલું વિજાતીય શરીરાદિનું જ્ઞાન) નાશ ન પામે, ત્યાં સુધી મોક્ષને ઇચ્છતા મનુષ્યે નિરંતર ધ્યાન કરવું જોઈએ. આ દૃશ્ય પ્રપંચ, તર્ક દ્વારા જોકે દૂર થઈ ગયો હોય, તો પણ અપરોક્ષ બ્રહ્મજ્ઞાન દ્વારા તેનો જ્યાં સુધી વિલય ન થાય, ત્યાં સુધી આવા (મુમુક્ષુ) ભિક્ષુએ ધ્યાન વગેરેને સારી રીતે અવશ્ય કરવાં જ જોઈએ. ૮૧૫-૮૧૮

સમાધિના બે પ્રકાર સવિકલ્પ-નિર્વિકલ્પ :
તેમાંની સવિકલ્પ સમાધિનું સ્વરૂપ

सविकल्पो निर्विकल्प इति द्वेधा निगद्यते ।
समाधिः सविकल्पस्य लक्षणं वच्मि तच्छृणु ॥ ८१९ ॥
ज्ञानाद्यविलयेनैव ज्ञेये ब्रह्मणि केवले ।
तदाकाराकारितया चित्तवृत्तेरवस्थितिः ॥ ८२० ॥
सद्भिः स एव विज्ञेयः समाधिः सविकल्पकः ।
मृद एवावभानेऽपि मृण्मयद्विपभानवत् ॥ ८२१ ॥
सन्मात्रवस्तुभानेऽपि त्रिपुटी भाति सन्मयी ।
समाधिरत एवायं सविकल्प इतीर्यते ॥ ८२२ ॥

સવિકલ્પ અને નિર્વિકલ્પ-એમ બે પ્રકારની સમાધિ કહેવાય છે. તેમાંથી સવિકલ્પ સમાધિનું લક્ષણ કહું છું, તે સાંભળ. જ્ઞાન આદિનો નાશ થયા વિના જ જ્ઞેય અદ્વૈત બ્રહ્મમાં ચિત્તવૃત્તિ તદાકાર સ્વરૂપે જે રહે, તેને જ સત્પુરુષો 'સવિકલ્પ' સમાધિ કહે છે.

જેમ 'માટીનો હાથી માટી જ છે' એવું જ્ઞાન હોવા છતાં તે જ્ઞાન સાથે માટીનો હાથી પણ જણાય, તેમ 'જગતના દરેક પદાર્થો બ્રહ્મ જ છે' એવું જ્ઞાન થયા છતાં તે જ્ઞાન સાથે જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન-એ ત્રિપુટી પણ બ્રહ્મસ્વરૂપે તેમાં જણાય છે, (પણ એ ત્રિપુટીનો બ્રહ્મસ્વરૂપે તદ્દન વિલય થઈ ગયો હોતો

નથી ) તેથી જ આવી સમાધિ 'સવિકલ્પ' કહેવાય છે. ૮૧૯–૮૨૨

નિર્વિકલ્પ સમાધિનું સ્વરૂપ

ज्ञात्रादिभावमुत्सृज्य ज्ञेयमात्रस्थितिर्दृढा ।
मनसा निर्विकल्पः स्यात्समाधिर्योगसंज्ञितः ॥ ८२३ ॥

પરંતુ જેમાં જ્ઞાતા વગેરે ભાવ બિલકુલ છૂટી જાય અને માત્ર જ્ઞેયસ્વરૂપે જ મનની દૃઢ સ્થિતિ થઈ જાય, તે 'નિર્વિકલ્પ' સમાધિ કહેવાય છે. આને 'યોગ' પણ કહે છે. ૮૨૩

जले निक्षिप्तलवणं जलमात्रतया स्थितम् ।
पृथङ्‌ न भाति किं त्वंभ एकमेवावभासते ॥ ८२४ ॥
यथा तथैव सा वृत्तिर्ब्रह्ममात्रतया स्थिता ।
पृथक्‌ न भाति ब्रह्मैवाद्वितीयमवभासते ॥ ८२५ ॥

જેમ પાણીમાં નાખેલું મીઠું માત્ર જળરૂપે જ રહેલું થાય છે, જુદું જણાતું નથી અને એકલું પાણી જ ભાસે છે, તે જ પ્રમાણે અંતઃકરણની વૃત્તિ માત્ર બ્રહ્મસ્વરૂપે જ રહે છે, જુદી જણાતી જ નથી; અને કેવળ અદ્વૈત બ્રહ્મ જ પ્રકાશે છે. ૮૨૪,૨૫

ज्ञात्रादिकल्पनाभावान्मतोऽयं निर्विकल्पकः
वृत्तेः सद्भावबाधाभ्यामुभयोर्भेद इष्यते ॥ ८२६ ॥

આ સમાધિમાં જ્ઞાતા આદિની કલ્પના હોતી નથી; તેથી આને નિર્વિકલ્પ માનેલી છે. આમ જેમાં અંતઃકરણની વૃત્તિ જ્ઞાતા આદિ સ્વરૂપે હોય છે, તે સવિકલ્પ; અને જેમાં તે વૃત્તિ જ્ઞાતા આદિ સ્વરૂપે રહેતી જ નથી, તે નિર્વિકલ્પ; આવો એ બન્નેમાં ભેદ માન્યો છે. ૮૨૬

સમાધિ અને સુષુપ્તિમાં તફાવત

समाधिसुप्त्योर्ज्ञानं चाज्ञानं सुप्त्यात्र नेष्यते ।
सविकल्पो निर्विकल्पः समाधिर्द्वाविमौ हृदि ॥ ८२७ ॥
मुमुक्षोर्यत्नतः कार्यौ विपरीतनिवृत्तये ।
कृतेऽस्मिन्विपरीताया भावनाया निवर्तनम् ॥ ८२८ ॥

ज्ञानस्याप्रतिबद्धत्वं सदानंदश्च सिध्यति ।
दृश्यानुविद्धः शब्दानुविद्धश्चेति द्विधा मतः ॥ ८२९ ॥
सविकल्पस्तयोर्यत्तल्लक्षणं वच्मि तच्छृणु ।
कामादिप्रत्ययैर्दृश्यैः संसर्गो यत्र दृश्यते ॥ ८३० ॥
सोऽयं दृश्यानुविद्धः स्यात्समाधिः सविकल्पकः ।
अहंममेदमित्यादिकामक्रोधादिवृत्तयः ॥ ८३१ ॥
दृश्यन्ते येन संदृष्टा दृश्याः स्युरहमादयः ।
कामादिसर्ववृत्तीनां द्रष्टारमविकारिणम् ॥ ८३२ ॥
साक्षिणं स्वं विजानीयाद्यस्ताः पश्यति निष्क्रियः ।
कामादीनामहं साक्षी दृश्यन्ते ते मया ततः ॥ ८३३ ॥
इति साक्षितयात्मानं जानात्यात्मनि साक्षिणम् ।
दृश्यं कामादि सकलं स्वात्मन्येव विलापयेत् ॥ ८३४ ॥

સમાધિ અને સુષુપ્તિમાં આવો તફાવત છે, કે સમાધિમાં જ્ઞાન હોય છે, જ્યારે સુષુપ્તિમાં જ્ઞાન હોતું નથી, પરંતુ અજ્ઞાન જ હોય છે. (માટે જ સુષુપ્તિને સમાધિ કહી શકાય નહિ.) આ સવિકલ્પ અને નિર્વિકલ્પ બન્ને સમાધિ, હૃદયમાં રહેલી વિપરીત ભાવના દૂર કરવા માટે મુમુક્ષુએ યત્નપૂર્વક કરવી જોઈએ. આ સમાધિ કરવાથી દેહાદિ ઉપરની વિપરીત આત્મભાવના દૂર થાય છે, જ્ઞાન અસ્ખલિત થાય છે અને નિત્યનો આનંદ સિદ્ધ થાય છે.

બે પ્રકારની સવિકલ્પ સમાધિ

દૃશ્ય પદાર્થોના સંબંધવાળી (દૃશ્યાનુવિદ્ધ) અને શબ્દના સંબંધવાળી (શબ્દાનુવિદ્ધ) એમ બે પ્રકારની સવિકલ્પ સમાધિ માની છે. એ બન્નેનું લક્ષણ કહું છું, તેને સાંભળ. જેમાં કામ આદિ દૃશ્ય પદાર્થોના જ્ઞાનનો સંબંધ દેખાય છે, તે 'દૃશ્યાનુવિદ્ધ' સવિકલ્પ સમાધિ છે. 'હું, મારું, આ' ઇત્યાદિ કામ-ક્રોધ વગેરેની વૃત્તિઓ છે. આ અહંકાર વગેરે વૃત્તિઓ તેને લીધે (દ્રષ્ટા દ્વારા) દેખાય છે, તેથી એ અહંકાર વગેરે બધા દૃશ્ય

પદાર્થો છે; પણ આત્મા તો કામ આદિ સર્વ વૃત્તિઓનો દ્રષ્ટા છે અને અવિકારી છે. આમ જે પોતાને સાક્ષીરૂપે જાણે છે, તે નિષ્ક્રિય જ રહીને એ વૃત્તિઓને (દૃશ્યરૂપે) જુએ છે. (જેમ કે) હું તો કામાદિનો સાક્ષી છું (સાક્ષાત્ જોનારો-દ્રષ્ટા છું), તેથી મારે લીધે તે કામાદિ દેખાય છે (દૃશ્યરૂપે પ્રકટે છે), એમ પોતાને સાક્ષીરૂપે જાણે છે. પછી એ જ્ઞાની પુરુષ, એ સાક્ષી-સ્વરૂપને તથા કામાદિ બધા દૃશ્યને પોતાના શુદ્ધ આત્મામાં જ લય પમાડી દે છે. ૮૨૭-૮૩૪

આત્મામાં દૃશ્યનો લય કરવાની રીત

नाहं देहो नाप्यसुर्नाक्षवर्गो
नाहंकारो नो मनो नापि बुद्धिः ।
अंतस्तेषां चापि तद्विक्रियाणां
साक्षी नित्यः प्रत्यगेवाहमस्मि ॥ ८३५ ॥

હું દેહ નથી, પ્રાણ પણ નથી, ઇંદ્રિયોનો સમુદાય નથી, અહંકાર નથી, મન નથી અને બુદ્ધિ પણ નથી; પરંતુ તેઓની તથા તેમના વિકારોની અંદર સાક્ષી તરીકે રહેનારો પ્રત્યગાત્મા જ છું. ૮૩૫

वाचः साक्षी प्राणवृत्तेश्च साक्षी ।
बुद्धेः साक्षी बुद्धिवृत्तेश्च साक्षी ।
चक्षुःश्रोत्रादीन्द्रियाणां च साक्षी
साक्षी नित्यः प्रत्यगेवाहमस्मि ॥ ८३६ ॥

હું વાણીનો સાક્ષી, પ્રાણની વૃત્તિનો સાક્ષી, બુદ્ધિનો સાક્ષી, બુદ્ધિની વૃત્તિનો સાક્ષી અને ચક્ષુ આદિ ઇંદ્રિયોનો પણ સાક્ષી છું, નિત્ય છું, પ્રત્યગાત્મા જ છું. ૮૩૬

नाहं स्थूलो नापि सूक्ष्मो न दीर्घो
नाहं बालो नो युवा नापि वृद्धः ।
नाहं काणो नापि मूको न षंढः
साक्षी नित्यः प्रत्यगेवाहमस्मि ॥ ८३७ ॥

હું સ્થૂલ નથી, સૂક્ષ્મ નથી, લાંબો નથી, ટૂંકો નથી, બાળક નથી, યુવાન નથી અને વૃદ્ધ નથી; તેમ જ હું કાણો નથી, મૂંગો નથી કે નપુંસક નથી. હું તો સાક્ષી, નિત્ય અને પ્રત્યગાત્મા જ છું. ૮૩૭

नास्म्यागंता नापि गंता न हंता
नाहं कर्ता न प्रयोक्ता न वक्ता ।
नाहं भोक्ता नो सुखी नैव दुःखी
साक्षी नित्यः प्रत्यगेवाहमस्मि ॥ ८३८ ॥

હું આવનારો નથી, જનારો નથી, હણનારો નથી, કરનારો નથી, પ્રયોગ કરનાર અથવા જોડનાર નથી, બોલનાર નથી, ભોગવનાર નથી, સુખી નથી કે દુઃખી નથી. હું તો સાક્ષી, નિત્ય અને પ્રત્યગાત્મા જ છું. ૮૩૮

नाहं योगी नो वियोगी न रागी
नाहं क्रोधी नैव कामी न लोभी ।
नाहं बद्धो नापि युक्तो न मुक्तः
साक्षी नित्यः प्रत्यगेवाहमस्मि ॥ ८३९ ॥

હું યોગી નથી, વિયોગી નથી, રાગી નથી, ક્રોધી નથી, કામી નથી, લોભી નથી, બંધાયેલો નથી, કોઈ સાથે જોડાયેલો નથી કે કોઈથી છૂટો થયેલો નથી. હું તો સાક્ષી, નિત્ય અને પ્રત્યગાત્મા જ છું. ૮૩૯

नांतःप्रज्ञो नो बहिःप्रज्ञको वा
नैव प्रज्ञो नापि चाप्रज्ञ एषः ।
नाहं श्रोता नापि मंता न बोद्धा
साक्षी नित्यः प्रत्यगेवाहमस्मि ॥ ८४० ॥

હું અંદરના જ્ઞાનવાળો કે બહારના જ્ઞાનવાળો નથી; ઘણો જ જ્ઞાની કે ઘણો જ અજ્ઞાની પણ નથી; હું સાંભળનારો, મનન કરનારો કે બોધ પામનારો પણ નથી; હું તો સાક્ષી, નિત્ય અને પ્રત્યગાત્મા જ છું. ૮૪૦

न मेऽस्ति देहेंद्रियबुद्धियोगो
न पुण्यलेशोऽपि न पापलेशः ।
क्षुधापिपासादिषडूर्मिदूरः
सदा विमुक्तोऽस्मि चिदेव केवलः ॥ ८४१ ॥

મને દેહ, ઇંદ્રિયો કે બુદ્ધિ સાથે સંબંધ નથી; મારામાં પુણ્યનો લેશ નથી કે પાપનો પણ લેશ નથી. ક્ષુધા–તૃષા આદિ છ ઊર્મિઓથી હું દૂર છું, સદા અતિશય મુક્ત છું અને કેવળ ચૈતન્ય સ્વરૂપ જ છું. ૮૪૧

अपाणिपादोऽहमवागचक्षुषी
अप्राण एवास्म्यमना ह्यबुद्धिः ।
व्योमेव पूर्णोऽस्मि विनिर्मलोऽस्मि
सदैकरूपोऽस्मि चिदेव केवलः ॥ ८४२ ॥

મને હાથ નથી, પગ નથી, વાણી નથી, ચક્ષુ નથી, પ્રાણ નથી, મન નથી અને બુદ્ધિ પણ નથી, હું તો આકાશ જેવો પૂર્ણ છું, અતિશય નિર્મળ છું, સદા એકરૂપ છું અને કેવળ ચૈતન્ય સ્વરૂપ જ છું. ૮૪૨

इति स्वमात्मानमवेक्षमाणः
प्रतीतदृश्यं प्रविलापयन्सदा ।
जहाति विद्वान्विपरीतभावं
स्वाभाविकं भ्रांतिवशात्प्रतीतम् ॥ ८४३ ॥

એમ પોતાના આત્માનાં દર્શન કરતો અને જણાતા સર્વ દૃશ્ય પદાર્થોનો સદા લય પમાડતો જ્ઞાની, (શરીરાદિને આત્મા માની લેવારૂપ) વિપરીત ભાવનાનો ત્યાગ કરે છે; જે ભાવના સ્વાભાવિક ભ્રાંતિને લીધે જ જણાયેલી હોય છે. ૮૪૩

મુક્તિ શું ? અને ક્યારે ?

विपरीतात्मतास्फूर्तिरेव मुक्तिरितीर्यते ।
सदा समाहितस्यैव सैषा सिध्यति नान्यथा ॥ ८४४ ॥

(દેહાદિથી) વિપરીત આત્માના સ્વરૂપનો જે પ્રકાશ થવો એ જ મુક્તિ કહેવાય છે. આ મુક્તિ સદા સમાધિમાં રહેનાર મનુષ્યને જ સિદ્ધ થાય છે, બીજી રીતે સિદ્ધ થતી નથી. ૮૪૪

**न वेषभाषाभिरमुष्य मुक्तिर्या केवलाखंडचिदात्मना स्थितिः ।**
**तत्सिद्धये स्वात्मनि सर्वदा स्थितो जह्यादहंतां ममतामुपाधौ ॥ ८४५॥**

કેવળ અખંડ ચિદાત્મારૂપે જે સ્થિતિ, એ જ મુક્તિ છે; આત્માની એ મુક્તિ જુદા જુદા વેષ અથવા ભાષાઓથી થતી નથી. એ મુક્તિની સિદ્ધિ માટે તો પોતાના આત્મસ્વરૂપમાં જ સદા સ્થિતિ કરવી જોઈએ; અને ઉપાધિ વિષેની અહંતાનો તથા મમતાનો ત્યાગ કરવો જોઈએ. ૮૪૫

**स्वात्मतत्त्वं समालंब्य कुर्यात्प्रकृतिनाशनम् ।**
**तेनैव मुक्तो भवति नान्यथा कर्मकोटिभिः ॥ ८४६ ॥**

પોતાના આત્મતત્ત્વનો આશ્રય કરી પ્રકૃતિનો નાશ કરવો; કેમ કે તેથી જ મનુષ્ય મુક્ત થઈ શકે છે; બીજી રીતે કરોડો કર્મો કરવાથી પણ મુક્ત થતો નથી. ૮૪૬

**ज्ञात्वा देवं सर्वपाशापहानिः क्षीणैः क्लेशैर्जन्ममृत्युप्रहाणिः ।**
**इत्येवैषा वैदिकी वाग्ब्रवीति क्लेशक्षत्यां जन्ममृत्युप्रहाणिम् ॥८४७॥**

'આત્મારૂપ દેવને જાણ્યા પછી સર્વ બંધનરૂપ પાશો છૂટી જાય છે; અને ક્લેશોનો નાશ થયા પછી જન્મ તથા મરણથી પણ સંપૂર્ણ છુટકારો થાય છે.' આમ આ વેદવાણી ક્લેશોનો નાશ થતાં જન્મ તથા મૃત્યુથી સંપૂર્ણ છુટકારો કહે છે. ૮૪૭

**भूयो जन्माद्यप्रसक्तिर्विमुक्तिः क्लेशक्षत्यां भाति जन्माद्यभावः ।**
**क्लेशक्षत्या हेतुरात्मैकनिष्ठा तस्मात्कार्या ह्यात्मनिष्ठा मुमुक्षोः ॥ ८४८ ॥**

જન્મ આદિનો ફરી પ્રસંગ ન થવો, એ જ સંપૂર્ણ મુક્તિ છે; ક્લેશોનો નાશ થતાં ફરી જન્મ વગેરે થતાં જ નથી; અને ક્લેશોનો નાશ થવાનું કારણ કેવળ એક આત્મનિષ્ઠા જ છે; માટે મુમુક્ષુએ આત્મનિષ્ઠા જ કરવી જોઈએ. ૮૪૮

કલેશો કયા ?

क्लेशाः स्युर्वासना एव जंतोर्जन्मादिकारणम् ।
ज्ञाननिष्ठाग्निना दाहे तासां नो जन्महेतुता ॥ ८४९ ॥
बीजान्यग्निप्रदग्धानि न रोहन्ति यथा पुनः ।
ज्ञानदग्धैस्तथा क्लेशैर्नात्मा संपद्यते पुनः ॥ ८५० ॥

વાસનાઓ જ કલેશો છે; અને તેઓ જ પ્રાણીને જન્મનું કારણ બને છે; પણ જ્ઞાનનિષ્ઠારૂપ અગ્નિથી એ વાસનાઓ બળી જાય છે, ત્યારે જન્મનું કોઈ કારણ રહેતું જ નથી. જેમ અગ્નિથી બળી ગયેલાં બીજ ફરી ઊગતાં નથી, તેમ જ્ઞાન વડે કલેશો બળી જાય છે, ત્યારે આત્માને ફરી જન્મ લેવો પડતો નથી. ૮૪૯,૮૫૦

જ્ઞાનનિષ્ઠાની જરૂર

तस्मान्मुमुक्षोः कर्तव्या ज्ञाननिष्ठा प्रयत्नतः ।
निःशेषवासनाक्षत्यै विपरीतनिवृत्तये ॥ ८५१ ॥

માટે મુમુક્ષુએ, વાસનાઓનો સંપૂર્ણ નાશ થાય તે માટે અને દેહાદિ ઉપરની વિપરીત આત્મભાવના દૂર કરવા સારુ પ્રયત્નથી જ્ઞાનનિષ્ઠા કરવી જોઈએ. ૮૫૧

ज्ञाननिष्ठातत्परस्य नैव कर्मोपयुज्यते ।
कर्मणो ज्ञाननिष्ठायां न सिध्यति सहस्थितिः ॥ ८५२ ॥

જ્ઞાનનિષ્ઠામાં તત્પર થયેલાને કર્મ ઉપયોગી જ નથી; અને કર્મનું તથા જ્ઞાનનું સાથે રહેવું બની શકતું જ નથી. ૮૫૨

परस्परविरुद्धत्वात्तयोर्भिन्नस्वभावयोः ।
कर्तृत्वभावनापूर्वं कर्म ज्ञानं विलक्षणम् ॥ ८५३ ॥

કેમ કે જ્ઞાન અને કર્મ બંને પરસ્પર વિરુદ્ધ છે; એ બંનેનો સ્વભાવ જુદો છે; કર્મ, કર્તાપણાની ભાવનાપૂર્વક જ થાય છે; ત્યારે જ્ઞાન એથી વિલક્ષણ છે. (તેમાં તો કર્તાપણાની ભાવના ઊલટી ત્યજવાની હોય છે.) ૮૫૩

देहात्मबुद्धेर्विच्छित्त्यै ज्ञानं कर्म विवृद्धये ।
अज्ञानमूलकं कर्म ज्ञानं तूभयनाशकम् ॥ ८५४ ॥

વળી જ્ઞાન, દેહ ઉપરની આત્મબુદ્ધિનો નાશ કરવાને ઉપયોગી છે; ત્યારે કર્મ તેનો વધારો કરવાને ઉપયોગી છે. કર્મનું મૂળ અજ્ઞાન છે; અને જ્ઞાન તો અજ્ઞાનનો તથા કર્મનો-બંનેનો નાશ કરનાર છે. ૮૫૪

ज्ञानेन कर्मणो योगः कथं सिध्यति वैरिणा ।
सहयोगो न घटते यथा तिमिरतेजसोः ॥ ८५५ ॥
निमेषोन्मेषयोर्वापि तथैव ज्ञानकर्मणोः ।
प्रतीचीं पश्यतां पुंसां कुतः प्राचीविलोकनम् ।
प्रत्यक्प्रवणचित्तस्य कुतः कर्मणि योग्यता ॥ ८५६ ॥

જ્ઞાન અને કર્મ બંને એકબીજાનાં શત્રુ છે; તેથી જ્ઞાન સાથે કર્મનો યોગ કઈ રીતે સિદ્ધ થાય? (ન જ થાય.) જેમ અંધકાર અને પ્રકાશનું સાથે રહેવું ઘટે નહિ; અથવા આંખનું મીચાવું ને ઊઘડવું-બંને સાથે હોઈ શકે જ નહિ; તે જ પ્રમાણે જ્ઞાન તથા કર્મનું સાથે હોવું સંભવે જ નહિ; જે લોકો પશ્ચિમ દિશા તરફ જોઈ રહ્યા હોય, તેઓને પૂર્વ દિશા ક્યાંથી દેખાય? (ન જ દેખાય.) એ જ રીતે જેનું ચિત્ત પ્રત્યગાત્મામાં તત્પર બન્યું હોય, તેની કર્મમાં યોગ્યતા કેવી રીતે થાય? (ન જ થાય.) ૮૫૫,૮૫૬

જ્ઞાનનિષ્ઠને કર્મની જરૂર જ નથી

ज्ञानैकनिष्ठानिरतस्य भिक्षोर्नैवावकाशोऽस्ति हि कर्मतंत्रे ।
तदेव कर्मास्य तदेव संध्या तदेव सर्वं न ततोऽन्यदस्ति ॥ ८५७ ॥

કેવળ જ્ઞાનનિષ્ઠામાં જ તત્પર રહેતા ભિક્ષુ (અથવા મુમુક્ષુ) માટે કર્મનાં તંત્રનો અવકાશ જ નથી. એના માટે તો એ જ્ઞાન જ કર્મ છે; એ જ સંધ્યા છે એ જ બધું ય છે. એનાથી બીજું એને કંઈ કરવાનું જ નથી. ૮૫૭

बुद्धिकल्पितमालिन्यक्षालनं स्नानमात्मनः ।
तेनैव शुद्धिरेतस्य न मृदा न जलेन च ॥ ८५८ ॥

બુદ્ધિએ કલ્પી કાઢેલી મલિનતા ધોઈ નાખવી, એ જ આત્માનું સ્નાન છે. એ દ્વારા જ આત્માની શુદ્ધિ થાય છે; માટીથી કે જળથી આત્માની શુદ્ધિ થતી નથી. ૮૫૮

स्वस्वरूपे मनः स्थानमनुष्ठानं तदिष्यते ।
करणत्रयसाध्यं यत्तन्मृषा तदसत्यतः ॥ ८५९ ॥

આત્મસ્વરૂપમાં જ મન સ્થિતિ કરે, એ જ મુમુક્ષુનું અનુષ્ઠાન (એટલે કર્તવ્યકર્મ) છે. બાકીનાં મન, વચન અને કાયાથી થતાં બધાં કર્મ જૂઠાં હોવાથી નકામાં છે. ૮૫૯

विनिषिध्याखिलं दृश्यं स्वस्वरूपेण या स्थितिः ।
सा संध्या तदनुष्ठानं तद्दानं तद्धि भोजनम् ॥ ८६० ॥

બધા દશ્ય પદાર્થોનો સંપૂર્ણ નિષેધ કરી આત્મસ્વરૂપે સ્થિતિ કરવી, એ જ સંધ્યા છે, એ જ અનુષ્ઠાન છે, એ જ દાન છે અને એ જ ભોજન છે. ૮૬૦

विज्ञातपरमार्थानां शुद्धसत्त्वात्मनां सताम् ।
यतीनां किमनुष्ठानं स्वानुसंधिं विना परम् ॥ ८६१ ॥

જેઓએ પરમાર્થ વસ્તુ જાણી હોય અને જેઓના અંતઃકરણ ને આત્મા શુદ્ધ હોય, તેવા ઉત્તમ યતિઓ માટે આત્માનુસંધાન વિના બીજું કયું અનુષ્ઠાન છે ? (કોઈ જ નથી. તેઓ માટે કંઈ પણ કરવાનું રહેતું જ નથી.) ૮૬૧

तस्मात्क्रियान्तरं त्यक्त्वा ज्ञाननिष्ठापरो यतिः ।
सदात्मनिष्ठया तिष्ठन्निश्चलस्तत्परायणः ॥ ८६२ ॥

માટે યતિએ બીજી ક્રિયાઓ ત્યજીને જ્ઞાનનિષ્ઠામાં જ તત્પર થવું; ઉત્તમ આત્મનિષ્ઠામાં જ નિશ્ચળ રહેવું અને તેનો જ પરમ આશ્રય કરવો. ૮૬૨

कर्तव्यं स्वोचितं कर्म योगमारोढुमिच्छता ।
आरोहणं कुर्वतस्तु कर्म नारोहणं मतम् ॥ ८६३ ॥

જેને (તત્ત્વજ્ઞાનરૂપ) યોગ ઉપર આરૂઢ થવાની ઇચ્છા

હોય, તેણે પોતાને યોગ્ય ( શ્રવણ-મનનાદિ ) કર્મ કરવાં જોઈએ; પણ એ યોગ ઉપર ચઢી રહ્યો હોય, તેને માટે યજ્ઞ-યાગાદિ કર્મો, એ યોગ ઉપર ચઢાવનારાં માન્યાં નથી. ૮૯૩

योगं समारोहति यो मुमुक्षुः क्रियान्तरं तस्य न युक्तमीषत्।
क्रियान्तरासक्तमनाः पतत्यसौ तालद्रुमारोहणकर्तृवद्ध्रुवम्॥ ८९४॥

જે મુમુક્ષુ યોગ ઉપર ચઢી રહ્યો હોય, તેણે બીજી કોઈ પણ ક્રિયા કરવી, તે લગારે યોગ્ય નથી; કેમ કે એ મનુષ્ય, બીજી ક્રિયાઓમાં આસક્ત મનવાળો થાય, એટલે તાડના ઝાડ ઉપર ચઢવા જનાર મનુષ્યની પેઠે અવશ્ય પડે જ છે. ૮૯૪

योगारूढस्य सिद्धस्य कृतकृत्यस्य धीमतः।
नास्त्येव हि बहिर्दृष्टिः का कथा तत्र कर्मणाम्।
दृश्यानुविद्धः कथितः समाधिः सविकल्पकः॥ ८९५॥

તો પછી જે બુદ્ધિમાન પુરુષ, યોગારૂઢ બની સિદ્ધ અને કૃતકૃત્ય થઈ ચૂક્યો હોય અને જેની દૃષ્ટિ ( આત્મા સિવાય ) બહાર હોતી નથી, તેને માટે તો કર્મો કરવાની વાત જ ક્યાં રહે છે ? એ રીતે દૃશ્યયુક્ત સવિકલ્પ સમાધિ કહી. ૮૯૫

શબ્દાનુવિદ્ધ સમાધિ

शुद्धोऽहं बुद्धोऽहं प्रत्यग्रूपेण नित्यसिद्धोऽहम्।
शांतोऽहमनंतोऽहं सततपरानंद सिंधुरेवाहम्॥ ८९६॥

હું શુદ્ધ છું, હું બુદ્ધ છું, પ્રત્યગાત્મા સ્વરૂપે હું નિત્ય સિદ્ધ છું, હું શાંત છું, હું અનંત છું અને સારી રીતે વ્યાપેલા પરમાનંદનો સમુદ્ર હું જ છું. ૮૯૬

आद्योऽहमनाद्योऽहं वाङ्मनसा साध्यवस्तुमात्रोऽहम्।
निगमवचोवेद्योऽहमनवद्याखंडबोधरूपोऽहम्॥ ८९७॥
विदिताविदितान्योऽहं मायातत्कार्यलेशशून्योऽहम्।
केवलदृगात्मकोऽहं संविन्मात्रः सकृद्विभातोऽहम्॥ ८९८॥

હું આદિમાં હોનાર છું, અનાદિ કાળનો છું, હું વાણી

અને મનથી સધાતી હરકોઈ વસ્તુરૂપ છું, વેદનાં વચનોથી જાણવાયોગ્ય હું છું અને નિર્દોષ અખંડ જ્ઞાનરૂપ હું છું. હું જાણેલું અને નહિ જાણેલું–એ બંનેથી જુદો છું; માયા અને તેના કાર્યોના લેશથી પણ હું રહિત છું, કેવળ દ્રષ્ટારૂપ છું, હું જ્ઞાન-સ્વરૂપ છું અને હું કેવળ એક જ વાર પ્રકાશેલો છું. ૮૬૭,૮૬૮

अपरोऽहमनपरोऽहं बहिरंतश्चापि पूर्ण एवाहम्।
अजरोऽहमक्षरोऽहं नित्यानंदोऽहमद्वितीयोऽहम् ॥ ८६९ ॥

હું અપર (સર્વથી જુદો) છું અને અનપર (સર્વથી જુદો નહિ એવો) પણ છું; હું બહાર અને અંદર પૂર્ણ જ છું. હું અજર (ઘડપણ વિનાનો) છું. હું અક્ષર (અવિનાશી) છું. હું નિત્ય આનંદરૂપ છું અને હું અદ્વિતીય–એક જ છું. ૮૬૯

प्रत्यगभिन्नमखंडं सत्यज्ञानादिलक्षणं शुद्धम्।
श्रुत्यवगम्यं तथ्यं ब्रह्मैवाहं परं ज्योतिः ॥ ८७० ॥

જે પ્રત્યેક (દરેકમાં વ્યાપેલા) તત્ત્વથી જુદું નથી, અખંડ છે, સત્ય–જ્ઞાન આદિ લક્ષણવાળું છે, શુદ્ધ છે, શ્રુતિ દ્વારા જાણી-શકાય છે અને સત્ય છે, તે પરમ જ્યોતિ 'બ્રહ્મ' હું જ છું. ૮૭૦

एवं सन्मात्रगाहिन्या वृत्त्या तन्मात्रगाहकैः।
शब्दैः समर्पितं वस्तु भावयेन्निश्चलो यतिः ॥ ८७१ ॥

એમ માત્ર સત્ વસ્તુમાં પ્રવેશેલી વૃત્તિ વડે માત્ર એ સત્ વસ્તુને ગ્રહણ કરાવનારા શબ્દો દ્વારા યતિએ ઉત્તમ પ્રકારે પ્રાપ્ત થયેલી વસ્તુનું નિશ્ચળ થઈને ધ્યાન કરવું. ૮૭૧

कामादिदृश्यप्रविलापपूर्वकं शुद्धोऽहमित्यादिकशब्दमिश्रः।
दृश्यैव निष्ठस्य य एष भावः शब्दानुविद्धः कथितः समाधिः ॥८७२॥

કામાદિ દશ્ય ભાવોનો લય કરવાપૂર્વક 'હું શુદ્ધ છું' ઇત્યાદિ પૂર્વોક્ત શબ્દો સાથે દ્રષ્ટા–આત્મામાં જ સ્થિતિવાળા પુરુષનો એવો ભાવ, તેને 'દશ્યાનુવિદ્ધ' સમાધિ કહેલ છે. ૮૭૨

નિર્વિકલ્પ સમાધિ ક્યારે થાય?

**दृश्यस्यापि च साक्षित्वात्लयमुल्लेखनमात्मनि ।**
**निवर्तकमनोवस्था निर्विकल्प इतीर्यते ॥ ८७३ ॥**

આત્મા દશ્ય પદાર્થોનો પણ સાક્ષી છે, એવા ભાવપૂર્વક એ દશ્યનો આત્મામાં જ લય કરી દઈ, તે તરફથી અટકાવનારી મનની જે અવસ્થા, તે નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે. ૮૭૩

**सविकल्पसमाधिं यो दीर्घकालं निरंतरम् ।**
**संस्कारपूर्वकं कुर्यान्निर्विकल्पोऽस्य सिध्यति ॥ ८७४ ॥**

જે મનુષ્ય લાંબાકાળ સુધી સંસ્કારપૂર્વક નિરંતર સવિકલ્પ સમાધિનો અભ્યાસ કરે છે, તેને નિર્વિકલ્પ સમાધિ સિદ્ધ થાય છે. ૮૭૪

**निर्विकल्पकसमाधिनिष्ठया तिष्ठतो भवति नित्यता ध्रुवम् ।**
**उद्भवाद्यपगतिर्निरर्गला नित्यनिश्चलनिरंतनिर्वृतिः ॥ ८७५ ॥**

જે મનુષ્ય નિર્વિકલ્પ સમાધિમાં નિષ્ઠાપૂર્વક રહે છે, તેની અવશ્ય નિત્યતા થાય છે; તેનાં જન્મ વગેરે જતાં રહે છે અને તેને અસ્ખલિત, નિત્ય, નિશ્ચળ તથા અનંત શાંતિ પ્રાપ્ત થાય છે. ૮૭૫

**विद्वानहमिदमिति वा किंचिद्बाह्याभ्यन्तरवेदनशून्यः ।**
**स्वानंदामृतसिंधुनिमग्नस्तूष्णीमास्ते कश्चिदनन्यः ॥ ८७६ ॥**

(એ સમાધિમાં આરૂઢ થયેલાને) 'હું વિદ્વાન છું, અથવા આ જગતરૂપ છું' એવો કંઈ પણ બહારનો કે અંદરનો અનુભવ રહેતો નથી. એવો કોઈક જ પુરુષ આત્માના આનંદરૂપ અમૃતના સાગરમાં મગ્ન થઈ અનન્ય (કેવળ આત્મ-સ્વરૂપે) શાંત-મૂંગો બેસી રહે છે. ૮૭૬

**निर्विकल्पं परं ब्रह्म यत्तस्मिन्नेव निष्ठिताः ।**
**एते धन्या एव मुक्ता जीवन्तोऽपि बहिर्दृशाम् ॥ ८७७ ॥**

જેઓ નિર્વિકલ્પ પરબ્રહ્મમાં જ સ્થિતિવાળા હોઈ નિર્વિકલ્પ સમાધિમાં આરૂઢ થયા હોય છે, તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર

છે. તેઓ બાહ્યદૃષ્ટિવાળાઓની નજરે જીવતા હોય છે છતાં મુક્ત જ છે. ૮૭૭

આંતરસમાધિની પેઠે બાહ્યસમાધિની પણ જરૂર છે

यथा समाधित्रितयं यत्नेन क्रियते हृदि ।
तथैव बाह्यदेशेऽपि कार्यं द्वैतनिवृत्तये ॥ ८७८ ॥

જેમ પૂર્વોક્ત ત્રણ સમાધિ યત્નપૂર્વક હૃદયમાં કરાય છે, તે જ પ્રકારે હૃદયથી બહારના પ્રદેશમાં પણ દ્વૈતભાવ દૂર કરવા માટે સમાધિ કરવી જોઈએ. ૮૭૮

तत्प्रकारं प्रवक्ष्यामि निशामय समासतः ।
अधिष्ठानं परं ब्रह्म सच्चिदानंदलक्षणम् ॥ ८७९ ॥
तत्राध्यस्तमिदं भाति नामरूपात्मकं जगत् ।
सत्त्वं चित्त्वं तथानंदरूपं यद्ब्रह्मणस्त्रयम् ॥ ८८० ॥
अध्यस्तजगतो रूपं नामरूपमिदं द्वयम् ।
एतानि सच्चिदानंदनामरूपाणि पंच च ॥ ८८१ ॥
एकीकृत्योच्यते मूर्खैरिदं विश्वमिति भ्रमात् ।
शैत्यं श्वेतं रसं द्राव्यं तरंग इति नाम च ॥ ८८२ ॥
एकीकृत्य तरंगोऽयमिति निर्दिश्यते यथा ।
आरोपिते नामरूपे उपेक्ष्य ब्रह्मणः सतः ॥ ८८३ ॥
स्वरूपमात्रग्रहणं समाधिर्बाह्य आदिमः ।
सच्चिदानंदरूपस्य सकाशाद्ब्रह्मणो यतिः ॥ ८८४ ॥
नामरूपे पृथक्कृत्वा ब्रह्मण्येव विलापयन् ।
अधिष्ठानं परं ब्रह्म सच्चिदानंदमद्वयम् ।
यत्तदेवाहमित्येव निश्चितात्मा भवेद्ध्रुवम् ॥ ८८५ ॥

હવે તેનો પ્રકાર સંક્ષેપમાં કહું છું, તે સાંભળ. સચ્ચિદાનંદ-રૂપ લક્ષણવાળું પરબ્રહ્મ અધિષ્ઠાન (સર્વનો મૂળ આશ્રય) છે. તેમાં નામરૂપાત્મક આ જગત અધ્યાસ પામેલું (કેવળ અજ્ઞાન-થી જ કલ્પી કાઢેલું ખોટું) ભાસે છે. સત્, ચિત્ અને આનંદ–

એ ત્રણ બ્રહ્મનાં સ્વરૂપ છે; અને નામ તથા રૂપ-એ બે અધ્યાસ પામેલાં જગતનાં સ્વરૂપો છે. આ સત્, ચિત્, આનંદ, નામ અને રૂપ-પાંચેને ભ્રમથી એકરૂપ કરી મૂર્ખાઓ; 'આ જગત છે' એમ કહે છે. જેમ શીતળતા, ધોળાશ, રસ, પ્રવાહીપણું અને તરંગ એવું નામ-એ પાંચને એક કરી 'આ તરંગ છે' એમ કહેવાય છે. (ખરી રીતે તરંગ એ કોઈ વસ્તુ જ નથી. મૂળ તો જળ જ છે; તે જ પ્રમાણે જગત એ કોઈ વસ્તુ જ નથી, મૂળ તો બ્રહ્મ જ છે..) બ્રહ્મ એ જ સત્ વસ્તુ છે; તેમાં જગત એ નામ તથા રૂપનો કેવળ આરોપ જ કરાયો છે. તેનો ત્યાગ કરી માત્ર સ્વરૂપ(બ્રહ્મ)નું જ ગ્રહણ કરવું-આ પહેલી બાહ્ય સમાધિ છે. યતિ (મુમુક્ષુ) સત્, ચિત્, અને આનંદસ્વરૂપ બ્રહ્મમાંથી નામ તથા રૂપને અલગ કરીને તેઓનો એ બ્રહ્મમાં જ લય કરી દે છે; અને પછી 'સચ્ચિદાનંદ અને સર્વના મૂળ અધિષ્ઠાન (આશ્રયસ્થાનરૂપ) જે અદ્વૈત પરબ્રહ્મ (બાકી રહે) છે, તે જ હું છું' એવા નિશ્ચિત સ્વરૂપવાળો થાય છે. (એટલે 'હું જ બ્રહ્મ છું' એવો પોતે નિશ્ચય કરે છે). ૮૭૯-૮૮૫

**इयं भूर्न सन्नापि तोयं न तेजो**
**न वायुर्न खं नापि तत्कार्यजातम् ।**
**यदेषामधिष्ठानभूतं विशुद्धं**
**सदेकं परं सत्तदेवाहमस्मि ॥ ८८६ ॥**

આ પૃથ્વી સત્ (બ્રહ્મ) નથી, પાણી સત્ નથી, તેજ સત્ નથી, વાયુ સત્ નથી, આકાશ સત્ નથી અને એ પાંચે ભૂતોનાં જે કાર્યો છે, તે પણ સત્ નથી; પરંતુ એ સર્વનું જે અધિષ્ઠાનભૂત અતિશય શુદ્ધ તત્ત્વ છે, તે જ એક સત્ અને સર્વથી પર છે. એ જ સત્ હું છું. ૮૮૬

**न शब्दो न रूपं न च स्पर्शको वा**
**तथा नो रसो नापि गंधो न चान्यः ।**

यदेषामधिष्ठानभूतं विशुद्धं
सदेकं परं सत्तदेवाहमस्मि ॥ ८८७ ॥

શબ્દ સત્ નથી, રૂપ સત્ નથી, સ્પર્શ સત્ નથી, રસ સત્ નથી, ગંધ સત્ નથી અને બીજો પણ કોઈ પદાર્થ સત્ નથી; પણ એ સર્વનું જે અધિષ્ઠાનભૂત અતિ શુદ્ધ તત્ત્વ છે, તે જ એક સત્ અને સર્વથી પર છે. એ જ સત્ હું છું. ૮૮૭

न सद्द्रव्यजातं गुणा न क्रिया वा
न जातिर्विशेषो न चान्यः कदापि ।
यदेषामधिष्ठानभूतं विशुद्धं
सदेकं परं सत्तदेवाहमस्मि ॥ ८८८ ॥

દ્રવ્યોનો સમુદાય સત્ નથી, ગુણો સત્ નથી, ક્રિયાઓ સત્ નથી, જાતિ સત્ નથી, વિશેષ (ભેદ અથવા અવયવ) પણ સત્ નથી અને તે સિવાયનો બીજો કોઈ પણ પદાર્થ સત્ નથી; પરંતુ એ સર્વનું જે અધિષ્ઠાનભૂત અતિ શુદ્ધ તત્ત્વ છે, તે જ સત્ અને સર્વથી પર છે. એ જ સત્ હું છું. ૮૮૮

न देहो न चाक्षाणि न प्राणवायुर्मनो नापि बुद्धिर्न चित्तं ह्यहंधीः ।
यदेषामधिष्ठानभूतं विशुद्धं सदेकं परं सत्तदेवाहमस्मि ॥ ८८९ ॥

દેહ સત્ નથી, ઇંદ્રિયો સત્ નથી, પ્રાણવાયુ સત્ નથી, મન સત્ નથી, બુદ્ધિ સત્ નથી, ચિત્ત સત્ નથી અને અહંબુદ્ધિ પણ સત્ નથી; પરંતુ આ સર્વનું અધિષ્ઠાનભૂત જે અતિ શુદ્ધ તત્ત્વ છે, તે જ એક સત્ અને સર્વથી પર છે. એ જ સત્ હું છું. ૮૮૯

न देशो न कालो न दिग्वापि सत्स्यान्न वस्त्वंतरं स्थूलसूक्ष्मादिरूपम् ।
यदेषामधिष्ठानभूतं विशुद्धं सदेकं परं सत्तदेवाहमस्मि ॥ ८९० ॥

દેશ સત્ નથી, કાળ સત્ નથી, દિશાઓ સત્ નથી અથવા બીજાં કોઈ પણ સ્થૂલ કે સૂક્ષ્મ રૂપો પણ સત્ નથી; પરંતુ આ સર્વનું અધિષ્ઠાનભૂત જે અતિ શુદ્ધ તત્ત્વ છે, તે જ એક સત્

અને સર્વથી પર છે; અને એ જ સત્ હું છું. ૮૯૦

**एतद्दृश्यं नामरूपात्मकं योऽधिष्ठानं तद्ब्रह्म सत्यं सदेति ।**
**गच्छंस्तिष्ठन्वा शयानोऽपि नित्यं कुर्याद्विद्वान्बाह्यदृश्यानुविद्धम् ॥**

નામરૂપાત્મક આ દૃશ્ય જગત એ અધિષ્ઠાન બ્રહ્મ છે અને એ જ સદા સત્ય છે; એમ જતાં, ઊભા રહેતાં અને સૂતાં પણ વિદ્વાન પુરુષે નિત્ય બાહ્ય 'દૃશ્યાનુવિદ્ધ' નામની આ સમાધિ કર્યા કરવી. ૮૯૧

**अध्यस्तनामरूपादिप्रविलापेन निर्मलम् ।**
**अद्वैतं परमानंदं ब्रह्मैवास्मीति भावयेत् ॥ ८९२ ॥**

તેમ જ આરોપિત નામ તથા રૂપ વગેરેનો બ્રહ્મમાં લય કરી દઈ 'હું જ નિર્મળ, અદ્વૈત અને પરમ આનંદરૂપ બ્રહ્મ છું' આમ વિચાર્યા કરવું. ૮૯૨

**निर्विकारं निराकारं निरंजनमनामयम् ।**
**आद्यंतरहितं पूर्णं ब्रह्मैवाहं न संशयः ॥ ८९३ ॥**

વિકાર રહિત, આકાર વિનાનું, નિર્લેપ, નિર્દોષ અને આદિ-અંત રહિત પૂર્ણ બ્રહ્મ હું જ છું, એમાં સંશય નથી. (એમ વિચાર્યા કરવું) ૮૯૩

**निष्कलंकं निरातंकं त्रिविधच्छेदवर्जितम् ।**
**आनंदमक्षरं मुक्तं ब्रह्मैवास्मीति भावयेत् ॥ ८९४ ॥**

કલંક રહિત, રોગ અને ભય રહિત, ત્રણે પ્રકારના છેદ વિનાનું, આનંદસ્વરૂપ, અવિનાશી અને મુક્ત બ્રહ્મ હું જ છું, એમ ચિંતવ્યા કરવું. ૮૯૪

**निर्विशेषं निराभासं नित्यमुक्तमविक्रियम् ।**
**प्रज्ञानैकरसं सत्यं ब्रह्मैवास्मीति भावयेत् ॥ ८९५ ॥**

વિશેષ-અવયવો કે ભેદ વિનાનું, મિથ્યા આભાસ વિનાનું, નિત્યમુક્ત, વિકાર રહિત અને ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપ એક રસવાળું સત્ય બ્રહ્મ હું જ છું, એમ વિચાર્યા કરવું. ૮૯૫

शुद्धं बुद्धं तत्त्वसिद्धं परं प्रत्यगखंडितम् ।
स्वप्रकाशं पराकाशं ब्रह्मैवास्मीति भावयेत् ॥ ८९६ ॥

શુદ્ધ, બુદ્ધ, તત્ત્વરૂપે સિદ્ધ, સર્વશ્રેષ્ઠ, દરેકમાં વ્યાપી રહેલ, અખંડ, સ્વયંપ્રકાશ અને પરમાકાશ બ્રહ્મ હું જ છું, આમ ચિંતવ્યા કરવું. ૮૯૬

सुसूक्ष्ममस्तितामात्रं निर्विकल्पं महत्तमम् ।
केवलं परमाद्वैतं ब्रह्मैवास्मीति भावयेत् ॥ ८९७ ॥

અતિશય સૂક્ષ્મ, માત્ર અસ્તિત્વરૂપ, વિકલ્પો રહિત, અતિશય મહાન, કેવળ અને પરમ અદ્વૈત બ્રહ્મ હું જ છું, આવી ભાવના કર્યા કરવી. ૮૯૭

इत्येवं निर्विकारादिशब्दमात्रसमर્पितम् ।
ध्यायतः केवलं वस्तु लक्ष्ये चित्तं प्रतिष्ठति ॥ ८९८ ॥

એમ 'નિર્વિકાર' આદિ શબ્દ માત્રથી સમર્પણ થયેલ કેવળ બ્રહ્મતત્ત્વનું ધ્યાન કરતા મનુષ્યનું ચિત્ત, (એ બ્રહ્મરૂપ જ) લક્ષ્યમાં સ્થિર થાય છે. ૮૯૮

ब्रह्मानंदरसावेशादेकीभूय तदात्मना ।
वृत्तेर्या निश्चलावस्था स समाधिरकल्पकः ॥ ८९९ ॥

એ રીતે બ્રહ્માનંદના રસના આવેશથી કેવળ બ્રહ્મસ્વરૂપે જ એક થઈ જઈ વૃત્તિની જે નિશ્ચળ અવસ્થા થાય છે, તેને 'અકલ્પક' સમાધિ કહે છે (કેમ કે તેમાં કોઈ જાતનો ભેદ કે સંકલ્પ-વિકલ્પ હોતા જ નથી). ૮૯૯

उत्थाने वाप्यनुत्थानेऽप्यप्रमत्तो जितेंद्रियः ।
समाधिषट्कं कुर्वीत सर्वदा प्रयतो यतिः ॥ ९०० ॥

નિયમશીલ મુમુક્ષુએ સમાધિમાંથી ઊઠીને કે સમાધિમાં રહીને પણ પ્રમાદી નહિ બની જિતેંદ્રિય થવું; અને સર્વ કાળે સાવધાન રહી (ઉપર દર્શાવેલી) છયે સમાધિઓ કર્યા કરવી. ૯૦૦

विपरीतार्थधीर्यावन्न निःशेषं निवर्तते ।
स्वरूपस्फुरणं यावन्न प्रसिध्यत्यनिर्गलम् ।
तावत्समाधिषट्केन नयेत्कालं निरंतरम् ॥ ९०१ ॥
न प्रमादोऽत्र कर्तव्यो विदुषा मोक्षमिच्छता ।
प्रमादे जृंभते माया सूर्यापाये तमो यथा ॥ ९०२ ॥

વિપરીત વસ્તુબુદ્ધિ, જ્યાં સુધી સંપૂર્ણ દૂર ન થાય અને અસ્ખલિત સ્વરૂપની સ્ફૂર્તિ અથવા આત્મસાક્ષાત્કાર બરાબર સિદ્ધ ન થાય, ત્યાં સુધી મોક્ષને ઇચ્છતા વિદ્વાન મનુષ્યે છ યે સમાધિમાં નિરંતર કાળ ગાળવો; એમાં પ્રમાદ ન કરવો; કારણ કે જો પ્રમાદ કરાય છે તો સૂર્ય આથમતાં જેમ અંધારું પ્રકટ થાય છે, તેમ માયા પ્રકટી નીકળે છે. ૯૦૧,૯૦૨

स्वानुभूतिं परित्यज्य न तिष्ठन्ति क्षणं बुधाः ।
स्वानुभूतौ प्रमादो यः स मृत्युर्न यमः सताम् ॥ ९०३ ॥

માટે વિદ્વાનો, સ્વાનુભવ (આત્માનુસંધાન) વિના એક ક્ષણ પણ રહેતા નથી; કેમ કે સ્વાનુભવમાં જે પ્રમાદ છે, એ જ સત્પુરુષો માટે મૃત્યુરૂપ છે, બીજો કોઈ યમ નથી. ૯૦૩

સમાધિનું ફળ

अस्मिन्समाधौ कुरुते प्रयासं यस्तस्य नैवास्ति पुनर्विकल्पः ।
सर्वात्मभावोऽप्यमुनैव सिध्येत्सर्वात्मभावः खलु केवलत्वम् ॥ ९०४ ॥

જે મનુષ્ય આ સમાધિમાં પ્રયાસ કરે છે, તેને વિકલ્પ (એટલે કોઈ જાતના સંકલ્પ-વિકલ્પ કે ભેદદૃષ્ટિ) ફરી થાય જ નહિ; 'આ સર્વ કેવળ આત્મા જ છે' એવો સર્વાત્માભાવ પણ આ સમાધિથી જ સિદ્ધ થાય છે; અને સર્વાત્મભાવ એ જ કેવલપણું (એટલે કૈવલ્યસ્થિતિ) છે. ૯૦૪

सर्वात्मभावो विदुषो ब्रह्मविद्याफलं विदुः ।
जीवन्मुक्तस्य तस्यैव स्वानंदानुभवः फलम् ॥ ९०५ ॥

સર્વાત્મભાવ એ જ જ્ઞાનીની બ્રહ્મવિદ્યાનું ફળ છે; અને

આત્મસ્વરૂપના આનંદનો અનુભવ એ જ તે જીવન્મુક્તનું ફળ છે, એમ અનુભવીઓ કહે છે. ૯૦૫

योऽहंममेत्याद्यसदात्मगाहको ग्रंथिर्लय याति स वासनामयः।
समाधिना नश्यति कर्मबंधो ब्रह्मात्मबोधोऽप्रतिबंध इष्यते ॥९०६॥

મિથ્યા વસ્તુઓ પર 'હું અને મારું' ઇત્યાદિ આત્મભાવનાને જે ગ્રહણ કરાવે છે, એ જ વાસનામય ગ્રંથિ (ગાંઠ) છે; તે અને કર્મબંધ બંને સમાધિથી નાશ પામે છે; તેમ જ 'બ્રહ્મ એ આત્મા છે અને આત્મા એ જ બ્રહ્મ છે' આવું અસ્ખલિત જ્ઞાન સમાધિથી જ થાય છે. ૯૦૬

एष निष्कंटकः पंथा मुक्तेर्ब्रह्मात्मना स्थितेः।
शुद्धात्मनां मुमुक्षूणां यत्सदेकत्वदर्शनम् ॥९०७॥

શુદ્ધ અંતઃકરણવાળા મુમુક્ષુ મનુષ્યોએ એક સત્ વસ્તુનું જ (બધે) દર્શન કરવું, એ જ મુક્તિનો તથા બ્રહ્મસ્વરૂપ સ્થિતિનો નિષ્કંટક માર્ગ છે. ૯૦૭

तस्मात्त्वं चाप्यप्रमत्तः समाधीन्कृत्वा ग्रंथिं साधु निर्दह्य युक्तः।
नित्यं ब्रह्मानंदपीयूषब्धौ मज्जन्क्रीडन्मोदमानो रमस्व ॥९०८॥

માટે હે શિષ્ય! તું પણ અપ્રમાદી થઈ (ઉપર દર્શાવેલી) સમાધિઓ કર અને વાસનામય ગાંઠ બાળી નાખી બ્રહ્મસ્વરૂપમાં જોડાઈ જા. પછી બ્રહ્માનંદરૂપ અમૃતના સમુદ્રમાં મગ્ન થઈ નિત્ય ક્રીડા કરતો આનંદી થઈ રમ્યા કર. ૯૦૮

### નિર્વિકલ્પ સમાધિ એ જ યોગ

निर्विकल्पसमाधिर्या वृत्तिनैश्चल्यलक्षणा।
तमेव योग इत्याहुर्योगशास्त्रार्थकोविदाः ॥९०९॥

(આત્મસ્વરૂપમાં) નિશ્ચળતારૂપ લક્ષણવાળી જે વૃત્તિ, એ 'નિર્વિકલ્પ' સમાધિ છે; અને એને જ યોગશાસ્ત્રનો અર્થ જાણનારા વિદ્વાનો 'યોગ' કહે છે. ૯૦૯

अष्टावंगानि योगस्य यमो नियम आसनम् ।
प्राणायामस्तथा प्रत्याहारश्चापि च धारणा ॥ ९१० ॥
ध्यानं समाधिरित्येव निगदन्ति मनीषिणः ।
सर्वं ब्रह्मेति विज्ञानादिंद्रियग्रामसंयमः ॥ ९११ ॥
यमोऽयमिति संप्रोक्तोऽभ्यसनीयो मुहुर्मुहुः ।
सजातीयप्रवाहश्च, विजातीयतिरस्कृतिः ॥ ९१२ ॥
नियमो हि परमानंदो नियमात्क्रियते बुधैः ।
सुखनैव भवेद्यस्मिन्नजस्रं ब्रह्मचिंतनम् ॥ ९१३ ॥
आसनं तद्विजानीयादितरत्सुखनाशनम् ।
चित्तादिसर्वभावेषु ब्रह्मत्वेनैव भावनात् ॥ ९१४ ॥
निरोधः सर्ववृत्तिनां प्राणायामः स उच्यते ।
निषेधनं प्रपंचस्य रेचकाख्यः समीरणः ॥ ९१५ ॥
ब्रह्मैवास्मीति या वृत्तिः पूरको वायुरीरितः ।
ततस्तद्वृत्तिनैश्चल्यं कुंभकः प्राणसंयमः ॥ ९१६ ॥
अयं चापि प्रबुद्धानामज्ञानां प्राणपीडनम् ।
विषयेष्वात्मतां त्यक्त्वा मनसश्चिति मज्जनम् ॥ ९१७ ॥
प्रत्याहारः स विज्ञेयोऽभ्यसनीयो मुमुक्षुभिः ।
यत्र यत्र मनो याति ब्रह्मणस्तत्र दर्शनात् ॥ ९१८ ॥
मनसो धारणं चैव धारणा सा परा मता ।
ब्रह्मैवास्मीति सद्वृत्त्या निरालंबतया स्थितिः ॥ ९१९ ॥
ध्यानशब्देन विख्याता परमानंददायिनी ।
निर्विकारतया वृत्त्या ब्रह्माकारतया पुनः ॥ ९२० ॥
वृत्तिविस्मरणं सम्यक्समाधिर्ध्यानसंज्ञिकः ।
समाधौ क्रियमाणे तु विघ्ना ह्यायान्ति वै बलात् ॥ ९२१ ॥
अनुसंधानराहित्यमालस्यं भोगलालसम् ।
भयं तमश्च विक्षेपस्तेजःस्पंदश्च शून्यता ॥ ९२२ ॥

एवं यद्विघ्नबाहुल्यं त्याज्यं तद्ब्रह्मविज्ञनैः।
विघ्नानेतान्परित्यक्त्वा प्रमादरहितो वशी।
समाधिनिष्ठया ब्रह्म साक्षाद्भवितुमर्हसि ॥ ९२३ ॥

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ–આ આઠને જ વિદ્વાનો યોગનાં અંગ કહે છે. તેમાં 'सर्वं ब्रह्म–બધું બ્રહ્મ છે' આવું જ્ઞાન થવાથી ઇંદ્રિયોનો સંયમ થાય છે; એટલે એ જ 'યમ' કહેવાય છે; માટે તેનો વારંવાર અભ્યાસ કરવો. સજાતીય(આત્મચિંતન)નો પ્રવાહ ચાલુ રાખવો; અને વિજાતીય–દેહાદિનો તિરસ્કાર કરવો (એટલે આત્મસ્વરૂપમાં લય કરી દેવો), આ જ પરમાનંદરૂપ નિયમ છે. તેને પણ જ્ઞાનીઓએ અવશ્ય કરવો જોઈએ. તેમ જ જે સ્થિતિમાં નિરંતર સુખપૂર્વક બ્રહ્મચિંતન થઈ શકે, એને જ 'આસન' સમજવું. બાકીનું તો સુખનો નાશ કરનારું જ છે. ચિત્ત આદિ સર્વ પદાર્થોમાં બ્રહ્મપણાની ભાવના કરવાથી સર્વ વૃત્તિઓનો નિરોધ (કાબૂ) થઈ જાય છે; એટલે એ જ 'પ્રાણાયામ' કહેવાય છે. તેમાં પ્રપંચનો બ્રહ્મસ્વરૂપમાંથી નિષેધ કરવો, તે રેચક નામનો પ્રાણાયામ છે; 'હું બ્રહ્મ જ છું' આવી જે વૃત્તિ તે પૂરક પ્રાણાયામ છે અને એ વૃત્તિની નિશ્ચળતા થવી તે કુંભક પ્રાણાયામ છે; બાકી શ્વાસોચ્છ્વાસને પૂરવા, રોકવા ને કાઢવા–એ તો અજ્ઞાનીઓનો પ્રાણાયામ છે. વિષયો ઉપરની આત્મભાવના ત્યજીને મનને ચૈતન્ય–આત્મસ્વરૂપમાં મગ્ન કરવું, એને 'પ્રત્યાહાર' સમજવો. મુમુક્ષુઓએ આનો પણ વારંવાર અભ્યાસ કરવો જોઈએ. મન જ્યાં જ્યાં જતું રહે ત્યાં ત્યાં કેવળ બ્રહ્મનું જ દર્શન કરવાથી તેને વશ કરી શકાય છે; અને તે જ ઉત્તમ પ્રકારની 'ધારણા' છે. 'ब्रह्मैवास्मि! હું બ્રહ્મ જ છું' આવી સદ્‌વૃત્તિથી નિરાલંબ (એટલે કોઈ પણ વસ્તુના આશ્રય વિના) સ્થિતિ કરવી, તેને 'ધ્યાન' કહેવામાં આવે છે; અને એ જ પરમાનંદ આપનાર છે;

એમ નિર્વિકાર અને બ્રહ્માકાર વૃત્તિ થયા પછી એ વૃત્તિને પણ ભૂલી જવી, એ જ ઉત્તમ 'સમાધિ' છે અને એને જ 'ધ્યાન' કહે છે. આ સમાધિ કરવામાં આવે છે, ત્યારે વિઘ્નો પણ બળથી જરૂર આવે જ છે-જેવાં કે બરાબર એકાગ્રતા ન થાય, આળસ થાય, ભોગોની લાલસા થાય, ભય થાય; અજ્ઞાન અંધકાર કે તમોગુણ ફેલાય; વ્યગ્રતા અથવા વ્યાકુળતા થાય; મન આડું અવળું જતું રહે; તેજના ઝબકારા જણાય અને શૂન્ય જેવી સ્થિતિ પણ થાય. આવાં ઘણી જાતનાં વિઘ્નો આવે, પણ બ્રહ્મને જાણનારા મનુષ્યોએ તેઓને તજી દેવાં; અને એ વિઘ્નોનો સંપૂર્ણ ત્યાગ કરી પ્રમાદ રહિત થવું અને મનને વશ કરવું. એમ સમાધિનિષ્ઠ થઈ સાક્ષાત્ બ્રહ્મ થવાને તું યોગ્ય છે. ૯૧૦-૯૨૩

**इति गुरुवचनाच्छ्रुतिप्रमाणा-**
**त्परमवगम्य स्वतत्त्वमात्मयुक्त्या ।**
**प्रशमितकरणः समाहितात्मा**
**क्वचिदचलाकृतिरात्मनिष्ठितोऽभूत् ॥ ९२४ ॥**
**बहुकालं समाधाय स्वस्वरूपे तु मानसम् ।**
**उत्थाय परमानंदाद्गुरुमेत्य पुनर्मुदा ॥**
**प्रणामपूर्वकं धीमान्सगद्गदमुवाच ह ॥ ९२५ ॥**

એ પ્રમાણે ગુરુનાં વચનથી તથા શ્રુતિનાં પ્રમાણથી એ શિષ્યે પરમ આત્મતત્ત્વ જાણ્યું; અને પછી આત્મા સાથે જોડાઈને તેની ઇંદ્રિયો શાંત બની, મન એકાગ્ર થયું અને કોઈ સ્થળે પર્વત જેવા સ્થિર સ્થિતિએ આત્મનિષ્ઠ બની તે રહેવા લાગ્યો. ત્યાં ઘણા કાળ સુધી તેણે આત્મસ્વરૂપમાં મનને એકાગ્ર કરી, સમાધિ કરી; અને પછી સમાધિદશામાંથી ઊઠી પરમ આનંદપૂર્વક ફરી ગુરુ પાસે આવીને તે બુદ્ધિમાન્ શિષ્ય હર્ષથી ગળગળો થઈ પ્રણામપૂર્વક કહેવા લાગ્યો :—૯૨૪,૯૨૫

શિષ્યનો સ્વાનુભવ

**नमो नमस्ते गुरवे नित्यानंदस्वरूपिणे ।**
**मुक्तसंगाय शांताय त्यक्ताहंताय ते नमः ॥ ९२६ ॥**

નિત્ય આનંદસ્વરૂપ આપ ગુરુદેવને મારા વારંવાર નમસ્કાર હો. સંગનો ત્યાગ કરનાર, શાંત અને અહંભાવના ત્યાગી આપને મારાં વંદન હો. ૯૨૬

**दयाधाम्ने नमो भूम्ने महिम्नः पारमस्य ते ।**
**नैवास्ति यत्कटाक्षेण ब्रह्मैवाभवमद्वयम् ॥ ९२७ ॥**

દયાના ધામ અને સર્વથી શ્રેષ્ઠ આપને મારા પ્રણામ હો. ખરેખર, આપના આ મહિમાનો પાર જ નથી; કેમ કે આપના કૃપાકટાક્ષથી હું અદ્વૈત–બ્રહ્મ જ થયો છું. ૯૨૭

**किं करोमि क्व गच्छामि किं गृह्णामि त्यजामि किम् ।**
**यन्मया पूरितं विश्वं महाकल्पांबुना यथा ॥ ९२८ ॥**

હું શું કરું ? ક્યાં જાઉં ? શું લઉં ? અને શું ત્યજું ? કારણ કે જેમ પ્રલયકાળથી આખું વિશ્વ જળથી ભરાઈ જાય છે, તેમ મારાથી જ સમગ્ર જગત ભરાઈ ગયું છે–હું જ બધે છું. ૯૨૮

**मयि सुखबोधपयोधौ महति ब्रह्मांडबुद्बुदसहस्रम् ।**
**मायामयेन मरुता भूत्वा भूत्वा पुनस्तिरोधत्ते ॥ ९२९ ॥**

સુખ અને જ્ઞાનના મહાસાગર મારામાં હજારો બ્રહ્માંડોરૂપી પરપોટા, માયામય પવનને લીધે ઉત્પન્ન થઈ થઈને ફરી અદૃશ્ય થાય છે. ૯૨૯

**नित्यानंदस्वरूपोऽहमात्माहं त्वदनुग्रहात् ।**
**पूर्णोऽहमनवद्योऽहं केवलोऽहं च सद्गुरो ॥ ९३० ॥**

હે સદ્‌ગુરુ ! આપની કૃપાથી હું અવિનાશી આનંદ-સ્વરૂપ, હું જ આત્મા, હું પૂર્ણ, હું નિર્દોષ અને હું કેવળ અદ્વૈત થયો છું. ૯૩૦

**अकर्ताहमभोक्ताहमविकारोऽहमक्रियः ।**
**आनंदघन एवाहमसंगोऽहं सदाशिवः ॥ ९३१ ॥**

હું અકર્તા છું; હું અભોક્તા છું; હું વિકાર રહિત છું; હું ક્રિયા રહિત છું; કેવળ આનંદથી જ વ્યાપ્ત છું; સંગ રહિત છું અને હું સદાશિવ છું–સર્વકાળે મંગલ કે કલ્યાણસ્વરૂપ છું. ૯૩૧

त्वत्कटाक्षवरचांद्रचंद्रिकापातधूतभवतापजः श्रमः ।
प्राप्तवानहमखंडवैभवानंदमात्मपदमक्षयं क्षणात् ॥९३२॥

આપના કૃપાકટાક્ષરૂપી શ્રેષ્ઠ ચંદ્રની ચાંદની મારા પર પડી તેથી સંસારના તાપથી થયેલો મારો શ્રમ દૂર થયો છે; અને ક્ષણવારમાં અખંડ વૈભવ તથા આનંદમય અવિનાશી આત્મપદને હું પામ્યો છું. ૯૩૨

छायया स्पृष्टमुष्णं वा शीतं वा दुष्टु सुष्टु वा ।
न स्पृशत्येव यत्किंचित्पुरुषं तद्विलक्षणम् ॥९३२॥
ना साक्षिणं साक्ष्यधर्मा न स्पृशन्ति विलक्षणम् ।
अविकारमुदासीनं गृहधर्माः प्रदीपवत् ॥९३४॥

જેમ મનુષ્યની છાયાને ગરમીનો, ઠંડીનો, સારી વસ્તુનો કે ખરાબ વસ્તુનો સ્પર્શ થાય, તોપણ મનુષ્યને પોતાને તેમાંનું કંઈ પણ સ્પર્શ કરતું નથી; કેમ કે મનુષ્ય પોતાની છાયાથી વિલક્ષણ છે, જુદો જ છે; તે જ પ્રમાણે સાક્ષી આત્માને દૃશ્ય–કોઈ પણ પદાર્થના ધર્મો સ્પર્શી શકતા નથી; કેમ કે આત્મા પોતે એથી વિલક્ષણ–જુદો જ છે. વળી જેમ ઘરના ધર્મો દીવા સાથે સંબંધ પામતા નથી, તેમ દૃશ્ય ( કોઈ પણ વસ્તુના ધર્મ ) આત્મા સાથે સંબંધ પામતા નથી; કેમ કે આત્મા વિકાર રહિત અને ઉદાસીન છે. ( તટસ્થ જ રહેનારો છે. ) ૯૩૩,૯૩૪

रवेर्यथा कर्मणि साक्षिभावो वह्नेर्यथा वायसि दाहकत्वम् ।
रज्जोर्यथारोपितवस्तुसंगस्तथैव कूटस्थचिदात्मनो मे ॥९३५॥

હરકોઈ કર્મમાં સૂર્યનું જેવું સાક્ષીપણું છે, લોઢામાં અગ્નિનું જેવું બાળવાપણું છે અને દોરડીમાં ભ્રાંતિથી કલ્પી કાઢેલી કોઈ વસ્તુનો જેવો સંગ છે, તે જ પ્રમાણે કૂટસ્થ અને

ચૈતન્ય—આત્મસ્વરૂપ મારું બધે સાક્ષીપણું, પ્રકાશકપણું અને નિઃસંગપણું છે. ૯૩૫

શિષ્યના છેલ્લા પ્રશ્નો

इत्युक्त्वा स गुरुं स्तुत्वा प्रश्रयेण कृतानतिः ।
मुमुक्षोरुपकाराय प्रष्टव्यांशमपृच्छत ॥ ९३६ ॥
जीवन्मुक्तस्य भगवन्ननुभूतेश्च लक्षणम् ।
विदेहमुक्तस्य च मे कृपया ब्रूहि तत्त्वतः ॥ ९३७ ॥

એમ કહી તે શિષ્યે ગુરુની સ્તુતિ કરી, વિનયથી પ્રણામ કર્યા અને પછી મુમુક્ષુ પર ઉપકાર કરવા માટે પૂછવાના પ્રશ્નો આ પ્રમાણે પૂછ્યા :—હે ભગવન્ ! જીવન્મુક્તનું, આત્માના અનુભવનું તથા વિદેહમુક્તનું લક્ષણ શું ? તે કૃપા કરી યથાર્થ મને કહો. ૯૩૬,૯૩૭

શ્રી ગુરુનો ઉત્તર—જ્ઞાનની ૭ ભૂમિકાઓ

वक्ष्ये तुभ्यं ज्ञानभूमिकाया लक्षणमादितः ।
ज्ञाते यस्मिंस्त्वया सर्वं ज्ञातं स्यात्पृष्टमद्य यत् ॥ ९३८ ॥
ज्ञानभूमिः शुभेच्छा स्यात्प्रथमा समुदीरिता ।
विचारणा द्वितीया तु तृतीया तनुमानसा ॥ ९३९ ॥
सत्त्वापत्तिश्चतुर्थी स्यात्ततोऽसंसक्तिनामिका ।
पदार्थाभावना षष्ठी सप्तमी तुर्यगा स्मृता ॥ ९४० ॥

પ્રથમ તો જ્ઞાનની ભૂમિકાઓનું લક્ષણ હું તને કહું છું; કારણ કે તેં હમણાં જે પૂછ્યું, તે બધું એનું જ્ઞાન થતાં જણાઈ જાય છે. શુભેચ્છા પહેલી જ્ઞાનભૂમિ છે; વિચારણા બીજી છે; તનુમાનસી ત્રીજી છે; સત્ત્વાપત્તિ ચોથી છે; અસંસક્તિ પાંચમી છે; પદાર્થભાવના છઠ્ઠી છે; અને તુર્યગા સાતમી છે. ૯૩૮—૯૪૦

स्थितः किं मूढ एवास्मि प्रेक्ष्योऽहं शास्त्रसज्जनैः ।
वैराग्यपूर्वमिच्छेति शुभेच्छा प्रोच्यते बुधैः ॥ ९४१ ॥

"હું મૂઢ જ કેમ રહ્યો છું ? શાસ્ત્રો અને સજ્જનો મારી

સામે જોઈ રહ્યા છે!!” આવી વૈરાગ્યપૂર્વક ઇચ્છા થાય, તેને વિદ્વાનો ‘શુભેચ્છા’ કહે છે. ૯૪૧

शास्त्रसज्जनसंपर्कैर्वैराग्याभ्यासपूर्वकम् ।
सदाचारप्रवृत्तिर्या प्रोच्यते सा विचारणा ॥ ९४२ ॥

શાસ્ત્રો અને સજ્જનોનો સંબંધ કરવાથી વૈરાગ્ય થાય; અને પછી અભ્યાસપૂર્વક સદાચારમાં જે પ્રવૃત્તિ થાય તેને ‘વિચારણા’ કહે છે. ૯૪૨

विचारणाशुभेच्छाभ्यामिंद्रियार्थेष्वरक्तता ।
यत्र सा तनुतामेति प्रोच्यते तनुमानसी ॥ ९४३ ॥

ઉપર કહેલી વિચારણા અને શુભેચ્છાના યોગથી ઇંદ્રિયોના વિષયો ઉપર રાગ ન રહે; અને મનની સ્થિતિ (એ વિષયો ઉપર) જ્યારે પાતળી પડી જાય, ત્યારે એ ‘તનુમાનસી’ કહેવાય છે. ૯૪૩

भूमिकात्रितयाभ्यासाच्चित्तेऽर्थविरतेर्वशात् ।
सत्त्वात्मनि स्थिते शुद्धे सत्त्वापत्तिरुदाहृता ॥ ९४४ ॥

ઉપરની ત્રણે ભૂમિકાઓના અભ્યાસથી ચિત્તમાં પદાર્થો ઉપરનો વૈરાગ્ય થાય; અને તેને લીધે શુદ્ધ સત્ત્વગુણસ્વરૂપે તે બની રહે, તે ‘સત્ત્વાપત્તિ’ કહેવાય છે. ૯૪૪

तथाचतुष्टयाभ्यासादसंसर्गफला तु या ।
रूढसत्त्वचमत्कारा प्रोक्ता संसक्तिनामिका ॥ ९४५ ॥

ઉપરની ચાર પ્રકારની ભૂમિના અભ્યાસથી જેમાં અસંગતા-રૂપી ફળ થાય છે; અને સત્ત્વગુણનો ચમત્કાર ખૂબ જામે છે, તે ‘સંસક્તિ’ નામે જ્ઞાનભૂમિ છે. ૯૪૫

भूमिकापंचकाभ्यासात्स्वात्मारामतया भृशम् ।
आभ्यंतराणां बाह्यानां पदार्थानामभावनात् ॥ ९४६ ॥
परप्रयुक्तेन चिरप्रयत्नेनावबोधनम् ।
पदार्थाभावना नाम षष्ठी भवति भूमिका ॥ ९४७ ॥

એ પાંચ ભૂમિકાઓના અભ્યાસથી પોતાના આત્મામાં જ અતિશય રમણુતા થાય છે; બહારના કે અંદરના પદાર્થો જણાતા જ નથી; અને બીજા કોઈ મનુષ્યો જ્યારે ઘણો જ પ્રયત્ન કરે, ત્યારે જ બહારના કે અંદરના પદાર્થો (માંડમાંડ) જણાય; આ 'પદાર્થભાવના' નામની છઠ્ઠી ભૂમિકા છે. ૯૪૬,૯૪૭

षड्भूमिकाचिराभ्यासाद्भेदस्यानुपलंभनात्।
यत्स्वभावैकनिष्ठत्वं सा ज्ञेया तुर्यगा गतिः ॥ ९४८ ॥

આ છ ભૂમિકાઓનો લાંબો વખત અભ્યાસ કરવાથી કોઈ જાતનો ભેદ જણાતો નથી; અને તેથી કેવળ આત્મારૂપે જ એકનિષ્ઠા પ્રાપ્ત થાય છે. આ 'તુર્યગા' ભૂમિ જાણવી. ૯૪૮

જાગ્રતમાં ત્રણ અવસ્થાઓ

इदं ममेति सर्वेषु दृश्यभावेष्वभावना।
जाग्रज्जाग्रदिति प्राहुर्महान्तो ब्रह्मवित्तमाः ॥ ९४९ ॥

દેખાતા સર્વ પદાર્થોમાં 'આ મારું છે' એવી ભાવના જ ન રહે, તે જાગ્રતમાં પણ જાગ્રત અવસ્થા છે, એમ બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ મહાપુરુષો કહે છે. ૯૪૯

विदित्वा सच्चिदानंदे मयि. दृश्यपरंपराम्।
नामरूपपरित्यागो जाग्रत्स्वप्नः समीर्यते ॥ ९५० ॥

'દેખાતા પદાર્થોની પરંપરા સચ્ચિદાનંદ મારામાં રહેલી છે' એમ જાણીને નામ તથા રૂપનો ત્યાગ થઈ જાય, તે જાગ્રતમાં સ્વપ્નાવસ્થા કહેવાય છે. ૯૫૦

परिपूर्णचिदाकाशे मयि बोधात्मतां विना।
न किंचिदन्यदस्तीति जाग्रत्सुप्तिः समीर्यते ॥ ९५१ ॥

પરિપૂર્ણ ચૈતન્યથી જ ચારે બાજુ પ્રકાશતા-ચિદાકાશ મારામાં કેવળ જ્ઞાનસ્વરૂપ વિના બીજું કંઈ નથી, એવા અનુભવને જાગ્રતમાં સુષુપ્તિ કહે છે. ૯૫૧

સ્વપ્નમાં ત્રણ અવસ્થાઓ

**मूलाज्ञानविनाशेन कारणाभासचेष्टितैः ।**
**बंधो न मेऽतिस्वल्पोऽपि स्वप्नजाग्रदितीर्यते ॥ ९५२ ॥**

મારા મૂળ અજ્ઞાનનો નાશ થયો છે, તેથી કારણાભાસની ચેષ્ટાઓથી મને અતિ અલ્પ પણ બંધન નથી, આવા અનુભવને ‘સ્વપ્નજાગ્રત’ અવસ્થા કહે છે. ૯૫૨

**कारणाज्ञाननाशाद्यद्द्रष्टृदर्शनदृश्यता ।**
**न कार्यमस्ति तज्ज्ञानं स्वप्नस्वप्नः समीर्यते ॥ ९५३ ॥**

અજ્ઞાનરૂપ કારણનો નાશ થવાથી દ્રષ્ટા, દર્શન અને દૃશ્યરૂપ કોઈ કાર્ય જ રહ્યું નથી; આવું જે જ્ઞાન, તેને ‘સ્વપ્નસ્વપ્ન’ અવસ્થા કહે છે. ૯૫૩

**अतिसूक्ष्मविमर्शेन स्वधीवृत्तिरचंचला ।**
**विलीयते यदा बोधे स्वप्नसुप्तिरितीर्यते ॥ ९५४ ॥**

અતિ સૂક્ષ્મ વિચારને લીધે પોતાની બુદ્ધિની વૃત્તિ અચંચલ બનીને જ્યારે જ્ઞાનમાં વિલય પામે છે, ત્યારે તે અવસ્થાને ‘સ્વપ્નસુષુપ્તિ’ કહે છે. ૯૫૪

સુષુપ્તિની ત્રણ અવસ્થાઓ

**चिन्मयाकारमतयो धीवृत्तिप्रसरैर्गतः ।**
**आनंदानुभवो विद्वन् सुप्तिजाग्रदितीर्यते ॥ ९५५ ॥**

હે વિદ્વાન! ચૈતન્યમય આકારવાળી બુદ્ધિઓ, તે બુદ્ધિની વૃત્તિના પ્રસારો સાથે કેવળ આનંદના અનુભવરૂપે જ પરિણમે, તેને ‘સુષુપ્તિજાગ્રત’ અવસ્થા કહે છે. ૯૫૫

**वृत्तौ चिरानुभूतांतरानंदानुभवस्थितौ ।**
**समात्मतां यो यात्येष सुप्तिस्वप्न इतीर्यते ॥ ९५६ ॥**

લાંબા કાળથી અનુભવેલા અંતરના આનંદાનુભવવાળી સ્થિતિ જેમાં હોય છે, તેવી વૃત્તિ જે એકાત્મતાને પામે, તે ‘સુષુપ્તિ-સ્વપ્ન’ અવસ્થા કહેવાય છે. ૯૫૬

दृश्यधीवृत्तिरेतस्य केवलीभावभावना।
परं बोधैकतावाप्तिः सुप्तिसुप्तिरितीर्यते॥ ९५७॥

આ આત્માની, દૃશ્ય વિષેની બુદ્ધિની વૃત્તિ, કેવલીપણાની ભાવનારૂપ બને, અને કેવળ એક જ્ઞાનની જ પ્રાપ્તિ થાય, તે 'સુષુપ્તિસુષુપ્તિ' કહેવાય છે. ૯૫૭

તુરીયા અવસ્થા

परब्रह्मवदाभाति निर्विकारैकरूपिणी।
सर्वावस्थासु धारैका तुर्याख्या परिकीर्तिता॥ ९५८॥

સર્વ અવસ્થાઓમાં કેવળ નિર્વિકાર સ્વરૂપ એક જ ધારા, પરબ્રહ્મ જેવી જ પ્રકાશે, તે 'તુરીયા' નામની અવસ્થા કહેવાય છે.

પૂર્વોક્ત જ્ઞાનભૂમિઓ પર આરૂઢ થયેલા યોગીની સ્થિતિ

इत्यवस्थासमुल्लासं विमृशन्मुच्यते सुखी।
शुभेच्छादित्रयं भूमिभेदाभेदयुतं स्मृतम्॥ ९५९॥
यथावद्भेदबुद्धयेदं जगज्जाग्रदितीर्यते।
अद्वैते स्थैर्यमायाते द्वैते च प्रशमं गते॥ ९६०॥
पश्यन्ति स्वप्नवल्लोकं तुर्यभूमिसुयोगतः।
पंचमीं भूमिमारुह्य सुषुप्तिपदनामिकाम्॥ ९६१॥
शांताशेषविशेषांशस्तिष्ठेदद्वैतमात्रके।
अंतर्मुखतया नित्यं षष्ठीं भूमिमुपाश्रितः॥ ९६२॥
परिश्रांततया गाढनिद्रालुरिव लक्ष्यते।
कुर्वन्नभ्यासमेतस्यां भूम्यां सम्यग्विवासनः॥ ९६३॥
तुर्यावस्थां सप्तभूमिं क्रमात्प्राप्नोति योगिराट्।
विदेहमुक्तिरेवात्र तुर्यातीतदशोच्यते॥ ९६४॥

ઉપર જણાવેલી અવસ્થાઓના સ્વરૂપને બરાબર વિચારતો મનુષ્ય સુખી થઈને મુક્ત થાય છે. શુભેચ્છા આદિ પ્રથમની ત્રણ જ્ઞાનભૂમિઓને ભેદાભેદવાળી કહી છે; તેમાં બરાબર ભેદબુદ્ધિ જ્યારે હોય છે, ત્યારે તેને લીધે આ જગત જાગ્રત અવસ્થારૂપ કહેવાય છે; પરંતુ જ્યારે ચોથી ભૂમિકાનો ઉત્તમ યોગ થાય છે અને

તેને લીધે અદ્વૈત સ્થિર થાય છે ને દ્વૈત શમી જાય છે, ત્યારે તે ભૂમિ પર આરૂઢ થયેલા યોગીઓ જગતને સ્વપ્ન જેવું જુએ છે. પછી 'સુષુપ્તિપદ' એવું જેનું (બીજું) નામ છે, એવી પાંચમી ભૂમિ પર આરૂઢ થઈને યોગી પુરુષ સમગ્ર વિશેષ અંશોને શાંત થયેલા અનુભવે છે અને કેવળ અદ્વૈત સ્વરૂપમાં સ્થિતિ કરે છે. પછી છઠ્ઠી ભૂમિકા પર આરૂઢ થયેલો યોગી નિત્ય અંતર્મુખ જ રહે છે, તેથી જાણે અત્યંત થાકીને ગાઢ નિદ્રામાં પડ્યો હોય તેવો જણાય છે. એ છઠ્ઠી ભૂમિમાં રહીને અભ્યાસ કરતો યોગીશ્વર, સારી રીતે વાસનારહિત થાય છે; અને પછી અનુક્રમે તુરીયાવસ્થારૂપ સાતમી ભૂમિ પર આવી પહોંચે છે. એમાં જે વિદેહમુક્તિ થાય છે, તેને જ 'તુરિયાતીત દશા' કહે છે. ૯૫૯-૯૬૪

જીવન્મુક્ત કોણ?

यत्र नासन्न सच्चापि नाहं नाप्यनहंकृतिः ।
केवलं क्षीणमनन आस्तेऽद्वैतेऽतिनिर्भयः ॥ ९६५ ॥
अंतःशून्यो बहिःशून्यः शून्यकुंभ इवांबरे ।
अंतःपूर्णो बहिःपूर्णः पूर्णकुंभ इवार्णवे ॥ ९६६ ॥
यथास्थितमिदं सर्वं व्यवहारवतोऽपि च ।
अस्तं गतं स्थितं व्योम स जीवन्मुक्त उच्यते ॥ ९६७ ॥

જ્યારે અસત્ ન જણાય અને સત્ પણ ન જણાય, અહંભાવ ન રહે અને અનહંભાવ પણ ન રહે, મનન નાશ પામતાં કેવળ અદ્વૈત સ્વરૂપમાં રહે, અત્યંત નિર્ભય થાય, આકાશમાં રહેલા શૂન્ય ઘડાની પેઠે અંદર શૂન્ય ને બહાર પણ શૂન્ય બને, સમુદ્રમાં રહેલા પૂર્ણ કળશની પેઠે અંદર પૂર્ણ ને બહાર પણ પૂર્ણ થાય, આ બધું જગત જેમ છે તેમ જ રહેલું હોઈ તેમાં બધો વ્યવહાર કરે, છતાં જેની દૃષ્ટિએ બધું અસ્ત પામ્યું હોય અને કેવળ આકાશ જ રહ્યું હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૬૫-૯૬૭

नोदेति नास्तमायाति सुखदुःखे मनःप्रभा ।
यथाप्राप्तस्थितिर्यस्य स जीवन्मुक्त उच्यते ॥ ९६८ ॥

જેના મનની લાગણી સુખમાં ઉદય પામતી નથી અને દુઃખમાં અસ્ત થતી નથી, પણ જે કંઈ પ્રાપ્ત થયું હોય તેમાં જેની એક જ સ્થિતિ હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૬૮

यो जागर्ति सुषुप्तिस्थो यस्य जाग्रन्न विद्यते ।
यस्य निर्वासनो बोधः स जीवन्मुक्त उच्यते ॥ ९६९ ॥

જે સુષુપ્તિમાં રહ્યો હોય છતાં જાગે છે, જેને જાગ્રત અવસ્થા હોતી નથી અને જેનું જ્ઞાન વાસનારહિત હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૬૯

रागद्वेषभयादीनामनुरूपं चरन्नपि ।
योऽन्तर्व्योमवदत्यच्छः स जीवन्मुक्त उच्यते ॥ ९७० ॥

રાગ, દ્વેષ, ભય વગેરેને અનુસરીને જે વર્તતો હોય, છતાં અંતઃકરણમાં આકાશ જેવો અત્યંત સ્વચ્છ હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૭૦

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
कुर्वतोऽकुर्वतो वापि स जीवन्मुक्त उच्यते ॥ ९७१ ॥

જેનો ભાવ અહંકારવાળો ન હોય અને કંઈ કરે કે ન કરે, છતાં જેની બુદ્ધિ લેપાતી નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૭૧

यः समतार्थजालेषु व्यवहार्यपि शीतलः ।
परार्थेष्विव पूर्णात्मा स जीवन्मुक्त उच्यते ॥ ९७२ ॥

જે સમગ્ર પદાર્થોમાં વ્યવહાર કરતો હોય, છતાં શીતલ સ્વભાવનો રહે અને સર્વ પદાર્થો જાણે પારકા જ છે, એમ તેઓ વિષે દૃષ્ટિ કરી પૂર્ણાત્મા બને, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૭૨

द्वैतवर्जितचिन्मात्रे पदे परमपावने ।
अक्षुब्धचित्तविश्रान्तः स जीवन्मुक्त उच्यते ॥ ९७३ ॥

જેનું ચિત્ત, કોઈ પણ વિષયમાં વ્યાકુળ થયા વિના કેવળ દ્વૈતરહિત અને પરમ પવિત્ર માત્ર ચૈતન્યરૂપ પદમાં જ વિશ્રાંતિ પામ્યું હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૭૩

इदं जगदयं सोऽयं दृश्यजातमवास्तवम् ।
यस्य चित्ते न स्फुरति स जीवन्मुक्त उच्यते ॥ ९७४ ॥

જેના ચિત્તમાં આ જગત, આ પદાર્થ કે પેલો પદાર્થ, અથવા અવાસ્તવિક સમગ્ર દૃશ્ય વસ્તુઓ કદી સ્ફુરતી નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૭૪

चिदात्माहं परात्माहं निर्गुणोऽहं परात्परः ।
आत्ममात्रेण यस्तिष्ठेत्स जीवन्मुक्त उच्यते ॥ ९७५ ॥

'હું ચૈતન્યરૂપ આત્મા છું, હું પરમાત્મા છું, હું નિર્ગુણ છું અને પરથી પણ પર છું' એમ માત્ર આત્મારૂપે જે સ્થિતિ કરે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૭૫

देहत्रयातिरिक्तोऽहं शुद्धचैतन्यमस्म्यहम् ।
ब्रह्माहमिति यस्यान्तः स जीवन्मुक्त उच्यते ॥ ९७६ ॥

હું ત્રણે દેહથી જુદો છું, હું શુદ્ધ ચૈતન્ય જ છું અને હું બ્રહ્મ જ છું' એમ જેના અંતરમાં રહ્યા કરે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૭૬

यस्य देहादिकं नास्ति यस्य ब्रह्मेति निश्चयः ।
परमानंदपूर्णो यः स जीवन्मुक्त उच्यते ॥ ९७७ ॥

જેની દૃષ્ટિએ દેહ વગેરે કંઈ છે જ નહિ, પણ 'બધું બ્રહ્મ જ છે' એવો જેને નિશ્ચય થયો હોય તેમ જ પરમાનંદથી જે પૂર્ણ બન્યો હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૭૭

अहं ब्रह्मास्म्यहं ब्रह्मास्म्यहं ब्रह्मेति निश्चयः ।
चिदहं चिदहं चेति स जीवन्मुक्त उच्यते ॥ ९७८ ॥

'હું બ્રહ્મ છું, હું બ્રહ્મ છું; હું બ્રહ્મ છું અને હું ચૈતન્ય છું, હું ચૈતન્ય જ છું' આવો જેને નિશ્ચય થયો હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૯૭૮

### વિદેહમુક્તિ ક્યારે ?

जीवन्मुक्तिपदं त्यक्त्वा स्वदेहे कालसात्कृते ।
विशत्यदेहमुक्तित्वं पवनोऽस्पंदतामिव ॥ ९७९ ॥

પોતાનું શરીર જ્યારે મૃત્યુને અધીન કરાય, ત્યારે જીવન્મુક્તિનું સ્થાન છોડીને જ્ઞાની પુરુષ, નિશ્ચળ ભાવને પામેલા પવનની પેઠે વિદેહમુક્તિપણું પામે છે ૯૭૯

ततस्तत्संबभूवासौ यद्गिरामप्यगोचरम् ।
यच्छून्यवादिनां शून्यं ब्रह्म ब्रह्मविदां च यत् ॥९८०॥
विज्ञानं विज्ञानविदां मलानां च मलात्मकम् ।
पुरुषः सांख्यदृष्टीनामीश्वरो योगवादिनाम् ॥९८१॥
शिवः शैवागमस्थानां कालः कालैकवादिनाम् ।

પછી એ, તે જ વસ્તુરૂપ બન્યો હોય છે, કે જે વાણીનો પણ અવિષય છે, શૂન્યવાદીઓનું શૂન્ય છે, બ્રહ્મવેત્તાઓનું બ્રહ્મ છે, વિજ્ઞાનવેત્તાઓનું વિજ્ઞાન છે. મલિનોના મલરૂપ છે, સાંખ્યદ્રષ્ટાઓનો પુરુષ છે, યોગવાદીઓનો ઈશ્વર છે, શૈવશાસ્ત્ર માનનારાઓનો શિવ છે અને કેવળ કાળને માનનારાઓનો કાળ છે. ૯૮૦,૯૮૧

यत्सर्वशास्त्रसिद्धान्तं यत्सर्वहृदयानुगम् ।
यत्सर्वं सर्वगं वस्तु तत्तत्त्वं तदसौ स्थितः ॥९८२॥

જે વસ્તુ સર્વ શાસ્ત્રોના સિદ્ધાંતરૂપ છે, સર્વના હૃદયમાં રહેલ છે. સર્વસ્વરૂપ છે અને સર્વવ્યાપી છે, એ જ તત્ત્વસ્વરૂપે એ વિદેહમુક્ત રહેલો હોય છે. ૯૮૨

વિદેહમુક્ત કોણ ?

ब्रह्मैवाहं चिदेवाहमेवं वापि न चिन्त्यते ।
चिन्मात्रेव यस्तिष्ठेद्विदेहो मुक्त एव सः ॥९८३॥

'હું બ્રહ્મ જ છું, હું ચૈતન્ય જ છું' એમ પણ જે ન ચિંતવે; પરંતુ માત્ર ચૈતન્યના અંશ જેવો જ રહે, તે વિદેહમુક્ત જ છે. ૯૮૩

यस्य प्रपंचभानं न ब्रह्माकारमपीह न ।
अतीतातीतभावो यो विदेहो मुक्त एव सः ॥९८४॥

જેને પ્રપંચનું ભાન ન હોય અને બ્રહ્માકાર પણ ન હોય; પરંતુ ભૂતકાળના ભાવો જેના જતા રહ્યા હોય, તે વિદેહ મુક્ત જ છે. ૯૮૪

चित्तवृत्तेरतीतो यश्चित्तवृत्त्यावभासकः ।
चित्तवृत्तिविहीनो यो विदेहो मुक्त एव सः ॥ ९८५ ॥

જે ચિત્તવૃત્તિથી પર થયો હોય, ચિત્તવૃત્તિ દ્વારા (બીજાનો) પ્રકાશક બન્યો હોય અને (પોતે) ચિતવૃત્તિથી રહિત હોય, તે વિદેહમુક્ત જ છે. ૯૮૫

जीवात्मेति परात्मेति सर्वचिंताविवर्जितः ।
सर्वसंकल्पहीनात्मा विदेहो मुक्त एव सः ॥ ९८६ ॥

જે જીવાત્મા અને પરમાત્મા એવા પ્રકારના, અથવા સર્વ પ્રકારના ચિંતનથી રહિત થયો હોય અને જેનું સ્વરૂપ સર્વ સંકલ્પોથી તજાયું હોય, તે વિદેહમુક્ત જ છે. ૯૮૬

ओमूकारवाच्यहीनात्मा सर्ववाच्यविवर्जितः ।
अवस्थात्रयहीनात्मा विदेहो मुक्त एव सः ॥ ९८७ ॥

જેનું સ્વરૂપ ૐકારથી કહેવાતી વસ્તુથી રહિત હોય અથવા સર્વ કહેવાતી વસ્તુઓથી જુદું હોય; અને જેનો આત્મા ત્રણે અવસ્થાઓથી રહિત થયો હોય, તે વિદેહમુક્ત જ છે. ૯૮૭

अहिनिर्ल्वयनीसर्पनिर्मोको जीववर्जितः ।
वल्मीके पतितस्तिष्ठेत्तं सर्पो नाभिमन्यते ॥ ९८८ ॥
एवं स्थूलं च सूक्ष्मं च शरीरं नाभिमन्यते ।
प्रत्यग्ज्ञानशिखिध्वस्ते मिथ्याज्ञाने सहेतुके ॥ ९८९ ॥
नेति नेतीत्यरूपत्वादशरीरो भवत्ययम् ।
विश्वश्च तैजसश्चैव प्राज्ञश्चेति च ते त्रयम् ॥ ९९० ॥
विराड् हिरण्यगर्भश्चेश्वरश्चेति च ते त्रयम् ।
ब्रह्मांडं चैव पिंडांडं लोका भूरादयः क्रमात् ॥ ९९१ ॥
स्वस्वोपाधिलयादेव लीयन्ते प्रत्यगात्मनि ।
तूष्णीमेव ततस्तूष्णीं तूष्णीं सत्यं न किंचन ॥ ९९२ ॥

જેમ સર્પની કાંચળી સર્પથી છૂટી થઈને જીવ વિનાની રાફડા ઉપર પડી હોય ત્યારે સર્પ તેને પોતાની માનતો નથી; તે જ પ્રમાણે જ્ઞાની પુરુષ સ્થૂલને તથા સૂક્ષ્મ શરીરને પોતાનું માનતો જ નથી; કારણ કે પ્રત્યગાત્માના જ્ઞાનરૂપ અગ્નિથી તેનું મિથ્યા જ્ઞાન કારણ સાથે નાશ પામ્યું હોય છે, વળી તે 'नेति नेति' એવા અરૂપવાદમય જ બને છે, તેથી શરીરરહિત થાય છે. વિશ્વ-તૈજસ અને પ્રાજ્ઞ—એ ત્રણ; વિરાટ, હિરણ્યગર્ભ અને ઈશ્વર—એ ત્રણ; તેમ જ બ્રહ્માંડ, પિંડાંડ અને ભૂરૂ આદિ બધા લોકો પોતપોતાની ઉપાધિનો વિલય થતાં જ પ્રત્યગાત્મામાં લય પામે છે; એટલે પછી શાંત, શાંત અને શાંત સત્ય જ બાકી છે, બીજું કાંઈ પણ હોતું નથી. ૯૮૮–૯૯૨

कालभेदं वस्तुभेदं देशभेदं स्वभेदकम् ।
किंचिद्भेदं न तस्यास्ति किंचिद्वापि न विद्यते ॥ ९९३ ॥

કાળનો ભેદ, વસ્તુનો ભેદ અને દેશનો ભેદ—એ બધા સ્વરૂપના જ ભેદ છે, આત્મસ્વરૂપનો કોઈ ભેદ જ નથી; અથવા ભેદ જેવી કોઈ વસ્તુ જ નથી. ૯૯૩

जीवेश्वरेति वाक्ये च वेदशास्त्रेष्वहंत्विति ।
इदं चैतन्यमेवेत्यहं चैतन्यमित्यपि ॥ ९९४ ॥
इति निश्चयशून्यो यो विदेहो मुक्त एव सः ।
ब्रह्मैव विद्यते साक्षाद्वस्तुतोऽवस्तुतोऽपि च ॥ ९९५ ॥
तद्विद्याविषयं ब्रह्म सत्यज्ञानसुखात्मकम् ।
शान्तं च तदतीतं च परं ब्रह्म तदुच्यते ॥ ९९६ ॥

"જીવ અને ઈશ્વર આવાં વાક્ય વેદ અને શાસ્ત્રોમાં છે, પણ તેમાં 'હું' એવું ચૈતન્ય જ છે; આ બધું ચૈતન્ય જ છે; અને 'હું' એ પણ ચૈતન્ય જ છે." આવા નિશ્ચયથી પણ જે શૂન્ય થયો હોય, તે વિદેહમુક્ત છે.

વસ્તુરૂપે અને અવસ્તુરૂપે પણ સાક્ષાત્ બ્રહ્મ જ છે; એ બ્રહ્મ

વિદ્યાનો વિષય છે; સત્ય, જ્ઞાન અને સુખરૂપ છે; વળી એ પરબ્રહ્મ, શાંત અને સર્વથી પર કહેવાય છે. ૯૯૪–૯૯૬

सिद्धान्तोऽध्यात्मशास्त्राणां सर्वापह्नव एव हि ।
नाविद्यास्तीह नो माया शांतं ब्रह्मैव तद्विना ॥ ९९७ ॥

સર્વ વસ્તુઓનો અપહ્નવ (એટલે દૃશ્યમાત્રને મિથ્યા સ્વરૂપે દૂર કરી દેવું) એ અધ્યાત્મ શાસ્ત્રોનો સિદ્ધાંત છે. આમાં અવિદ્યા નથી અને માયા પણ નથી; એ ( અવિદ્યા તથા માયા ) વિનાનું શાંત બ્રહ્મ જ છે. ૯૯૭

प्रियेषु स्वेषु सुकृतमप्रियेषु च दुष्कृतम् ।
विसृज्य ध्यानयोगेन ब्रह्माप्येति सनातनम् ॥ ९९८ ॥

પોતાને પ્રિય હોય તેઓમાં પુણ્યનો તથા પોતાને જે અપ્રિય હોય તેઓમાં પાપનો ત્યાગ કરી જ્ઞાની પુરુષ, ધ્યાનયોગ વડે સનાતન બ્રહ્મને જ પામે છે. ૯૯૮

यावद्यावच्च सद्बुद्धे स्वयं संत्यज्यतेऽखिलम् ।
तावत्तावत्परानंदः परमात्मैव शिष्यते ॥ ९९९ ॥

હે સદ્બુદ્ધિવાળા શિષ્ય ! જેટલું જેટલું તું પોતાની મેળે સારી રીતે ત્યજવા લાગે, તેટલું તેટલું બધું પરમાનંદ–પરમાત્મારૂપે જ બાકી રહે છે. ૯૯૯

यत्र यत्र मृतो ज्ञानी परमाक्षरवित्सदा ।
परे ब्रह्मणि लीयेत न तस्योत्क्रांतिरिष्यते ॥ १००० ॥

પરમ અક્ષર–અવિનાશી સ્વરૂપ જાણનારો જ્ઞાની જ્યાં જ્યાં મરણ પામ્યો હોય, ત્યાં સદા પરબ્રહ્મમાં જ લય પામે છે; તેને ફરી સંસારમાં આવવાનું રહેતું નથી. ૧૦૦૦

यद्यत्स्वाभिमतं वस्तु तत्त्यजन्मोक्षमश्नुते ।
असंकल्पेन शस्त्रेण छिन्नं चित्तमिदं यदा ॥ १००१ ॥
सर्वं सर्वगतं शांतं ब्रह्म संपद्यते तदा ।
इति श्रुत्वा गुरोर्वाक्यं शिष्यस्तु छिन्नसंशयः ॥ १००२ ॥

ज्ञातज्ञेयः संप्रणम्य सद्गुरोश्चरणांबुजम् ।
स तेन समनुज्ञातो ययौ निर्मुक्तबंधनः ॥ १००३ ॥

જે જે પોતાની મનગમતી વસ્તુ હોય, તેનો તેનો ત્યાગ કરતો જ્ઞાની, મોક્ષને પામે છે. અસંકલ્પરૂપ શસ્ત્રથી આ ચિત્ત જ્યારે કપાઈ જાય છે, ત્યારે સર્વ કંઈ સર્વવ્યાપી શાંત બ્રહ્મ બની રહે છે."

ગુરુનાં એ વાક્ય સાંભળી શિષ્યના સંશયો છેદાઈ ગયા અને જ્ઞેય વસ્તુ તેને જણાઈ ગઈ. પછી સદ્ગુરુના ચરણકમળમાં તેણે સારી રીતે પ્રણામ કર્યા, એટલે તેમણે તેને રજા આપી. પછી તે બંધન રહિત થઈને જતો રહ્યો. ૧૦૦૧–૧૦૦૩

गुरुरेष सदानंदसिंधौ निर्मग्नमानसः ।
पावयन्वसुधां सर्वां विचचार निरुत्तरः ॥ १००४ ॥

ગુરુ પણ આનંદસમુદ્રમાં સદા મગ્ન મનવાળા રહી કોઈને કંઈ ઉત્તર આપ્યા વિના આખી પૃથ્વીને પવિત્ર કરતા વિચરવા લાગ્યા. ૧૦૦૪

इत्याचार्यस्य शिष्यस्य संवादेनात्मलक्षणम् ।
निरूपितं मुमुक्षूणां सुखबोधोपपत्तये ॥ १००५ ॥

એ પ્રમાણે મુમુક્ષુઓને સુખેથી બોધ થાય, તે માટે ગુરુ તથા શિષ્યના સંવાદથી આત્માનું લક્ષણ જણાવ્યું છે. ૧૦૦૫

सर्ववेदांतसिद्धांतसारसंग्रहनामकः ।
ग्रंथोऽयं हृदयग्रंथिविच्छित्त्यै रचितः सताम् ॥ १००६ ॥

'સર્વવેદાંત-સિદ્ધાંત–સારસંગ્રહ' નામનો આ ગ્રંથ સજ્જનોના હૃદયની (અજ્ઞાનરૂપ) ગાંઠને કાપવા માટે રચ્યો છે.

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य श्रीगोविंदभगवत्पूज्यपादशिष्यस्य श्रीमच्छंकरभगवतः कृतौ सर्ववेदान्तसिद्धान्तसारसंग्रहः संपूर्णः ॥

ઇતિ શ્રી શંકરાચાર્યકૃત 'સર્વવેદાંત–સિદ્ધાંત સારસંગ્રહ' સમાપ્ત

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી • સસ્તું સાહિત્ય - અમદાવાદ